વાજમ રૂા. ૭૫૦/-
ની કિંમત રૂા. ૫/-

PATIDAR SANDESH (MONTHLY)
www.patidarsandesh.org

Regd. Under R.N.I. 46522/88
Permitted to Post without
Prepayment At PSO/AM-2
On 10th & 11th of Every Month
Registered Under No. GAMC/772/09-11
Issued by SSP-AHD.
Valid up to 31-12-2011
Licence to Post without
Prepayment No. CPMG/GJ/08/09-11
Valid up to 31-12-2011

# પાટીદાર સંદેશ

ઓલ ઈન્ડિયા કચ્છ કડવા પાટીદાર યુથ સોસાયટીનું મુખપત્ર

NON-STOP ISSUE NO. 363 30th Year

10th June,2011

PAGES 48

Hon. Editor
AMJIBHAI PATEL

"PATIDAR SANDESH" 209, GOKUL COMMERCIAL CENTRE,
KAGDAPITH, OLD LATI BAZAR, AHMEDABAD- 380 022.
Phone : 2546 43 94 Fax : (079) 2546 36 91 E-mail : info@patidarsandesh.org

માનદ્‌તંત્રી : શામજીભાઈ પટેલ (સાણંદ) મુખ્ય સહયોગી : કરમશીભાઈ પટેલ (ભૂજ)

આ અંકમાં...



## તંત્રીસ્થાનેથી

**લાખો શ્રદ્ધાળુઓનાં ભક્તિસભર ઘોડાપુર, હિન્દુઓ માટે પ.પૂ. જગદ્‌ગુરૂ શંકરાચાર્યોની પ્રેરક ઉપસ્થિતિ અને દાતાઓના દાનના ધોધ...ની વચ્ચે સ્થાપાયેલ ભગવાન**

**શ્રી લક્ષ્મીનારાયણનું કેન્દ્રસ્થાન હવે સમાજજનો માટે સંસ્કાર સિંચનનું માધ્યમ બની રહે તેમ ઈચ્છીએ...**

વ્હાલાં વાચક ભાઈ-બહેનો,

ગઈ તા. ૧૧ થી ૧૪, મે દરમ્યાન દેશલપર ખાતે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના કેન્દ્રસ્થાનની સ્થાપના નિમિત્તે અનોખો

(અનુ. પાના નં. ૨ ઉપર)

આજીવન લવાજમ રૂા. ૭૫૦/-
છૂટક નકલની કિંમત રૂા. ૫/-

PATIDAR SANDESH (MONTHLY)
www.patidarsandesh.org

See Page 1,2,47,48

Regd. Under R.N.I. 46522/88
Permitted to Post without Prepayment At PSO/AM-2
On 10th & 11th of Every Month
Registered Under No. GAMC/772/09-11
Issued by SSP-AHD.
Valid up to 31-12-2011
Licence to Post without Prepayment No. CPMG/GJ/08/09-11
Valid up to 31-12-2011



# પાટીદાર સંદેશ

ઓલ ઈન્ડિયા કચ્છ કડવા પાટીદાર યુથ સોસાયટીનું મુખપત્ર

NON-STOP ISSUE NO. 363 30th Year
10th June,2011

Hon. Editor
SHAMJIBHAI PATEL

"PATIDAR SANDESH" 209, GOKUL COMMERCIAL CENTRE,
KAGDAPITH, OLD LATI BAZAR, AHMEDABAD- 380 022.
Phone : 2546 43 94 Fax : (079) 2546 36 91 E-mail : info@patidarsandesh.org

PAGES 48

માનદ્‌તંત્રી : શામજીભાઈ પટેલ (સાણંદ) મુખ્ય સહયોગી : કરમશીભાઈ પટેલ (ભૂજ)

આ અંકમાં...



## તંત્રીસ્થાનેથી

**લાખો શ્રદ્ધાળુઓનાં ભક્તિસભર ઘોડાપુર, હિન્દુઓ માટે પ.પૂ. જગદ્‌ગુરૂ શંકરાચાર્યોની પ્રેરક ઉપસ્થિતિ અને દાતાઓના દાનના ધોધ...ની વચ્ચે સ્થાપાયેલ ભગવાન**

**શ્રી લક્ષ્મીનારાયણનું કેન્દ્રસ્થાન હવે સમાજજનો માટે સંસ્કાર સિંચનનું માધ્યમ બની રહે તેમ ઈચ્છીએ...**

વ્હાલાં વાચક ભાઈ-બહેનો,

ગઈ તા. ૧૧ થી ૧૪, મે દરમ્યાન દેશલપર ખાતે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના કેન્દ્રસ્થાનની સ્થાપના નિમિત્તે અનોખો

(અનુ. પાના નં. ૨ ઉપર)



realpatidar.com

30-30 વર્ષનો અવિરત પુરુષાર્થ

2011-06 -Patidar Sandesh -Sanskar Dham Opening (918)





અને ભવ્ય કાર્યક્રમ યોજાઈ ગયો. આખા દેશના ખૂણે ખૂણેથી સનાતન ધર્મપ્રેમી ભાઈ-બહેનોએ હાજરી આપીને સમગ્ર મહોત્સવની સફળતાને ચાર ચાંદ લગાવી દીધા. બીજી તરફ હિન્દુઓની આસ્થાના ટોચના સ્થાને બિરાજતા જગદ્‌ગુરૂ શંકરાચાર્યો તથા પરમ આદરણીય સંતોએ હાજરી આપીને આશીર્વચન પાઠવ્યાં તો ત્રીજી મહત્વની બાબતમાં આ કેન્દ્ર સ્થાનની ભાવિ પ્રવૃત્તિઓના વિકાસ માટે સમાજના દાનવીરોએ દાનની સરવાણી વહેવડાવી દીધી. આમ અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ દ્વારા જે હેતુ અને ઉદ્દેશો સાથે આ ભવ્ય પ્રસંગનું ચાર દિવસ માટે આયોજન કરાયું હતું તે સફળ રહ્યું.

જો કે એ વાત જુદી છે કે કોઈ કારણોસર આ કેન્દ્રસ્થાનના આયોજકોએ "પાટીદાર સંદેશ"ના હોદ્દેદારો કે સંસ્થાને આ પ્રસંગનું વિધિવત આમંત્રણ આપવાનું ઉચિત નહિ સમજ્યું હોય તેમજ આ મહોત્સવના પ્રચાર-પ્રસાર માટેની જાહેરાતો "પ્રેસ"માં આપવાનો ઠરાવ કરવામાં આવ્યો ત્યારે **"પાટીદાર સંદેશ" સિવાય તમામને જાહેરાતો આપવી તેમ ઠરાવાયું હતું.** અમારાં વાચક ભાઈ-બહેનો એ હકીકત સારી રીતે જાણે છે કે જ્યારથી દેશલપર ખાતે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના કેન્દ્રસ્થાનની સ્થાપનાનો વૈચારિક પાયો નખાયો ત્યારથી આજ દિન સુધી આ સમાચાર પત્રે તેના તમામ સમાચારો, અહેવાલો વિગતે પ્રસિદ્ધ કર્યા છે. આમ છતાં કયા સંજોગોમાં કેન્દ્રસ્થાનના આયોજકોને "પાટીદાર સંદેશ"ને "દૂર" રાખવાનું ઉચિત લાગ્યું તેની અમને ખબર નથી, હવે અમારે તેની ચર્ચામાં/વિવાદમાં પડવું નથી. ફક્ત વાચકોની જાણ સારૂ આ હકીકત લખી છે.

હવે મૂળ વાત પર આવી જઈએ.

- આપણો સમગ્ર સમાજ જ્યારે અન્ય સંપ્રદાયમાં સંકળાયેલ હતો ત્યારેની પરિસ્થિતિ આપણે જુના વડીલો પાસેથી જાણી રહ્યા છીએ. એ સંજોગોમાં એ સમયે સમાજને અંધશ્રદ્ધા માંથી બહાર લાવવા અને શૈક્ષણિક જાગૃતિ લાવવા પ.પૂ. કેસરા પરમેશ્વરાથી પ.પૂ. નારાયણજી રામજી સહિતનાએ પ્રયત્નો કરેલ તેમાં મુ. શ્રી રતનશી ખીમજી ખેતાણી (મોટી વિરાણી), નથુ નાનજી (નખત્રાણા) અને તેમના જેવા અનેક નામી/અનામી વડીલો-સુધારકો તેમાં જોડાયા હતા. પરંતુ તેમને ધારી સફળતા મળી શકી નહોતી.
- પ.પૂ. ઓધવરામજી મહારાજના સતત પ્રયત્નો, પ્રવચનો અને પ્રવાસોની અસર તળે જ્ઞાતિને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણમાં માનવા પ્રેર્યા તેમજ કચ્છ અને સાબરકાંઠામાં ઠેર ઠેર ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનાં મંદિરોનું નિર્માણ થયું અને અભ્યાસ માટે છાત્રાલયો ખોલાવા પ્રેરણા આપી, જેની પ્રતીતિ આપણે સૌ હાલમાં કરી રહ્યા છીએ.
- દરમ્યાન પરિવર્તનની ઝુંબેશ હેઠળ ગામેગામ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનાં મંદિરો બની ગયાં પરંતુ ભગવાનના સાચા સ્વરૂપની ઝાંખી સમજાવવા સાચા ઉપદેશકોની અધુરાશના કારણે સનાતન ધર્મનું કાર્ય હળવાશથી લેવામાં આવ્યું અને આ પ્રવૃત્તિ થોડા ઘણા અંશે મંદ પડી.
- ધર્મપ્રચાર માટે અધુરાશની સમજ પડતાં ધર્મપ્રચાર જાગૃતિ અભિયાન શરૂ કરવા અને કેન્દ્રસ્થાન સ્થાપવાનો વિચાર મજબૂત બન્યો અને છેવટે કચ્છમાં જાગૃતિની જ્યોત પ્રગટાવનાર વાંઢાય ધર્મક્ષેત્રની બાજુમાં જ દેશલપર પાસે જમીન ખરીદવામાં આવી જ્યાં કેન્દ્રસ્થાન સ્થાપવાનો પાયો નંખાયો.
- બીજી તરફ ધીમી ગતિએ ચાલતી પ્રવૃત્તિએ છેલ્લે છેલ્લે વેગ પકડ્યો અને વિશાળ પાયા પર ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનાં કેન્દ્રસ્થાન તેમજ સંસ્કાર કેન્દ્રની સ્થાપના કરવામાં આવી.
- સનાતન ધર્મના પાયામાં રહેલ પવિત્ર ચાર વેદોની જગદ્‌ગુરૂ શંકરાચાર્યશ્રી મહારાજના હસ્તે સ્થાપના કરવામાં આવી. તો ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની નયન રમ્ય મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી.
- છેલ્લા થોડા સમયથી સનાતન જાગૃતિનું અભિયાન ચાલી રહ્યું છે તેની અસર તળે મહોત્સવમાં બે લાખ જેટલી માનવ મેદની ઉમટી પડી તો કરોડોનું દાન લોકોએ હોંશે હોંશે અર્પણ કર્યું. સમાજ સંસ્કારી બને અને ધાર્મિક ભાવના મજબૂત બને એવા ઉદ્દેશ્ય સાથે સ્થપાયેલ સંસ્થા ઉદ્દેશ્યોને યથાર્થ રીતે પાર પાડે એવી શુભેચ્છાઓ છે.

આમ ઉપરોક્ત પૂર્વભૂમિકાના સંદર્ભમાં એ હકીકત રજૂ કરવી છે કે લાખોની સંખ્યામાં હાજરી આપીને સનાતન ધર્મ પ્રેમી ભાઈ-બહેનોએ તેમની ઉપસ્થિતિ દ્વારા આ કેન્દ્રસ્થાનમાં તેમનો વિશ્વાસ મૂકયો છે તો દાતાઓએ મન મુકીને દાન આપ્યું છે ત્યારે હવે આ પળથી, કેન્દ્રસ્થાનના સંચાલકોની કામગીરી/જવાબદારીની શરૂઆત થઈ રહી છે. હાલમાં વાંઢાયની પવિત્ર તીર્થભૂમિમાં શ્રી ઉમિયા માતાજી બિરાજમાન છે. કચ્છમાં આવનાર સૌ પ્રથમ માતાજીને નમન કરીને જ આગળ વધે છે. હવે ત્યાં આ બીજું સ્થાન બનતાં સૌ કોઈ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણને નમન કરીને જ આગળ વધશે તેમાં કોઈ બેમત નથી. પરંતુ નવ સ્થાપિત આ સ્થાન સમગ્ર સમાજજનો માટે સાચા અર્થમાં "શ્રદ્ધા" અને "આસ્થા"નું કેન્દ્ર બની રહે, સૌ કોઈને પોતાનું લાગે, દાતાઓનું દાન એળે ન જાય તથા જે હેતુસર આ કેન્દ્રસ્થાન સ્થપાયેલ છે તે મુજબ કચ્છમાં આવેલ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના તમામ મંદિરોને એક સૂત્રે બાંધીને માર્ગદર્શન આપતું રહે તથા સમાજની ભાવિ પેઢીમાં સંસ્કાર સિંચનની પ્રવૃત્તિઓ સતત અને અસરકારક રીતે થતી રહે અને તેની પ્રતીતિ સૌ સમાજજનોને થતી રહે તેમ ઈચ્છીએ. જો આમ થશે તો જ આ કેન્દ્રસ્થાનની સ્થાપનાની સાર્થકતા સિદ્ધ થશે તેમ અમે માનીએ છીએ.

બસ આટલું જ...

(કરમશીભાઈ પટેલ)
અમદાવાદ.
તા. ૪-૫-૨૦૧૧

(શામજીભાઈ પટેલ)

## KID'S CORNER



**ISHITA PATEL (STD-VIII)**

4, Adarsh Nagar, Sanand-382 110. (Gujarat)
E-mail : ishitapokar@gmail.com

### General Knowledge Questions...

Dear Friends (વ્હાલાં ભાઈ-બહેનો)

ગયા અંકમાં પૂછેલા પ્રશ્નનો જવાબ નીચે મુજબ છે.

જવાબ : સરદાર વલ્લભભાઈ પટેલ 'ભારતના લોંખડી પુરૂષ' તરીકે ઓળખાય છે.

Ans. : Sardar Vallabhbhai Patel is Known as IRON MAN OF INDIA.

**ઉપરોક્ત પ્રશ્નનો સાચો જવાબ મોકલનાર ભાઈ-બહેનોનાં નામ આ પ્રમાણે છે.**

(A) E-mail દ્વારા : (૧) જીજ્ઞેશ ખેતાણી (ધો. ૧૨) બેંગ્લોર (૨) દેવાંશી બી. પોકાર (ધો. ૫ Eng. Medium) ગોત્રી (વડોદરા) (૩) કિશોર પટેલ (ધો. ૭ Guj. Medium) (૪) નિલેશ પટેલ (ધો. ૧) કોઈમ્બતુર (૫) કિશન જી. કાલરીયા (ધો. ૧૦ Eng. Medium) મહેસાણા (૬) કુ. બીજલ જી. ભાવાણી (ધો. ૧૦ Eng. Medium), મેહુલ જી. ભાવાણી (ધો. ૫ Eng. Medium), કલ્પેશ વિઠ્ઠલભાઈ પટેલ (ધો. ૧૧), સેજલ વી. પટેલ (ધો. ૭) (તમામ) દોદ્દબાલાપુર-કર્ણાટક (૭) સંકેત પ્રવિણભાઈ (ધો. ૧૨ Guj. Medium) આંતલીયા, બીલીમોરા (૮) કિશન એસ. પાટીદાર (ધો. ૮) સુરત (૯) રાજેશ મણીલાલ પટેલ (ધો. ૧૦) ચેલહંકા, બેંગ્લોર (૧૦) કુ. નિધિ ચંદુલાલ પટેલ (ધો. Semi Eng.) At. ASHTI, Dist. Beed (M.S.) (૧૧) કુ. ખ્યાતિ પટેલ (ધો. ૭ Eng. Medium) વિશાખાપટ્ટનમ્ (૧૨) મોહિત પટેલ (ધો. ૯ Eng. Medium) કારવાર (૧૩) મનિષ ભગવાનદાસ નાયાણી (ધો. ૧૧ Eng. Medium) રાયપુર (છ.ગ.) (૧૪) ભાવેશ પટેલ (ધો. ૫ Eng. Medium) (ગામનું નામ જણાવેલ નથી)

(B) પત્ર દ્વારા : (૧) બારડોલીથી ● મંથન નરેન રામાણી (ધો. ૯ Eng. Medium) ● રાજ નવીનભાઈ રામાણી (ધો. ૯ Eng. Medium) (૨) વડીયા (દેવળી), જિ. અમરેલીથી ● વિશાલ જ્યંતિભાઈ રંગાણી (ધો. ૧૦ Guj. Medium) (૩) નાગપુરથી ● કુ. મીનલ બાબુભાઈ (ધો. ૬ Eng. Medium) ● કુ. શીખા બાબુલાલ (ધો. ૮ Eng. Medium) ● કુ. દિવ્યા છગનલાલ (ધો. ૧૨ Eng. Medium) (૪) ઊંઝાથી ● દર્શન જગદીશભાઈ રૂડાણી (ધો. ૧૧ Guj. Medium) ● મયંક ભૂપેન્દ્રભાઈ રૂડાણી (ધો. ૧૧ Guj. Medium) ● માધવ ભૂપેન્દ્રભાઈ (ધો. ૯ Guj. Medium)

સર્વે ભાઈ-બહેનોને ખૂબ ખૂબ અભિનંદન...

### ✦ હવે આ અંકનો પ્રશ્ન ✦

પ્રશ્ન : "હવા મહેલ" ભારતના ક્યા શહેરમાં આવેલ છે ?

Que. : The "Hawa Mahal" (Palace of Winds) is Located in which city ?

આ પ્રશ્નનો જવાબ પોસ્ટકાર્ડ/ઈ-મેઈલ દ્વારા અંગ્રેજી/ગુજરાતી ભાષામાં સારા અક્ષરે... વિદ્યાર્થીનું પુરૂં નામ, સરનામું, ધોરણ તથા માધ્યમ (ગુજરાતી અથવા અંગ્રેજી) લખીને ઉપરના સરનામે મોકલી આપશો. સાચા જવાબો મોકલનારનાં નામો "પાટીદાર સંદેશ"માં આગામી અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. ફક્ત ધો. ૫ થી ધો. ૧૨ સુધીનાં બાળકોએ જ જવાબો મોકલવા વિનંતી. આપના જવાબો E-mail : ishitapokar@gmail.com ઉપર પણ મોકલી શકો છો. - ISHITA

## કેન્દ્રિય સમાજની મળનારી સભાઓ...

નખત્રાણા-કચ્છ : અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના મહામંત્રી શ્રી મોહનલાલ ધોળુની યાદીમાં સમાજજનો જોગ જણાવાયા મુજબ આગામી તા. ૧૨ થી ૧૪મી ઓગષ્ટ દરમ્યાન નીચે મુજબની જાહેર સભાઓ અત્રેના પાટીદાર ભવન ખાતે મળનાર છે.

(૧) તા. ૧૨-૮-૨૦૧૧ બપોરે ૩-૦૦ કલાકે સુવર્ણ જ્યંતિ મહોત્સવ આયોજન સમિતિની સભા (૨) તા. ૧૩-૮-૨૦૧૧ સવારે ૯-૦૦ કલાકે કારોબારી સભા (૩) તા. ૧૪-૮-૨૦૧૧ સવારે ૯-૦૦ કલાકે સામાન્ય સભા.

## મહેસાણા જિલ્લામાં H.S.C. બોર્ડમાં પ્રથમ

### હાર્દિક અભિનંદન
### કચ્છ કડવા પાટીદાર સમાજનું ગૌરવ



**પટેલ વિવેક ઈશ્વરભાઈ**
(ન્યુ સાહેલી સ્ટોર્સ)
૬, સરદાર પટેલ શોપીંગ સેન્ટર, તાલુકા પંચાયત સામે, મહેસાણા.
મો.: ૯૮૨૪૦ ૫૪૯૨૯

મહેસાણા : અત્રેની શ્રી ન્યુ સાહેલી સ્ટોર્સવાળા શ્રી ઈશ્વરભાઈ નારણભાઈ ભીમાણી (કચ્છમાં દેવપર-યક્ષ)ના સુપુત્ર વિવેક ઈશ્વરભાઈ ભીમાણીના માર્ચ ૨૦૧૧માં લેવાયેલી ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં A-1 ગ્રેડથી મહેસાણા જિલ્લામાં પ્રથમ ક્રમ મેળવીને સમગ્ર પાટીદાર સમાજનું ગૌરવ વધારેલ છે.

| | |
|---|---|
| મેથ્સ - ૯૫<br>ફીઝીક્સ - ૯૭<br>કેમેસ્ટ્રી - ૯૪<br>૨૮૬/૩૦૦ | Percentage 95.33<br>Percentile 99.88 & 99.37 |

શુભેચ્છક : મણિબેન નારણભાઈ કે. ભીમાણી (દાદા-દાદી)
હેમાબેન ઈશ્વરભાઈ એન. ભીમાણી (માતા-પિતા)
દિપક જે. વાસાણી (ભાઈ), દિપ ઈશ્વરભાઈ ભીમાણી (ભાઈ)

"પાટીદાર સંદેશ"નું આજીવન લવાજમ રૂ. ૭૫૦/- છે.
જે અમારા પ્રતિનિધિ મારફતે અથવા કાર્યાલયના નીચેના સરનામે મોકલી શકાય છે.
રજીસ્ટર્ડ કાર્યાલય : "પાટીદાર સંદેશ"
૨૦૯, ગોકુલ સેન્ટર, જ્યોતિ ગેસ્ટ હાઉસ સામે, એસ.ટી. સેન્ટ્રલ બસ સ્ટેશન પાસે, કાગડાપીઠ, જૂના લાટી બજાર, અમદાવાદ-૩૮૦ ০২২.

## ઘડાણી ગામનું તથા રંગાણી પરિવાનું ગૌરવ



**શ્રીમતી વેલીબેન જીવરાજભાઈ રંગાણી**

સદસ્ય, તાલુકા પંચાયત, નખત્રાણા ઘડાણી સીટ (કોંગ્રેસ) ૫૦૧ મતની જંગી સરસાઈથી વિજેતા થયેલ છે.

## Std.11 માં ૭૧%



**કુ. સોનુ મહેશભાઈ રંગાણી**

કલોલ : અત્રેના શ્રી મહેશભાઈ રંગાણી (કચ્છમાં ઘડાણી)ની સુપુત્રી કુ. સોનુએ ૬૬ વિદ્યાર્થીમાંથી પ્રથમ ક્રમાંક પ્રાપ્ત થયેલ છે. "વાંચે ગુજરાત"માં તાલુકામાં પ્રથમ તથા જિલ્લામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

# વિદ્યાર્થી જગત

સંપાદક : શામજીભાઈ પટેલ
૪, આદર્શનગર,
સાણંદ-૩૮૨ ૧૧૦.

## ૭૦% કે તેથી વધુ ગુણ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓ

### યાદી-૨

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ગામ | ધોરણ | (%) | માધ્યમ |
|---|---|---|---|---|---|
| ૩૪. | વિપુલ શંભુભાઈ રામાણી | કઠલાલ | ૧૧ | ૭૭ | - |
| ૩૫. | કુ. રોશની બી. પોકાર | Manavalli (K.S.) | ૧ | ૯૫ | Eng. |
| ૩૬. | યશવંત પી. પોકાર | Manavalli (K.S.) | ૨ | ૮૮ | Eng. |
| ૩૭. | કુ. જીનલ બી. પોકાર | Manavalli (K.S.) | ૪ | ૯૦ | Eng. |
| ૩૮. | કુ. કાજલ પી. પોકાર | Manavalli (K.S.) | ૬ | ૯૨ | Eng. |
| ૩૯. | કુ. ઉર્વશી પુરૂષોત્તમભાઈ કમાણી | નવાવાસ-નખત્રાણા | ૮ | ૮૨ | - |
| ૪૦. | નિતેશ પુરૂષોત્તમભાઈ કમાણી | નવાવાસ-નખત્રાણા | ૬ | ૮૦ | Guj. |
| ૪૧. | કિશન રમેશભાઈ બાથાણી (પોકાર) | મોટી વિરાણી | ૧ | ૯૨ | Eng. |
| ૪૨. | કુ. સોહની મહેશભાઈ પટેલ | બોટાદ | ૭ | ૯૧ | - |
| ૪૩. | દિપક નવીનકુમાર દિવાણી | કુમ્હારી (C.G.) | ૭ | ૭૫ | Eng. |
| ૪૪. | રામ નવીનકુમાર દિવાણી | કુમ્હારી (C.G.) | ૩ | ૭૧ | Eng. |
| ૪૫. | ઘનશ્યામ મોહનભાઈ પોકાર | ઓજર (મીગ) | ૯ | ૭૫ | - |
| ૪૬. | કુ. તૃષા કિરીટભાઈ નાકરાણી | રણજીતપુરાકંપા | ૮ | ૭૧ | - |
| ૪૭. | મીત પ્રફુલભાઈ નાકરાણી | રણજીતપુરાકંપા | ૮ | ૮૬ | - |
| ૪૮. | ધ્રુવ અનિલભાઈ નાકરાણી | ધનસુરા | ૮ | ૮૨ | - |
| ૪૯. | કુ. બંસરી અનિલભાઈ નાકરાણી | ધનસુરા | ૩ | ૮૨ | - |
| ૫૦. | કુ. ક્ષિપ્વા અરવિંદભાઈ દિવાણી | વડોદરા | ૩ | ૭૪ | - |
| ૫૧. | કિશન દેવરામભાઈ છાભૈયા | ચિખલી (નવસારી) | ૭ | ૮૨ | Guj. |
| ૫૨. | નયન દેવરામભાઈ છાભૈયા | ચિખલી (નવસારી) | ૧૧ | ૭૯ | Guj. |
| ૫૩. | પ્રતિક વસંતભાઈ સેંઘાણી | સરખેજ (અમદાવાદ) | ૯ | ૮૩ | Guj. |
| ૫૪. | પ્રેમ ચંદુભાઈ સેંઘાણી | સરખેજ (અમદાવાદ) | ૧ | ૯૮ | Eng. |
| ૫૫. | પ્રથમ પુરૂષોત્તમભાઈ સેંઘાણી | સરખેજ (અમદાવાદ) | ૨ | ૭૯ | Eng. |

(અનુ. પાના નં. ૬ ઉપર)

# વિથોણ (કચ્છ)ના વર્તમાન

વિથોણ (કચ્છ) : (અમારા પ્રતિનિધિ શ્રી શાંતિલાલ અબજી લીંબાણી દ્વારા)

## (૧) વિથોણ પાટીદાર જ્ઞાતિના તમામ ભાઈ-બહેનોની જનરલ મીટીંગ વિથોણ ખેતાબાપા પરિસરમાં મળી :

ખેતાબાપાના સાનિધ્યમાં વિથોણ પાટીદાર અને ખેતાબાપાના ભક્તોની જનરલ મીટીંગ તા. ૮-૫-૧૧ના રોજે મળેલ, જેમાં ભારતભરમાંથી વિથોણવાસીઓ અને ખેતાબાપાના ભાવિક ભક્તો મોટી સંખ્યામાં પધાર્યા હતા. જેમાં પરિસરનો વિકાસ અને આગામી વર્ષે તા. ૪-૧ થી ૧૦-૧-૧૨ સુધી યોજનાર ભાગવત કથાની પૂરક માહિતી આપવામાં આવેલ. સાથે ભાગવત કથાને સુચારૂ અને સુશોભિત બનાવવા દાતાશ્રીઓ સમક્ષ પ્રસ્તાવ મુકવામાં આવ્યો હતો. જેને બાપાશ્રીના ભક્તોએ ઉમંગભેર વધાવ્યો હતો.

સંત શ્રી ખેતાબાપા સંસ્થાનના પ્રમુખ શ્રી શંકરભાઈ દેવજી પદમાણીના પ્રમુખસ્થાને મળેલ સભામાં મંત્રી શ્રી કાન્તિભાઈ પદમાણી, ઉપપ્રમુખ શ્રી હરિભાઈ નાયાણી, બાબુભાઈ નાયાણી, અમૃતભાઈ માનાણી, હરિભાઈ રત્નાણી, નવિનભાઈ નરસિંગાણી, દિલીપભાઈ, વિથોણના આગેવાનો, આણંદસર-વિથોણ પાટીદાર સમાજનાં ભાઈ-બહેનો, યુવાનો, બહેનો તેમજ દેશ-પરદેશથી પધારેલ ભાઈઓની મોટી સંખ્યામાં હાજરી રહી હતી. સંસ્થાના મહામંત્રી કાન્તિભાઈ પદમાણીએ ઉપસ્થિત ભાઈ-બહેનોને આવકારતાં જણાવ્યું કે ખેતાબાપા સંસ્થાનનો વિકાસ અને વર્તમાન પ્રગતિ આપ સૌને આભારી છે. કોઈપણ સંસ્થા કે સમાજની પ્રગતિ પાછળ દિલેર દાતાઓનું મોટું યોગદાન હોય છે. કોઈપણ ભગીરથ કાર્ય કરવા તન, મન અને ધનની જરૂર પડે છે પરંતુ આ પરિસરનો વિકાસ કરવા સૌ કોઈએ પોતાનું યથાયોગ્ય બહુમૂલ્ય યોગદાન આપ્યું છે. જેનો આ સંસ્થા હૃદયપૂર્વક આભાર માને છે.

આગામી તા. ૪-૧-૨૦૧૨ થી તા. ૧૦-૧-૨૦૧૨ દરમ્યાન સંત શ્રી ખેતાબાપા સંસ્થાન ખાતે પ્રખ્યાત કથાકાર શ્રી શરદભાઈ વ્યાસના મુખારવિંદે ભાગવત કથાનું આયોજન કર્યું છે, જેમાં ૧૦૮ પોથીઓ પિતૃ મોક્ષાર્થે મુકવામાં આવશે. જેના માટે ઘણા બધા નામો નોંધાઈ ચુકયા છે છતાં બાકી રહેલ પોથીના યજમાનો માટે પહેલા તે વહેલાના ધોરણે નામ નોંધાઈ રહ્યા છે. જેનો લાભ લેવા મીટીંગમાં જણાવવામાં આવેલ. આ મીટીંગમાં પરદેશથી આવેલ ભાઈઓએ યથાશક્તિ યોગદાન સાથે દાનની સરવાણી અને વિચારોની આપ-લે કરી હતી સાથે પરિસરના વિકાસની ભારોભાર પ્રશંસા કરી હતી. પરિસરના ઝડપી વિકાસ માટે સંસ્થાના કાર્યકર ભાઈઓને શાબાશી આપવામાં આવી હતી.

## (૨) ૫૧ ફુટ ઉંચી હનુમાનજીની પ્રતિમાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાશે : પ્રખ્યાત રામાયણી મોરારી બાપુના હસ્તે પ્રતિષ્ઠા કરવા ચક્રો ગતિમાન બન્યા છે :

સંત સરોવરના મધ્ય ભાગમાં ઉભી કરાયેલી ૫૧ ફુટ ઉંચી હનુમાનજીની પ્રતિમાને ફરતે સુશોભિત બાગ અને પરિસરમાંથી મૂર્તિ સુધી પહોંચવા માટે સરોવર ઉપર ઓવરબ્રીજ બનાવવામાં આવ્યો છે. જેનું ૧૫ દિવસમાં કાર્ય પૂર્ણ થઈ જશે. સંત સરોવરનું તળ લેવલીંગ કરાશે અને પાણીનો જથ્થો લાંબો સમય જળવાઈ રહે તેવા ઉદ્દેશ્ય સાથે સિમેન્ટ, કોંક્રેટથી મઢવામાં આવશે તેવી માહિતી સંસ્થાનના પ્રમુખશ્રીએ આપી હતી.

ખેતાબાપા સંસ્થાન ખાતે સાત દિવસીય ભાગવત કથાના ભવ્ય આયોજનને કારણે સાડા ચાર વર્ષ પછી વિથોણને આંગણે મહાપર્વ જેવું વાતાવરણ ઉભું થશે. વિથોણની કુલ વસ્તી ૩૧૨૪૭ છે. જેમાંથી માત્ર ૫૭૪૨ લોકો વિથોણમાં વસે છે. બાકી તમામ ધંધાર્થે બહાર વસે છે અને જ્યારે ૨૫ હજાર જેટલાં લોકો વિથોણ પધારે ત્યારે આખું વિથોણ ગામ એક નગર જેવું બની જાય છે અને તે અવસર તા. ૪-૧-૨૦૧૨થી આવશે.

કથાના આયોજન માટે અત્યારથી પ્રયત્નો ચાલુ છે. દર અમાસ-પૂનમે અથવા ગુરૂવારે સંસ્થાન ખાતે કારોબારી સભ્યો ચર્ચા વિચારણા કરે છે અને આગામી યોજના માટે ઘડતર કરી રહ્યા છે અને પોથી યજમાન બનવા માટે વિથોણ સિવાયના કોઈપણ ગામના પાટીદાર પરિવાર ભાગ લઈ શકે છે તેવું સંસ્થા પ્રમુખ શ્રી શંકરભાઈ પદમાણીએ "પાટીદાર સંદેશ"ને જણાવ્યું હતું. તા. ૮-૫-૨૦૧૧ના રોજે ખેતાબાપા સંસ્થાન ખાતે મળેલ મીટીંગ ખૂબજ હર્ષોલ્લાસ સાથે મળી હતી, જેમાં દેશ-પરદેશથી પધારેલ વિથોણ ગામનાં ભાઈ-બહેનો અને ખેતાબાપા પ્રત્યે આસ્થા ધરાવતા તમામ ભાઈ-બહેનો ખૂબજ પ્રફુલીત જણાતા હતા.

વિદ્યાર્થી જગત... (અનુ. પાના નં. ૫ ઉપરથી ચાલુ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૬. | પ્રતિક વસંતભાઈ સેંઘાણી | સરખેજ (અમદાવાદ) | ૯ | ૮૩ | Guj. |
| ૫૭. | કુ. પૂજા દિનેશભાઈ સેંઘાણી | સરખેજ (અમદાવાદ) | ૯ | ૭૭ | Guj. |
| ૫૮. | કુ. સૃષ્ટિ હરીશભાઈ રામાણી | બારડોલી | ૧ | A+ | Eng. |
| ૫૯. | જેનિષ ગંગારામભાઈ રામાણી | બારડોલી | ૬ | ૭૮ | Eng. |
| ૬૦. | કુ. પૂજા ગંગારામભાઈ રામાણી | બારડોલી | ૯ | ૮૦ | Guj. |
| ૬૧. | કુ. નિલમ દિનેશભાઈ રામાણી | બારડોલી | ૯ | ૭૫ | Guj. |
| ૬૨. | નિકુંજ દિનેશભાઈ રામાણી | બારડોલી | ૯ | ૭૧ | Guj. |
| ૬૩. | પંકિત કિશોરભાઈ રામાણી | બારડોલી | ૫ | ૭૧ | Guj. |
| ૬૪. | આયુષ જ્યંતિભાઈ રામાણી | બારડોલી | ૪ | ૭૩ | Eng. |
| ૬૫. | પાર્થ દિનેશભાઈ રામાણી | બારડોલી | ૧ | A+ | Eng. |
| ૬૬. | ઓમ ભરતભાઈ સાંખલા | બારડોલી | ૩ | ૮૯ | Guj. |
| ૬૭. | યુગ ભરતભાઈ સાંખલા | બારડોલી | ૨ | ૮૩ | Guj. |
| ૬૮. | અંશ સુરેશભાઈ સાંખલા | બારડોલી | ૨ | ૮૬ | Guj. |
| ૬૯. | દિપ સુરેશભાઈ સાંખલા | બારડોલી | ૪ | ૮૪ | Guj. |
| ૭૦. | કુ. દિશા દિનેશભાઈ સાંખલા | બારડોલી | ૭ | ૭૦ | Guj. |
| ૭૧. | તીર્થ ભાવેશભાઈ સાંખલા | બારડોલી | ૨ | ૯૨ | Eng. |
| ૭૨. | કુ. શિવાની નાનજીભાઈ સાંખલા | બારડોલી | ૮ | ૭૪ | - |
| ૭૩. | કુ. માયા નરસિંહભાઈ સાંખલા | બારડોલી | ૫ | ૮૨ | Guj. |
| ૭૪. | હાર્દિક નરસિંહભાઈ સાંખલા | બારડોલી | ૧ | A | Eng. |
| ૭૫. | કુ. આરતી વેલજીભાઈ સાંખલા | બારડોલી | ૧૧ | ૭૦ | Guj. |
| ૭૬. | ભાવિક સતિષભાઈ વાસાણી | બારડોલી | ૪ | ૭૦ | Guj. |
| ૭૭. | કુ. કથા મુકેશભાઈ વાસાણી | બારડોલી | ૧ | ૯૫ | - |
| ૭૮. | તીર્થ મુકેશભાઈ વાસાણી | બારડોલી | ૪ | ૯૩ | - |
| ૭૯. | વિવેક લાભેષભાઈ વાસાણી | બારડોલી | ૯ | ૭૭ | - |
| ૮૦. | કુ. પ્રભુતિ મણીભાઈ રવાણી | બારડોલી | ૪ | ૯૦ | - |
| ૮૧. | કુ. ક્રિષ્ણા કાંતિલાલ રવાણી | બારડોલી | ૬ | ૭૦ | - |
| ૮૨. | હિમાંશુ નંદલાલ પોકાર | બારડોલી | ૬ | ૭૫ | - |
| ૮૩. | નીલ હસમુખભાઈ કાલરીયા | બારડોલી | ૨ | ૭૫ | Eng. |
| ૮૪. | જીજ્ઞેશ હંસરાજભાઈ કાલરીયા | બારડોલી | ૯ | ૭૯ | Guj. |
| ૮૫. | દર્શન મગનભાઈ કાલરીયા | ગંગાધરા | ૪ | ૮૦ | Guj. |
| ૮૬. | કુ. મહેક મહેશભાઈ રંગાણી | વિહાણ | ૬ | ૮૧ | Guj. |
| ૮૭. | કુ. મૈત્રી ભરતભાઈ રંગાણી | વિહાણ | ૪ | ૯૨ | Guj. |
| ૮૮. | કુ. હેતવી સુરેશભાઈ રંગાણી | વિહાણ | ૨ | ૯૩ | Guj. |
| ૮૯. | કુ. આર્ચી ભરતભાઈ રંગાણી | વિહાણ | ૧ | ૯૫ | Guj. |
| ૯૦. | કુ. દિવ્યા જમનાદાસ ભગત | શેંદુર્ણી (જલગાંવ) | ૧૧ | ૭૫ | - |
| ૯૧. | કુ. આયુષ નવીનભાઈ માકાણી | સુરત | ૭ | ૮૯ | Eng. |
| ૯૨. | કુ. શ્રેયા કાંતિભાઈ માકાણી | સુરત | ૭ | ૮૨ | Eng. |
| ૯૩. | જીત કાંતિભાઈ માકાણી | સુરત | ૪ | ૯૩ | Eng. |
| ૯૪. | કુ. વિધિ ઈશ્વરભાઈ ખીમજીભાઈ ભગત | સાણંદ | ૩ | ૮૧ | Eng |
| ૯૫. | કુ. નેહા ઈશ્વરભાઈ ખીમજીભાઈ ભગત | સાણંદ | ૭ | ૭૪ | Guj. |
| ૯૬. | નિસર્ગ પટેલ | સિરોહી (રાજસ્થાન) | ૫ | ૯૨ | Eng. |
| ૯૭. | તુષાર દિનેશકુમાર ભગત (સુરાણી) | કારવાર | ૨ | ૯૦ | Eng. |
| ૯૮. | જય દિનેશકુમાર ભગત (સુરાણી) | કારવાર | ૭ | ૭૨ | Eng. |
| ૯૯. | મોહિત અમૃતલાલ ભગત (સુરાણી) | કારવાર | ૮ | ૭૪ | Eng. |
| ૧૦૦. | કુ. યુક્તા ગોવિંદભાઈ ધોળુ | મ્હાપ્સા (ગોવા) | ૫ | ૮૨ | Eng. |
| ૧૦૧. | જીલ મિતેશભાઈ નાકરાણી | સેવાલીયા (જિ. ખેડા) | ૪ | ૭૪ | Guj. |
| ૧૦૨. | કુ. એકતા બળવંતભાઈ રંગાણી | ધોળકા | ૪ | ૮૭ | Guj. |
| ૧૦૩. | રાહુલ બળવંતભાઈ રંગાણી | ધોળકા | ૮ | ૭૪ | Guj. |
| ૧૦૪. | પ્રેમ મનસુખભાઈ રંગાણી | ધોળકા | ૪ | ૭૬ | Guj. |

(અનુ. પાના નં. ૭ ઉપર)

## હિરક મહોત્સવ નિમિત્તે દેશલપર (ગું.) ગામની કાયાપલટ થશે

દેશલપર (ગું.) : (અમારા પ્રતિનિધિ શ્રી રવજીભાઈ જે. પટેલ, કોપરગાંવ દ્વારા)

અત્રે કચ્છ કડવા પાટીદાર સમાજના સનાતની ભાઈઓ દ્વારા શ્રી લક્ષ્મીનારાયણ મંદિરનો હિરક મહોત્સવ આગામી શ્રાવણ સુદ પાંચમ થી આઠમ (ગુરૂવાર, તા. ૪-૮-૧૧ થી શનિવાર, તા. ૬-૮-૧૧) સુધી ભારે ધૂમધામ અને ઉત્સાહથી ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે. જેની સાથે યુવક મંડળનું સાતમું અધિવેશન અને સમાજની ત્રિવાર્ષિક સામાન્ય સભાનું પણ આયોજન કરાયેલ છે. સમાજના અધ્યક્ષ શ્રી કરસન લધા દિવાણી (હૈદ્રાબાદ)ના નેજા હેઠળ આયોજન સમિતિએ શ્રી લક્ષ્મીનારાયણ મંદિરનો હિરક મહોત્સવ ૬૩મા વર્ષે ભારે ભક્તિભાવ સાથે ભવ્યતામાં ઉજવવાનું નક્કી કરેલ છે. તેના અનુસંધાને ગામમાં અનેરા ઉત્સાહથી તડામાર તૈયારીઓ ચાલી રહી છે. સનાતનમય વાતાવરણમાં સુવર્ણ જયંતિ મહોત્સવમાં પણ જોવા ન મળેલ તેવો ઉત્સાહ અને જોશ હાલે ગામમાં વર્તાઈ રહ્યો છે.

સમાજવાડીના નુતનીકરણની સાથો સાથ ગામમાં અનેક નવા મકાનો બંધાઈ રહ્યા છે તેમજ રીપેરીંગના કામો પણ પુરજોશમાં ચાલી રહ્યા છે. ગામની શેરીઓ, નાકાઓ, વાડાઓ, ભેણીઓ આદી જગ્યાઓની સાથે મેદાનોમાં પણ નવું સ્વરૂપ ઝળકતું દેખાઈ રહ્યું છે. ગામમાં પાચાડાના સર્વે કારીગરો, મજદુરો દેશલપર (ગું.) ગામના નિર્ધારિત કામોમાં વ્યસ્ત દેખાઈ રહ્યા છે. ગામમાં હાલે મકાનોના બાંધકામો, તેને લાગતું સામાન-સુમાન, તેનું વહન કરતા ભારે વાહનોની અવર-જવર અને મકાન ધણીઓના ફેરાઓથી ગામ ગજબજી રહ્યું છે. ગયા ૬ મહિનાથી પોતાના કુટુંબોના, પરિવારોના તથા ભાવિના મકાનોની અરસપરસ સમજુતીથી કામકાજની જવાબદારીની વારાફેરીઓમાં તેમજ આયોજન બાબતની મીટીંગોમાં નવા નવા ચહેરા સાથે વડીલો તથા યુવાનો હાજરી આપી મહોત્સવના આયોજનમાં રહેવા કરવાથી લઈ ઉત્સવને માણવામાં કોઈ જાતની ખામી ન રહે તેની પુરેપુરી તકેદારી લઈ રહ્યા છે.

ઉત્સવ સમિતિના અધ્યક્ષ શ્રી રવજીભાઈ મુળજી ચૌધરી (હૈદ્રાબાદ)ની સાથે વિવિધ સમિતિના પ્રમુખો અને સભ્યો તેમજ સ્થાનિક ગામ સમાજના પ્રમુખ શ્રી પુરૂષોત્તમ મનજી ચૌધરી અને સમાજના સભ્યો દ્વારા ઉત્સવના મુખ્ય મંદિરો તેમજ ગામ દેવતા શ્રી ગુંતલીમાતા મંદિરનો પરિસર સુશોભિત કરવામાં આવી રહ્યો છે. ઉત્સવ દરમ્યાન મનોરંજનની સારી એવી તૈયારીઓની સાથે આયોજનની રૂપરેખા અને જવાબદારીઓના સુમેળ સંધાઈ રહ્યા છે. હિરક મહોત્સવની સાથે દેશલપર (ગું.) પાટીદાર યુવક મંડળનું સાતમું અધિવેશન પણ લેવામાં આવનાર હોવાથી યુવક મંડળના સુકાની શ્રી પુરૂષોત્તમ પરબત દિવાણી (હૈદ્રાબાદ)ની યુવા ટીમે પણ કમરકશીને અધિવેશન સાથે મહોત્સવને યાદગાર બનાવવાની સંપૂર્ણ જવાબદારી ઉપાડેલ છે.

મહોત્સવની શરૂઆત શ્રાવણ સુદ પાંચમના શુભદિને શ્રી વિષ્ણુયાગ મહાયજ્ઞ દ્વારા થશે. શ્રાવણ સુદ સાતમના શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનો પાટોત્સવ પરંપરાગત રીતે ભારે ભક્તિભાવથી ઉજવવામાં આવશે. આ પ્રસંગે સંપૂર્ણ માહિતીસભર સ્મરણિકારૂપી પુસ્તિકા પ્રસિદ્ધ કરવામાં આવશે. જેનું કામકાજ અંતિમ ચરણ છે તેમજ ગામની નિયાણીયુંને સ્મૃતિભેટ, વડીલોના સન્માન કરવાનું નક્કી કરેલ છે. હિરક મહોત્સવ નિમિત્તે ગામમાં નવી આશા, ઉમંગ અને ઉત્સાહની સાથે ગામનું રંગરૂપ અને નવું સ્વરૂપ આવી રહ્યું છે. ગામનો કાયાપલટ દેખાઈ રહ્યો છે. મહોત્સવના સર્વે દાતાઓ સાથે આયોજકો દ્વારા ઉત્સવને સુવર્ણ-હિરકી બનાવવા માટે હિરાની માફક સર્વે પેલુઓને ચમકાવવાની અપીલ કરેલ છે.

## કાદિયા નાના ખાતે આગામી જન્માષ્ટમીના તહેવારો દરમ્યાન શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન

કાદિયા નાના (કચ્છ) : (શ્રી મગનલાલ અંબાલાલ પોકાર, નવસારી દ્વારા)

ગત જન્માષ્ટમીના મળેલી કારોબારી સભામાં નક્કી થયા મુજબ આગામી જન્માષ્ટમીના તહેવારો દરમ્યાન શ્રીમદ્ ભાગવત સપ્તાહના આયોજનને તા. ૧૦-૫-૧૧ના કાદિયા નાના મુકામે શ્રી નાનજી ભીમજી પોકારના અધ્યક્ષસ્થાને મળેલી સામાન્ય સભામાં બહાલી આપવામાં આવેલ. જે મુજબ તા. ૧૮-૮-૧૧ થી તા. ૨૪-૮-૧૧ સુધી શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહ તથા તા. ૨૫-૮-૧૧ના રોજ વિષ્ણુયાગ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ કથાકાર પ.પૂ. નાનાલાલ રાજ્યગુરૂ વ્યાસપીઠ પર બીરાજી તેમની સંગીતમય શૈલીમાં રસાસ્વાદ કરાવશે.

સામાન્ય સભામાં કથાના મુખ્ય યજમાન તથા આવતા પ્રસંગોના યજમાનો નક્કી કરવામાં આવ્યા હતા. થનાર આર્થિક ખર્ચને પહોંચી વળવા દાતાઓએ ઉદાર હાથે ફાળો આપ્યો હતો. કાદિયા નાના ખાતે થઈ રહેલ આ ઉત્સવમાં નિયાણીઓને યાદ કરી પત્રિકા મોકલી આમંત્રિત કરવાનું નક્કી કરવામાં આવેલ છે. સભામાં ઉપસ્થિત યુવક મંડળના પ્રમુખ શ્રી કાંતિલાલ વાલજી પોકારે તેમની ટીમ આ પ્રસંગોચિત જવાબદારી ઉપાડી લઈ શક્ય શ્રેષ્ઠ પ્રયત્નોથી ઉત્સવને સફળ બનાવવાની ખાત્રી આપી હતી. મહિલા મંડળે ઉપસ્થિત રહી અનુમોદન આપ્યું હતું.

સભાના અંતે મંત્રી શ્રી વાલજી હરજી પોકારે આભારવિધિ કરી હતી.

### વિદ્યાર્થી જગત...

(અનુ. પાના નં. ૬ ઉપરથી ચાલુ)

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦૫. પાર્થ વિનોદભાઈ રંગાણી | ધોળકા | ૩ | ૯૬ | Guj. |
| ૧૦૬. કુ. પૂજા વિનોદભાઈ રંગાણી | ધોળકા | ૫ | ૯૭ | Guj. |
| ૧૦૭. કુ. રીયા મહેશભાઈ રંગાણી | ધોળકા | ૫ | ૯૦ | Guj. |
| ૧૦૮. કુશ અશ્વિનભાઈ રંગાણી | ધોળકા | ૩ | ૯૩ | Guj. |
| ૧૦૯. કુ. પ્રગતિ અશોકભાઈ ભીમાણી | બદરખા | ૭ | ૮૬ | Guj. |
| ૧૧૦. કુ. હેતલ ચેતનભાઈ ભીમાણી | બદરખા | ૨ | ૮૪ | Guj. |
| ૧૧૧. કુ. હેમાંગી સુરેશભાઈ પોકાર | શેરપુરા | ૯ | ૭૬ | Guj. |
| ૧૧૨. યશકુમાર પિયુષભાઈ ધોળુ | ધોળકા | ૩ | ૭૪ | Eng. |
| ૧૧૩. કુ. રિદ્ધિ એન. ધોળુ | ધોળકા | ૯ | ૯૧ | Guj. |
| ૧૧૪. કુ. આયુષી એન. ધોળુ | ધોળકા | ૪ | ૯૪ | Guj. |
| ૧૧૫. નિત્ય એન. ધોળુ | ધોળકા | ૧ | ૮૮ | Guj. |
| ૧૧૬. કુ. તૃપ્તિ રવિલાલ પટેલ | ધોળકા | ૯ | ૭૮ | Guj. |
| ૧૧૭. કુ. અંજલી રવિલાલ પટેલ | ધોળકા | ૬ | ૭૪ | Guj. |
| ૧૧૮ અંશ વિપુલભાઈ સાંખલા | ઈસનપુર, અ'વાદ | ૧ | ૭૫ | Eng. |
| ૧૧૯ દિપેન પ્રકાશભાઈ સુરાણી-ભગત | પાલડી, અ'વાદ | ૬ | ૮૭ | Eng. |
| ૧૨૦ કુ. રીતુ પ્રકાશભાઈ સુરાણી-ભગત | પાલડી, અ'વાદ | ૩ | ૯૫ | Eng. |
| ૧૨૧ કુ. સ્વાતિ અનિલભાઈ સુરાણી-ભગત | પાલડી, અ'વાદ | ૮ | ૭૬ | Eng. |
| ૧૨૨ રોશન ગોવિંદભાઈ દિવાણી | વલસાડ | ૯ | ૭૩ | Guj. |
| ૧૨૩ કુ. માયા ઈશ્વરલાલ વાસાણી | નખત્રાણા | ૧૧ | ૮૯ | Eng. |
| ૧૨૪ સાગર ઈશ્વરલાલ વાસાણી | નખત્રાણા | ૭ | ૮૪ | Eng. |
| ૧૨૫ પ્રતિક લધારામભાઈ વાસાણી | નખત્રાણા | ૪ | ૭૯ | Eng. |
| ૧૨૬ કુ. ભૂમિકા વિનુભાઈ ભોજાણી | રોઝડકંપા | ૧૨ | ૮૭ | Eng. |
| ૧૨૭ કુ. પ્રાચી વિનુભાઈ ભોજાણી | રોઝડકંપા | ૩ | ૯૦ | Guj. |
| ૧૨૮ સહર્ષ મુકેશભાઈ ઘોઘારી | વખતપુરાકંપા | ૯ | ૮૩ | Guj. |
| ૧૨૯ ચિંતન અરૂણભાઈ ઘોઘારી | વખતપુરાકંપા | ૭ | ૮૪ | Guj. |
| ૧૩૦ મંથન દિનેશભાઈ ખીમાણી | ખારીકંપા | ૫ | ૮૪ | Guj. |
| ૧૩૧ કુ. શ્વેતા દિનેશભાઈ ખીમાણી | ખારીકંપા | ૭ | ૭૪ | Guj. |
| ૧૩૨ પ્રિયંક રસિકકુમાર ભાવાણી | નડીયાદ | ૨ | ૮૫ | Eng. |
| ૧૩૩ પાર્થ નિલેષકુમાર રવાણી | ખેડા | ૬ | ૭૫ | Guj. |

(અનુ. પાના નં. ૮ ઉપર)

## શ્રી અખિલ ભારતીય સનાતન લીંબાણી પરિવારની સામાન્ય સભાનો અહેવાલ

### પરિવારને 'સનાતન' પરિવાર જાહેર કરાયું :

ઘડાણી (કચ્છ) : શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, નખત્રાણા (કેન્દ્રિય સમાજ) દ્વારા તા. ૨૫-૩-૨૦૧૦ રોજ બહાર પાડવામાં આવેલ શ્વેતપત્ર તેમજ તા. ૭-૫-૨૦૧૦ની કેન્દ્રિય સમાજની અસાધારણ સામાન્ય સભામાં સર્વાનુમતે બંધારણ કરાયેલ સુધારાઓ તથા તા. ૧૨-૫-૨૦૧૦ની જ્ઞાતિના પંચમ અધિવેશનમાં સર્વાનુમતે પ્રસાર કરાયેલ જ્ઞાતિના રીતરિવાજની ૧ થી ૧૯ કલમો અને કેન્દ્રિય સમાજ દ્વારા તા. ૧-૭-૨૦૧૦ના રોજ બહાર પાડેલ આદેશોને અનુલક્ષીને જ્ઞાતિ રિવાજોની કલમ ૧૮ બાહ્ય આચરણો અંગે તથા કલમ ૧૯ મુજબ સામાજિક તથા ધાર્મિક પ્રશ્નો અંગેનું પાલન ચુસ્તપણે કરવા બાબત શ્વેતપત્રમાં સ્પષ્ટ નિર્દેશ છે. એ મુજબ સમાજ કે અન્ય પારીવારિક સામાજિક સંગઠનો એક જ આચાર વિચારવાળા રહે એક જ પ્રકારના રીતરિવાજોનું અને સનાતન વૈદિક હિન્દુ ધર્મનું ચુસ્તપણે પાલન થાય તે અત્યંત જરૂરી છે. આપણી જ્ઞાતિમાં ઉપરોક્ત બાબતનું પાલન કરવું તથા કરાવવાની સમગ્ર જવાબદારી ભારતભરના તમામ ઝોન અને ઝોનમાં આવતી સમાજો તથા અન્ય સામાજિક સંગઠનો જેવા કે પરિવાર સંગઠનોને કેન્દ્રિય સમાજ દ્વારા સોંપવામાં આવી છે.

ઉપરોક્ત કેન્દ્રિય સમાજના આદેશો અને શ્વેતપત્રના અનુસંધાનમાં શ્રી અખિલ ભારતીય ભૃગુ ગોત્રિય લીંબાણી પરિવારની સામાન્ય સભા ચૈત્ર વદ ૧૪ સોમવાર, તા. ૨-૫-૨૦૧૧ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે પૂ. હરદાસબાપાની ૩૧૯મી પુણ્યતિથિએ ઘડાણી મુકામે મળી હતી.

આ સભામાં જુદા જુદા ૧૦ ઠરાવો પસાર કરાયા હતા, જે અન્વયે પરિવારે સનાતન વૈદિક હિન્દુ ધર્મનું પાલન કરવાનો, પરિવારને "સનાતન" પરિવાર તરીકે જાહેર કરવાનો, સમાજના આદ્ય સુધારક પૂ. નારાયણ રામજી લીંબાણીની જન્મ જયંતિ તા. ૨૨-૫-૧૮૮૩ તથા પુણ્યતિથિ તા. ૧૯-૧૧-૪૦ના છે. આ બંને તિથિઓ પ્રતિ વર્ષ જ્ઞાતિમાં ઉજવવા તથા પૂ. હરદાસબાપાની પુણ્યતિથિ ચૈત્ર વદ ૧૪ના ઉજવવાનો ઠરાવ કરવામાં આવેલ છે.


આ ઠરાવોની જાણ પરિવારના પ્રમુખ શ્રી અરવિંદ કરસન લીંબાણીએ પત્ર લખીને કેન્દ્રિય સમાજના પ્રમુખશ્રીને કરેલ છે.












2011-06 -Patidar Sandesh -Sanskar Dham Opening (918)





### વિદ્યાર્થી જગત... (અનુ. પાના નં. ૭ ઉપરથી ચાલુ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩૪ | કુ. ઝીનલ અમૃતલાલ વાસાણી | વાસણા | ૧૧ | ૭૮ | Guj. |
| ૧૩૫ | જય પુરૂષોત્તમભાઈ છાભૈયા | નરોડા, અ'વાદ | ૧૧ | ૯૩ | Guj. |
| ૧૩૬ | રાજ પુરૂષોત્તમભાઈ છાભૈયા | નરોડા, અ'વાદ | ૭ | ૯૨ | Guj. |
| ૧૩૭ | કુ. ખ્યાતિ વિજયકુમાર છાભૈયા | નરોડા, અ'વાદ | ૮ | ૭૭ | Guj. |
| ૧૩૮ | કુ. ક્રિષ્ના વિજયકુમાર છાભૈયા | નરોડા, અ'વાદ | ૪ | ૯૨ | Guj. |
| ૧૩૯ | કિશન યોગેશકુમાર પોકાર | અંકલેશ્વર | ૬ | ૭૭ | Eng. |
| ૧૪૦ | કુ. સ્વાતિ હસમુખભાઈ સુરાણી | રામાણી ફાર્મ (દહેગામ) | ૧ | ૯૫ | - |
| ૧૪૧ | કુ. આરતી ગોવિંદભાઈ કાલરીયા | મહેસાણા | ૮ | ૮૨ | Eng. |
| ૧૪૨ | કુ. પ્રીતિ ગોપાલભાઈ કાલરીયા | મહેસાણા | ૯ | ૮૯ | Guj. |
| ૧૪૩ | કુ. રોશની નરસિંહભાઈ કાલરીયા | મહેસાણા | ૮ | ૮૦ | Guj. |
| ૧૪૪ | કુ. ધારાવી નરસિંહભાઈ હળપાણી | મહેસાણા | ૬ | ૯૪ | Guj. |
| ૧૪૫ | સાગર કિશોરભાઈ પોકાર | વડોદરા | ૭ | ૮૫ | Guj. |
| ૧૪૬ | ચિરાગ કિશોરભાઈ પોકાર | વડોદરા | ૨ | ૯૦ | Eng. |
| ૧૪૭ | રાજ મહેશભાઈ પારસીયા | ઊંઝા | ૪ | ૯૧ | Guj. |
| ૧૪૮ | મયંક ભૂપેન્દ્રભાઈ રૂડાણી | ઊંઝા | ૧૧ | ૭૧ | Guj. |
| ૧૪૯ | દર્શન જગદીશભાઈ રૂડાણી | ઊંઝા | ૧૧ | ૭૦ | Guj. |
| ૧૫૦ | કુ. મહિમા તુલસીભાઈ સેંઘાણી | ઊંઝા | ૯ | ૮૩ | Guj. |
| ૧૫૧ | કુ. આરતી ભરતભાઈ લીંબાણી | ઊંઝા | ૭ | ૮૯ | Guj. |
| ૧૫૨ | ધ્રુવ ભરતભાઈ લીંબાણી | ઊંઝા | ૩ | ૯૦ | Guj. |
| ૧૫૩ | હર્ષ બળદેવભાઈ સેંઘાણી | ઊંઝા | ૭ | ૭૫ | Guj. |
| ૧૫૪ | કુ. રીયા બળદેવભાઈ સેંઘાણી | ઊંઝા | ૩ | ૮૦ | Guj. |
| ૧૫૫ | દીપ પ્રવિણભાઈ સેંઘાણી | ઊંઝા | ૪ | ૯૨ | Guj. |
| ૧૫૬ | વેદ પ્રવિણભાઈ સેંઘાણી | ઊંઝા | ૨ | ૯૧ | Guj. |
| ૧૫૭ | તુષાર હર્ષદભાઈ દિવાણી | ઊંઝા | ૪ | ૮૬ | Guj. |
| ૧૫૮ | મીહીર કિરીટભાઈ લીંબાણી | હારીજ | ૭ | ૮૦ | Guj. |
| ૧૫૯ | દીપ દેવરામભાઈ લીંબાણી | દહેગામ | ૧ | ૮૬ | Eng. |
| ૧૬૦ | કુ. ડીમ્પલ જ્યંતિભાઈ ધોળુ | નાસિક | ૧૧ | ૭૦ | Eng. |
| ૧૬૧ | કુ. રશ્મિ કાન્તિલાલ ભીમાણી | મકરપુરા (વડોદરા) | ૬ | ૭૩ | Eng. |
| ૧૬૨ | વેદીત કાન્તિલાલ ભીમાણી | મકરપુરા (વડોદરા) | ૧ | ૯૬ | Eng. |
| ૧૬૩ | કુ. ભક્તિ ધનસુખભાઈ નાકરાણી | રાયપુર | ૧ | ૯૮ | Eng. |
| ૧૬૪ | કુ. કમલ વસંતભાઈ રત્નાણી | મકરપુરા (વડોદરા) | ૩ | ૮૦ | Eng. |
| ૧૬૫ | સાગર દિનેશભાઈ ભાદાણી | ઊંઝા | ૬ | ૯૨ | Guj. |
| ૧૬૬ | કુ. નિધિ હર્ષદભાઈ ભાદાણી | ઊંઝા | ૫ | ૮૭ | Guj. |
| ૧૬૭ | રાજન દિનેશભાઈ ભાદાણી | ઊંઝા | ૩ | ૮૯ | Guj. |
| ૧૬૮ | ઉમંગ હર્ષદભાઈ ભાદાણી | ઊંઝા | ૨ | ૯૯ | Guj. |
| ૧૬૯ | હાર્ષિલ અલ્પેશભાઈ ભાદાણી | ઊંઝા | ૧ | ૯૬ | Guj. |
| ૧૭૦ | કુ. કૃપા લાલજીભાઈ હળપાણી | વિસનગર | ૬ | ૯૭ | Guj |
| ૧૭૧ | કુ. ગાયત્રી પ્રવિણભાઈ સેંઘાણી | નરોડા, અ'વાદ | ૬ | ૭૪ | Guj |
| ૧૭૨ | ધ્રુવ પ્રવિણભાઈ સેંઘાણી | નરોડા, અ'વાદ | ૪ | ૮૮ | Guj. |
| ૧૭૩ | પાર્થ જ્યંતિલાલ લીંબાણી | રાધનપુર | ૫ | ૮૨ | Guj. |
| ૧૭૪ | મેહુલ જ્યંતિલાલ લીંબાણી | રાધનપુર | ૭ | ૭૦ | Guj. |
| ૧૭૫ | કુ. પૂજા ભવનભાઈ માવાણી | નડીયાદ | ૬ | ૭૦ | Guj. |
| ૧૭૬ | કુ. કૃતિકા તુલસીભાઈ ધનાણી | નાસિક (મહા.) | ૮ | ૮૨ | - |
| ૧૭૭ | કુ. મિતિષા તુલસીભાઈ ધનાણી | નાસિક (મહા.) | ૫ | ૯૦ | - |
| ૧૭૮ | કુ. ક્રિષ્ના તુલસીભાઈ ધનાણી | નાસિક (મહા.) | ૧ | ૯૬ | - |
| ૧૭૯ | કુ. ખુશી જગદીશભાઈ સાંખલા | આસનગાંવ (મહા.) | ૨ | ૯૦ | - |
| ૧૮૦ | કુ. પ્રાચી દિલીપભાઈ પટેલ | બીલવણકંપા | ૧ | ૯૩ | - |
| ૧૮૧ | કિશન મોહનભાઈ રંગાણી | ચલથાણ | ૯ | ૭૬ | Guj. |
| ૧૮૨ | મેહુલ દિનેશભાઈ રંગાણી | ચલથાણ | ૩ | ૭૦ | Eng. |
| ૧૮૩ | યશ દિનેશભાઈ રંગાણી | ચલથાણ | ૧ | ૭૮ | Eng. |
| ૧૮૪ | ધ્રુવિન અમૃતભાઈ રંગાણી | ભેસ્તાન (સુરત) | ૬ | ૭૦ | Eng. |
| ૧૮૫ | કુ. પૂજા અમૃતભાઈ રંગાણી | ભેસ્તાન (સુરત) | ૫ | ૭૦ | Eng. |
| ૧૮૬ | કુ. રૂચી રાજેશભાઈ રંગાણી | ભેસ્તાન (સુરત) | ૪ | ૭૧ | Eng. |
| ૧૮૭ | કુ. પ્રેરણા રાજેશભાઈ રંગાણી | ભેસ્તાન (સુરત) | ૧ | ૮૭ | Eng. |
| ૧૮૮ | કશ્યપ શૈલેષભાઈ પટેલ | વિજાપુર | ૪ | ૯૨ | Guj. |
| ૧૮૯ | પ્રધ્યુમ્ન જગદીશભાઈ પટેલ | વિજાપુર | ૬ | ૮૪ | Guj. |
| ૧૯૦ | નયન કાન્તિભાઈ પટેલ | વિજાપુર | ૯ | ૯૦ | Guj. |
| ૧૯૧ | કુ. સ્મિત સંજયકુમાર વાઘડીયા | હાલોલ | ૩ | ૯૭ | Eng. |
| ૧૯૨ | કુ. રીયા હરેશકુમાર વાઘડીયા | હાલોલ | ૩ | ૯૩ | Eng. |
| ૧૯૩ | કુ. દ્દષ્ટિ સંજયકુમાર વાઘડીયા | હાલોલ | ૬ | ૯૧ | Eng. |
| ૧૯૪ | નિકુંજ જ્યંતિલાલ પટેલ | બલોલ | ૬ | ૯૩ | Guj. |
| ૧૯૫ | કુ. પૂજા જ્યંતિલાલ પટેલ | બલોલ | ૯ | ૭૭ | Guj. |
| ૧૯૬ | ભવ્ય જ્યંતિલાલ પટેલ | બલોલ | ૪ | ૭૫ | Guj. |
| ૧૯૭ | કુ. સ્નેહા મહેન્દ્રભાઈ ભાવાણી | આંબલીયાસણ | ૬ | ૮૫ | Guj. |
| ૧૯૮ | કુ. ભૂમિ મહેન્દ્રભાઈ ભાવાણી | આંબલીયાસણ | ૮ | ૮૩ | Guj. |
| ૧૯૯ | યશ મહેન્દ્રભાઈ ભાવાણી | આંબલીયાસણ | ૩ | ૯૭ | Eng. |
| ૨૦૦ | કુ. જ્યોતિ ચંદ્રકાન્તભાઈ ભાવાણી | આંબલીયાસણ | ૩ | ૮૪ | Eng. |
| ૨૦૧ | કુ. દ્દષ્ટિ હરેશભાઈ ભાવાણી | આંબલીયાસણ | ૧ | ૭૭ | Eng. |
| ૨૦૨ | કુ. રૂચી મનસુખભાઈ રૂડાણી | દેવપર (યક્ષ) | ૩ | ૯૪ | Eng. |
| ૨૦૩ | ધ્રુવ મનસુખભાઈ રૂડાણી | દેવપર (યક્ષ) | ૨ | ૯૨ | Eng. |
| ૨૦૪ | કુ. દ્દષ્ટિ અશ્વિનભાઈ પટેલ | નરોડા, અ'વાદ | ૪ | ૮૪ | Eng. |

(અનુ. પાના નં. ૯ ઉપર)

# દયાપર (કચ્છ)ની નવાજુની

દયાપર (કચ્છ) : (અમારા પ્રતિનિધિ શ્રી મણીલાલ લીંબાણી દ્વારા)

## (૧) દયાપર મધ્યે શ્રી લખપત તાલુકા કડવા પાટીદાર સમાજ દ્વારા ૨૧મો સમૂહ લગ્ન સમારોહ યોજાયો : ૧૩ નવયુગલો જોડાયાં :

શ્રી લખપત તાલુકા કડવા પાટીદાર સમાજ દ્વારા દયાપર મધ્યે ૨૧મો સમૂહ લગ્ન સમારોહ અખાત્રીજના રોજ પ્રમુખ શ્રી નરસિંહભાઈ લીંબાણીના અધ્યક્ષતામાં ધામધૂમપૂર્વક યોજવામાં આવેલ, જેમાં સમાજની ૧૩ કન્યાઓએ પ્રભુતામાં પગલાં પાડેલ. તાલુકા સમાજવાડી મધ્યે સવારે ૫-૦૦ કલાકે જાનો આગમનથી સમાજવાડી પરિસર લગ્નગીતોથી ગુંજી ઉઠ્યું હતું. વરપક્ષના માંડવાની વિધિ પ્રફુલ્લિત વાતાવરણમાં કરવામાં આવેલ. ગામના મુખ્ય ચોકથી વરરાજાની શોભાયાત્રા માતાના મડના લંગાના ઢોલના નાદે વાજતે-ગાજતે ઉત્સાહપૂર્વક કાઢવામાં આવેલ. ગોર મહારાજ પ્રફુલ્લભાઈ ત્રિપાઠીએ મંગળફેરાની વિધિ સંપન્ન કરાવેલ. દાતાઓ દ્વારા કન્યાઓને ૫૬ જેટલી ઘર ઉપયોગી વસ્તુઓનું કન્યાદાન કરવામાં આવેલ.

બપોર બાદ યોજાયેલ આશીર્વચન સમારોહમાં કેન્દ્રિય સમાજના પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશી નાકરાણી, ટ્રસ્ટી શ્રી વાલજીભાઈ વાડીયા તથા શ્રી ગંગારામભાઈ સાંખલા, મંત્રી શ્રી વાલજીભાઈ ચૌહાણ, હરીભાઈ પટેલ (ઈન્દોર), લખમશીભાઈ (કલકત્તા) તેમજ અન્ય આગેવાનોએ નવદંપતિઓને આશીર્વાદ આપેલ. ભોજનના દાતા ખેતાભાઈ વાલજી લીંબાણી તથા જમનાબેન ખેતા લીંબાણી (સિયોત, હાલે થલતેજ), મંડપના દાતા તથા સમૂહ લગ્ન આમંત્રણ પત્રિકાના દાતા શ્રી કરસનભાઈ જશા પારસીયા (મેઘપર, હાલે કડી)નું સન્માન કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન મહામંત્રી શ્રી કાન્તિભાઈ લીંબાણી તેમજ આભારવિધિ ઉપપ્રમુખ શ્રી જસવંતભાઈ દેવજી સાંખલાએ કરેલ.

## (૨) શ્રી લખપત તાલુકા કડવા પાટીદાર સમાજની વાર્ષિક સભાનો અહેવાલ :

તા. ૭-૫-૧૧ના રોજ શ્રી લખપત તાલુકા કડવા પાટીદાર સમાજની વાર્ષિક સભા સમાજના પ્રમુખ શ્રી નરસિંહભાઈ હંસરાજ લીંબાણી (દહાણું રોડ)ની અધ્યક્ષતામાં તાલુકા સમાજવાડી (દયાપર) મધ્યે મળેલ, જેમાં સમાજ વિકાસ અંગે ચર્ચા વિચારણા તેમજ નિર્ણયો લેવામાં આવેલ. સમાજના બંધારણ સુધારા માટે અસાધારણ સભા મળેલ, જેમાં સમાજના બંધારણ સુધારણા કમીટી તરફથી કારોબારીમાં પાસ થયેલ બંધારણને સભા સમક્ષ કમીટીના સદસ્ય રમેશભાઈ પારસીયા (સુરત)એ વાંચી સંભળાવેલ, જેમાં તાલુકા સમાજના નામમાં "સનાતન" શબ્દ ઉમેરવા સુધારો કરવાનું ઠરાવેલ તેમજ અમુક સુધારાઓ સાથે બંધારણ પાસ કરવામાં આવેલ અને ચેરીટી કમિશ્નર પાસે સુધારા માટે રજૂ કરવામાં આવેલ. અસાધારણ સભાની સમાપ્તિ બાદ સામાન્ય સભા શરૂ કરવામાં આવેલ. ગત વર્ષિક સામાન્ય સભાની મીનીટસ તેમજ ગત વર્ષના વાર્ષિક હિસાબોનું વાંચન સભા સમક્ષ કરવામાં આવેલ અને તેને બહાલી આપવામાં આવેલ.

મહામંત્રી શ્રી કાન્તિભાઈ લીંબાણીએ જણાવેલ કે પ્રમુખશ્રીની સ્કીમ હેઠળ ગત વર્ષ દરમ્યાન નવા નવા આજીવન સભ્યમાં ૫૩૧નો ઉમેરો થયેલ છે તેમજ હજુ પણ નવા આજીવન સભ્યો નોંધાય તેવી અપીલ કરેલ. પૂર્ણ થયેલ સમૂહલગ્ન તેમજ ગત વર્ષ દરમ્યાન મળેલ અન્ય વસ્તુના દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવેલ. તાલુકા સમાજના સ્થાનિક તેમજ બહાર વસતા સભ્યોએ સામાજિક તેમજ રાજકીયક્ષેત્રે વિશિષ્ઠ સિદ્ધિ બદલ સન્માન કરવામાં આવેલ. ચાલુ વર્ષ ૨૦૧૧-૧૨ માટે સમાજના ઓડીટર તરીકે ઈશ્વરભાઈ દેસાઈ (ભૂજ) સી.એ.ની નિમણૂંક સર્વાનુમતે કરવામાં આવી.

સમાજવાડીમાં વૃક્ષો નીચે મુકવા માટે સિમેન્ટ બેચ માટે મહામંત્રીશ્રીએ સભા સમક્ષ અપીલ કરેલ. જેની સામે માત્ર ૧૦ મિનિટમાં જ ૭૦ જેટલી બેન્ચોના દાતા મળેલ. સોફાસેટ નંગ-૫ તથા સ્ટીલ કબાટ નંગ-૨ના દાતાની સામેથી નોંધણી કરવામાં આવેલ.

શિક્ષણ તેમજ સમાજ વિકાસ માટે વિચારો આપવા ખુલ્લા મંચની મહામંત્રીશ્રીએ જાહેરાત કરેલ, જેમાં શ્રીમતી હેમલતાબેન લીંબાણી, દેવજીભાઈ લીંબાણી, સ્મિતાબેન ચૌહાણ તેમજ રવજીભાઈ ચૌધરીએ પોતાના વિચારો રજૂ કરેલ.

શ્રી મણીભાઈ વાઘડીયા (મદુરાઈ)એ જણાવેલ કે આપણા તાલુકામાં વ્યસનનું પ્રમાણ ઘટ્યું છે. તેના લીધે જ આપણે આ સભામાં આટલો લાંબો સમય બેસી શકીએ છીએ તથા આપણા ખોરાકમાં જે પડતી દેખાય છે તેમાં સુધારો કરવા જણાવેલ. વધુમાં જણાવેલ કે દયાપરના હાલે મદ્રાસ રહેતા સ્વ. નારાણ મનજી લીંબાણીના સુપુત્રો હરીભાઈ તથા કાન્તિભાઈ તરફથી રામેશ્વર મુકામે મે, ૨૦૧૨માં પૂજ્ય ગીરીબાપુશ્રીના વ્યાસપીઠે શિવપુરાણનું આયોજન કરેલ છે, તેમાં સહભાગી થવા ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું છે તથા ૬૦ વર્ષથી ઉપરના અને આર્થિક સ્થિતિ બરાબર ન હોય તેવા સદસ્યોને અમદાવાદથી રામેશ્વર સુધીનો ટીકીટ ખર્ચ પરિવાર તરફથી આપવામાં આવશે.

પ્રમુખસ્થાનેથી શ્રી નરસિંહભાઈ લીંબાણીએ આ સભાની શાંતિની સરાહના કરવામાં આવી. સમાજના દરેક સભ્યોને ખાત્રી આપી કે મારા તરફથી આપને કોઈપણ સંજોગે અસંતોષ વ્યક્ત થશે નહિ. યુવાનો સમાજની નજીક આવવામાં હજી સંકોચ રાખે છે તે અંગે દુઃખ વ્યક્ત કરતાં જણાવેલ કે યુવાનોએ પોતાની શક્તિનો ઉપયોગ સમાજ માટે કરી છુટવા જણાવેલ. સમાજ માટે કોઈ સુઝાવ હોય કે અભાવ હોય તે જણાવજો. તે અંગે જરૂરથી વિચારણામાં લેવામાં આવશે તથા આપને સંતોષ થાય તેની પુરતી કોશિષ કરવાની ખાત્રી આપેલ.

આભારવિધિ ઉપપ્રમુખ શ્રી વાલજીભાઈ ચૌહાણે કરેલ.

## (૩) દયાપર કડવા પાટીદાર સત્યનારાયણ સમાજની કારોબારી સભાનો અહેવાલ :

તા. ૫-૫-૧૧ના રોજ શ્રી કડવા પાટીદાર સત્યનારાયણ સમાજની કારોબારીની મીટીંગ પ્રમુખ શ્રી ભીમજીભાઈ લીંબાણી (રાજકોટ)ના પ્રમુખસ્થાને રાખવામાં આવેલ. મહામંત્રી શ્રી રમેશભાઈ પારસીયા દ્વારા આવકાર્યા બાદ મંત્રી શ્રી રમેશભાઈ લીંબાણીએ ગત કારોબારી મીટીંગની મીનીટસનું વાંચન કરેલ.

મહામંત્રીશ્રીએ જણાવેલ કે સમાજ દ્વારા હાલમાં અન્નપૂર્ણા ભવન તેમજ સમાજવાડી ભવનનું બાંધકામ ચાલી રહ્યું છે, જેમાં સમાજવાડી ભવનના બાંધકામની બધી જ જવાબદારી ઉપપ્રમુખ શ્રી ડાહ્યાભાઈ મૈયાત દ્વારા સ્વીકારવામાં આવેલ છે પરંતુ અન્નપૂર્ણા ભવનના બાંધકામને પહોંચી વળવા માટે ફંડની વ્યવસ્થા કેમ કરવી તે અંગે ચર્ચા કરવા જણાવેલ. જેમાં નક્કી કરવામાં આવેલ કે મંદિર મૂર્તિપ્રતિષ્ઠા વખતે લખાવેલ દાનમાં બાકી રહેલ રકમ મંગાવવા માટે વિનંતી કરવા માટે નક્કી કરવામાં આવેલ.

આગામી જન્માષ્ટમીની સામાન્ય સભાના એજન્ડા અંગે ચર્ચા કરવામાં આવી, જેમાં હાલમાં નવા થઈ રહેલ બાંધકામના ચડાવા લેવા અંગે એજન્ડામાં સમાવેશ કરવા વિચારણા કરવામાં આવેલ, જેમાં હાલમાં ફક્ત સમાજવાડી સંકુલના ચડાવા લેવાનું નક્કી કરવામાં આવેલ, જેમાં નીચે મુજબના ચડાવા લેવામાં આવશે.

(૧) સમાજવાડી નામકરણનો ચડાવો (૨) ગ્રાઉન્ડ ફલોરના પાંચ રૂમના ચડાવા (૩) પ્રથમ માળે બે રૂમના ચડાવા (૪) લોબીનો ચડાવો. બધા જ ચડાવા અપસેટ વગર ઓપન લેવામાં આવશે.

અન્નપૂર્ણા ભવનના ચડાવા સંકુલ તૈયાર થઈ ગયા બાદ લેવાનું નક્કી કરવામાં આવ્યું. જન્માષ્ટમી વખતે નવી કારોબારીની રચના કરવામાં આવશે જેની જાણ સર્વેને કરવામાં આવશે.

પ્રમુખસ્થાનેથી ભીમજીભાઈ લીંબાણીએ જણાવેલ કે આ કારોબારીની મીટીંગ ટુંકી મુદતની જાણથી બોલાવેલ હોઈ અહીં પહોંચવામાં જે કાંઈ તકલીફ પડેલ હોય તે બદલ દરગુજર કરવા તથા હવે પછી યોગ્ય મુદતે જાણ કરવામાં આવશે. આજે જે કાંઈ નિખાલસ ચર્ચા થઈ તે બદલ ધન્યવાદની લાગણી વ્યક્ત કરતાં જણાવેલ કે સમાજના કામ કરનાર સદસ્યોએ ટીકા સહન કરવાની આવે છે તેમ છતાં સમાજનાં કાર્યો કરવાં પડે છે એટલે દરેકે પોતાનામાં જે કાંઈ શક્તિ ઈશ્વરે આપી હોય તે સમાજ સેવામાં આપવી જોઈએ. આગામી કારોબારી શ્રાવણ વદ-૬ના રાત્રે ૮-૩૦ કલાકે રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.

સભાનું સંચાલન તથા આભારવિધી મહામંત્રી શ્રી રમેશભાઈ પારસીયાએ કરેલ.

## વિદ્યાર્થી જગત... (અનુ. પાના નં. ૮ ઉપરથી ચાલુ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦૫ | નિત્ય અશ્વિનભાઈ પટેલ | નરોડા, અ'વાદ | ૧ | ૯૫ | Eng. |
| ૨૦૬ | ભાવેશ કિશોરભાઈ પોકાર | ભૂજ-કચ્છ | ૪ | ૯૬ | Eng. |
| ૨૦૭ | કુ. અપેક્ષા અશોકભાઈ દિવાણી | નાસિક | ૩ | ૯૭ | - |
| ૨૦૮ | તીર્થ અશોકભાઈ દિવાણી | નાસિક | ૧ | ૮૦ | - |
| ૨૦૯ | કુ. વિશ્વા હિતેશભાઈ પોકાર | અમલાઈકંપા | ૨ | ૯૮ | - |
| ૨૧૦ | કુ. હસ્તી રમેશભાઈ ચોપડા | જીયાપર-કચ્છ | ૪ | ૭૫ | - |
| ૨૧૧ | મિલન રમેશભાઈ | પૂના (મહા.) | ૯ | ૭૮ | - |
| ૨૧૨ | તુષાર શાંતિભાઈ | ડોંબીવલી | ૧ | ૯૮ | - |
| ૨૧૩ | ગૌરવ પ્રદિપભાઈ | કામોઠા (મહા.) | ૨ | ૭૫ | - |
| ૨૧૪ | ચિંતન તુલસીદાસ કાનાણી | રાજનાંદગાંવ (છ.ગ.) | ૨ | Class-2 | Eng. |
| ૨૧૫ | કુ. ભક્તિ કાંતિભાઈ મૈયાત | ચિખોદ્રા | ૮ | ૮૩ | Guj. |
| ૨૧૬ | કુ. પૂજા કાંતિભાઈ મૈયાત | ચિખોદ્રા | ૫ | ૯૧ | Guj. |
| ૨૧૭ | આયુષ કાંતિભાઈ મૈયાત | ચિખોદ્રા | ૨ | ૯૨ | Guj. |
| ૨૧૮ | કુ. માનસી હર્ષદભાઈ મૈયાત | ચિખોદ્રા | ૧ | ૯૪ | Guj. |
| ૨૧૯ | જય મણીલાલભાઈ લીંબાણી | અંકલેશ્વર | ૯ | ૯૦ | Eng. |
| ૨૨૦ | કુ. વિશ્વા આશિષભાઈ માકાણી | કડી | ૨ | ૮૨ | Eng. |
| ૨૨૧ | કુ. રીતી વિનોદભાઈ રૂડાણી | કામરેજ ચાર રસ્તા | ૧ | ૯૨ | Guj. |
| ૨૨૨ | કુ. ધ્રુવી રીતેશભાઈ પોકાર | કામરેજ ચાર રસ્તા | ૧ | ૮૮ | Guj. |
| ૨૨૩ | ઋતિક અશોકભાઈ કેસરાણી | કામરેજ ચાર રસ્તા | ૨ | ૯૪ | Guj. |
| ૨૨૪ | કુ. દૃષ્ટિ તુલસીભાઈ પટેલ | કામરેજ ચાર રસ્તા | ૨ | ૯૩ | Guj. |
| ૨૨૫ | કુ. ડિમ્પલ રાજેશભાઈ પોકાર | કામરેજ ચાર રસ્તા | ૨ | ૯૩ | Guj. |
| ૨૨૬ | વંશ નરેન્દ્રભાઈ પોકાર | કામરેજ ચાર રસ્તા | ૧ | ૮૪ | Guj. |
| ૨૨૭ | ધ્રુવ નરેન્દ્રભાઈ પટેલ | કામરેજ ચાર રસ્તા | ૧ | ૮૬ | Guj. |
| ૨૨૮ | કુ. ક્રિષ્ના રમેશભાઈ જાદવાણી | કામરેજ ચાર રસ્તા | ૨ | ૯૩ | Guj. |
| ૨૨૯ | હાર્દિક વિઠ્ઠલભાઈ જાદવાણી | કામરેજ ચાર રસ્તા | ૨ | ૭૯ | Guj. |
| ૨૩૦ | ચિંતન વિઠ્ઠલભાઈ જાદવાણી | કામરેજ ચાર રસ્તા | ૪ | ૮૮ | Guj. |
| ૨૩૧ | નકુલ કીર્તિભાઈ પટેલ | કામરેજ ચાર રસ્તા | ૫ | ૭૮ | Eng. |
| ૨૩૨ | કુ. યુક્તિ કિશોરભાઈ પટેલ | કામરેજ ચાર રસ્તા | ૭ | ૮૨ | Guj. |
| ૨૩૩ | કુ. નમ્રતા કીર્તિભાઈ પટેલ | કામરેજ ચાર રસ્તા | ૯ | ૮૯ | Guj. |
| ૨૩૪ | વિવેક જયંતિભાઈ પટેલ | કામરેજ ચાર રસ્તા | ૯ | ૭૪ | Eng. |
| ૨૩૫ | કુ. મિતલ હરેશભાઈ કેસરાણી | કામરેજ ચાર રસ્તા | ૭ | ૭૬ | Guj. |
| ૨૩૬ | હર્ષ સતિષભાઈ પટેલ | કામરેજ ચાર રસ્તા | I.C.S.E. Board | ૮૬ | Eng. |
| ૨૩૭ | કુ. ધ્રુવી સુરેશભાઈ પટેલ | કામરેજ ચાર રસ્તા | ૬ | ૮૨ | Guj. |
| ૨૩૮ | કુ. શ્રુતિ હેમંતભાઈ પટેલ | કામરેજ ચાર રસ્તા | ૫ | ૭૩ | Guj. |
| ૨૩૯ | ચિરાગ ડાહ્યાભાઈ પટેલ | કામરેજ ચાર રસ્તા | ૧૧ (Sci.) | ૮૪ | Guj. |
| ૨૪૦ | વૈભવ વિનોદભાઈ રામાણી | કામરેજ ચાર રસ્તા | ૫ | ૭૨ | Eng. |
| ૨૪૧ | રાહુલ જેઠાભાઈ રામાણી | કામરેજ ચાર રસ્તા | ૮ | ૭૮ | Eng. |
| ૨૪૨ | નિરવ મણીલાલ પટેલ | કામરેજ ચાર રસ્તા | ૧૨ (Comm.) | ૭૮ | Guj. |
| ૨૪૩ | કુ. હિનલ નરેન્દ્રભાઈ પટેલ | કામરેજ ચાર રસ્તા | ૪ | ૭૬ | Guj. |
| ૨૪૪ | કુ. રૂપાં ચંપકભાઈ પટેલ | કામરેજ ચાર રસ્તા | ૨ | ૮૮ | Guj. |
| ૨૪૫ | કુ. જાગૃતિ પુરૂષોત્તમભાઈ પટેલ | કામરેજ ચાર રસ્તા | ૪ | ૭૦ | Guj. |
| ૨૪૬ | કેયુર હરીશભાઈ પટેલ | કામરેજ ચાર રસ્તા | ૨ | ૮૫ | Guj. |
| ૨૪૭ | કુ. કિંજલ રજનીકાંત પટેલ | કામરેજ ચાર રસ્તા | ૬ | ૮૧ | Guj. |
| ૨૪૮ | કુ. મોનિકા રજનીકાંત પટેલ | કામરેજ ચાર રસ્તા | ૯ | ૮૮ | Guj. |
| ૨૪૯ | કુ. જીજ્ઞા ખીમજીભાઈ રવાણી | ટુમકુર | S.S.C. | ૮૦ | Eng. |
| ૨૫૦ | રોશન ખીમજીભાઈ રવાણી | ટુમકુર | ૮ | ૯૧ | Eng. |
| ૨૫૧ | કુ. મૈત્રી ગીરીશભાઈ પટેલ | ડભોઈ | ૫ | ૯૪ | Guj. |
| ૨૫૨ | કુ. જાનકી ગીરીશભાઈ પટેલ | ડભોઈ | ૧ | ૯૫ | Guj. |
| ૨૫૩ | જાગૃત પ્રકાશભાઈ પટેલ | ડભોઈ | ૨ | ૯૨ | Eng. |
| ૨૫૪ | કુ. વિધિ હિતેશભાઈ પટેલ | ડભોઈ | ૨ | ૯૬ | Eng. |
| ૨૫૫ | કુ. સપના નરસિંહભાઈ પોકાર | વલસાડ | T.Y.B.Sc. | ૭૦ | - |
| ૨૫૬ | ઋષિકેશ છગનભાઈ પોકાર | વલસાડ | ૮ | ૭૪ | - |
| ૨૫૭ | સત્યમ છગનભાઈ પોકાર | વલસાડ | ૬ | ૮૬ | - |
| ૨૫૮ | કુ. પ્રીતિ મુકેશભાઈ પાટીદાર | અમીરગઢ | ૧૧ | ૭૧ | - |
| ૨૫૯ | કુ. વૃત્તિ મુકેશભાઈ પાટીદાર | અમીરગઢ | ૯ | ૭૦ | - |
| ૨૬૦ | તીર્થ અરવિંદભાઈ વેલાણી | અમીરગઢ | ૪ | ૮૭ | - |
| ૨૬૧ | દર્શન નરસિંહભાઈ રામાણી | બારસોલકંપા | ૬ | ૮૪ | - |
| ૨૬૨ | કુ. ભૂમિ મહેન્દ્રભાઈ પટેલ | કુપાકંપા | ૫ | ૮૧ | Guj. |
| ૨૬૩ | કુ. મૈત્રી મહેન્દ્રભાઈ પટેલ | કુપાકંપા | ૬ | ૯૧ | Eng. |
| ૨૬૪ | સાવન વસંતભાઈ પટેલ | કુપાકંપા | ૬ | ૯૨ | Eng. |
| ૨૬૫ | અજય નરેન્દ્રભાઈ નાકરાણી | ભૂજ | ૭ | ૮૪ | Guj. |
| ૨૬૬ | કુ. રીયા નરેન્દ્રભાઈ નાકરાણી | ભૂજ | ૪ | ૯૦ | Guj. |
| ૨૬૭ | દીવ નરેન્દ્રભાઈ નાકરાણી | ભૂજ | ૨ | ૮૪ | Guj. |
| ૨૬૮ | કુ. ભૂમિ સુરેશભાઈ પટેલ | ભાવનગર | ૩ | ૭૦ | Eng. |
| ૨૬૯ | કૃણાલ હરિલાલ પટેલ | ભાવનગર | ૨ | ૯૯ | Eng. |
| ૨૭૦ | પ્રતિક સુરેશભાઈ પટેલ | ભાવનગર | ૧ | ૮૭ | Eng. |
| ૨૭૧ | કુ. મોહિની પ્રવિણભાઈ પટેલ | ભાવનગર | ૧૧ | ૮૫ | Guj. |
| ૨૭૨ | મૌલિકકુમાર શાંતિલાલ હળપાણી | અલીણા, મહુધા | ૫ | ૯૪ | Guj. |

**વધુ નામો આવતા અંકે...**

(શાળા/કોલેજોમાં ૭૦%થી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોનાં નામો આ વિભાગમાં વિનામૂલ્યે છાપવામાં આવે છે. કૃપા કરીને વિદ્યાર્થીનું પુરૂં નામ, ગામ, ધોરણ અને ટકાવારીની વિગત સુવાક્ય અક્ષરે ફક્ત પોસ્ટકાર્ડ ઉપર જ સંપાદકના ઉપરના સરનામે અથવા કાર્યાલય ઉપર મોકલી આપવા વિનંતી છે. -સંપાદક)

## રાષ્ટ્રીય પાટીદાર મહિલા સંઘની કારોબારી મળી

વાંઢાય : અત્રે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન મધ્યે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર મહિલા સંઘની કારોબારી સભા સંસ્થાનાં પ્રમુખ શ્રીમતી પ્રભાબેન દામજી માકાણીના અધ્યક્ષસ્થાને તા. ૯-૫ના મળેલ. પ્રારંભે આવકાર અને સ્વાગત મહામંત્રી શ્રીમતી સુશીલા કે. પાટીદારે, ગત સભાની મીનીટનું વાંચન મંત્રી શ્રીમતી રમિલાબેન રવાણીએ, ખજાનચી શ્રીમતી સોનલબેન શેઠીયાએ ગત વર્ષના નાણાંકીય હિસાબો રજૂ કરેલ હતા.

સમાજની વિવિધ સમસ્યાઓ અંગે સભ્ય બહેનોએ મુક્ત મંતવ્યો આપતાં મહિલા સંઘનાં ઉપપ્રમુખ શ્રીમતી વિજ્યાબેન (રાયપુર)એ દિકરીઓને સાસરે વળાવતી વખતે સંસ્કારનું ભાથું આપવું. આજે દિકરીઓમાં સહનશક્તિ ઓછી થઈ ગઈ છે ત્યારે જીવન ઘડતરની જરૂર છે. કંચનબેન ભવાનજી (બીદડા)એ નાની નાની બાબતોમાં દિકરીની માએ દખલ ન કરતાં દિકરીને જ નિર્ણય કરવા દેવો જેથી અન્ય પ્રશ્નો ઉપસ્થિત ન થાય. હિરાંબેન નારાણભાઈ પોકાર (ભૂજ)એ મોબાઈલના કારણે નાની નાની વાતો તરત જ પિયરમાં પહોંચતી થતાં દિકરીઓ સાસરામાં સેટ થતી નથી. પહેલાં લેન્ડ લાઈન ફોન ઉપર વેવાણો વાતો કરતી જેથી સંબંધો હેલ્ધી રહેતા, જયાબેન માવજીભાઈ (નડીયાદ)એ દિકરીઓના સગપણની સમસ્યા મોટી છે જે અંગે વિચારવું જરૂરી છે. ગંગાબેન (પેટલાદ)એ લક્ષ્મીનારાયણ પ્રતિષ્ઠા મહોત્સવમાં મદદ કરવા તત્પર રહેવું જોઈએ. માજી પ્રમુખ ગંગાબેન (કલકત્તા)એ જણાવેલ કે દિકરીઓ ભાગી જાય છે તે અંગે સજાગ રહેવાની જરૂર છે. માજી પ્રમુખ રતનબેન માવજી (ભૂજ)એ દિકરીઓ કે વહુઓ ભણેલ-ગણેલ હોય તો ધંધામાં જોડવી જોઈએ. ગંગાબેન હરિભાઈ ધોળુ (નાગલપર)એ સાસુ-વહુ મા-દિકરીની જેમ રહે તો ઘણી બધી સમસ્યાઓ ઓછી થઈ જાય. ઉર્મિલાબેન (ધાવડા)એ જણાવેલ કે સાસુ-વહુના ઘણા પ્રશ્નો હલ થઈ શકે તેમ છે. આ અંગે તેઓ હલો સખી હેલ્પ લાઈનમાં કાઉન્સિલ ચેરમેન છે. તો તે પુરતો સહયોગ આપશે. લક્ષ્મીબેન પેથાણી (નખત્રાણા)એ સમસ્યા તો આવે પરંતુ તેનું સમાધાન કરતા શીખવું જોઈએ. લીલાબેન રૂડાણી (દેશલપર)એ જણાવેલ કે મહિલા મંડળ સાથે કિશોરી મંડળ શરૂ કરવાની જરૂર છે. જેથી દિકરીઓ પોતાના પ્રશ્નો રજૂ કરી શકે.

ઉપસંહાર કરતા મહિલા સંઘનાં પ્રમુખ શ્રીમતી પ્રભાબેન માકાણીએ જણાવેલ કે દિકરીઓને સારા સંસ્કાર આપવા જોઈએ અને વહુઓએ પોતાના ઘરની આવક પ્રમાણે ખર્ચ કરવો જોઈએ તો જ સુખી થવાય. ભાગેડુ લગ્નની સમસ્યાનો ઉકેલ શાંતિપૂર્વક કરવો જોઈએ. સગપણ સમસ્યાના ઉકેલમાં દિકરીઓને શહેરમાં દેવાનો આગ્રહ ન રાખવો જોઈએ.

મહામંત્રી શ્રીમતી સુશીલા કે. પાટીદારે આભારવિધિ કરેલ હતી.

| H.S.C. માં ૮૫% | H.S.C. માં ૮૨% |
|---|---|
|  |  |
| કુ. પ્રિયા પોકાર | કુ. વૈશાલી પોકાર |

ઉતુકુલી (તીરૂપુર) : અત્રેની શ્રી લક્ષ્મી સૉ મીલવાળા શ્રી શામજીભાઈ લાલજીભાઈ પોકાર (કચ્છમાં રવાપર)ની સુપુત્રીઓ.

## નાગવીરી (કચ્છ) ખાતે મળી ગયેલ "શ્રી લક્ષ્મીનારાયણ કડવા પાટીદાર સનાતન સમાજ નાગવીરી"ની અસાધારણ સભા : ૨૯ પરિવારો સનાતન પ્રવાહમાં જોડાયાં :

નાગવીરી (કચ્છ) : (અમારા પ્રતિનિધિ શ્રી અમૃતલાલ રવજી ભાદાણી, ચેન્નૈનો ઈ-મેઈલ સંદેશો)

તા. ૯-૫-૧૧ના સવારે ૯-૦૦ વાગ્યે અત્રે શ્રી લક્ષ્મીનારાયણ કડવા પાટીદાર સનાતન સમાજની એક અસાધારણ સભા પ્રમુખ શ્રી ગોવિંદભાઈ માધવજી ભાદાણી (સુરત)ના અધ્યક્ષસ્થાને બોલાવવામાં આવેલ, જેમાં સ્થાનિક સભ્યો ઉપરાંત નાગવીરી ગામના ભારતભરના વિવિધ પ્રાંતોમાં વસતા સભ્યોએ બહોળી સંખ્યામાં હાજરી આપેલ. મંત્રી શ્રી હિરાલાલ ખેતા પોકાર (ગાંધીધામ) દ્વારા સર્વે સભ્યોના આવકાર તેમજ રાબેતા મુજબ કાર્યવાહીની શરૂઆત બાદ એક ઐતિહાસિક ઘટનાની પણ ઝાંખી થયેલ, જેમાં ચાલુ વર્ષે સતપંથ સમાજમાંથી સનાતન સમાજમાં પ્રવેશ કરેલ કુલ ૨૯ પરિવારોનું આ સમાજ દ્વારા હર્ષ અને ઉમળકા સાથે હાર્દિક સ્વાગત કરવામાં આવેલ. કેન્દ્રિય સમાજના શ્વેતપત્રના અમલીકરણ તરફ આગળ વધવા તેમજ સનાતની વિચારધારાને વેગ આપવા આ સમાજ દ્વારા નીચે મુજબના ઐતિહાસિક ઠરાવો સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ.

(૧) શ્રી લક્ષ્મીનારાયણ કડવા પાટીદાર સનાતન સમાજની સ્થાપના નાગવીરી ગામના એવા સુધારક વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેઓએ સતપંથ ધર્મનો સદંતર ત્યાગ કરી આપણા મૂળ સનાતન વૈદિક હિંદુ ધર્મનો અંગીકાર કર્યો હતો અને ત્યાર પછી સંવત ૨૦૧૫ના આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની પાનમૂર્તિની મંદિરમાં સ્થાપના કરીને આ સમાજની સ્થાપના કરી. આ સમાજના દરેક સભ્યોએ સનાતન હિંદુ ધર્મ હંમેશને માટે પાળવાનો રહેશે અને અનુસરવાનો રહેશે.

(૨) શ્રી લક્ષ્મીનારાયણ કડવા પાટીદાર સનાતન સમાજ નાગવીરીના સભ્ય, સનાતન વૈદિક હિંદુ ધર્મને માનતા અને પાળતા નાગવીરી ગામના પાટીદાર જ્ઞાતિના વંશ જ રહી શકશે અથવા થઈ શકશે. પીરાણા સતપંથ ધર્મને માનતી અને અનુસરતી કોઈપણ વ્યક્તિ આ સમાજનો સભ્ય બની શકશે નહિ. આ સમાજના કોઈપણ સભ્યે એમના બાહ્ય આચરણો જન્મથી મરણોત્તર સુધી હિંદુ તરીકેના પાળવાના રહેશે.

(3) આ સમાજમાં લક્ષ્મીનારાયણ ભગવાનને માનવાવાળા સભ્ય હોવા છતાં અંદરથી પીરાણા સતપંથ ધર્મમાં આસ્થા ધરાવતા હોય અને એમના સ્થાનકોમાં જેવા કે પીરાણા, કાદિયા મોટા આશ્રમ, નિષ્કલંકી ધામો, જ્યોતિષધામ સ્થાનકો વિગેરેમાં દર્શન, પૂજા, અર્ચના કરવા જાય છે તેવા સભ્યોને આ સમાજ સદંતર બંધ કરવાનો આદેશ આપે છે. તેમાં કોઈપણ પ્રકારની ઢીલાશ અથવા તો બાંધછોડ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહિ.

(૪) આ સમાજના સનાતન ભાઈઓએ મરણોત્તર બાદ પીરાણા જઈને ગુનો છોડાવવો, નારણબલી કરાવવી, મધરાતની પૂજા તેમજ સતપંથ સમાજના કોઈપણ ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવો નહિ.

(૫) શ્રી લક્ષ્મીનારાયણ કડવા પાટીદાર સનાતન સમાજના કોઈપણ કુટુંબ તેમજ પરિવારના તેના સગાં-સંબંધીઓ અગર પીરાણા સતપંથ ધર્મને માનનારા અથવા અનુસરતા હોય તો તેઓ તેની સાથે કોઈપણ પ્રકારનો સંબંધ રાખી શકશે નહિ.

(૬) શ્રી લક્ષ્મીનારાયણ કડવા પાટીદાર સનાતન સમાજ નાગવીરીના ધાર્મિક હિંદુ ઉત્સવોના સમૂહ કાર્યક્રમોમાં તથા વ્યવહારિક કાર્યક્રમોમાં પીરાણા સતપંથ ધર્મને માનતી, અનુસરતી સમાજ, વ્યક્તિ તેમજ પરિવાર તેમજ વ્યક્તિ સમૂહને કોઈપણ પ્રકારનું આમંત્રણ આપવું નહિ અને પીરાણા, સતપંથ સમાજના કોઈપણ પ્રકારના કાર્યક્રમોમાં ભાગ લેવો નહિ તેમજ એમનું આમંત્રણ સ્વીકારવું નહિ તેમજ આપવું નહિ.

(૭) સતપંથ સમાજના સભ્ય ભાઈઓ જો લક્ષ્મીનારાયણ કડવા પાટીદાર સનાતન સમાજ નાગવીરીમાં સનાતન ધર્મ અંગીકાર કરવા ચાહતા હોય તો એવા ભાઈઓને આ સનાતન સમાજ આમંત્રિત કરે છે અને સાથે સાથે હાકલ પાડે છે કે આપણે એક મગની બે ફાડો છે તેને આપણે એક કરીએ. જાગ્યા ત્યારથી સવાર માનીને નિયમોના આધારે વૈદિક હિંદુ ધર્મ અંગીકાર કરે.

(૮) શ્રી સનાતન સમાજના કોઈપણ સભ્યે અથવા પરિવારે આજ દિવસ પછી દિકરા-દિકરીઓના સગપણ સાતરાં બાબતે દિકરી લેવાનું તથા દિકરી દેવાનું સનાતન ધર્મ પાળનારા પરિવારો સાથે જ સંબંધ જોડવાનો રહેશે. આથી અગાઉ પીરાણા સતપંથ ધર્મને માનનારા પરિવારો સાથે કરવામાં આવેલ જુના સંબંધોમાં આવતા સામાજિક વ્યવહારો જેવા કે લગ્ન, મામેરૂં તથા બોલામણું વિગેરે પ્રસંગોમાં જઈ આવી શકશે. તેવી જ રીતે મરણ વખતે દફન વિધિ તેમજ જુના પ્રકારની અંતિમ ક્રિયાઓ કરે તો સામાજિક નીતિ નિયમો પ્રમાણે થતો વ્યવહાર કરીને પાછું આવવાનું રહેશ. ઉત્તરક્રિયામાં ભાગ લેવાનો રહેશે નહિ.

(૯) સનાતન સમાજના પરિવારમાં કોઈપણ પરિવારમાં તેના નજીકના સગાં-સંબંધીઓ જેવા કે સગા ભાઈ, કાકા, દાદા, કાકાઈ ભાઈઓ વિગેરે અગર પીરાણા સતપંથ ધર્મને માનનારા અથવા અનુસરતા હોય તો તેઓ તેની સાથે કોઈપણ પ્રકારનો સંબંધ રાખી શકશે નહિ.

(૧૦) સનાતન સમાજ એક સનાતન વૈદિક હિંદુ ધર્મને પાળતા લોકોની સમાજ છે અને તેના ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ જ છે. સમાજ એને જ કહેવાય જ્યાં વ્યવસ્થિત લોકોનો જન સમુદાય હોય જે... (અ) એક જ ધર્મને (સનાતન વૈદિક હિંદુ ધર્મ) પાળતો હોય, (બ) એક જ રીત-રિવાજને અનુસરતો હોય, (ક) એક જ આચાર વિચારને વરેલો હોય.

(૧૧) ઉપરોક્ત ઠરાવોની પ્રત (નકલ) કચ્છના ગામોની સનાતન સમાજોને મોકલવી તેની સાથે સાથે કચ્છ બહારની સનાતન સમાજોને પણ આ ઠરાવોની નકલો મોકલવામાં આવશે.

ઉપરોક્ત ઠરાવોનું પાલન આપણી સમાજના દરેક સભ્યે અને પરિવારોએ કરવું અનિવાર્ય છે. તેમાં કોઈપણ પ્રકારની ઢીલાશ, ચૂક અથવા બાંધછોડ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આંવશે નહિ. ઉપરોક્ત નીતિ-નિયમોનું ચુસ્તપણે પાલન કરવું અને કરાવવું એ આ સનાતન સમાજના દરેક સભ્યો તેમજ પરિવારોની નૈતિક ફરજ બને છે. આ સમાજની કોઈપણ વ્યક્તિ અથવા તો પરિવાર ઉપરોક્ત ઠરાવોનું ઉલ્લંઘન કરશે તો આ સમાજના ગુનેગાર ગણાશે અને તેવા સભ્યોનું તેમજ પરિવારોનું સભ્યપદ રદ કરવામાં આવશે અને એ બાબતે બીજી કોઈપણ અન્ય ચર્ચાઓ હાથ ધરવામાં આવશે નહિ. ઉપરોક્ત ઠરાવો શ્રી લક્ષ્મીનારાયણ કડવા પાટીદાર સનાતન સમાજ નાગવીરીની અસાધારણ સભામાં સર્વાનુમતે પસાર કરવામાં આવેલ છે અને તેને તા. ૯-૫-૨૦૧૧થી લાગુ પાડવામાં આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે કેન્દ્રિય સમાજના આદેશોનું સાંગોપાંગ પાલન કરવા તેમજ હિંદુ સનાતન વૈદિક ધર્મ અભિયાનને વધુ મજબૂત કરવા આ નાનકડા ગામે જે પહેલ કરેલ છે, તે અન્ય સમાજો માટે પણ ખૂબ જ પ્રેરણાદાયી બની રહેશે. એક સમયમાં જ્યારે આ ગામમાં સતપંથમાં આસ્થા ધરાવતાં પરિવારોની સંખ્યા ઘણી જ વિશાળ હતી, ત્યાં આજે હવે અલ્પસંખ્યક પરિવારો જ આ સતપંથી આસ્થામાં બચવા પામેલ છે. આશા છે કે સનાતન તરફી પરિવર્તનનો દોર હજુ પણ ચાલુ જ રહેશે.

વિશેષમાં ઉપરોક્ત સમાજ દ્વારા નાગવીરી ખાતે આગામી શ્રાવણ વદ ૪ થી ૯ દરમ્યાન દર વર્ષની જેમ વિવિધ ધાર્મિક તેમજ સામાજિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન થવા જઈ રહ્યું છે. સાથે સાથે આ સમયગાળા દરમ્યાન સમાજ વતી રસોડાની વ્યવસ્થા પણ ઉપલબ્ધ હોઈ, દરેક સભ્યોને આ મહોત્સવમાં ઉમંગભેર ભાગ લેવા નમ્ર વિનંતી કરવામાં આવે છે.

# "યુવા જગત"

યુવાન મિત્રો માટેની ખાસ કોલમ...





સંપાદક : વિમલ પટેલ
૪, આદર્શનગર, સાણંદ-૩૮૨૧૧૦ જી.અમદાવાદ

## Self Improvement and Success

- DIPAK VASANTLAL BHAGAT
**BHARAPAR,** Ta. Mandvi-Kutch. **E-mail :** umiya90@gmail.com

Everything that happens to us happens in purpose. And sometimes, one thing leads to another. Instead of locking yourself up in your cage of fears and crying over past heartaches, embarrassment and failures treat them as your teachers and they will become your tools in both self improvement and success.

When does self improvement become synonymous with success ? Where do we start ? Take these tips, friends. Stop thinking and feeling as if you're a failure, because you're not. How can others accept you if you can't accept you ? When you see hunks and models on TV, think more on self improvement, not self Pitying. Self acceptance is not just about having nice Body. Concentrate on inner beauty.

When people feel so down and low about themselves, help them move up. Don't go down with them. They'll pull you down further and both of you will end up feeling inferior. The world is a large room for lessons, not mistakes. Don't feel stupid and doomed forever just because you failed on a science quiz. *There's always a next time. Make rooms for self* improvement.

*Take things one at a time.* You don't expect black sheep's to be goody-two-shoes in just *a snap of a finger.* Self *improvement is a one day at a* time process. *Self improvement* results to inner stability, personality development and dig this Success. It comes from self confidence, self appreciation and self esteem. Set meaningful and achievable goals. Little things mean Big to other people. Sometimes, we don't realize that the little things that we do like a Pat on the back, saying *"hi" or "hello"*, greeting someone "good day" or telling Mr. Patel something like "hey, I love your tie !" are simple things that mean so much to other people. When we're being appreciative about beautiful things around us and other people, we also become beautiful to them.

*When you're willing to accept change and go through* the process of self improvement, it doesn't mean that everyone else is. The world *is a place where* People of different values and attitude hang out. Sometimes, even if you think you and your best friend always like to do the same thing to gether at the same time, He would most likely decline an invitation for self improvement.

We should always remember that there's no such thing as 'over night success'. It's always a wonderful feeling to hold on to the things that you already have now, realizing that those are just one of the things you once wished for. A very nice quote says that "When the student is ready, the teacher will appear. "We are all here to learn our lessons. Our parents, school teachers, friends, colleagues, officemates, neighbors... they are our teachers. When we open our doors for self improvement, we increase our chances to head to the road of success.

***Send Me Your Views & Feedbacks about My Article By E-Mail -***
***umiya90@gmail.com***

## દુનિયાના સૌથી ઊંચા ગામમાં ગુજરાતી મોટરસાઈકલ...

અડગ મનના માનવીને હિમાલયના ઉન્નત શિખરો પણ ડરાવી શકતા નથી તે ઉક્તિ સાચે જ સાર્થક કરનાર ઈડર તાલુકાના શાંતિપુરાકંપાના વતની હાલમાં ઈડર રહેતા શ્રી ભાઈલાલભાઈ (શિક્ષક) તથા તેમના પુત્ર સંકેત (ઉંમર ૧૫ વર્ષ) સાથે હિમાચલપ્રદેશમાં આવેલા દુનિયાના સૌથી ઊંચા (ઊંચાઈ ૧૫૦૪૯ ફુટ) કોમિક ગામની મુલાકાત મોટરસાઈકલ મારફત કરી. તેમણે આ પ્રવાસ ૯ દિવસમાં કુલ ૩૪૮૨ કિ.મી. અંતર કાપી પુરો કર્યો.



કી મઠમાં બૌદ્ધ લામા સાથે સત્સંગ...

આ પ્રવાસમાં તેમણે તબો ગામમાં ૧૦૦૦ વર્ષ જુના બૌદ્ધ મઠની મુલાકાત લીધી. દુનિયાના સૌથી ઊંચાઈએ આવેલ પેટ્રોલ પંપ (કાજા ખાતે ઊંચાઈ ૧૨૨૭૦ ફુટ)ની મદદથી પેટ્રોલ મેળવ્યું. સરેરાશ ૪૦૦૦ મીટરની ઊંચાઈ ધરાવતો ચીનની સરહદે આવેલો આ વિસ્તાર વર્ષના માત્ર ૪ માસ ઉનાળામાં પ્રવાસીઓ માટે ખુલે છે. વિદેશી નાગરિકને એક રાત્રી રોકાણની મંજુરી સરકાર આપે છે જ્યારે ભારતીય નાગરિક ફરજિયાત પોતાના ઓળખપત્ર સાથે હરીફરી શકે છે. બૌદ્ધના લામા તથા તિબેટની સંસ્કૃતિ ધરાવતો આ પ્રદેશ પૃથ્વી પરનું જાણે સ્વર્ગ છે. અતિ ઊંચાઈના દુર્ગમ પહાડી રસ્તાઓ તથા અત્યંત નીચું તાપમાન માણસની હિંમતની કસોટી કરે છે. મોટાભાગના પ્રવાસીઓ હિમાચલના સિમલા, કુલુ, મનાલી પ્રવાસ કરી પરત ફરતા હોય છે. આ અગાઉ મે, ૨૦૧૦માં તેમણે બાઈક મારફત ૪૪૩૪ કિ.મી. ગંગોત્રી, યમનોત્રી, બદ્રીનાથ, કેદારનાથ, જમ્મુ પ્રવાસ કર્યો હતો.

તેમનો પ્રવાસ રૂટ આ પ્રમાણેનો હતો.

ઈડર, ઉદેપુર, ભીલવાડા, જયપુર, રોહતક, ચંડીગઢ, સીમલા, પુહ, નાકો, તબો, કાજા, કૌમિક પરત ઈડર.



દુનિયાના સૌથી ઊંચાઈના કોમિક ગામની ભાગોળે... ઊંચાઈ ૧૫૫૦૦ ફુટ. વસ્તી ૩૦ માણસો. તાપમાન દિવસનું ૭ અંશ સેલ્સિયસ અને રાત્રીનું માઈનસ ૫ અંશ સેલ્સિયસ...

| દિવસ | તારીખ | રાત્રી રોકાણનું સ્થળ | દિવસનું કાપેલ અંતર (કિ.મી.માં) |
|---|---|---|---|
| ૧ | ૯-૫-૨૦૧૧ | બરનોલ (હરિયાણા) | ૭૭૦ કિ.મી. |
| ૨ | ૧૦-૫-૨૦૧૧ | સોલન (હિમાચલપ્રદેશ) | ૪૦૦ કિ.મી. |
| ૩ | ૧૧-૫-૨૦૧૧ | રીઓન્ગાપીઓ (હિમાચલપ્રદેશ) | ૨૯૫ કિ.મી. |
| ૪ | ૧૨-૫-૨૦૧૧ | તબો (હિમાચલપ્રદેશ) | ૧૭૫ કિ.મી. |
| ૫ | ૧૩-૫-૨૦૧૧ | કાજા (હિમાચલપ્રદેશ) | ૯૫ કિ.મી. |
| ૬ | ૧૪-૫-૨૦૧૧ | પુહ (હિમાચલપ્રદેશ) | ૨૦૫ કિ.મી. |
| ૭ | ૧૫-૫-૨૦૧૧ | દેરાબસ્સી (હિમાચલપ્રદેશ) | ૪૨૦ કિ.મી. |
| ૮ | ૧૬-૫-૨૦૧૧ | અજમેર (રાજસ્થાન) | ૬૨૦ કિ.મી. |
| ૯ | ૧૭-૫-૨૦૧૧ | ઈડર બપોરના ૧-૦૦ વાગે પરત | ૫૦૨ કિ.મી. |
| | | કુલ અંતર | ૩૪૮૨ કિ.મી. |

તેમનો સંપર્ક નં. : ૯૯૦૯૦ ૫૫૪૬૩ ભાવાણી ભાઈલાલભાઈ ગોવિંદભાઈ, ઈડર, જિ. સાબરકાંઠા.

યુવા સાહસિકોને તેમનો સંપર્ક કરવા વિનંતી છે. - તંત્રીઓ.

## રત્નાપર લક્ષ્મીનારાયણ મંદિરનો સુવર્ણ જયંતિ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો

રત્નાપર (મઉં) : (અમારા પ્રતિનિધિ શ્રી મગનલાલ ભીમાણી દ્વારા)

અત્રેના શ્રી લક્ષ્મીનારાયણ મંદિરની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં તેની યશગાથા ગાવા માટે સનાતન સમાજના ઉપક્રમે તા. ૯-૫ થી તા. ૧૧-૫-૧૧ એમ ત્રિદિવસીય સુવર્ણ જયંતિ મહોત્સવ ખૂબ જ ધામધૂમ, ઉત્સાહ અને ભક્તિભાવપૂર્વક ઉજવાઈ ગયો. મહોત્સવની વિગતો મુજબ પૂર્વ દિવસે સમાજની સામાન્ય સભામાં પ્રસંગના વિવિધ યજમાન દાતાશ્રીઓની નિયુક્તિ જાહેર ઉછામણીથી કરવામાં આવેલ, જેમાં મુખ્ય ૧૬ ચડાવાઓમાં ચાર દિવસના ભોજનદાતાશ્રી, નિયાણી ભેટ, ધ્વજદંડ, રત્નાપર ગામનું ઐતિહાસિક પ્રદર્શન ખુલ્લું મુકવું, વડીલોના સન્માન, ભગવાનના શણગાર આરતી, પ્રથમ દર્શન, માતાજીના શૃગાર, આરતી, ભોગ, જલયાત્રા, નિમંત્રણ પત્રિકા, મંડપ ડેકોરેશન, સરસ્વતી સન્માન, ગાયનો ચારો વિગેરે મુખ્ય ચડાવા સૌએ ઉમંગથી લીધેલ.

પ્રથમ રાત્રીના સ્થાનિક ભાઈ-બહેનો દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ, બીજી રાત્રીના મુંબઈ સ્થિત ભાઈ-બહેનો દ્વારા તેવો જ કાર્યક્રમ મનોરંજન માટે પ્રસ્તુત કરવામાં આવેલ. અંતિમ દિવસે ૭૦ વર્ષથી ઉપરની વયજૂથનાં ૭૫ વડીલોનાં સન્માન, ૨૦૦૫ પછીના ૮૪ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓનાં સરસ્વતી સન્માન અને ગામની કુંવારી તથા પરણિત ૫૯૦ નિયાણીઓનાં સન્માન પ્રતિક ભેટ સાથે કરવામાં આવ્યા હતા. બીજા દિવસની રાત્રીના લોકડાયરાનું આયોજન ગૌરક્ષા માટે કરેલ, જેમાં પણ માતબર રકમ રૂા. ૧,૬૮,૦૦૦/- એકત્રિત થયેલ.

મહોત્સવના પ્રથમ દિવસના પ્રથમ સત્રમાં સવારે ગામને ફરતે ચાંદીના રથમાં ભગવાનની શોભાયાત્રા ૧૧ ઢોલ, ૧૧ શરણાઈઓ, ૫૧ કળશધારી કુમારિકાઓ ત્યારબાદ ગ્રામજનોની વિશાળ જનમેદની વચ્ચે અબીલ-ગુલાલની છોળો સાથે ભાઈ-બહેનો દ્વારા રાસ સાથે ઉમંગ અને ઉત્સાહથી કાઢવામાં આવેલ. આ પ્રસંગે સાધુ-સંતો, સામાજિક અગ્રણીઓ વિગેરેએ સભાને સંબોધન કરેલ. રત્નાપર ગામના ૧૧૪ વર્ષના ઈતિહાસને ઉજાગર કરતું પ્રદર્શન સ્વામી શ્રી કૃષ્ણાનંદજીના હસ્તે ખુલ્લું મુકવામાં આવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે સ્વામીશ્રી પૂર્વાશ્રમમાં રત્નાપરના ઠાકરાણી પરિવારમાંથી આવેલ. જેણે ૧૯૭૩માં ફિલોસોફી વિષય સાથે M.A.ની ડીગ્રી પ્રાપ્ત કરી ગામના અમૂલ્ય રત્ન સ્વરૂપે ગામનું નામ રોશન કર્યુ છે. તેમણે પોતાના માર્મિક પ્રવચનમાં પોતાની જીવનગાથા, ગામ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી ગ્રામજનો ભગવાનમાં આસ્થા રાખી ભક્તિ કરે અને સંપ-સંગઠનથી ગામ પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ગામના વડીલ અગ્રણી જીવરાજ રામજી ભીમાણીએ ગામમાં ૫૦ વર્ષ અગાઉ સ્થપાયેલ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિર તેમજ ગામનો ઈતિહાસ અને અનુભવો પ્રદર્શિત કરી જણાવેલ કે આ મંદિર ૨૭ હજારની રકમ માંથી ઉભું કરવામાં આવ્યું હતું.

સંત શ્રી શાંતિદાસજી મહારાજ (મોટી વિરાણી)એ શીખ આપતાં જણાવેલ કે વડીલોએ વાવેલ વૃક્ષોનાં ફળ આપણે ખાઈએ છીએ તો આપણી પણ ભાવિ પેઢી માટે કંઈક ફરજ બનશે. રત્નાપર ગામને રત્નોની ખાણ તરીકે બિરદાવેલ. સ્વામી શ્રી પરમાત્માનંદ સરસ્વતી (રાજકોટ)એ કડવા પાટીદારોના શુદ્ધ અને સાદા ખોરાકની ભારોભાર પ્રશંસા સાથે સૌને પ્રગતિના આશીર્વાદ પાઠવેલ ઉપરાંત આઈશ્રી પૂ. ચંદુમાએ અબોલ પશુ-પક્ષીઓની સેવા કરવા, સ્વામી ધન્યાનંદ દેવીએ સમયની કિંમત આંકવા વિનંતી કરેલ, જેમાં બહેનોને થયેલ ફાયદાની વાતો સાથે ગામની એકતા, સંપ, સંગઠનને બિરદાવેલ. ભગવતી પૂ. પાર્વતીદેવી (લુડવા)એ શીખ આપતાં જણાવેલ કે લક્ષ્મીને ટકાવી રાખવી હોય તો સૌ પ્રથમ માતા-પિતાની સેવા અને સત્સંગ જરૂરી ગણાવેલ. સુશ્રી ભારતીદીદી (હરિૐ આશ્રમ, બડવાહ)એ શીખ આપતાં જણાવેલ કે ગામમાં સમજદાર વ્યક્તિ હોય અને તેમની સુચનાનું પાલન કરે તેને જ સમાજ કહેવાય અને બાકીનાને ટોળા સમજવા, સત્ય જેવો કોઈ ધર્મ નથી અને અસત્ય જેવો કોઈ અધર્મ નથી.

સમાજ દર્શન કાર્યક્રમ અંતર્ગત રાજકીય અગ્રણીઓ પૈકી તાલુકા પંચાયત પ્રમુખ શ્રી ચંદુભાઈ વાડીયાએ રત્નાપર નિર્મળ ગામ થયેલ તે બદલ હાર્દિક અભિનંદન પાઠવેલ. માજી ધારાસભ્ય શ્રી છબીલભાઈ પટેલ અને વર્તમાન ધારાસભ્ય શ્રી ધનજીભાઈ સેંઘાણીએ સમાજ સાથે રાજકારણના મહત્વ ઉપર ભાર મુકેલ અને કેટલાક મુદ્દાઓ રજૂ કરેલ હતા. સંસ્કારધામ-દેશલપરના પ્રમુખ શ્રી જેઠાભાઈ ચોપડાએ આપણે સૌ જ્ઞાતિજનોએ સનાતન ધર્મ સ્વીકારવા અપીલ કરેલ. ઉમિયા માતાજી વાંઢાયના પ્રમુખ શ્રી રવિલાલ રામજીયાણીએ રત્નાપર ગામની પ્રગતિથી વાકેફ થયેલ સૌ અગ્રણીઓએ પોતાના ગામમાં આ જાણ કરવાનું સુચન કરેલ. કેન્દ્રિય સમાજના પ્રમુખ શ્રી રામજી કરમશી નાકરાણીએ પરિવારના સભ્યો આડે રસ્તે ન જાય તે માટે તકેદારી રાખવાની જવાબદારી માતાની ગણાવેલ અને જે કોઈ ભાઈ વ્યસની હોય તેણે આજના દિવ્ય પ્રસંગની સ્મૃતિમાં સ્વૈચ્છિક વ્યસનમુક્ત થવા અપીલ કરેલ. કેન્દ્રિય સમાજના માજી પ્રમુખ શ્રી વાલજીભાઈ વાડીયા, અગ્રણી શ્રી રવજી રામજી ચોપડા તેમજ મુંબઈ સમાજ તથા કેન્દ્રિય સમાજના અગ્રણીઓની ખાસ ઉપસ્થિતિ હતી.

કાર્યક્રમોનાં સંચાલન શાંતિલાલ ભીમાણી, પરેશભાઈ માવાણી, મહેન્દ્રભાઈ રામાણી અને કાંતિલાલ રામજીયાણીએ સંયુક્તમાં પરસ્પરના સહયોગથી સફળતાપૂર્વક કર્યું હતું.

## વિથોણ પોકાર પરિવાર દ્વારા ભાગવત સપ્તાહ યોજાઈ

વિથોણ (કચ્છ) : (તંત્રી શ્રી કરમશીભાઈ એન. પટેલ, ભૂજ દ્વારા)

અત્રે શ્રી વિથોણ પોકાર પરિવારના પિતૃઓના મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ પારાયણ તા. ૨૫-૫ થી ૨૬-૫-૨૦૧૧ દરમ્યાન શ્રી લક્ષ્મીનારાયણ મંદિર સંલગ્ન પાટીદાર સમાજવાડી મધ્યે યોજાયેલ. જેનો લાભ પોકાર પરિવાર તથા ગ્રામજનો તેમજ આજુબાજુના ગામનાં ધર્મપ્રેમી ભાઈ-બહેનોએ બહોળી સંખ્યામાં લીધો હતો.

પિતૃઓના મોક્ષાર્થે યોજાયેલ કથાની વ્યાસપીઠે સ્વ. ડોંગરેજી મહારાજ બિરાવેલ જયારે વક્તા તરીકે ગાંધીનગરના વિદ્વાન શાસ્ત્રી શ્રી ગૌતમ મહેતાએ પોતાની આગવી શૈલીમાં કથાનું રસપાન કરાવેલ. આ કથા દરરોજ બે સત્રમાં સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ અને બપોર પછી ૩-૦૦ થી ૬-૦૦ દરમ્યાન ધર્મપ્રેમી શ્રોતાજનોએ અલભ્ય લાભ લીધો હતો. તા. ૨૧-૫ના રાત્રે ગૌસેવાના લાભાર્થે ભજનનો ડાયરો યોજાયેલ હતો. એક અઠવાડીયા દરમ્યાન ગામનું વાતાવરણ ધાર્મિક ભક્તિભાવમાં તરબોળ રહ્યું હતું. વિવિધ યજમાનોએ આરતી, પૂજન, અર્ચન, પ્રસાદનો લાભ લીધો હતો. આ ગામમાં પોકાર પરિવારના સ્થાનિક રહેવાસી સભ્યો જૂજ છે પરંતુ કચ્છ બહાર સ્થાયી થયેલ પરિવારોની નોંધપાત્ર સંખ્યાની ઉપસ્થિતિથી સમગ્ર આયોજન સફળતાને વર્યું હતું.

# શ્રી ઉમિયા દ્વારેથી...!!

**હપ્તો-૧૨૬**

સંપાદન અને આલેખન : શ્રી પ્રહલાદભાઈ એલ. પટેલ ● શ્રી શંકરલાલ કે. પટેલ

(કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાની પ્રવૃત્તિઓ આલેખતી કોલમ)

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા આપ સૌને જય માતાજી પાઠવે છે. મા ઉમિયાના આશિષથી આપ સૌ સુખી, સમૃદ્ધ અને આબાદ રહો તેવી શુભેચ્છા.

**"શ્રી ઉમિયા ચંદ્રક"**

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા દર પાંચ વર્ષે સમાજમાં શિક્ષણ, સાહિત્ય, સાંસ્કૃતિક અને રમતગમત ક્ષેત્રે વિશિષ્ટ લાયકાત પ્રાપ્ત કરનાર તથા રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવનાર વ્યક્તિઓને "શ્રી ઉમિયા ચંદ્રક" એનાયત કરી વિશિષ્ટ સન્માન કરે છે.

આગામી પાંચમો "શ્રી ઉમિયા ચંદ્રક" અર્પણ વિધિનો કાર્યક્રમ તા. ૧-૧-૦૭ થી તા. ૩૧-૧૨-૧૧ સુધીમાં "શ્રી ઉમિયા ચંદ્રક" મેળવવાને પાત્ર હોય તેઓની આવેલી અરજીઓ વાળાઓને એપ્રિલ-૨૦૧૨માં આપવામાં આવશે.

**"શ્રી ઉમિયા ચંદ્રક" માટેની લાયકાત :**

(૧) ભારતના કોઈપણ રાજ્યની ધો. ૧૦ અને ધો. ૧૨ના બોર્ડની પરીક્ષામાં ૧ થી ૧૦માં નંબર મેળવનાર.

સને ૨૦૧૧માં ભારતના કોઈપણ *રાજ્યની ધો. ૧૦ અને ધો. ૧૨ના બોર્ડની* પરીક્ષામાં ૯૫% મેળવનાર.

(૨) ભારતની કોઈપણ યુનિ.માં કોઈપણ વિષયમાં સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ પ્રથમ મેળવનાર.

*(૩) સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને રમતગમતમાં આંતરરાષ્ટ્રીય (બીજા દેશોમાં)* કક્ષાએ ૧ થી ૩માં નંબર મેળવનાર કે ભાગ લેનાર.

(૪) કેન્દ્ર સરકારના સેવા આયોગ (U.P.S.C.) દ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષા જેવી કે I.A.S., I.P.S., I.F.S.I.R.A. કક્ષાની ૨૬ સિવિલ સર્વિસીઝ પરીક્ષામાં પાસ થનાર.

(૫) રાજ્ય સરકારના સેવા આયોગ (G.P.S.C.) દ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પાસ થનાર.

(૬) કોઈપણ ક્ષેત્રે વિશિષ્ટ લાયકાત ધરાવનાર કે જે રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવે.

ઉપરોક્ત લાયકાત મેળવી શ્રી ઉમિયા ચંદ્રક મેળવવા ઈચ્છનારે પોતાના સરનામાવાળી અરજી, એલ.સી.ની પ્રમાણિત ઝેરોક્ષ, માર્કશીટની પ્રમાણિત ઝેરોક્ષ અથવા સર્ટીફિકેટની ઝેરોક્ષ અને યુનિ.માં પ્રથમ નંબર મેળવ્યો છે તેની વિગત આપવાની રહેશે.

નોંધ : અગાઉ શ્રી ઉમિયા ચંદ્રક માટે અરજી કરનાર ભાઈઓએ સંસ્થા તરફથી ટપાલ મોકલી છે. તેમાં ખૂટતી વિગતો મોકલી આપવા નમ્ર વિનંતી છે.

**"ઉચ્ચ શિક્ષણ સહાયનિધિ "**

આગામી વર્ષ સને ૨૦૧૧-૧૨માં ધો. ૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં ગણિત અને વિજ્ઞાનમાં કુલ ૮૦% કે તેથી વધારે ગુણ મેળવનારે તેમજ સામાન્ય પ્રવાહમાં ૮૦% કે વધારે ગુણ મેળવનારે લોન માટેના અરજી ફોર્મ "સમસ્ત પાટીદાર સમાજ ટ્રસ્ટ, સુરત આંબાતલાવડી ચાર રસ્તા, અંકુર વિદ્યા ભવન સામે, કતારગામ, સુરત. પીન-૩૯૫ ૦૦૪."થી મેળવી લેવા, ફોર્મ આપવાની શરૂઆત થઈ ગઈ છે.

ઊંઝા સંસ્થા માંથી લોન ધો. ૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં ગણિત-વિજ્ઞાનમાં છોકરીઓએ ૬૦% અને છોકરાઓએ ૬૫% તેમજ સામાન્ય પ્રવાહમાં છોકરીઓએ ૬૦% અને છોકરાઓએ ૬૫% મેળવનારને જ વગર વ્યાજની લોન આપવામાં આવશે. લોન માટેના અરજી ફોર્મ તા. ૧-૮-૨૦૧૧થી આપવામાં આવશે અને તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધી સ્વીકારવામાં આવશે. લોન વિતરણ ફેબ્રુઆરી-૨૦૧૨માં કરવામાં આવશે.

નોંધ : ૮૦% કે વધારે ટકા મેળવનારને ઊંઝામાંથી લોન આપવામાં આવશે નહિ. જેની ખાસ નોંધ લેવી.

**"શ્રી ઉમિયા માતાજીની નગરયાત્રા"**

વર્ષોની પરંપરા મુજબ સંવત ૨૦૬૭ના વૈશાખ સુદ ૧૫ને મંગળવાર, તા. ૧૭-૫-૨૦૧૧ના રોજ સવારે ૮-૩૦ કલાકે હજારો ભક્તજનોની ઉપસ્થિતિમાં નગરયાત્રા નીકળી હતી.

આ પ્રસંગે સમગ્ર ઊંઝાનગર સ્વયંભૂ બંધ પાળે છે. ઉમિયા માતાજીના ચાચર ચોકમાં વહેલી સવારથી મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. યાત્રામાં ૪૫ જેટલાં શણગારેલા ટ્રેક્ટર, ત્રણ બગી, ચાર ઘોડા, હાથી, કચ્છી ઘોડી, ગુજરાતી અને આદિવાસી નૃત્ય અને ત્રણ બેન્ડવાજા તથા પિંપળેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા બાવનગજની ધજા સાથે યુવકો સહિત ૫૦ જેટલાં યુવક મંડળો અને ૩૩ મહિલા મંડળો જોડાયા હતા.

માતાજીની શોભાયાત્રા ઊંઝાનગરના આશરે ૮ કિ.મી.ના જાહેર માર્ગોના રૂટ પરથી પસાર થઈ હતી. રસ્તામાં માર્કેટયાર્ડ, નગરપાલિકા તથા ધાર્મિક સંસ્થાઓ ભક્ત મંડળોએ માતાજીનું સ્વાગત કર્યું હતું. યાત્રાના રૂટ પર ઠેર ઠેર શરબત અને ઠંડા પાણીના કેમ્પ, છાશ, ચીકી, ચોકલેટ, મહાપ્રસાદ, સુખડી, કેન્ડીની વિવિધ મંડળો અને કલબોએ વ્યવસ્થા કરી હતી. નગરયાત્રામાં જોડાનાર ભક્તોનો ઉત્સાહ અનેરો હતો. નગરયાત્રાના માર્ગોની બંને બાજુ હજારો ભક્તજનો માતાજીના દર્શનાર્થે એકત્રિત થયા હતા. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા દ્વારા આયોજિત નગરયાત્રામાં ઉમિયા માઈ મંડળનો સહકાર અને વ્યવસ્થા અદ્‌ભૂત હતી. ઊંઝાનગરના પોલીસ સ્ટેશન દ્વારા સલામતી માટે ચુસ્ત બંદોબસ્ત કરવામાં આવ્યો હતો.

નગરયાત્રા પ્રસંગે કડીથી એક હજાર ભક્તોનો પગપાળા સંઘ પણ આવેલો હતો. કડીના કડવા પાટીદારો જે ઊંઝાના કાનાભા/માનાભા (રૂસાત શાખ)ના વંશજો છે. જેઓ ઘણા વર્ષોથી દર વર્ષે વૈશાખ સુદ ૧૫ (પૂનમે) પગપાળા સંઘ લઈ માના દર્શનાર્થે આવે છે અને માતાજીને ધજા ચડાવે છે. આ તેમનો ૧૦૦મો પગપાળા યાત્રા સંઘ હતો. આ પ્રસંગે તેમણે માતાજીના મંદિરમાં નવચંડી યજ્ઞ, ભવ્ય અન્નકૂટ તેમજ ૫૬ ગજની ધજા માતાજીને ચડાવી હતી તેમજ સંસ્કાર ભવન (રૂસાતવાડી)માં પ્રસાદની વ્યવસ્થા કરી હતી, જેમાં સંસ્થાના કારોબારી સભ્યોશ્રીઓને નિમંત્રણ આપવામાં આવ્યું હતું.

**"આપ સૌના ઉપર મા ઉમાના આશીર્વાદ સદૈવ ઉતરે એજ પ્રાર્થના"**

**આપ સર્વેનો સહકાર એજ અભિલાષા સહ...**

**॥ જય ઉમિયા ॥**



# એક નજર... 'અતિત' તરફ...

સંપાદક : શામજીભાઈ પટેલ
સાણંદ

(આજથી ૨૫ (પચીસ) વર્ષ પહેલાંના "પાટીદાર સંદેશ"ના તા. ૧૦-૬-૧૯૮૬ના અંકમાં છપાયેલ સમાચારો/ઘટનાઓ પૈકી મહત્વના બનાવોની ઉડતી ઝલક... નવી પેઢીને આપણા સમાજની તત્કાલિન સમયની જાણકારી મળે તે માટે આ પ્રયાસ કરેલ છે. - તંત્રીઓ)

**તા. ૧૦-૬-૧૯૮૬ - અંક : ૬૨**

- ભૂજ ખાતે રૂા. ૧.૧૧ લાખના દાન સાથે ખુલ્લી મુકાયેલી નવી વિદ્યાર્થી હોસ્ટેલ.
- હરદા (મ.પ્ર.)માં આગ તથા વાવાઝોડાથી લાખો રૂા.નું નુકસાન છતાંય લાટી બજાર હોનારત માંથી બચી ગયું.
- મોટી વિરાણી (કચ્છ)માં લક્ષ્મીનારાયણ મંદિર બનાવવા અંગે ચર્ચા વિચારણા કરાઈ.
- બોરસદમાં યુવક મંડળની વિધિવત સ્થાપના કરાઈ. પ્રથમ પ્રમુખ તરીકે શ્રી રામજીભાઈ ખેતા પટેલ તથા મંત્રી તરીકે શ્રી ધીરજલાલ જીવરાજ પટેલની નિયુક્તિ.
- "પાટીદાર સંદેશ"ના આજીવન ગ્રાહક નં. ૨૧૨૧ થી ૨૧૪૬ની યાદી પ્રસિદ્ધ કરાઈ.

**આપણે સૌ મા ઉમિયાના સંતાનો છીએ તેથી આટલું તો કરીએ જ...**



- ઘેર ઘેર કુળદેવી શ્રી ઉમિયા માતાજીનો ફોટો રાખીએ...
- પાટીદારનાં દીકરા-દીકરીના સગપણ (ચાંલ્લા) પ્રસંગે માતાજીનો ચાંદીનો સિક્કો આપીએ.
- દીકરા-દીકરીના લગ્નપ્રસંગે સૌથી પહેલી કંકોત્રી માતાજીને લખવાનું ન ભૂલીએ.
- પાટીદાર દંપતિએ લગ્ન કર્યા પછી વર્ષે દિવસે માતાજીના આશીર્વાદ મેળવવા દર્શનાર્થે આવવાની પ્રથા જાળવીએ.
- આપણી આવકમાંથી તથા શુભ પ્રસંગોએ યથાશક્તિ ફાળો દર વર્ષે માતાજીને ભેટરૂપે મોકલીએ.

# પેટલાદના વિવિધ વર્તમાન

પેટલાદ : (અમારા પ્રતિનિધિ શ્રી પુરૂષોત્તમભાઈ કે. પટેલ દ્વારા)

## (૧) યુવક મંડળ દ્વારા ઉજવવામાં આવેલ રજત જ્યંતિ વર્ષની એન્ડિંગ સેરેમની :

ગત તા. ૩૦-૪-૧૧ના રોજ ઉમા ભવન ખાતે નવી પેઢીને આપણી વિસરાતી જતી સંસ્કૃતિનું જ્ઞાન આપવા માટે પેટલાદ યુવક મંડળ દ્વારા વિશ્વનાથ જોષી ગ્રુપનો લોક કસુંબલ ડાયરો યોજવામાં આવ્યો હતો. શ્રી કચ્છ પાટીદાર યુવક મંડળની સ્થાપના ૧૯૮૬માં કરવામાં આવી હતી. તેને પરિપૂર્ણ કરતા મંડળે ૨૫ વર્ષની લાંબી મંઝીલ કાપી રજત જ્યંતિ વર્ષની ઉજવણી ભવ્યાતિભવ્ય બનાવવા લોક કસુંબલ ડાયરાનો કાર્યક્રમ રાખવામાં આવેલ. આ સેરેમનીમાં મુખ્ય દાતા મોનીલ એકાઉન્ટીંગવાળા નૂતનભાઈ શાહ, સહયોગી દાતા સ્ટર્લીંગ લેમીનેટવાળા અરવિંદભાઈ તેમજ અન્ય ઘણા દાતાઓએ ઉદાર દિલે આર્થિક સહયોગ આપેલ.

રજત જયંતિ વર્ષની એન્ડિંગ સેરેમનીની શરૂઆત યુવક મંડળના પ્રમુખ શ્રી ગોવિંદભાઈ પોકારના આવકાર પ્રવચન દ્વારા થઈ હતી. તેમણે જણાવ્યું હતું કે સમગ્ર ચરોતર વિભાગમાં પેટલાદ યુવક મંડળ સૌ પ્રથમ વખત રજત જ્યંતિ વર્ષ ઉજવી રહ્યું છે ત્યારે આપણે સૌ સભ્યોને ગર્વ થવો ઉચિત છે. દિપ પ્રાગટ્ય બાદ પેટલાદ યુવક મંડળની રજત જ્યંતિ વર્ષની ઉજવણી નિમિત્તે સ્મૃતિ ચિહ્નમાં કેલેન્ડરના રૂપમાં માહિતી પત્રક તથા ઘડીયાળના રૂપમાં વૉલ પીસનું વિમોચન કરવામાં આવેલ. માહિતી પત્રક (કે જેમાં પેટલાદ, આણંદ, બોરસદના ડૉક્ટરોની માહિતી, પેટલાદની લેબોરેટરીઓ તથા મેડીકલ સ્ટોરની માહિતી, અમદાવાદ, વડોદરા, કરમસદ, નડીયાદની સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલોની માહિતી, નજીકની બ્લડ બેંકો, આંગડીયા પેઢીના નંબરો, વારે વારે કામ લાગતા સરકારી અને અર્ધ-સરકારી કાર્યાલયોના નંબરો તેમજ પેટલાદ સમાજના દરેક ભાઈઓના મોબાઈલ નંબરોની માહિતી વિગેરે સામેલ છે.)નું વિમોચન પત્રકના દાતા શ્રી માનવ કિલનીકવાળા ડૉ. દિનેશ છાભૈયા તથા હરજીભાઈ હંસરાજભાઈ ભાવાણીના સુપુત્રો ઉમિયા વિનિયરવાળા રવજીભાઈ અને લક્ષ્મી ટીમ્બરવાળા રમેશભાઈના વરદ્ હસ્તે થયું હતું. વૉલ પીસ (લાકડા પરના સરસ નકશી કામ સહિતનું ઘડીયાળ)નું વિમોચન તેના દાતા શ્રી શંકર વિજય સૉ મીલવાળા ભાણજીભાઈ પોકારના કરકમળો દ્વારા થયું હતું. યુવક મંડળની રજત જ્યંતિ વર્ષની યાદગીરીરૂપે સમાજના દરેક ભાઈઓને તથા આમંત્રિત મહાનુભાવોને માહિતી પત્રક તથા વૉલ પીસ ભેટ આપવામાં આવેલ.

શ્રી કચ્છ પાટીદાર સનાતન સમાજ (પેટલાદ)ના પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ ભાવાણીએ તેમના પ્રવચનમાં કહ્યું હતું કે મારા જ સંતાનો એટલે કે પેટલાદ યુવક મંડળના સભ્યો વ્યસનોને છોડીને નવી પેઢીને આપણી વિસરાતી જતી સંસ્કૃતિનું જ્ઞાન આપવા માટે આજે જે ભગીરથ પ્રયાસ કરેલ છે તે જોઈ મારી છાતી ગજ ગજ ફુલે છે તેમજ તેમણે મહેમાનો સહિત સૌને અનુરોધ કરેલ કે પશ્ચિમી ભોગ વિલાસની સંસ્કૃતિને છોડી આપણી ત્યાગની સંસ્કૃતિ અપનાવવા ભલામણ કરેલ. પ્રોગ્રામના દાતાશ્રીઓને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવેલ.

પેટલાદ યુવક મંડળને ૨૫ વર્ષ પુરા થાય છે. પોતાના પરસેવાનું, નાણાંનું અને અમૂલ્ય સમયરૂપી પાણી સીંચી યુવક મંડળને નાના બીજમાંથી વિશાળ વટવૃક્ષ બનાવનારા વહીવટકર્તાઓને તેમના કાર્યકાળની અને તેમની મહેનતની યાદમાં તેમના જે તે વર્ષની કારોબારીનો સંયુક્ત ફોટોગ્રાફ મઢાવીને આપવામાં આવ્યો હતો.

કલાકારોનું સન્માન કર્યા બાદ લોક કસુંબલ ડાયરાની શરૂઆત થઈ હતી, જેમાં સૌ શ્રોતાજનોને એવી સરસ મોજ આવી ગઈ કે ક્યારે વહેલી સવાર પડી અને કલાકારોના નાદમાં પક્ષીઓએ પોતાનો કલરવ ઉમેરવા માંડ્યો તેની કલાકારો સહિત કોઈને પણ સુધ રહી નહિ. ડાયરો યોજતા કલાકારોએ છેક સવારના ૫-૩૦ કલાક સુધી ડાયરાની રમઝટ બોલાવેલ. આ ડાયરામાં ખૂબ જ મહેનત કરનાર શ્રી કૃણાલકુમાર લીંબાણી, શ્રી લીલાધરભાઈ માકાણી અને સાંસ્કૃતિક સમિતિના સભ્યો પ્રકાશ રામાણી, સતિષ નાકરાણી, ભાવેશ પોકાર તથા મનોજ પોકારનું સન્માન કરાયું હતું.

સમગ્ર પ્રોગ્રામમાં આયોજનથી લઈને ઉત્થાપન સુધી સતત સાથે રહેનાર અને પોતે પણ કાર્ય કરીને બીજા પાસેથી કામ લેનાર પેટલાદ યુવક મંડળના મહામંત્રી તથા માસ્ટર ઓફ ધ સેરેમની એવા શ્રી વિઠ્ઠલભાઈ ભાવાણીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરેલ. મહામંત્રીએ જણાવેલ કે આ પ્રોગ્રામમાં જે પણ ભંડોળ એકત્ર થયું છે તેને યુવક મંડળના સર્વાંગી વિકાસ માટે વાપરવામાં આવશે, જેમાં મુખ્ય લક્ષ શિક્ષણ તથા યુવા પ્રતિભા વિકાસનું રહેશે.

યુવક મંડળના સહમંત્રી સુરેશભાઈ દિવાણીએ આભારવિધિ કરી હતી.

## (૨) શ્રી કચ્છ પાટીદાર યુવક મંડળનો ગોવા પ્રવાસ :

ગત તા. ૧૦-૪-૧૧ના રોજ પેટલાદ યુવક મંડળ દ્વારા ગોવા પ્રવાસ યોજાયો હતો, જેમાં ૨૦ સભ્યોએ ભાગ લીધો હતો. પ્રવાસની શરૂઆત તા. ૧૦-૪-૧૧ને રવિવારના રાત્રે ૧-૦૦ વાગે પેટલાદ સમાજવાડીથી થઈ હતી. સંપૂર્ણ પ્રવાસ બસ દ્વારા થયો હતો. રત્નાગીરી નજીક બસમાં ખરાબી આવતા રત્નાગીરી સમાજના સભ્યોએ પેટલાદ યુવક મંડળના સભ્યોને ખૂબ સહકાર આપ્યો હતો. રત્નાગીરી સમાજની સમાજવાડીમાં ઉતારો આપ્યો અને તેમના ખર્ચે જ પેટલાદના સભ્યોને નજીકના જોવાલાયક સ્થળો (ગણપતપુરા)એ લઈ ગયા હતા. બસ રીપેર થઈ ગયા બાદ ગોવા માટે રવાના થયા હતા. ગોવામાં જોવાલાયક રમણીય દરિયા કિનારાઓ તથા કિલ્લાઓ તથા ધાર્મિક સ્થળોએ ફર્યા બાદ તા. ૧૬-૪-૧૧ના પરત આવવા નીકળેલ. તા. ૧૭-૪-૧૧ના રોજ થાણા સ્થિત ટીકુજીની વાડીની મુલાકાત લઈ વહેલી સવારે પેટલાદ પરત આવ્યા હતા.



# ભારત કો જાનો

(સંસ્કાર - સંસ્કૃતિ પ્રશ્નમંચ)

સંકલન : તુલસીદાસ ખીમજીભાઈ ઘોળુ, સાણંદ

(વ્હાલાં વાચક ભાઈ-બહેનો,

આપ સૌને આપણા મહાન રાષ્ટ્ર-ભારત વિશેની જાણકારી મળી રહે તે હેતુસર ભારત વિકાસ પરિષદ (ગુજરાત) દ્વારા પ્રકાશિત પુસ્તિકામાંથી દર માસે થોડાક પ્રશ્નો અને તેના વૈકલ્પિક જવાબો આપવામાં આવશે. આપે આ વાંચીને આપના જ્ઞાનની ચકાસણી કરવાની છે. ત્યારબાદ આ જ અંકમાં અન્યત્ર આ પ્રશ્નોના જવાબો જોઈને આપના જ્ઞાનની ખરાઈ પણ કરી શકો છો... - તંત્રીઓ)

## ૩. અર્વાચીન ભારત

પ્ર. ૧૧ ભારતના સૌ પ્રથમ અવકાશયાત્રી કોણ હતા ?
(અ) કલ્પના ચાવલા (બ) સુનીતા વિલિયમ્સ (ક) રાકેશ શર્મા (ડ) વિજેન્દ્રકુમાર

પ્ર. ૧૨ નેશનલ હાઈવે 8C કયો છે ?
(અ) સરખેજ ગાંધીનગર રોડ (બ) બામણબોરથી પોરબંદર (ક) અમદાવાદ વડોદરા એક્સપ્રેસ વે (ડ) અમદાવાદથી નારાયણ સરોવર

પ્ર. ૧૩ સેન્ટ્રલ રેલ્વેનું વડું મથક ક્યાં છે ?
(અ) ભોપાલ (બ) જબલપુર (ક) મુંબઈ (ડ) પૂના

પ્ર. ૧૪ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઈન્ટરનેશનલ એરપોર્ટ નામનું વિમાની મથક ભારતના કયા શહેરમાં આવેલું છે ?
(અ) પટના (બ) નાગપુર (ક) મુંબઈ (ડ) હૈદ્રાબાદ

પ્ર. ૧૫ ભારતમાં સૌથી લાંબો રેલ્વે બ્રીજ કયો છે ?
(અ) બિહારમાં શોણ નદી પરનો નહેરુ બ્રીજ (બ) કેરળમાં વેમ્બાનાદ સરોવર પરનો બ્રીજ (ક) મહારાષ્ટ્રમાં મુંબઈ પાસે વસઈની ખાડી પરનો બ્રીજ (ડ) હાવરા બ્રીજ

પ્ર. ૧૬ મુંબઈમાં આવેલું વિકટોરીયા ટર્મિનસ રેલ્વે સ્ટેશન હવે કયા નામે ઓળખાય છે ?
(અ) છત્રપતિ શિવાજી ટર્મિનસ (બ) બાબાસાહેબ આંબેડકર ટર્મિનસ (ક) રાજીવ ગાંધી ટર્મિનસ (ડ) મુંબઈ સેન્ટ્રલ

પ્ર. ૧૭ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના કોણે કરી હતી ?
(અ) ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી (બ) વિનાયક દામોદર સાવરકર (ક) સુરેન્દ્રનાથ બેનરજી (ડ) ડૉ. કેશવ બલિરામ હેડગેવાર

પ્ર. ૧૮ ભારતની સૌથી મોટી હોસ્પિટલ કઈ છે ?
(અ) એપોલો હોસ્પિટલ, ચેન્નૈ (બ) જસલોક હોસ્પિટલ, મુંબઈ (ક) સિવિલ હોસ્પિટલ, અમદાવાદ (ડ) ગંગારામ હોસ્પિટલ, દિલ્હી

પ્ર. ૧૯ તાજેતરમાં બંગાળના ઉપસાગરમાં તૂટી પડનાર જીએસએલવીડી - થ્રીના સંપૂર્ણ સ્વદેશી કાર્યોજેનિક એન્જીન બનાવવાની ટેકનોલોજી કયા દેશની હતી ?
(અ) રશિયા (બ) અમેરિકા (ક) જાપાન (ડ) ફ્રાન્સ

પ્ર. ૨૦ 'યોગક્ષેમં વહામ્યમ' એ કઈ સંસ્થાનું સૂત્ર છે ?
(અ) સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (બ) યુનીટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા (ક) દૂરદર્શન (ડ) એલ.આઈ.સી. ઓફ ઈન્ડિયા

પ્રશ્નમંચના જવાબો પેજ નં. ૧૭ ઉપર



## B.Tech (E.C.E.) થયા



ચિ. હિતેશ સાંખલા

શીવરી (પ.બંગાળ) : અત્રેની શ્રી મેસર્સ દુર્ગા સૉ મીલવાળા ગં.સ્વ. લક્ષ્મીબેન લાલજીભાઈ સાંખલાના પૌત્ર અને શારદાબેન જ્યંતિલાલ સાંખલા (કચ્છમાં : રતડીયા)ના સુપુત્ર ચિ. હિતેશે ૨૦૧૦ ફાઈનલ B.Tech (ECE)માં ૮૪ માર્કસ સાથે ડીગ્રી મેળવીને અને સાંખલા પરિવાર તેમજ બીરભુમ-મુર્શીદાબાદ પાટીદાર સમાજનું ગૌરવ વધારેલ છે. હાલે મુંબઈ ખાતે T.C.S. કં.માં "Software Engineer" તરીકે સેવા આપી રહેલ છે.

(અભિનંદન... - તંત્રીઓ)

# આરોગ્ય જગત





**ડૉ. અમૃતલાલ આર. પટેલ**
"નેસ્ટ", પ્લોટ નં. ૧૬૬, 'ચ-૬' સર્કલ પાસે, 'ચ' રોડ, સે.-૨૯, ગાંધીનગર-૨૯.

## ઝાડા (અતિસાર) (ડાયેરીયા) (દસ્ત)

**- ડૉ. મીતા આર. પટેલ (ગાંધીધામ)**

આમ તો ઝાડા એ એક સામાન્ય બિમારી છે છતાં હમણાંની સીઝનમાં એટલે કે ગરમીમાં, લૂ લાગવાથી અથવા બહારની વસ્તુ ખાવાથી આ બિમારીનું પ્રમાણ વધારે જોવા મળે છે. પાતળા દસ્ત વારંવાર થાય તેને દસ્ત યા અતિસાર કહેવાય છે.

**● કારણો :**

(૧) આંતરડામાં સોજો. (૨) કોઈ ઉત્તેજક યા અપચ્ય ખોરાક ખાવાથી. (૩) અચાનક ભય લાગવાથી કે અચાનક ઘણી ચિંતા કરવાથી. (૪) સડેલી યા ઉતરી ગયેલી ચીજવસ્તુઓ ભોજનમાં આવી જવાથી. (બને ત્યાં સુધી તાજી વસ્તુઓ ખાવાનો જ આગ્રહ રાખવો) (૫) અજીર્ણ અથવા અપચો થવાની. (૬) અત્યંત ગરમી અથવા અત્યંત ઠંડીની અસરથી. (૭) બાળકોમાં ધૂળવાળા હાથ યા રમકડા વારંવાર મોંમા નાખવાથી. (૮) બાળકોમાં દાંત આવતા હોય ત્યારે. (૯) કોલેરાના રોગમાં પણ પુષ્કળ ઝાડા થાય છે.

**● લક્ષણો :**

(૧) વારંવાર પાતળા દસ્ત. (૨) દસ્તનો રંગ પીળો યા ચોખાના ઓસામણ જેવો. (૩) મળમાં સડી ગયેલી વસ્તુ જેવી બદબુ આવવી. (અહીં આ રોગમાં મરડાની જેમ ચૂંક આવતી નથી)

**● સામાન્ય સારવાર :**

(૧) સંપૂર્ણ આરામ. (૨) હલકો, સુપાચ્ય, પોષણક્ષમ ખોરાક લેવો. (૩) અપાચ્ય, ભારે ખોરાકનો ત્યાગ કરવો. (૪) પ્રવાહીનો ઉપયોગ વધારે કરવો.

**● ઔષધો :**

**(૧) નક્ષ વોમીકા-૬ :** કોઈપણ પ્રકારના અતિસારમાં સૌ પ્રથમ આ દવાનો ઉપયોગ મહદ્અંશે ફાયદાકારક નીવડે છે.

**(૨) અલો સોકાટ્રીના :** અનકંટ્રોલ (રોકવા મુશ્કેલ થાય તેવા ઝાડા) પાણી જેવા ઝાડા હોય.

**(૩) ફ્રોરોન ટીગ :** પીચકારી જેમ ઝાડા આવે, પાતળા ઝાડા વાસ આવે.

**(૪) સીકેલ કોર :** આ ઔષધ પણ કોઈપણ પ્રકારના અતિસારમાં ઉપયોગી છે.

**(૫) ચીનીમમ આર્સેનિકમ 3X :** શરીરને ભાંગી નાખે તેવા પણ દર્દરહિત ઝાડામાં ઉપયોગી છે.

**(૬) વિરેદ્રમ આલ્બમ ૬ :** અત્યંત પાતળા ચોખાના ઓસામણ જેવા, દર્દીને અશક્ત કરી નાખે તેવા ઝાડા.

**(૭) આર્સેનિકમ આલ્બ ૬-૩૦ :** ઉતરી ગયેલી, વાસી ચીજવસ્તુ ખાવાથી થતા ઝાડા.

**(૮) સલ્ફર ૩૦ :** જીર્ણ બની ચૂકેલા રોગ માટે ઉપયોગી છે.

**(૯) કેમોમીલા ૩૦ :** બાળકોના ઝાડામાં, ખાસ કરીને દાંત નીકળવાના સમયે થતા ઝાડા માટે ઉપયોગી છે.

**(૧૦) મર્કસોલ ૬-૩૦ :** ઝાડા સાથે લોહી વહેતું હોય ત્યારે.

આર્સેનિકસ આલ્બમ, પોડોફીલમ અને વિરેદ્રમ આલ્બમનું મિશ્રણ લગભગ બધા અતિસાર માટે અસરકારક માલુમ થાય છે.

**● ઊલટી-ઊબકા (વોમીટીંગ અને નોશિયા)**

ઊલટી એ કોઈ રોગ નહિ પરંતુ અન્ય કોઈ રોગનું લક્ષણ છે એમ કહી શકાય.

**● કારણો :**

(૧) ટ્રેન અથવા પ્લેનમાં મુસાફરી દરમ્યાન ચક્કર આવવા તથા ઊલટી-ઊબકા આવવા. (૨) કોઈ વસ્તુની સુગને કારણે. (૩) ગર્ભવતી સ્ત્રીઓને. (૪) વાઈ આવતી વ્યક્તિ અગર હુમલા દરમ્યાન વધારે પડતું ખાઈ ત્યારે. (૫) અપાચ્ય ખોરાક લેવાથી.

**ઊબકા :**

**● કારણો :**

(૧) ભયજનક વસ્તુ યા સુગ ચડે તેવી વસ્તુ ઉપર સતત નજર પડવાથી. (૨) ઈજા થવાથી યા ચક્કર આવવાથી ઊબકા મહેસૂસ થાય છે. (૩) આધાશીશીના દર્દની શરૂઆતમાં.

**● સામાન્ય સારવાર :**

(૧) રોગનું કારણ દૂર કરવું. (૨) શક્ય હોય તો જમવાનું ટાળવું. (૩) પ્રવાહીનો ઉપયોગ વધારે કરવો. (ખાસ કરી પાણી અથવા બરફ ચૂસવો)

**● ઔષધો :**

**(૧) ઈપીકાક ૩૦ :** ● ઊલટી-ઊબકાની શરૂઆત થતા જ આ દવા લેવી. ● આ ઔષધ ફેફસાં, જઠર અને આંતરડા ઉપર અસર કરતી હોવાથી, રોગથી અસરગ્રસ્ત તમામ અંગો પર તાત્કાલિક અસર કરે છે. ● વારંવાર ઊલટી-ઊબકા આવવા. ● ખોરાક તરત નીકળી જાય. ● પિત્તની ઊલટી થાય.

**(૨) આર્સેનિકમ આલ્બમ ૩૦-૨૦૦:** ● ઠંડો ખોરાક ખાવાથી (વાસી ખોરાક) ● દુર્ગંધ મારતો હોય તેવો ખોરાક ખાવાથી. ● અતિશય ઠંડી લાગવાથી તકલીફ થાય. ● ઠંડા પીણાથી લક્ષણોમાં વધારો થાય. ● ગરમ પીણાથી રાહત થાય. ● મોંઢુ સુકાતુ હોય.

**(૩) આર્નિકા ૨૦૦ :** ● માથામાં ઈજા થવાથી. ● ઊંચેથી પડી જવાથી. ● મૂઢમાર વાગ્યો હોય. ● ઊલટીમાં લોહી આવતું હોય તો આ ઔષધથી સારવાર શરૂ કરવી. ● દર અડધા કલાકે આરામની શરૂઆત થાય ત્યાં સુધી આપવી.

**(૪) કાર્બોવેજ ૩૦ :** ફળ ખાવાથી અગર અત્યંત ઠંડી વસ્તુ ખાવાથી. ● વારંવાર ઓડકાર આવ્યા કરતા હોય. ● પેટમાં ગેસ ભરાયો હોય તેવું લાગે.

**(૫) પલ્સેટિલા ૩૦-૨૦૦ :** ● જમ્યા પછી તરત જ ઊલટી થઈ જાય. ● ચક્કર આવવા. ● પેટમાં આંટી આવવી, સાથે સાથે ઝાડા જવાની ઈચ્છા થાય. ● ગર્ભાવસ્થા દરમ્યાન થતી તકલીફમાં પણ આ ઔષધી ઉપયોગી છે.

**(૬) નક્ષ-વોમિકા ૩૦ :** મદ્યપાન અથવા તમાકુનું સેવન કરવાથી.

**(૭) કોલ્ચીકમ ૩૦ :** રંધાતી વસ્તુની ગંધથી ઊલટી-ઊબકા આવે. (ખાસ કરી ગર્ભાવસ્થા દરમ્યાન)

**(૮) કોકયુલસ ૩૦ :** દરિયાઈ, હવાઈ અથવા ટ્રેનની મુસાફરી દરમ્યાન ચક્કર આવવા.

## બાલોદમાં "સંગીતમય હનુમાન ચાલીસા અને હનુમાન જયંતિની ઉજવણી"

બાલોદ (છત્તીસગઢ) : (શ્રી જગદીશભાઈ મણીભાઈ રૂડાણી દ્વારા)

અત્રે પાટીદાર નવયુવક મંડળ દ્વારા તા. ૧૮-૪-૨૦૧૧ના પાટીદાર સમાજવાડીમાં સમાજના સર્વે ભાઈઓ દ્વારા હનુમાન ચાલીસાનો પાઠ કરવામાં આવ્યો. ભાઈઓ દ્વારા જાતે હનુમાન લાડુ બનાવી, હનુમાન લાડુ ભોગ લગાવી આરતી કરી સર્વે ભકતોજનો પ્રસાદ લઈ વિખૂટા પડેલ.


શનિવારે મિતેશભાઈ પરમાર એન્ડ પાર્ટી, ગોંદિયા દ્વારા સંગીતમય હનુમાન ચાલીસાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. સર્વ પ્રથમ દિપ પ્રાગટ્ય બાદ પાટીદાર સમાજના અધ્યક્ષ શ્રી નારાણભાઈ કાનજી રામાણી, નવયુવક મંડળના અધ્યક્ષ શ્રી જગદીશ મણીભાઈ રૂડાણી અને મહિલા મંડળનાં અધ્યક્ષા શ્રીમતી જયશ્રીબેન હરિભાઈ માકાણી દ્વારા પુષ્પહારથી મિતેશભાઈનું સ્વાગત કરવામાં આવેલ. કાર્યક્રમની રજૂઆત રાત્રે ૮-૩૦ થી ૩-૦૦ વાગ્યા સુધી હનુમાન ચાલીસા સાથે માતાજીના ભજનો, ગરબા અને ગુજરાતી લોકપ્રિય ભજન અને જાકીયોંની રંગારંગ પ્રસ્તુતિ આપી ભક્તોજનોને પુરા કાર્યક્રમમાં બાંધી રાખ્યા. અંતમાં ભક્તોને ગરબા રમાડી આનંદિત કરેલ. મહાઆરતી બાદ પ્રસાદ લઈ ભક્તજનો ભક્તિમય ઉર્જા લઈ વિખૂટા પડ્યા. આમ બહુ જ સારૂં અને યાદગાર આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી જયંતિભાઈ રામજી રૂડાણી દ્વારા કરવામાં આવેલ.

## હરદા સમાજે કેન્દ્રિય સમાજના ઠરાવોને બહાલી આપી

હરદા (મ.પ્ર.) : (શ્રી ઈશ્વરભાઈ ભાદાણી દ્વારા)

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (હરદા)ની અસાધારણ સામાન્ય સભા શુક્રવાર, તા. ૧-૪-૧૧ના બપોરના ૪-૦૦ કલાકે શ્રી પાટીદાર ભવનમાં મળેલ, તેમાં સનાતન વૈદિક હિન્દુ ધર્મ બાબતના જે સમાજની ત્રણેય પાંખની કારોબારી દ્વારા પ્રસ્તાવિત ઠરાવો રજૂ કરવામાં આવેલ. તેને આજની આ સભામાં ચર્ચા વિચારણા કરી સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ છે. તે તા. ૯-૪-૯૯થી લાગુ પાડવામાં આવેલ છે. તો તે સમાજના સર્વ સભ્યોને તેમજ તેમના પરિવારોને બંધનકર્તા રહેશે અને ચુસ્તપણે પાલન કરવા માટે સમાજે આદેશ આપેલ છે.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ (કેન્દ્રિય સમાજ) નખત્રાણા દ્વારા તા. ૨૫-૩-૧૦ના રોજ બહાર પાડેલ શ્વેતપત્ર તેમજ તા. ૭-૫-૧૦ની અસાધારણ સામાન્ય સભામાં સર્વાનુમતે બંધારણમાં કરાયેલ સુધારાઓ તથા તા. ૧૨-૫-૧૦ના જ્ઞાતિના પંચમ અધિવેશનમાં સર્વાનુમતે પસાર કરેલ જ્ઞાતિના રીતિ-રિવાજોની ૧ થી ૧૯ કલમો અને કેન્દ્રિય સમાજે તા. ૧-૭-૧૦ના રોજ બહાર પાડેલ આદેશોને અનુલક્ષીને શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ, હરદા તેની તા. ૧-૪-૧૧ના રોજ બોલાવવામાં આવેલ અસાધારણ સભામાં ૧૫ જેટલાં ઠરાવો સર્વાનુમતે પાસ કરવામાં આવેલ અને તેનું દરેક સભ્યોએ ચુસ્તપણે પાલન કરવાનું ઠરાવવામાં આવેલ હતું.




વ્હાલાં વાચક ભાઈ-બહેનો,

૧૮મી શતાબ્દિ રજત જયંતિ મહોત્સવ (ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા)ના કન્વીનર શ્રી મણીભાઈ પટેલ (મમ્મી), ઊંઝા તથા સાંસ્કૃતિક પ્રદર્શન કમીટીના ચેરમેન શ્રી પ્રિ. (ડૉ.) અમૃત પટેલ (મક્તુપુર) લિખિત પુસ્તિકાની વિગતો ક્રમશઃ દર માસે આપની જાણકારી માટે આપીશું.

આ અંકમાં "અમેરિકામાં કડવા પાટીદારોનો વસવાટ" વિશે વિગતો રજૂ કરે છે... - તંત્રીઓ

## અમેરિકામાં કડવા પાટીદારોનો વસવાટ

ગતાંકનું ચાલુ...

### અટક પ્રમાણે કુટુંબોની સંખ્યા

| શાખ કુટુંબની | સંખ્યા |
|---|---|
| ૧. માકડિયા | ૦૬ |
| ૨. કાલડિયા | ૫૪ |
| ૩. વાછાણી | ૪૬ |
| ૪. કણસાગરા | ૪૩ |
| ૫. કનેરિયા | ૪૦ |
| ૬. ડઢાણિયા | ૩૦ |
| ૭. ચાંગેલા | ૨૭ |
| ૮. દલસાણિયા | ૨૭ |
| ૯. આરદેશણા | ૨૪ |
| ૧૦. ભાલોડિયા | ૨૩ |
| ૧૧. હાંસલિયા | ૨૩ |
| ૧૨. જાવિયા | ૨૦ |
| ૧૩. ઘેડિયા | ૧૯ |
| ૧૪. ગોવાણી | ૧૮ |
| ૧૫. ફળદુ | ૧૭ |
| ૧૬. ઘોડાસરા | ૧૭ |
| ૧૭. કલોલા | ૧૭ |
| ૧૮. ભૂત | ૧૬ |
| ૧૯. પટેલ | ૧૬ |
| ૨૦. બેરા | ૧૪ |
| ૨૧. ભીમાણી | ૧૪ |
| ૨૨. ખાંટ | ૧૪ |
| ૨૩. દેલવાડિયા | ૧૩ |
| ૨૪. પાડલિયા | ૧૩ |
| ૨૫. ગાંબડિયા | ૧૩ |
| ૨૬. ભલાણી | ૧૨ |
| ૨૭. કંટેસરિયા | ૧૨ |
| ૨૮. અઘેરા | ૧૧ |
| ૨૯. ભૂવા | ૧૧ |
| ૩૦. કાથરોટિયા | ૧૧ |
| ૩૧. વૈશ્રાણી | ૧૧ |
| ૩૨. ભાણવડિયા | ૧૦ |
| ૩૩. ઘુલોશિયા | ૧૦ |
| ૩૪. કોઠડિયા | ૧૦ |
| ૩૫. મોરી | ૧૦ |
| ૩૬. ગોંધાણી | ૦૯ |
| ૩૭. કડિવાર | ૦૯ |
| ૩૮. સીતાપરા | ૦૯ |
| ૩૯. સુતરિયા | ૦૯ |
| ૪૦. વડાલિયા | ૦૯ |
| ૪૧. જસાણી | ૦૮ |
| ૪૨. કાંજીયા | ૦૮ |
| ૪૩. માનસુરિયા | ૦૮ |
| ૪૪. મેઘપરા | ૦૮ |
| ૪૫. રબારા | ૦૮ |
| ૪૬. સાપરિયા | ૦૮ |
| ૪૭. બરોચિયા | ૦૭ |
| ૪૮. ટીલવા | ૦૭ |
| ૪૯. ભેસદડિયા | ૦૭ |
| ૫૦. ડેડાણિયા | ૦૭ |
| ૫૧. મણવર | ૦૭ |

**નીચેની દરેક શાખના છ કુટુંબો રહે છે.**

(૧) ચનિયારા (૨) દેગોજા (૩) ઘરસંડિયા (૪) દુદાણી (૫) કરડાણી (૬) કાલાવડિયા (૭) લાડાણી (૮) સવસાણી (૯) ઝાલાવડિયા

**નીચેની દરેક શાખના પાંચ કુટુંબો રહે છે.**

(૧) બાથાણી (૨) બાવરિયા (૩) ઘમસાણિયા (૪) ગરાલા (૫) ગોંઢા (૬) કાસુન્દ્રા (૭) કોરડિયા (૮) માંડવિયા (૯) પડોદરા (૧૦) પનારા (૧૧) રામોલિયા (૧૨) સાપોવાડિયા

**નીચેની દરેક શાખના ચાર કુટુંબો રહે છે.**

(૧) આકોલા (૨) ભાલોડી (૩) ડેડકિયા (૪) હળવદિયા (૫) હુડકા (૬) સુરેજા (૭) વિશનગરા

**નીચેની દરેક શાખના ત્રણ કુટુંબો રહે છે.**

(૧) દેસાઈ (૨) હીંગરાજીયા (૩) કામાણી (૪) કંટારિયા (૫) મકાતિ (૬) મકવાણા (૭) મારવણીયા (૮) માટલિયા (૯) મોડિયા (૧૦) નાદપરા (૧૧) નાર (૧૨) સાદરિયા (૧૩) સૈજા (૧૪) સનારિયા (૧૫) સુરખેડી (૧૬) ઉંજ્યા કે ઊંઝિયા (૧૭) વિજાપરા (૧૮) વિરોજા (૧૯) વિરપરિયા

**નીચેની દરેક શાખના બે કુટુંબો રહે છે.**

(૧) અમૃતિયા (૨) ભૌરણીયા (૩) બુટાણી (૪) ચપલા (૫) છત્રાળા (૬) ચીકાણી (૭) દેપાણી (૮) ઘિંગાણી (૯) હદવાણી (૧૦) જાગાણી (૧૧) જીવાણી (૧૨) લાલાણી (૧૩) મોરડિયા (૧૪) નગરિયા (૧૫) પાંચાણી (૧૬) રાડિયા (૧૭) રામાણી (૧૮) સરોડિયા (૧૯) શીરા (૨૦) સીણોજીયા (૨૧) સોરઠિયા (૨૨) થુમર (૨૩) ઉઘરજો (૨૪) વેગડા (૨૫) વિઠલપરા

**નીચેની દરેક શાખના એક કુટુંબ અહીં રહે છે.**

(૧) આલોદ્રા (૨) બારિયા (૩) ભાડજા (૪) ભંડેરી (૫) ભટાસણા (૬) ભાયાણી (૭) બોડા (૮) બોઘડા (૯) બોરાડ (૧૦) બ્રાઉન (૧૧) ચંદ્રેસા (૧૨) ચાપડિયા (૧૩) કોથરાન (૧૪) ધુલિયા (૧૫) ફુલેત્રા (૧૬) ગાલાણી (૧૭) જાંજરૂકિયા (૧૮) કાજાણી (૧૯) કંટારિયા (૨૦) કાવઠિયા (૨૧) કેસ્કાર (૨૨) ખિરસરિયા (૨૩) ખોખલ (૨૪) કુમારા (૨૫) લાલકિયા (૨૬) મગુણીયા (૨૭) માખસણા (૨૮) મલિક (૨૯) મટકિન્સ (૩૦) મોદી (૩૧) મોટેરિયા (૩૨) નાકરાણી (૩૩) નાયર (૩૪) પબાણી (૩૫) પારેચા (૩૬) રાણા (૩૭) રતનપરા (૩૮) રોબીનસન (૩૯) સંતોકી (૪૦) સોરઠિયા (૪૧) શેખાત (૪૨) શિહોરા (૪૩) સોલગામ (૪૪) તેજાણી (૪૫) ત્રિવેદી (૪૬) ઉકાણી (૪૭) વડસોલા (૪૮) વાઘડિયા (૪૯) વામજા (૫૦) વાંસજડિયા (૫૧) વાછાણી (૫૨) વેરસડા (૫૩) વિકાણી (૫૪) વિલાપરા (૫૫) વિરમગામા (૫૬) વિરામી (૫૭) વુનતેર

અમેરિકામાં વસવાટ કરતા સૌરાષ્ટ્રના કડવા પાટીદારોના કુટુંબોની સંખ્યા ૧૨૦૦ જેટલી અંદાજિત ગણાય. અમેરિકાના જુદા જુદા ૩૫ રાજ્યોમાં સૌરાષ્ટ્રના કડવા પાટીદારો વસવાટ કરે છે. ત્યાં સ્થિર વસવાટ કરતા પરિવારોની લગભગ ૧૮૦ જેટલી જુદી જુદી અટકો – શાખો છે.

## ઊંઝાની મૂળ શાખો અને હાલની અટકો

કડવા પાટીદારોએ પુષ્કળ પ્રમાણમાં સ્થળોંતરો કર્યા છે. ઊંઝાથી નીકળ્યા બાદ ભ્રમણો કરતા કરતા હાલમાં જે શાખાએ સૌરાષ્ટ્રમાં સ્થાયી વસવાટ કર્યો છે તે શાખોની ઉપલબ્ધ માહિતીને આધારે સૌરાષ્ટ્રના કડવા પાટીદારોની ઊંઝાની મૂળ શાખ (અટક) નીચે પ્રમાણે છે.

| ક્રમ | ઊંઝાની મૂળશાખ (ગોત્ર) | હાલની સૌરાષ્ટ્રની શાખ |
|---|---|---|
| ૧. | કામલોત | હોરા, વડાલિયા, સેવરા કે સેવડા |
| ૨. | વીંઝાત | કુંડલિયા કે કુંડાલિયા, સાપોવાડિયા, દેલોલિયા, કણસાગરા, સાકરિયા, સવસાણી, કંટેસરિયા, એમદપરા (એદપરા), બોડા. |
| ૩. | માંલ્લોત (માંડલોત) | ઉઘરોજા, કોરંગા, સાદારિયા. |
| ૪. | ડામરોત | ગોધાણી |
| ૫. | મણવર | મણતર, દેસાઈ, પારેખ, પાંચોટિયા, વિસનવ (વૈણવ), છમીચીયા, વસનણી, રોજમારા. |
| ૬. | ગોધાતર | ડાંગરુચિયા, રોજમારા |
| ૭. | પોમાત | રાણીપા |
| ૮. | ભાંમાટ | કાલાવડીઆ, ચંદ્રાલા, વીરોલા, છનીઆરા, સુતરિયા, આદરોજા. |
| ૯. | મુંજાત | અધારા, કરણાતા, હરણીઆ, આંગણોજા. |
| ૧૦. | રૂસાત (રુસાત) | વાંસજડીયા, દેવલીઆ, ભીમાણી, મોરી, કટારીઓ, ઘેટીઆ, ઘુમલીઆ. |
| ૧૧. | ગોઠી | બોરીસણા |
| ૧૨. | ગોવલાત | કાલરીઆ |
| ૧૩. | ગાંમી | કરગથલા, સુવાલીઆ, કાનાણી, ગોઠ. |
| ૧૪. | અલાત | અનાવડા, લોરીઆ. |
| ૧૫ | તારવોત | ચડાસણિયા |

## કડવા પાટીદારોની અટકો

સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્યપ્રદેશના કડવા પાટીદારોએ વિવિધ તબક્કામાં, વિવિધ કારણોસર ઊંઝાથી વિ.સં.ના ૮મા સૈકાથી ૧૫મા સૈકા દરમ્યાન પુષ્કળ પ્રમાણમાં સ્થળાંતર કર્યું છે. ઊંઝાથી નીકળ્યા બાદ તેઓ મહેસાણા જિલ્લામાં અને મહેસાણા જિલ્લા માંથી દૂર સુદુર ફેલાયા છે. મધ્યપ્રદેશ, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કડવા પાટીદારોની અટકો (શાખો) પુષ્કળ પ્રમાણમાં મળતી આવે છે. તેઓએ સ્થળાંતરના સમયે એક ભાઈ માળવા, એક ભાઈ દક્ષિણ ગુજરાત અને એક ભાઈ સૌરાષ્ટ્રમાં જાય તે રીતે સ્થળાંતરો કર્યો છે. તે કારણે આ અટકોમાં મોટાભાગે સામ્યતા જોવા મળે છે. સૌરાષ્ટ્રના કડવા પાટીદારોની ૮૦ ટકા અટકો મોટેભાગે મહેસાણા અને અમદાવાદ જિલ્લાના ગામના નામોને આધારે પડેલી જોવા મળે છે. આ અટકો ગામ નામ પ્રમાણે, પોતાના કુળની વિશિષ્ટ વ્યક્તિને કારણે, વિશિષ્ટ પરાક્રમોને કારણે, કોઈ વિરલ ઘટનાને કારણે, કોઈ સંપ્રદાયના સાધુ–સંતની ઘેર પધરામણી કરવાને કારણે, રાજકીય સન્માનને કારણ, પદ, ખિતાબ પ્રાપ્ત થવાથી, ધંધા–રોજગારને કારણે, તો કોઈક અટકો પોતાના સમાન કુળની અન્ય જાતિને પાળવા–પોષવા અને રક્ષવાને કારણે પડી હોવાના અનેક પ્રમાણો મળે છે. આ અટકોને લઈને સૌરાષ્ટ્રના કડવા પાટીદારોનું ઊંઝાનું મૂળ ગોત્ર (શાખા–અટકો) જાણવું ખૂબ જ કઠીન, પરિશ્રમ માગનારુ, ધીરજ અને અવિરત ઉત્સાહ માગી લેનારું કાર્ય છે. ઉપલબ્ધ માહિતીને આધારે સૌરાષ્ટ્રની પર અટકોના ઊંઝાના ૧૪ મૂળ ગોત્ર (શાખો)ને અહીં દર્શાવવામાં આવેલી છે. સૌરાષ્ટ્રના કડવા પાટીદારોની જણામાં આવેલી ૫૨૫ અટકો કક્કાવારી પ્રમાણે નીચે પ્રમાણે છે.

(ક) ૪૪ કકાણીયા, કગથરા, કડથી, કડીવાર, કમાણી, કરડાણી, કનેરીયા, કલોલા, કડેવાર, કડવાણી, કરસાણીયા, કણસાગરા, કટારીયા, કંટેસરીયા, કંટારીયા, કાકડીયા, કાવટ, કાચરોલા, કારેટીયા, કાનાણી, કાશીપરા, કાથરોટિયા, કાંસન્દ્રા, કાસોટીયા, કાચટીયા, કાંગરીષીયા, કીકણી, કુંડારીયા, કુંદાણી, કૈલા, કોટડીયા, કોરડીયા, કોઠીયા, કોરીંગા.

(ખ) ૭ ખરેડ, ખાનપરા, ખાચર, ખાવડીયા, ખીરસરીયા, ખોખલ, ખાંટ.

(ગ) ૨૯ ગરાળા, ગરમોર, ગડારા, ગલાણી, ગરધરીયા, ગટીયા, ગાબારી, ગામી, ગાંભા, ગાંભવા, ગાંગડીયા, ગીરધરીયા, ગુજરાતી, ગુંજારીયા ગોટી, ગોર, ગોઠી, ગોઘાસરા, ગોલાણી, ગોધાતરા, ગોંઢા.

(ઘ) ૮ ઘઉંના ઘાઘરા, ઘાટોડીયા, ઘુમલીયા, ઘુંજારીયા, ઘેટીયા, ઘોડાસરા.

(ચ) ૨૩ ચનીયારા, ચપલા, ચંદ્રાલા, ચંદ્રકલા, ચડાસણા, ચાડમીયા, ચાડસાણીયા, ચાપાણી, ચારોલા, ચીકાણી, ચીદરોડા, ચોવટીયા, ચોપડા, ચોખલીયા, ચૌધરી.

(છ) ૩ છત્રાળા, છત્રોલા, છાંટસણીયા.

(જ) ૧૮ જસાણી, જગોદરા, જાકાસણીયા, જશાપરા, જાવીયા, જાલરીયા, જાટકીયા, જાગાણી, ઝાલાવડીયા, જરસાણીયા, જાતીસણીયા, જાંજારૂકીયા, જીવાણી, જીણજા, જીથરા, જુલાસણા, જેતાણી, જેતપરીયા.

(ટ) ૫ ટીલવા, ટીકરીયા, ટીલળા, ટીટોડીયા.

ક્રમશઃ આવતા અંકે...

પાટીદાર સંદેશ

૧૦મી જૂન, ૨૦૧૧ (૧૭)



# રતડીયા મુકામે ઉજવાયો હનુમાન દાદાના મંદિરનો જીર્ણોદ્ધાર અને મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

રતડીયા : (અમારા પ્રતિનિધિ શ્રી પુરૂષોત્તમભાઈ કે. પટેલ, પેટલાદ દ્વારા)

તા. ૧૬-૪-૧૧ના મહાવીર જયંતિના દિવસે અત્રે આવેલ હનુમાનદાદાના બંને મંદિરનો જીર્ણોદ્ધાર અને મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભક્તિભાવ સાથે ખૂબ જ આનંદ ઉલ્લાસ અને એખલાસભર્યા વાતાવરણમાં ઉજવાઈ ગયો. સવારે ૮-૦૦ કલાકે શાસ્રી શ્રી મહેશભાઈ જોષીના પવિત્ર મંત્રોચ્ચાર સાથે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા યજ્ઞનો શુભારંભ થયો. જમનાદાસ ગોપાલભાઈ સાંખલા તથા વાલજીભાઈ કરસનભાઈ સાંખલાના યજમાનપદે સજોડે હવનમાં બેસી તેમના હસ્તે હવન વિધિનો શુભારંભ કરવામાં આવ્યો.

સવારે ૯-૦૦ કલાકે લક્ષ્મીનારાયણના મંદિરથી હર્ષોલ્લાસ સાથે હનુમાનદાદાઓની મૂર્તિઓની શોભાયાત્રા શણગારેલ રથમાં નીકળી. બાલીકાઓએ માથા ઉપર ગોતીડા રાખી મધુર ભક્તિ ગીતો અને હનુમાન ચાલીસા ગાઈ વાતાવરણને ભક્તિમય બનાવી દીધું. યુવાનોએ શંખનાદ અને ઢોલ-પખાજના તાલે ગજવી સૌ ગ્રામજનો ગામના પાદરે આવેલ પ્રધાસર તળાવે પહોંચ્યા. તળાવમાં મૂર્તિઓની સ્નાનવિધિ કરવામાં આવી. બહેનોએ રાસ રમી, ગરબા ગાઈ ભક્તિમય બની શોભાયાત્રાનો આનંદ માણ્યો.

ગામની પ્રદક્ષિણા કરી અગિયાર વાગે ભગવાન લક્ષ્મીનારાયણના પટાંગણમાં આવ્યા. ત્યાં મંત્રોચ્ચાર સાથે મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. યજમાનો અને દાતાઓના વરદ્ હસ્તે હનુમાનદાદાના મંદિરમાં મૂર્તિઓની સ્થાપના કરવામાં આવી અને ધજા સ્થાપન કરવામાં આવ્યું. છેલ્લે હવનમાં નાળીયેર હોમી યજ્ઞ પૂર્ણ કરવામાં આવ્યું. મહાઆરતી કરી સૌએ પ્રસાદ લીધો. સાંજે સમાજજનો તથા રતડીયાની મહાજન સમાજ તથા કોલી સમાજે સાથે બેસી ભોજન લઈ હનુમાનદાદાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવી આનંદ મેળવી સૌ છુટા પડ્યા.

# શ્રી નેત્રા પાટીદાર સનાતન સમાજના રજત જ્યંતિ મહોત્સવનું આયોજન

નેત્રા-કચ્છ : (અમારા પ્રતિનિધિ શ્રી લખમશીભાઈ પટેલ, વટવા દ્વારા)

શ્રી નેત્રા પાટીદાર સનાતન સમાજની તા. ૯-૫-૧૧ની ખાસ સભા પ્રમુખ શ્રી નારણભાઈ વાલજીભાઈ સાંખલા (નડીયાદ)ના અધ્યક્ષસ્થાને અત્રે આયોજન કરવામાં આવેલ. બહારગામથી તેમજ સ્થાનિક ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં હાજરી આપેલ. દરેક એજન્ડાની ચર્ચા વિચારણાને અંતે દરેક ઠરાવો બહુમતીથી લેવામાં આવેલ.

નેત્રા પાટીદાર સમાજને ૨૫ વર્ષ પૂર્ણ થયેલ હોઈ આગામી શ્રાવણ માસે તા. ૧૪-૧૫ ઓગષ્ટ, ૨૦૧૧ના દિને રજત જ્યંતિ મહોત્સવ ઉજવવાનું, ૧૬ ઓગષ્ટ, ૨૦૧૧ના દિને રાબેતા મુજબની જનરલ સભાનું આયોજન કરવામાં આવેલ છે. મહોત્સવના કાર્યક્રમની ઉછમણી કરવામાં આવેલ, જેમાં દરેક સભ્યે હોંસે હોંસે ભાગ લઈને કાર્ય પૂર્ણ કરેલ છે. ઉછામણીમાં જે ભાઈઓને ચાન્સ મળેલ નથી તેઓની ઈચ્છા પૂર્ણ કરવા માટે વિચારવામાં આવેલ છે. જે ભાઈઓ હાજર રહેલ તે આ મહોત્સવ બાબતની જાણકારી મેળવેલ છે. બાકી હાજર ન હતા તે સૌને વિનંતી કરવામાં આવે છે કે તેઓ આ કાર્યક્રમમાં આવવા માટે આગોતરૂં આયોજન કરી, સમયસર નેત્રા ખાતે પરિવાર સહિત હાજરી આપવા વિનંતી કરવામાં આવેલ છે.

રજત જયંતિની યાદગીરીમાં સ્મૃતિગ્રંથ બનાવવાની કામગીરી ચાલુ છે. જેઓએ આજીવન સભ્ય ફી ભરેલ ન હોય તેઓ નજીકના કારોબારી સભ્યને મોકલી આપવા જણાવવામાં આવેલ છે.

# વિથોણ પાટીદાર સમાજની જનરલ સભામાં ત્રણે પાંખોની ભરચક હાજરી

વિથોણ : (અમારા પ્રતિનિધિ શ્રી શાંતિલાલ લીંબાણી દ્વારા)

અત્રે શ્રી લક્ષ્મીનારાયણ મંદિર સમાજવાડી પ્રાંગણમાં પાટીદાર સમાજની જનરલ મીટીંગ રાખવામાં આવેલ, જેમાં પાટીદાર સમાજ (આણંદસર-વિથોણ) ઉપરાંત પાટીદાર યુવક મંડળ તથા પાટીદાર મહિલા મંડળની બહેનો ઉપસ્થિત રહેલ. સંત શ્રી ખેતાબાપા સમૂહલગ્ન સમિતિના પ્રમુખ શ્રી અશોકભાઈ પદમાણીના વડપણ હેઠળ મળેલ આ સભામાં પાટીદાર સમાજના પ્રમુખ શ્રી માવજીભાઈ કેસરા ભગત (ભૂજ), કાન્તિભાઈ પદમાણી, શંકરલાલ દેવજી પદમાણી, શિવગણભાઈ નાયાણી, નાનજીભાઈ નાકરાણી, રતિલાલ ખેતાણી ("પાટીદાર સંદેશ"ના પ્રતિનિધિ), આણંદસરના પ્રમુખ લઘુભાઈ લીંબાણી, યુવક મંડળના પ્રમુખ ધીરજલાલ ભગત, મહિલા મંડળનાં મંત્રી શ્રી ચંચળબેન રૂડાણી, પ્રમુખ શ્રી ચંપાબેન હિરાલાલ પદમાણી તથા મોટી સંખ્યામાં સમાજનાં ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ખેતાબાપા સંસ્થાનના મંત્રી શ્રી કાન્તિભાઈ પદમાણીએ ખેતાબાપા સંસ્થાનની વર્તમાન અને ભાવિ યોજનાઓની વિસ્તૃત માહિતી આપી હતી. ઉપરાંત આગામી વર્ષે ખેતાબાપા સંસ્થાન ખાતે યોજાનારી શ્રીમદ્ ભાગવત કથા અને વિશાળકાય હનુમાનજીની મૂર્તિ પ્રતિષ્ઠા ઉજવવા પોથીયાત્રાથી માંડી કથા સમાપન સુધીના વિવિધ કાર્યક્રમોની રૂપરેખા વર્ણાવી હતી. શ્રી નાનજીભાઈ નાકરાણીએ સમૂહલગ્ન દરમ્યાન દર વર્ષે થોડા ફેરફાર કરવામાં આવે છે તેનો હેતુ માત્ર જ્ઞાતિજનોની સુવિધા પુરી પાડવાનો છે. જે કાર્ય સમૂહમાં અને સંપથી થશે. તેમાં નાણાં અને સમયનો મોટો બચાવ થશે. સમૂહલગ્નના પ્રમુખ અશોકભાઈ પદમાણીએ લગ્નો વિશે જણાવ્યું કે સમિતિ દ્વારા યથાયોગ્ય દાન અને ભેટ સોગાદો આપવામાં આવે છે પરંતુ આવતા દિવસોમાં હજુ પણ વધુ કન્યાદાન પેઠે આપવાનું વિચારાધીન છે.

આ સભામાં જ્ઞાતિ આગેવાનોએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. મોટી સંખ્યામાં જ્ઞાતિજનોની હાજરીએ લગ્નોમાં ઉત્સાહ કેવો છે તે ચિત્ર સ્પષ્ટ કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન નાનજીભાઈ નાકરાણીએ અને આભારવિધિ તુલસીદાસ સુરાણીએ કરી હતી.

## ભારત કો જાનો... પ્રશ્નમંચ

✦ જવાબો ✦

૧૧. (ક) રાકેશ શર્મા
૧૨. (અ) સરખેજ ગાંધીનગર રોડ
૧૩. (ક) મુંબઈ
૧૪. (બ) નાગપુર
૧૫. (બ) કેરળમાં વેમ્બાનાદ સરોવર પરનો બ્રીજ
૧૬. (અ) છત્રપતિ શિવાજી ટર્મિનસ
૧૭. (ડ) ડૉ. કેશવ બલિરામ હેડગેવાર
૧૮. (ક) સિવિલ હોસ્પિટલ, અમદાવાદ
૧૯. (અ) રશિયા
૨૦. (ડ) એલ.આઈ.સી. ઓફ ઈન્ડિયા

## રાયપુર (છ.ગ.)ના વર્તમાન

રાયપુર (છ.ગ.) : (અમારા પ્રતિનિધિઓ સર્વ શ્રી અર્જુનભાઈ ધનાણી તથા ભગવાનદાસ નાયાણી દ્વારા)

**(૧) હનુમાન જયંતિ મહોત્સવની ઉજવણી :**

તા. ૧૮-૪-૧૧ના દિવસે પાટીદાર સમાજ દ્વારા સંચાલિત શ્રી સંકટ મોચન હનુમાન મંદિર (ફાફાડીહ) મધ્યે હનુમાન જયંતિ મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ, જેમાં ભજન, કિર્તન તથા હનુમાન ચાલીસાનો પાઠ કરેલ. ૭-૩૦ વાગ્યે ધ્વજારોહણ અને વસ્ત્રાલંકાર યજમાનો દ્વારા કરવામાં આવેલ. ૭-૪૫ વાગ્યે મહાઆરતી વિવિધ યજમાનો દ્વારા કરવામાં આવી. ૮-૦૦ વાગ્યે પ્રસાદ વિતરણ કરવામાં આવ્યો, જેમાં ૪૦૦ કિલોના લાડવા બનાવવામાં આવેલ. પાટીદાર તેમજ અન્ય જ્ઞાતિના ૩૫૦૦ જેટલાં ભક્તજનોએ પ્રસાદ ગ્રહણ કરેલ. આ આયોજન અંતર્ગત મહાઆરતી તેમજ વસ્ત્રાલંકારના યજમાન સ્લીપર સપ્લાય સિંડીકેટ હસ્તે શ્રી બાબુભાઈ કરમશી વેલાણી, ભજન સંધ્યાના યજમાન - ઈશ્વર સૉ મીલ હસ્તે શ્રી મગનભાઈ વસ્તારામ નાકરાણી અને ધ્વજારોહણના યજમાન - શાંતિ ટીમ્બર ટ્રેડર્સ હસ્તે શ્રી ગોપાલ નથુ દિવાણી હતા.

યજમાનો તેમજ સંગીત સમિતિના સભ્યોનું સન્માન પાટીદાર સમાજના પ્રમુખ શ્રી બાબુભાઈ કરમશી વેલાણી તથા હનુમાન મંદિર વ્યવસ્થા સમિતિના પ્રમુખ શ્રી પન્નાલાલ કરસન દિવાણી દ્વારા કરવામાં આવેલ. આ આયોજનને સફળ બનાવવા માટે મંદિર સમિતિના સભ્યો સર્વ શ્રી પન્નાલાલ કરસન દિવાણી, વેલજી ડાયા રૂડાણી, કાંતિલાલ પચાણ ભીમાણી, જેઠા નાગજી દિવાણી, રામજી નથુ ધનાણી વિગેરેનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો તેમજ પ્રસાદ બનાવવા માટે કાર્યકર્તા ભાઈઓ સર્વ શ્રી મુળજી નારણ નાકરાણી, ગોપાલ નથુ દિવાણી, મોહન હંસરાજ વેલાણી અનો કરસાનભાઈ રામાણીનો વિશેષરૂપથી સહયોગ પ્રાપ્ત થયેલ. અત્રે ઉલ્લેખનીય છે કે હનુમાન મંદિરનો પાટોત્સવ તેમજ હનુમાન જયંતિ પ્રતિ વર્ષ છેલ્લાં ૧૧ વર્ષથી ઉજવવામાં આવે છે. જેમાં ભક્તજનોની સંખ્યા ૨૦૦ની આસપાસ રહેતી હતી પરંતુ ૧૧ વર્ષ બાદ પાટોત્સવ તા. ૧૦-૨-૧૧ અને હનુમાન જયંતિ તા. ૧૮-૪-૧૧ના દિવસે સમાજના સભ્યો તેમજ અન્ય ભક્તજનોની સંખ્યા ખૂબ જ રહેલ હતી જે હનુમાનદાદાના આશીર્વાદથી શક્ય બન્યું છે.

કાર્યક્રમનું સંચાલન તેમજ આભારવિધિ મંદિર સમિતિના મંત્રી શ્રી વેલજી ડાયા રૂડાણી દ્વારા કરવામાં આવેલ.

**(૨) રાયપુર ખાતે યુવાસંઘ છત્તીસગઢ રીજીયન દ્વારા યુવતી તાલીમ શિબિરનું આયોજન :**

યુવાસંઘના છત્તીસગઢ રીજીયન દ્વારા યુવતી તાલીમ શિબિરનું ત્રીદિવસીય આયોજન રાયપુર મધ્યે તા. ૧૭,૧૮ અને ૧૯મી જૂન, ૨૦૧૧ના રોજે કરવાનું નક્કી કરેલ છે, જેમાં મુખ્ય પ્રશિક્ષક તરીકે જયાબેન પ્રેમજીયાણી (મુંબઈ), નર્મદાબેન સેંઘાણી (સુરત) અને કવિતાબેન લીંબાણી (ગોધરા) સેવા આપશે. આ શિબિરમાં ૧૮ વર્ષ તેમજ તેથી વધુ ઉંમરની યુવતીઓ ભાગ લઈ શકશે. આ અંગે શુલ્ક યુવતીદીઠ રૂા. ૫૦૦/- નક્કી કરેલ છે. આ શિબિરમાં છત્તીસગઢ રીજીયન ઉપરાંત વિદર્ભ, મધ્યપ્રદેશ અને ઓરિસ્સા રીજીયનની યુવતીઓ ભાગ લઈ શકશે. શિબિરમાં ભાગ લેવા માટે છત્તીસગઢ રીજીયનના પદાધિકારી તથા યુવાસંઘ મહિલા પ્રતિનિધિ શ્રીમતી પુષ્પાબેન કાંતિલાલ નાકરાણી - મો.: ૯૩૦૩૬ ૩૯૬૫૬ અને શ્રીમતી તારાબેન દિનેશભાઈ છાભૈયા - મો.: ૯૪૦૬૪ ૦૪૫૧૩નો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

**(૩) શ્રી છત્તીસગઢ પાટીદાર મહિલા સંઘ દ્વારા બહેનો માટે હરિદ્વાર દર્શનનું આયોજન :**

બહેનોને હરિદ્વાર તેમજ તેમની આજુબાજુના તીર્થ સ્થળોના દર્શનનો લાભ મળી શકે તે હેતુથી છત્તીસગઢ મહિલા સંઘ દ્વારા માત્ર બહેનો માટે મર્યાદિત સંખ્યા ૧૦૦ બહેનો માટે પ્રથમ ચરણમાં છત્તીસગઢ મહિલા સંઘની વર્તમાન તેમજ ભૂતપૂર્વ કારોબારી સમિતિના સભ્યો સાથે અન્ય બહેનોને હરિદ્વારના દર્શન કરાવવા માટેનું આયોજન કરેલ છે. ભવિષ્યમાં અન્ય તીર્થ સ્થળોના દર્શન માટે મોટું આયોજન કરવાનું લક્ષ્ય છે તેમ છત્તીસગઢ મહિલા સંઘનાં પ્રમુખ શ્રીમતી શાંતાબેન રવજીભાઈ હળપાણી, રાયપુર દ્વારા જણાવવામાં આવેલ છે.





## નાવ મેં નદીયાં ડૂબી જાય
## અનોખી કબીર વાણી

સંપાદક : રતીલાલ ભીમજીભાઈ પટેલ (કાકા)
જશોદાભુવન, કચ્છ કડવા પાટીદાર કોલોની, અમદાવાદ-૩૮૦૦૨૨

**સાખી : કબીર કા ઘર પાય કે, કયા મુક્તિ કો રોય ।**
**જ્ઞાન મંદિર મેં સૌયે કે, તાન પછેડા સૌય ॥**

ઘી ખાવું હોય તો ચોપડીને કે મેળવીને ખવાય, સબડકા ના ભરાય, સબડકા ભરીને ઘી ખાવાથી તે આપણને ફાયદો નહિ કરતાં નુકસાન કરે છે. કારણ તેને પચાવવાની તાકાત આપણામાં નથી. તેમ કોઈ સાચા સંતના જીવનમાંથી જો આપણે આનંદ મેળવવો હોય તો તેના સ્મરણની જરૂર છે. સહવાસમાં લાંબો ટાઈમ રહેવાની જરૂર નથી અને જો સમજ્યા વિના લાંબો ટાઈમ પડી રહીએ તો તે સંતની દેહની ક્રિયા જોતા થઈ જ જઈએ તે ક્રિયા પ્રત્યે ભાવ અભાવ પ્રગટે અને અંતે હિત સાધતા અહિત સધાઈ જાય. ટૂંકમાં આટલું યાદ રાખજો કે સાચા સંતના સ્મરણ માત્રથી જ તે સંતના અંતર સાથે આપણું અંતર ઓતપ્રોત થઈ જાય છે. મેળવવા જેવી પ્રેરણાઓ આપણને આપણા અંતરમાંથી મળે છે અને તે મુજબનું ગુરૂ-શિષ્યનો સાચો સંબંધ તો એક ક્ષણ માત્રનો જ હોય છે. એકમેકની સાથે સમાનતા ધરાવનાર એવા બ્રહ્મજ્ઞાનના અધિકારી દિવ્યાત્માઓ દેહભાવ અને મનોભાવના, આપણી જે ઈચ્છા હોય તે શ્રદ્ધા વિશ્વાસથી મળે.

**સાખી : સુરજ ભુલતો નથી ઉગવાનું, કમળ ભુલતું નથી ખિલવાનું ।**
**અમો ભુલતા નથી કેવાનું, આપ ભુલશો નહિ અનુભવવાનું ॥**

સામાન્યપણે માણસને વિચાર કરવાથી, એટલું તો માલુમ પડે છે કે તે શરીરથી જુદો છે. શરીરનો કોઈપણ ભાગ કાપી નાખીએ તો પણ જીવ આત્મા પોતાને અધુરો માનતો નથી, સંપૂર્ણ જ માને છે. કારણ કે તે શરીર નથી તેમજ શરીર બાળી દઈએ છીએ તે પછી જીવ બીજું શરીર ધારણ કરે છે. એવી રીતે જીવને શરીરથી જુદો જાણી શકાય છે. હું સમજાશે ત્યારે જ્ઞાન માટે જરા વધારે સુક્ષ્મ વિચારની આવશ્યકતા છે. વિવેક જ્ઞાન વિજ્ઞાન બને છે. તંત્ર મંત્ર ચમત્કાર છે.

## તુમકુર યુવક મંડળ દ્વારા વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન

તુમકુર : (શ્રી હિંમતભાઈ રવાણી દ્વારા)

અત્રેના શ્રી લક્ષ્મીનારાયણ સનાતન સમાજના યુવક મંડળ દ્વારા સમાજવાડીના પ્રાંગણમાં વૉલીબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ, જેમાં તુમકુરની ચાર તથા બેંગલોરની આઠ ટીમો જોડાઈ હતી.

ફાઈનલ સ્પર્ધા તુમકુર-A અને પીનીયા-A વચ્ચે યોજાયેલ, જેમાં તુમકુર-A ટીમે ટુર્નામેન્ટ જીતી લીધી હતી. તુમકુર સમાજના પ્રમુખ શ્રી લાલજીબાપાએ વિજેતા ટીમનુ "કપ" આપીને સન્માન કર્યું હતું.



## "ગ્રીનસીટી" જગદલપુર (છ.ગ.)ના વર્તમાન

જગદલપુર (છ.ગ.) : (અમારા પ્રતિનિધિ શ્રી ભગવાનદાસ નાયાણી દ્વારા)

### જગદલપુર ગુજરાતી સમાજમાં પાટીદારોનું વર્ચસ્વ કાયમ :

અત્રે ગુજરાતી સમાજની સ્થાપના ૫૦ વર્ષ પૂર્વે થઈ હતી જ્યારે હાલમાં કુલ ગુજરાતીઓની સંખ્યા લગભગ ૧૫૦૦ની છે, જેમાં પાટીદારો માત્ર ૨૧૬ છે છતાં જગદલપુર ગુજરાતી સમાજમાં પાટીદારોનું વર્ચસ્વ વર્ષોથી છે. સમાજના પ્રમુખ વર્ષોથી પાટીદારો માંથી બને છે. સ્વ. વેલજીબાપા જગદલપુર ગુજરાતી સમાજના ભીષ્મપિતામહ કહેવાતા. સમાજના પ્રમુખ તરીકે ૨૭ વર્ષ સુધી હતા.



વાલજીભાઈ પરબતભાઈ રૂડાણી

તા. ૨૬-૩-૧૧ની સમાજની સામાન્ય સભા દરમ્યાન આગામી બે વર્ષના કાર્યકાળ માટે પ્રમુખ તરીકે શ્રી વાલજીભાઈ પરબતભાઈ રૂડાણી (કચ્છમાં : મોટી વિરાણી)ની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ અને શપથ ગ્રહણ સમારોહનું આયોજન તા. ૧૨-૪-૧૧ના રોજે રાખવામાં આવેલ, જેમાં નિવર્તમાન પ્રમુખ શ્રી ધનજી નારણ ભગત (શેરડીકંપા)નું સન્માન કરવામાં આવેલ કે જેમણે સમાજનું સતત ૬ વર્ષ સુધી નેતૃત્વ કરેલ. સાથે સાથે નિવર્તમાન સમસ્ત કારોબારીનું પણ સન્માન કરવામાં આવેલ. નવી કારોબારીમાં ખજાનચી તરીકે શ્રી પોપટલાલ ધનજી નાયાણી (વિથોણ) અને સહમંત્રી તરીકે શ્રી હરસુખ દેવજી ચોપડા (નાના અંગીયા)નો સમાવેશ કરવામાં આવેલ છે. ગુજરાતી સમાજ દ્વારા ઉચ્ચત્તર માધ્યમિક શાળા (L.K.G.થી ધો. ૧૨ સુધી)નું પણ સંચાલન ખાનગી ધોરણે કરવામાં આવે છે, જેમાં લગભગ ૧૮૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ શાળા સંચાલન સમિતિના પ્રમુખ શ્રી અનિલભાઈ ભાણજીભાઈ ભગત (શેરડીકંપા) છે. આમ સમાજ તેમજ ગુજરાતી શિક્ષણ સમિતિમાં વર્ચસ્વ આપણા પાટીદાર ભાઈઓનું છે.

(અભિનંદન... - તંત્રીઓ)

પાટીદાર સંદેશ

૧૦મી જૂન, ૨૦૧૧ (૧૯)



# શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) તથા ડોંબીવલી સમાજ અને યુવક મંડળના સહયોગથી યોજાઈ ગયેલ ભાગવત પારાયણ જ્ઞાનયજ્ઞ

ડોંબીવલી : (મંત્રી શ્રી વનિતાબેન જ્યંતિલાલ સેંઘાણી દ્વારા)

ડોંબીવલીના આંગણે પાવન ફાગણ માસે તા. ૧૬-૩-૧૧ થી તા. ૨૦-૩-૧૧ દરમ્યાન શ્રીમદ્ ભાગવત કથા પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન ઉમંગ અને ઉત્સાહથી થયું, જેમાં જ્ઞાનની પાવન ગંગા વહેવડાવનાર વ્યાસપીઠ પર બિરાજમાન પ.પૂ. સાધ્વી શ્રી ભારતીદીદી (બડવાહ) હતાં. જ્ઞાનગંગા સમાન સાધ્વી શ્રી ભારતીદીદીનું તેમજ પોથીનું સામૈયુ તા. ૧૩-૩-૧૧ના રોજ સાંજે ૫-૦૦ કલાકે સ્વાગત ગીત અને ભજનની ધૂનથી કરવામાં આવ્યું. તા. ૧૪-૩-૧૧ના બપોરે ૧-૩૦ કલાકે પોથીયાત્રા માવજી સ્મૃતિથી "વૃંદાવનધામ" પાટીદાર ભવન તરફ થઈ, જેમાં ઉત્સાહભેર જનસમુદાય સહભાગી થયો અને રાસ-ગરબાની રમઝટ કરતા બધા વૃંદાવનધામ પહોંચ્યા. ત્યાં દીદીનું સ્વાગત કરી પોથી તથા દીદીને વ્યાસપીઠ પર બિરાજીત કરવામાં આવ્યાં.

સમાજના આગેવાન વડીલો જેમાં સર્વ શ્રી કાંતિભાઈ નારણ સેંઘાણી, મેનેજિંગ ટ્રસ્ટી છગનભાઈ પોકાર, ટ્રસ્ટી રતિભાઈ ઉકાણી, ડોંબીવલી સમાજના પ્રમુખ અરૂણભાઈ નાકરાણી, મંત્રી શાંતિલાલ ભીમાણી તથા મહિલા મંડળનાં પ્રમુખ મધુબેન સાંખલાએ દિપ પ્રાગટ્ય કરી મા ઉમિયાની આરતી કરી હતી. પૂ. દીદીએ કથા આરંભ કરી શ્રોતાઓને પોતાની વાણીથી મંત્રમુગ્ધ કરી દીધા હતા. તા. ૧૫-૩-૧૧ના રોજ ભાગવતના જ્ઞાન સાથે સાંસારિક સમજ અને વ્યવહારનું જ્ઞાન સતત ચાલુ રહ્યું. શ્રોતાગણ જાણે વૃંદાવનમાં રંગાઈ ગયા હતા. તા. ૧૬-૩-૧૧ના રોજ ભાગવત શ્રવણના એવા તો ઘેલા બન્યા કે લોકસમુદાયનો જાણે મેળો જામવા લાગ્યો અને વૃંદાવન ધામમાં દર્શન માટે લોકો ઉમટી પડ્યા. જોતજોતામાં તા. ૧૭-૫-૧૧નો દિવસ આવ્યો. પ્રત્યેક શ્રોતાના મનમાં વ્હાલા પ્રભુના જન્મનો પ્રસંગ માણવાનો અનેરો સમય આવી પહોંચ્યો. શ્રી કૃષ્ણનો જન્મ જાણે મથુરાની જેલમાં થયો હોય એવું અનોખું વાતાવરણ ખડું કરાયું હતું, જેમાં "નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી"નો જયઘોષ સમગ્ર વાતાવરણમાં ગુંજી ઉઠ્યો.



જીવનમાં આપણે અનેક અભિમાન અને કુટેવોથી ઘેરાયેલા રહીયે છીએ. શ્રી ભગવાન ઈન્દ્રના અભિમાનને તોડવા શ્રી કૃષ્ણએ ગોવર્ધન ધારણ કર્યો અને સમગ્ર વૃંદાવનવાસીના તારણહાર બન્યા. તેજ પ્રમાણે તા. ૧૮-૩-૧૧ના રોજ શ્રી ગોવર્ધન ઉત્સવ હર્ષોલ્લાસથી ઉજવવામાં આવ્યો, જેમાં શ્રોતાઓ દ્વારા લેવાયેલા પ્રસાદ અને છપ્પન ભોગ રાખવામાં આવ્યા અને ગોવર્ધન પૂજા કરવામાં આવી.

રૂક્ષ્મણી વિવાહનો લ્હાવો એટલે પ્રત્યક્ષ ઈશ્વરના વિવાહને માણવાનો અનેરો અનુભવ. ઈન્દ્રના સ્વર્ગને ભુલાવી દે એવી અદ્ભૂત અનુભૂતિ એટલે શ્રી રૂક્ષ્મણી વિવાહ, જે તા. ૧૯-૩-૧૧ના રોજ સમગ્ર દેવી, દેવતાઓ અને જનસમુદાયની વ્યાપક હાજરીમાં સર્વેએ હરખભેર રૂક્ષ્મણી વિવાહ માણ્યો. પ્રભુના દર્શન કરવા તેમજ તેમના આશીર્વાદ મેળવવા તલપાપડ થવા માંડ્યા. જોતજોતામાં સંધ્યાનો સમય થયો. અન્યાય પર ન્યાયના વિજય સમો પર્વ એટલે હોળીકા દહન. શ્રી ભારતીદીદીના શુભહસ્તે સમાજવાડીના ભવ્ય પ્રાંગણમાં કરવામાં આવ્યું.

તા. ૨૦-૩-૧૧નો દિવસ એટલે હરખ અને વેદના. ન સમજાય એવી ભાવના પ્રત્યેકના મનમાં ઉભરાવા માંડી. સવારના ૯-૦૦ કલાકે હવનની શરૂઆત થઈ. હવનની વિધિ આગળ વધી અને ફરી પાછો સમય થયો શ્રી ભારતીદીદીની અમૃતવાણીનું શ્રવણ કરવાનો. મન ભારી હત અને આંખમાં હરખનાં આંસુ હતા. શ્રીમદ્ ભાગવત કથાનો અંતિમ દિવસ જોતજોતામાં આવી ગયો. આ દિવસ એટલે ધુળેટીનો પાવન પર્વ. આ દિવસે સર્વ શ્રોતાઓ, કાર્યકર્તાઓ, ટ્રસ્ટીઓ, સર્વ નાના-મોટા ભેગા મળી શ્રી ભારતીદીદીની અનુમતીથી સર્વ વૃંદાવન વાસીઓએ રંગપંચમીનો કાર્યક્રમ માણ્યો. જાણે વ્રજમાં કાન-ગોપી સાથે રમતા હોય એવું દશ્ય જણાતું હતું. સર્વ લોકો અવનવા રંગમાં રંગાઈ ગયા.

આ પ્રસંગ દરમ્યાન પૂ. ભારતીદીદી તથા દાતાઓના સન્માનનો કાર્યક્રમ કરવામાં આવ્યો. શ્રી દીદીનું સન્માન ચેરમેન શ્રી કાંતિભાઈ સેંઘાણી તેમજ મધુબેન સાંખલાએ કર્યું. શ્રી કાંતિભાઈ તથા શ્રી અરૂણભાઈએ પ્રસંગ અનુરૂપ પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું. કાર્યક્રમના અંતે મહિલા મંડળનાં પ્રમુખ મધુબેન સાંખલાએ આભારવિધિ પૂર્ણ કરી હતી. પૂ. ભારતીદીદીના હાથે હવનમાં નારીયેળ હોમી જ્ઞાનયજ્ઞનું સમાપન કરવામાં આવ્યું. સર્વ જ્ઞાતિજનોએ મહાપ્રસાદ લઈ ભારી હૃદયે વિખૂટા પડ્યા.

શ્રીમદ્ ભાગવત કથા પારાયણ જ્ઞાનયજ્ઞના મહાઆયોજનને સાથ અને સહકાર આપનાર અને આવા પાવન કાર્યક્રમને ઉજાગર કરનાર મહાનુભાવોનો શ્રી કચ્છ કડવા પાટીદાર મહિલા મંડળ, ડોંબીવલી હૃદયપૂર્વક આભારી છે.

**દાતાઓ :**

(૧) **પાણીના દાતા :** સર્વ શ્રી દેવકાંબેન કાનજી શીરવી, કેસરબેન ગોવિંદ સેંઘાણી, જગદીશભાઈ રામજી સેંઘાણી, પોકાર ફોટોસ્ અને પટેલ ક્રિએશન.

(૨) **શ્રી કૃષ્ણ જન્મના દાતા :** શ્રી પ્રેમજી ભાણજી વાસાણી – રૂા. ૫૧,૦૦૦/-

(૩) **ગોવર્ધન પૂજાના દાતા :** શ્રી રતિલાલ ઉકાણી – રૂા. ૨૫,૦૦૦/-

(૪) **રૂક્ષ્મણી વિવાહના દાતા :** શ્રી નારણ મુળજી રામજીયાણી – રૂા. ૯૧,૦૦૦/-

# ઉમેદપુરાકંપામાં લક્ષ્મીનારાયણ મંદિરનો રજત જયંતિ મહોત્સવ ઉત્સાહભેર ઉજવાયો

ઉમેદપુરાકંપા : (અમારા પ્રતિનિધિ શ્રી પ્રહલાદભાઈ પોકાર, હાલોલ દ્વારા)

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના ખોબલા જેવડા ઉમેદપુરાકંપામાં બે દિવસ આયોજિત લક્ષ્મીનારાયણ મંદિરનો રજત જયંતિ મહોત્સવ ભારે ઉત્સાહપૂર્વક ઉજવાઈ ગયો. આ પ્રસંગે ગામની પરણિત દિકરીઓ (નિયાણી તથા જમાઈ), દિકરા-દિકરીઓના સાસુ-સસરા (વેવાઈઓ) તથા સમાજોના અગ્રણીઓ તેમજ ધર્મપ્રેમી જનતા સારી એવી સંખ્યામાં ઉપસ્થિત રહી મહોત્સવની શોભા વધારી ઉપસ્થિત આદરણીય સંતોના આશીર્વચન અને અમૃતવાણીનો લાભ લીધો હતો.

મહોત્સવના આગલા દિવસે માનવ સેવાના કાર્યરૂપે સ્થાનિક યુવક તથા મહિલા મંડળ તેમજ લાયસન્સ ક્લબ ઓફ તલોદ તથા રેડક્રોસ સોસાયટી, હિંમતનગરના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ, જેમાં ૬૫ બોટલ બ્લડ એકઠું કરવામાં આવેલ. રાત્રે રાસ-ગરબાનું આયોજન કરવામાં આવેલ. તા. ૯-૫-૧૧ના રોજ સવારે શોભાયાત્રા કાઢવામાં આવેલ, જેમાં શણગારેલ રથમાં લક્ષ્મી સ્વરૂપે મનિષા પોકાર તથા નારાયણ સ્વરૂપે તેમના પતિ ગૌતમ કાંતિભાઈ પોકાર તેમજ ગરૂડ સ્વરૂપે હાર્દિક દયારામભાઈ પોકારે સ્થાન લીધું હતું. આ પ્રસંગે મ્યુઝીક બેન્ડની સુરાવલીઓના સુર સાથે ઉપસ્થિત તમામ ભાઈ-બહેનો, વહુ-દિકરીઓ અને વડીલોએ શોભાયાત્રામાં ભાગ લીધો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત સંતોને આવકારવા ગામના યુવાનોએ ગામથી પાંચ કિ.મી. દૂર મોટર સાયકલ ઉપર સવાર થઈ પાયલોટીંગ કરી સંતોને આવકારી ગામના વડીલ શ્રી નારણબાપા પોકાર પરિવારના માતૃશ્રી સ્વ. જમનાબેન નારણભાઈ પોકાર તથા પુત્રવધૂ સ્વ. કમળાબેન કાંતિલાલ પોકારના સ્મણાર્થે પત્થરમાંથી બનાવવામાં આવેલ પ્રવેશદ્વાર સુધી સંતોનું આગમન કરાવ્યું હતું. ગામના વડીલોએ ઉપસ્થિત સંતોનું પૂજન કરી આવકાર્યા બાદ સંતોના વરદ્ હસ્તે પ્રવેશદ્વારનું તિલક કરી રીબીન કાપી પ્રવેશદ્વારનું લોકાર્પણ કરી ખુલ્લો મુકવામાં આવેલ.

બપોર પછી ૨-૩૦ કલાકે સંતોના વરદ્ હસ્તે દિપ પ્રાગટ્ય કરી ધર્મસભાની શરૂઆત કરવામાં આવી હતી. શબ્દોથી સ્વાગત બાદ કુ. રેખા અમૃતભાઈ લીંબાણી, કુ. રીંકલ બાબુલાલ લીંબાણી, કુ. તૃપ્તિ વાલજીભાઈ લીંબાણી, કુ. હેતલ મણીલાલ લીંબાણી તેમજ કુ. શિલ્પા અંબાલાલ રામાણીએ સ્વાગત ગીત દ્વારા સૌનું સ્વાગત કર્યું હતું. ગામના વડીલોએ ઉપસ્થિત સંતોશ્રીઓનું ફુલહાર અને શાલ દ્વારા સન્માન કર્યું હતું.

ધર્મસભાને સંબોધતાં પ.પૂ. શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર કેશવદાસજી મહારાજશ્રી (રામજી મંદિર, સુંદરપુરા)એ જણાવેલ કે આ નાના સરખા ગામમાં આજથી પચ્ચીસ વર્ષ પહેલાં આ ગામના વડીલોએ લક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિર બનાવ્યું અને આજે તેનો રજત જયંતિ મહોત્સવ ઉજવાઈ રહ્યો છે ત્યારે આજની પેઢીમાં વડીલોના સંસ્કારનું સિંચન જળવાઈ રહ્યું છે તે આપણે સૌ આ પ્રસંગે અનુભવી રહ્યા છીએ. સારા સંસ્કારોથી સંપ બને જ્યાં સંપ છે ત્યાં સંપત્તિ અને શક્તિમાં વધારો થતો જોવા મળે છે. ધર્માત્મા બનશો તો જ પરમાત્માને પામશો.

પ.પૂ. સંત શ્રી મોહનદાસજી મહારાજ (ચૈતન્ય સ્વરૂપ આશ્રમ, નખત્રાણા)એ આશીર્વચન આપતાં જણાવેલ કે વ્યસન અને ફેશનથી યુવાશક્તિને દૂર રાખી ઘર પરિવારમાં બાળકોને સુંદર સંસ્કાર આપવા અને સાસુ-વહુના સંબંધોમાં મીઠાશ રાખવા તેમજ આદરભર્યું વર્તન કરવા દરેક બહેનોને ભારપૂર્વક જણાવેલ. આ ધર્મસભામાં પ.પૂ. સ્વામી શ્રી શિવાનંદજી મહારાજ (વેદાંત આશ્રમ, વલાદ), પ.પૂ. હરિહર મહારાજશ્રી (કૃષ્ણ આશ્રમ, નવાનગર), પ.પૂ. કેશવાનંદજી મહારાજ (રામજી મંદિર, સલાટપુર) વિગેરે સંતોએ ઉપસ્થિત રહી આશીર્વચન આપ્યા હતા. રાત્રે શિવશક્તિ ટીમ્બર હૈદ્રાબાદવાળા જેઠાભાઈ વેલજીભાઈ ભાવાણી તથા કાંતિલાલ વેલજીભાઈ ભાવાણી પરિવારના સૌજન્યથી ઈશરદાન ગઢવીના રંગ કસુંબલ ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૧૦-૫-૧૧ના રોજે સવારે ૮-૩૦ કલાકે ગામના વડીલો અને માતાઓનો સન્માન સમારોહ, નિયાણી ભેટ તથા સામાજિક સભાનું આયોજન કરવામાં આવેલ, જેમાં સમારંભના પ્રમુખ તરીકે શાંતિલાલ નાકરાણી (તલોદ), ઉપપ્રમુખશ્રી, કેન્દ્રિય સમાજ દક્ષિણ સાબરકાંઠા ઝોન, ઉદ્દ્ઘાટક શ્રી નારણભાઈ શિવદાસભાઈ પોકાર, ઉ.વ. ૯૬ (ઉમેદપુરાકંપા), અતિથિ વિશેષશ્રીઓમાં ડાહ્યાભાઈ નાકરાણી (બદામકંપા), ઉપપ્રમુખશ્રી, કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ધનસુરા, અમૃતભાઈ રામાણી (રાજપુરકંપા) મંત્રીશ્રી, કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ધનસુરા, શ્રીમતી નર્મદાબેન નાકરાણી (બદામકંપા) ઉપપ્રમુખ, કેન્દ્રિય મહિલા મંડળ, નખત્રાણા, શ્રીમતી કમળાબેન લીંબાણી પ્રમુખશ્રી, કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ મહિલા મંડળ, ધનસુરા તેમજ વડીલ શ્રી રતિલાલ એલ. પટેલ રીટાયર પ્રિન્સિપાલ (તલોદ), વાલજીભાઈ એલ. ધોળુ (તલોદ), બેચરભાઈ એમ. પટેલ (મોતેશ્રી) માજીપ્રમુખ, સનાતન સમાજ, ધનસુરા તથા ગામના વડીલો અને માતાઓએ ડાયસ ઉપર સ્થાન લીધા બાદ ગામના વયોવૃદ્ધ વડીલ શ્રી નારણબાપા પોકારના વરદ્ હસ્તે દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. ત્યારબાદ કુ. રાધા બાબુલાલ ભાવાણી (હૈદ્રાબાદ), કુ. સોની બાબુલાલ ભાવાણી (હૈદ્રાબાદ), કુ. આશા રમેશભાઈ ભાવાણી (હૈદ્રાબાદ) તેમજ કુ. ગોપી રમેશભાઈ ભાવાણી (હૈદ્રાબાદ) વિગરેએ સ્વાગત ગીત દ્વારા સૌનું સ્વાગત કર્યું હતું. ગામના વડીલો અને માતાઓના પુષ્પગુચ્છ તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત નિયાણીઓ તથા કુંવારિકાઓને નિયાણી ભેટના મુખ્ય દાતા શ્રી સ્વ. વેલજીભાઈ હિરજીભાઈ ભાવાણી પરિવારના વડીલો સર્વ શ્રી કરમશીભાઈ ભાવાણી, જેઠાભાઈ ભાવાણી, જયંતિભાઈ ભાવાણી, કાંતિભાઈ ભાવાણી, ગં.સ્વ. મેઘાબેન કરસનભાઈ ભાવાણી તેમજ સહયોગી દાતા શ્રી રતિલાલ દેવસીભાઈ પોકારના સુપુત્ર મનસુખભાઈ પોકાર તથા તેના ભાગીદારો મહેશ પટેલ અને પંકજ પટેલ (કુત્તી, મ.પ્ર.) તેમજ સ્વ. મુળજીભાઈ કરસનભાઈ રામાણી (ઉમેદપુરાકંપા)ના પરિવારજનોના વરદ્ હસ્તે નિયાણીને ભેટ આપવામાં આવી હતી. સી.એ.ની ડીગ્રી મેળવનાર ગામના યુવાન મયંક બેચરભાઈ પોકારનું તથા નિયાણા તરીકે ઉપસ્થિત રહેનાર મુકેશ મગનભાઈ લીંબાણી (હાલોલ)નું નિવૃત્ત પ્રિન્સિપાલ રતિભાઈ પટેલના વરદ્ હસ્તે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રાસંગિક પ્રવચનોમાં સમારંભના પ્રમુખ શ્રી શાંતિલાલ નાકરાણીએ ગામના વડીલો, યુવાનો અને મહિલાઓએ ધાર્મિક કાર્યની સાથે સાથે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરી સમગ્ર માનવની સેવાનું કાર્ય કર્યું તે બદલ સૌનો આભાર માની અભિનંદન આપ્યા હતા. નર્મદાબેન નાકરાણી તથા કમળાબેન લીંબાણીએ પ્રાસંગિક પ્રવચનમાં આ પ્રસંગે નિયાણીઓને આમંત્રણ આપવા બદલ ગ્રામજનોનો આભાર માન્યો હતો. તેમણે સગપણની સમસ્યા અને ભાગેડુ લગ્નો અટકાવવા પ્રથમ દરેક દિકરી અને માતાઓને જાગૃત થવા વિનંતી કરી હતી. અન્ય મહાનુભાવોમાં અમૃતભાઈ રામાણી, રતિલાલ પ્રિન્સિપાલ, ડાહ્યાભાઈ નાકરાણી વિગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

શ્રી પ્રહલાદભાઈ પોકારે રજત જયંતિ મહોત્સવનું સુંદર આયોજન કરવા બદલ આયોજન સમિતિના પ્રમુખ જયંતિભાઈ વેલજીભાઈ ભાવાણી (હૈદ્રાબાદ) તથા તેમની ટીમના સભ્યોનો આભાર માન્યો હતો. તેમણે તમામ દાતાઓ, આમંત્રિત નિયાણીઓ અને મહેમાનો તથા ખાસ કરીને સ્વયંસેવક તરીકે સેવા આપનાર દરેક સમિતિઓના કન્વીનર તથા તેમની ટીમના સભ્યો તથા આચાર્યોનો મહોત્સવને સફળ બનાવવા બદલ આભાર માન્યો હતો.

કાર્યક્રમમાં સભાઓનું સંચાલન શ્રી ઘનશ્યામભાઈ પટેલ (બોરડીટીંબાકંપા) તથા શ્રી પ્રહલાદભાઈ પોકાર ("પાટીદાર સંદેશ"ના ઝોન ચેરમેન, હાલોલ)એ સંભાળેલ.

## સાબરકાંઠાના વર્તમાન



# મોડાસાની નવાજુની

મોડાસા : (અમારા પ્રતિનિધિ શ્રી ઈશ્વરલાલ રામાણી દ્વારા)

## (૧) મોડાસા શહેર સનાતન સમાજનું પ્રથમ સ્નેહ મિલન અને ઈનામ વિતરણ કાર્યક્રમ રંગેચંગે યોજાયો :

અત્રે તા. ૨૪-૪-૧૧ના ઉમિયા ચોક ખાતે મોડાસા શહેર સનાતન સમાજનું પ્રથમ સ્નેહ મિલન અને ઈનામ વિતરણ કાર્યક્રમ શહેર સનાતન સમાજના પ્રમુખ અમૃતભાઈ (તલાટી)ના અધ્યક્ષસ્થાનો સમાજના હોદ્દેદારશ્રીઓની ઉપસ્થિતિમાં રંગેચંગે યોજાઈ ગયો.

**આ રહ્યા સ્નેહ મિલનના ચમકારા :**

- પ્રથમ સ્નેહ મિલનમાં વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઈનામ વિતરણ.
- સમાજના વિશેષ હોદ્દેદારોની ઉપસ્થિતિ.
- ૨૨૫ સનાતન પરિવારો અને ૧૧૦૦ની જનસંખ્યાનાં નોંધણી-ફોર્મ ભરાયા.
- કેન્દ્રિય શ્વેતપત્રનું ચુસ્તપણે પાલન કરવાના રણટંકારને સનાતન ભાઈ-બહેનોએ વધાવ્યો.
- મવાળવાદીઓને સ્પષ્ટ થઈ જવાની ચેતવણી.
- કેટલાક મવાળવાદીઓને કાર્યક્રમથી દૂર રાખવામાં આવ્યા.

આ પ્રસંગે દક્ષિણ સાબરકાંઠા ઝોનના પ્રમુખ શ્રી પૂનમભાઈ, મોડાસા વિભાગીય સનાતન સમાજના પ્રમુખ શ્રી ખીમજીભાઈ, શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ મોડાસા વિભાગના પ્રમુખ શ્રી મગનભાઈ, મોડાસા કે.પી. છાત્રાલયના પ્રમુખ શ્રી મગનભાઈ રામજીભાઈ તથા શ્રી કચ્છ કડવા પાટીદાર પ્રગતિ મંડળ, મોડાસાના પ્રમુખ શ્રી વસંતભાઈ સહિત હોદ્દેદારોની ઉપસ્થિતિમાં અધ્યક્ષસ્થાનેથી શ્રી અમૃતભાઈ (તલાટી)એ જણાવ્યું હતું કે તાજેતરમાં સમાજની પ્રવાહી પરિસ્થિતિમાં દૂધ-દહીંમાં (મવાળપંથી) પગ રાખવાવાળાને હવે સનાતન સમાજ ચલાવી નહિ લે તેમજ કેન્દ્રિય સમાજે શ્વેતપત્ર બહાર પાડેલ છે. તેનો હવે દેશભરમાં અમલ શરૂ થયો છે ત્યારે શ્વેતપત્રનો કેન્દ્રિય બંધારણનો ચુસ્તપણે પાલન કરવાનો સૌને અનુરોધ કર્યો હતો.

સનાતન સમાજનાં બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવેલ. સનાતન સમાજના પ્રથમ વર્ષે લગભગ ૨૨૫થી વધારે સભ્ય ફી ભરીને અંદાજે ૧૧૦૦ જેટલી જનસંખ્યાની નોંધણી કરાઈ હતી. સૌએ સાથે સમૂહ ભોજન લીધું હતું. કાર્યક્રમને સફળ બનાવવા યુવા ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

## (૨) ઉમિયા માતાજી મંદિરનો ઉત્સવ :

તા. ૧૪-૪-૧૧ ગુરૂવાર, ચૈત્ર સુદ અગીયારસના દિવસે ઉમિયા માતાજી મંદિર ખાતે પાંચ વર્ષ પૂર્ણ થયા, જેમાં માતાજીનો ફોટો-પાનમૂર્તિ પૂજન, દૈનિક આરતી સવાર-સાંજ તેમજ દર રવિવારે સાંજે મહાઆરતી મહાપ્રસાદ સાથે થાય છે. તેની ઉજવણી કરવામાં આવેલ.

ઉમિયા માતાજી મંદિર ખાતે માતાજીની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સામાજિક મડાગાંઠના કારણે બંધ રહેલ, જેને પાંચ પાંચ વર્ષ વીતી ગયા છે ત્યારે તા. ૧૪-૪-૦૬ના શુભ દિને મોડાસા ખાતે ગાયત્રી પરિવાર દ્વારા પ્રજ્ઞા પુરાણનાં કથાકાર પૂ. ગીતાબા ગઢવીના હસ્તે તા. ૧૪-૪-૦૬ના રોજ ઉમિયા માતાજી મંદિર ખાતે માતાજીનો ફોટો (પાનમૂર્તિ) પ્રતિષ્ઠા કરવામાં આવેલ, જેમાં સામાજિક આગેવાનો, ભક્તો હાજર રહ્યા હતા ત્યારથી પાંચ પાંચ વર્ષથી સવાર-સાંજ નિયમિત આરતી, સ્તુતિ, ભજન અને તહેવારોની ઉજવણી થાય છે, જેમાં અન્ય સમાજનાં માઈભક્તો પણ હાજર રહે છે. માતાજી તેમજ શિવ પરિવાર સહ મૂર્તિઓ પાંચ પાંચ વર્ષથી પ્રતિષ્ઠા વિહિન પડી રહેલ છે. જે સમાજ માટે દુ:ખદ ઘટના છે. તેવું આપણે તો શું ગામના અન્ય સમાજના લોકો પણ ચિંતા સેવી રહ્યા છે.

## (૩) મોડાસામાં કેશવલાલ શેઠને શ્રદ્ધાંજલી :

ઉમિયા માતાજી મંદિર (ઊંઝા)ના પ્રમુખ શેઠ શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ તા. ૧૧-૪-૨૦૧૧ના રોજ દેવલોક પામેલ. જેઓ પાટીદાર સમાજ શિરોમણી, પાટીદાર રત્ન, દીર્ઘદષ્ઠા, ઉચ્ચ અને હકારાત્મક વિચારસરણીવાળા મા ઉમા ભક્ત હતા.

તા. ૧૬-૪-૨૦૧૧ શનિવારના સાંજે ઉમિયા માતાજી મંદિર મોડાસા ખાતે શ્રદ્ધાંજલી સભા મળેલ હતી, જેમાં મૌન, ધૂન, પ્રાર્થના અને શ્રદ્ધાંજલી સુમન વ્યક્ત કરવાનો કાર્યક્રમ યોજવામાં આવેલ.

પાટીદાર સંદેશ                                   ૧૦મી જૂન, ૨૦૧૧ (૨૧)




# કપડવંજમાં નાઈટ વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન

કપડવંજ : (શ્રી ચંદુભાઈ ડી. પોકાર દ્વારા)

સમાજનાં યુવક મંડળોના ઉપક્રમે અત્રેની જીવન શિલ્પ સંકુલમાં "સીલીકોન લેમીનેટ" નાઈટ વોલીબોલ શુટીંગ બોલ ટુર્નામેન્ટ તા. ૨૩-૪-૧૧ના રોજ આયોજન કરવામાં આવેલ. સમાજની દિકરીઓની પ્રાર્થના બાદ સ્વાગત પ્રવચન

અતિથિ વિશેષ શ્રી મોહનભાઈએ જણાવેલ કે આ ટુર્નામેન્ટ દ્વારા સમગ્ર ગુજરાત રાજ્યમાંથી ૬૪ ઉપરાંત ટીમોએ ભાગ લઈને સફળ બનાવવાનો પ્રયત્ન કરેલ. તે માટે સૌ આયોજકોને અભિનંદન પાઠવેલ. સમાજના પ્રમુખ

નાસ્તાના દાતા શ્રી બાબુભાઈ પી. પટેલ (લક્ષ્મીપૂજા પરિવાર), બેસ્ટ શૂટર કપના દાતા શ્રી રવિભાઈ પટેલ (એરોલેમ લેમીનેટ), બેસ્ટ નેટીકપનાના દાતા શ્રી ભરતભાઈ પટેલ (સંગમ પ્લાયવુડ), બેસ્ટ સર્વિસના કપના દાતા શ્રી નારણભાઈ ટી.


ટુર્નામેન્ટમાં ચેમ્પીયન થયેલ નાના અંગીયાની ટીમ

યુવક મંડળના પ્રમુખ હિરાભાઈ ચૌહાણે કરેલ. ટુર્નામેન્ટનું ઉદ્‌ઘાટન કપડવંજના ધારાસભ્ય શ્રી મણીભાઈ ડી. પટેલે દિપ પ્રાગટ્યથી કરેલ. આ પ્રસંગે તેઓએ સમાજમાં શિક્ષણની સાથે રમતગમતનું મહત્વ સમજવાની બાબત પર ભાર મુકેલ. જીવન શિલ્પ એજ્યુકેશનના ડિરેકટર શ્રી વિપુલભાઈએ સમાજને સંગઠિત કરવા માટે રમતગમત દ્વારા ખેલદિલી અને આત્મીયતા કેળવવા સુચનો કરેલ.

કેશુભાઈ રાજારામ ચોપડા અને ડાહ્યાભાઈ પટેલે આ ટુર્નામેન્ટનો હેતુ સમજાવ્યો હતો. લક્ષ્મીપુજા પરિવારના બાબુભાઈએ ગુજરાત રાજ્યમાંથી આવેલ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર દરેક ખેલાડીને અભિનંદન આપેલ.

આ ટુર્નામેન્ટના મુખ્ય સ્પોન્સર (દાતા) હર્ષદભાઈ પટેલ જ્યારે ભોજનના દાતા શ્રી વિપુલભાઈ કે. પટેલ (મેનેજિંગ ટ્રસ્ટી, જીવન શિલ્પ એજ્યુકેશન), ચૌહાણ (પ્રમુખશ્રી, ટીમ્બર મરચન્ટ એસોસીએશન), સહયોગી દાતા શ્રી કેતનભાઈ એચ. ધોળુ, સાઉન્ડ સિસ્ટમના દાતા શ્રી જનકભાઈ પટેલ (ગણેશ માર્કેટીંગ, કપડવંજ), ચાના દાતા શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ (રામપુરાલાટ), પાણીના દાતા શ્રી પુરૂષોત્તમભાઈ જી. પટેલ (સુખપુરા)

યુવક મંડળના પ્રમુખ શ્રી હિરાભાઈ ચૌહાણ, જયસુખભાઈ પટેલ તથા મંત્રી શ્રી પુરૂષોત્તમ વાલાણી, અનુપ પોકાર, હર્ષદ વાઘડીયા, વિનોદ લીંબાણી અને વિમલ માકાણી વિગેરેએ આ ટુર્નામેન્ટના આયોજનમાં ખૂબ જ જહેમત ઉઠાવી હતી. આ ટુર્નામેન્ટ સળંગ રમાડવામાં આવી હતી. જેની ફાઈનલ વહેલી સવારે પાંચ વાગ્યા સુધી રમાઈ હતી, જેમાં ચેમ્પિયન તરીકે નાના અંગીયા (કચ્છ)ની ટીમને સીલીકોન લેમીનેટ વિનર્સ કપ એનાયત કરવામાં આવેલ. વાસદની ટીમને ગોલ્ડન પ્લાય એન્ડ પાઈનસ્ટાર રનર્સઅપ કપ ઉપરાંત બેસ્ટ શૂટર કપ હિતેશ પારસીયા (નાના અંગીયા), બેસ્ટ નેટી કપ રસિકભાઈ ઘોઘારી (આણંદ) તથા બેસ્ટ સર્વિસ કપ કપડવંજ ટીમ્બર મરચન્ટ એસોસીએશન દ્વારા હેમંતભાઈ લીંબાણી (વાસદ)ને એનાયત કરવામાં આવ્યો હતો. સમગ્ર ટુનમિન્ટમાં શૈલેષભાઈ જોષી તથા તેમની ટીમે રેફરી તરીકે પ્રો. જે.આર. ચૌહાણ, હિતેન્દ્ર પટેલ (બકો)એ સેવા આપી હતી.

મંત્રી શ્રી નીતિન એમ. ભગતે આભારવિધિ તથા કાર્યક્રમનું સંચાલન મિત્તલબેન પટેલે કરેલ.



## સમાજજનોને માનવીય અપીલ

માનનીય પ્રમુખશ્રી/તંત્રીશ્રી,

સહર્ષ હું વિપુલ પુરૂષોત્તમભાઈ વાસાણી, ગામ વડવા (કાંયા) હાલે નાલાસોપારા-મુંબઈ, કચ્છ કડવા પાટીદાર સમાજનો સભ્ય છું. મારો પુત્ર દક્ષ જે અત્યારે સાડા ત્રણ વર્ષનો છે. જેને બાળપણથી સાંભળવાની તકલીફ છે અને તેથી તે બોલી પણ નથી શકતો અને ડૉકટરોનું કહેવાનું એમ થાય છે કે એક સર્જરી કરાવવાથી તે સાંભળી શકશે અને તેનું ભવિષ્ય સુધરી શકશે. આ સર્જરીનું નામ "કોકલિઅર ઈમ્પલાન્ટ" છે. જેનો ખર્ચ અંદાજે રૂા. ૭,૫૦,૦૦૦/- છે અને અત્યારે મારી પરિસ્થિતિ નથી કે હું બધા રૂપિયા જમા કરી શકુ તેથી કરીને હું સમાજ અને સમાજના ભાઈઓ પાસેથી બની શકે એટલી નાણાંકીય મદદ માંગુ છું.

આ સેવા માટે આપેલ દાન ઈન્કમટેક્ષમાં બાદ મળશે. આ કાર્ય માટે મદદ કરવા ઈચ્છતા ભાઈઓ તથા બહેનો આ નામનો ચેક અથવા ડ્રાફ્ટ "ANGELS INFANT TRAINING CENTRE" A/c. of Mst. Daksh Patel નીચેના સરનામા પર મોકલી આપશો. (આ લેટર સાથે હું ડૉકટરનું એસ્ટીમેટ લેટર મોકલાવું છે.)

માનનીય તંત્રીશ્રીને આટલી વિનંતી છે કે ઉપરોક્ત વિગત "પાટીદાર સંદેશ"માં પ્રસિદ્ધ કરશો જેથી કરીને મને જરૂરી સહાય મળી શકે. હું આશા રાખું છું કે તમારાથી બનતી મદદ કરશો.

સંપર્ક : વિપુલ પુરૂષોત્તમભાઈ પટેલ
૧૦૧, સમર્થ સદન, વર્તક ટાવરની બાજુમાં, મહેશપાર્ક, તુલીંજ રોડ,
નાલાસોપારા-૪૦૧ ૨૦૯. (ઈ), તા. વસઈ, જિ. થાણા.
મો.: (૧) ૯૬૯૯૫ ૫૬૩૧૩ (૨) ૮૦૮૦૧ ૩૧૬૬૫ (૩) ૯૨૨૬૪ ૬૨૧૧૧

(સમાજનાં ભાઈ-બહેનો શક્ય તેટલી મદદ મોકલીને અમને જાણ કરશે તો તેમનાં નામ "પાટીદાર સંદેશ"માં પ્રસિદ્ધ કરીશું. - તંત્રીઓ)

## શૈક્ષણિક ગૌરવ

| ગોલ્ડ મેડલ સાથે ગ્રેજ્યુએટ થયાં | અમૂલ એવોર્ડ મેળવ્યો |
| --- | --- |
|  |  |
| કુ. ગીતાંજલીબેન દિનેશભાઈ સાંખલા | કુ. ક્રિષ્નાબેન દિનેશભાઈ સાંખલા |

ઉમરેઠ (ગુજરાત) : અત્રેના શ્રી દિનેશભાઈ વાલજીભાઈ સાંખલા (કચ્છમાં રતડીયા)ની સુપુત્રી કુ. ગીતાંજલીબેને ગુજરાત યુનિવર્સિટીમાં લેવાયેલ Bachelor of Commerceની પરિક્ષામાં I.V. Patel College of Commerceમાં પ્રથમ સ્થાન મેળવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે તથા ધી નડીયાદ એજ્યુકેશન સોસાયટીમાં પ્રથમ સ્થાન મેળવી સિલ્વર મેડલ ઉપરાંત રોકડ ઈનામ મેળવેલ છે. ઉમરેઠ સમાજમાં પણ પ્રથમ સ્થાન મેળવેલ છે.

શ્રી દિનેશભાઈની બીજી સુપુત્રી કુ. ક્રિષ્નાબેને H.S.C.ની પરિક્ષામાં શ્રી સરસ્વતી વિદ્યાલયમાં તથા ઉમરેઠ સમાજમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. આ ઉપરાંત અમૂલ ડેરી આણંદ દ્વારા આપવામાં આવતો અમૂલ એવોર્ડ પ્રાપ્ત કરી બંને બહેનોએ ઉમરેઠ સમાજ તથા સાંખલા પરિવારનું ગૌરવ વધારેલ છે.

સંપર્ક : ૯૪૨૮૪ ૩૪૭૯૫ (બંને બહેનોને અભિનંદન... - તંત્રીઓ)



30-30 વર્ષનો અવિરત પુરુષાર્થ

# કૃષિ વિષયક



સંપાદક : અમૃતભાઈ આર. પટેલ
(B.A.LL.B.)
રાજપુરકંપા (S.K.)



## ખેડૂત ભાઈઓ જોગ... વરસાદની આગાહી

- હંસરાજભાઈ આર. રામાણી

મુ. સબલપુરકંપા, પો. મહાદેવપુરકંપા, તા. મોડાસા, જિ. સાબરકાંઠા-૩૮૩ ૩૧૫.

સને ૨૦૧૧ના એપ્રિલથી ૨૦૧૨ એપ્રિલની ૩૦મી તારીખ સુધી વરસાદ ઋતુની આગાહી

આ વરસાદ ઋતુની આગાહી ૩૨ વર્ષથી બહાર પાડવામાં આવે છે. આ આગાહી જ્યોતિષશાસ્ત્ર નથી. શિયાળાના વાદળોનું ગણિત તથા હોળીના દિવસે નૈઋતિ પવન તથા અખાત્રીજના દિવસે બપોરના બાર વાગ્યે ધ્રુવ તથા સૂર્યના સંકેત જોતા સાત ઈંચનો ફરક પડે છે તેમજ અખાત્રીજના સાંજે દિવસ આથમતા સૂર્ય જમણી બાજુ આથમતા સંકેત જોવાય છે તેમજ ઝાડ, જંગલમાં થતા ચણિયા બોર, આંબે આવેલા વધારે મોર, ફળ ઓછાનો સંકેત તેમજ ગુલમોરનું ફુલ જોતા તેમજ રતુમ્બ્રા ઝાડનું ફુલ જોતા તેમજ આંકડાનું ઝાડ જોતા, ખખરાના ફુલ જોતા, વરસાદના સંકેતો જોવાય છે તેમજ ચંદ્ર, સૂરજ તથા ગ્રહણો, માસ તથા વાર જોતા વરસાદના સંકેત જોવાય છે.

**તારીખ :**

જૂન :- તા. ૩,૪,૧૦,૧૧,૧૩થી ૩૦ તારીખ સુધી સાધારણથી અતિ ભારે વરસાદ પડશે.

જુલાઈ :- તા. ૧ થી ૫, ૧૩ થી ૨૩ સુધી સામાન્ય વરસાદ અથવા સંભાવના છે.



**હંસરાજભાઈ આર. રામાણી**

ઓગસ્ટ :- તા. ૧ થી ૧૪, ૨૩ થી ૩૧ સુધી ધીનો વરસાદ પડશે.

સપ્ટેમ્બર :- તા. ૭,૧૫,૧૭,૨૨થી ૩૦ સુધી કોઈ ઠેકાણે વરસાદ વધારે તો કોઈ ઠેકાણે ધીમો પડશે.

ઓક્ટોમ્બર :- તા. ૮,૯,૧૦,૨૪ સુધી દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ પડશે.

નવેમ્બર :- તા. ૧,૨,૧૦થી ૨૮ સુધીમાં ગુજરાતભરમાં તેમજ મહારાષ્ટ્રમાં ભારેથી અતિ ભારે વરસાદ પડશે.

ડિસેમ્બર :- તા. ૨ થી ૮ સુધી ભારેથી અતિ ભારે વરસાદ પડવાની સંભાવના.

આ સાલે વરસાદ દક્ષિણ ગુજરાત, કાઠિયાવાડ તેમજ કચ્છનો દક્ષિણ દરિયા કાંઠે વરસાદ વધારે પડે એવી શક્યતા છે તેમજ બનાસકાંઠા, અરવલ્લીની ધારા બાજુ વરસાદ વધારે પડવાની શક્યતા છે તેમજ રાજસ્થાનના દક્ષિણ કાંઠામાં વરસાદ વધારે પડશે. વરસાદ જૂન તથા જુલાઈ માસમાં કોઈ ઠેકાણે વધારે તો કોઈ ઠેકાણે ઓછો પડશે તેમજ ઓક્ટોમ્બર, નવેમ્બર અને ડિસેમ્બરમાં થોડા ઘણા ડેમો ભરાશે તેમજ ખરીફ ઋતુના પાકેલા પાકો બગડવાની શક્યતા છે. દરેક ખેડૂત મિત્રોને વિનંતી કે આ સાલ વર્ષ સાધારણ નબળું હોવાથી આપણા ઈષ્ટદેવો, વરૂણદેવ તેમજ ઈન્દ્રદેવની પૂજા-પ્રાર્થના કરવી તેમજ પશુધન માટે ઘાસ સાચવવું. કોઈ જગ્યાએ વાદળ કે વીજળી ત્રાટકે તેવી શક્યતા. આ આગાહીનું ફળ આપવું કે ના આપવું તે ઈશ્વરનાં હાથમાં છે. આ આગાહી ગઈ સાલ ૯૮% સાચી પડી હતી.

દરેક ખેડૂતોને મારા જય જલારામ જય જલારામ..

### સને ૨૦૧૧ થી ૨૦૧૨માં કેવો પાક ઉતરશે તેવી ૧૦૦%ની નોંધ કરે છે.

| | | | |
|---|---|---|---|
| વરસાદ .......... ૬૬ | એરંડા .......... ૭૮ | અતિવૃષ્ટિ ........ ૧૮ | મઠ .............. ૪૨ |
| ઘઉં .............. ૯૦ | અજમો .......... ૫૪ | બાજરી .......... ૭૮ | રાયડો .......... ૯૬ |
| જવ .............. ૪૨ | ઈસબગુલ ........ ૭૮ | મગ .............. ૭૮ | વટાણા .......... ૪૨ |
| ચણા .............. ૬૬ | વાયુ .............. ૭૮ | વાલ .............. ૫૪ | તલ .............. ૭૮ |
| મગફળી .......... ૯૦ | જુવાર ............ ૫૪ | (કપિત) | (પિયત) |
| સરસવ .......... ૬૬ | રાજગરો .......... ૬૬ | કસાપ ............ ૭૮ | સોયાબીન ........ ૬૬ |
| વરિયાળી ........ ૯૦ | તુવેર ............ ૭૮ | મરચું ............ ૭૮ | ધાણા ............ ૭૮ |
| ધાન્ય .......... ૧૦૨ | (પિયત) | મેથી ............ ૭૮ | શેરડી .......... ૯૬ |
| ડાંગર .......... ૭૮ | કપાસ .......... ૧૦૬ | અનાવૃષ્ટિ ..... ૧૧૪ | (કપિત) |
| કોદરા .......... ૪૨ | તમાકુ .......... ૩૦ | મકાઈ ............ ૬૬ | સોયાબીન ........ ૨૪ |
| ચોખા .......... ૪૨ | તેલ .............. ૭૮ | અડદ ............ ૫૪ | જીરું ............ ૬૬ |

## રાજકોટ સમાજની સામાન્ય સભાનો અહેવાલ

### નવા સૂત્રધારોની વરણી : 'સનાતની' સમાજ તરીકે જાહેર કરાઈ :

રાજકોટ : (શ્રી અર્જુનભાઈ સાંખલા દ્વારા)

સ્થાનિક સમાજની ગઈ તા. ૯-૪ના રોજ સમાજના પ્લોટમાં મળેલ સામાન્ય સભામાં મહામંત્રી શ્રી ઈશ્વરલાલ દેવજી પટેલે સૌને આવકાર્યા બાદ રાબેતા મુજબની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ કેન્દ્રિય સમાજના આદેશ મુજબ ચર્ચા વિચારણા કર્યા પછી રાજકોટ કચ્છ કડવા પાટીદાર સમાજને "સંપૂર્ણ સનાતની સમાજ" તરીકે સર્વાનુમતે જાહેર કરવામાં આવેલ.

ત્યારબાદ આગામી બે વર્ષ માટે સમાજની નવી કારોબારીની નીચે મુજબ રચના કરવામાં આવી હતી.

પ્રમુખ : શ્રી ભીમજીભાઈ ખીમજીભાઈ લીંબાણી, ઉપપ્રમુખ : શ્રી ભવાનભાઈ લાલજીભાઈ નાકરાણી, મહામંત્રી : શ્રી ઈશ્વરલાલ દેવજીભાઈ દિવાણી, સહમંત્રી : શ્રી જસવંતભાઈ અરજણભાઈ લીંબાણી, ખજાનચીઓ સર્વ શ્રી : પ્રવિણભાઈ મુળજીભાઈ ભાવાણી અને કિશોરભાઈ પ્રેમજીભાઈ નાકરાણી, કારોબારી સભ્યો સર્વ શ્રી : મણીભાઈ દેવજીભાઈ અમૃતિયા, કમલેશ પ્રેમજીભાઈ સાંખલા, રમેશભાઈ દેવજીભાઈ ચૌહાણ, પ્રેમજીભાઈ માવજીભાઈ જાદવાણી, અમૃતલાલ રતનશીભાઈ પોકાર અને વાલજીભાઈ મુળજીભાઈ ભાવાણી, ટ્રસ્ટીઓ સર્વશ્રી : મેનેજિંગ ટ્રસ્ટી : અર્જુનભાઈ નારાયણભાઈ સાંખલા, માવજીભાઈ મનજીભાઈ સાંખલા, નારાણભાઈ દાનાભાઈ પોકાર, કેશરાભાઈ દેવજીભાઈ પજવાણી અને રતિભાઈ લાલજીભાઈ નાકરાણી.

આભારવિધિ શ્રી પ્રેમજીભાઈ માવજીભાઈ જાદવાણી દ્વારા કરવામાં આવેલ.

## અણિયોરકંપા લક્ષ્મીનારાયણ મંદિરનો ૨૧મો પાટોત્સવ, નિયાણી દાનભેટ તથા દૂધ મંડળીની રજત જયંતિની ઉજવણી

અણિયોરકંપા (સા.કાં.) : (શ્રી ઘનશ્યામભાઈ એલ. છાભૈયા દ્વારા)

અત્રેના પાર્થ યુવક મંડળ તથા પ્રગતિ મહિલા મંડળ અને દૂધ મંડળી આયોજિત લક્ષ્મીનારાયણ મંદિરનો ૨૧મો પાટોત્સવ નિયાણી દાનભેટ તેમજ દૂધ મંડળીની ૨૫મા વર્ષની (રજત) શાનદાર ઉજવણી ગત તા. ૫-૫ તથા ૬-૫-૧૧ના રોજ ખૂબ જ ધામધૂમથી તેમજ ઉત્સાહથી કરવામાં આવી. તા. ૫-૫-૧૧ના સવારે ૮-૦૦ કલાકે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની શોભાયાત્રા નીકળી હતી. સૌએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો. રાસ-ગરબા, ધૂન, ભજન ગાતા નાચતા આનંદથી ગામમાં ફરીને બરાબર ૧૦-૩૦ કલાકે મંદિરે પરત ફર્યા. જ્યાં મહાઆરતી તથા પ્રસાદની વહેંચણી કરવામાં આવી હતી. બપોરે ૩-૦૦ કલાકે લક્ષ્મીનારાયણ મંદિરના સને ૧૯૯૦ના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના દાતાઓના સન્માન માટે ધનસુરા સમાજના મંત્રી શ્રી અમૃતભાઈ આર. પટેલના અધ્યક્ષસ્થાને સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. દાતાશ્રીઓને યુવક મંડળના પ્રમુખ શ્રી વસંતભાઈ પોકાર તથા મંત્રી શ્રી તુલસીદાસ છાભૈયાએ મંચ પર આવકાર્યા હતા. સ્વાગત પ્રવચન પ્રમુખશ્રીએ કર્યું હતું. ગામની દિકરી ભૂમિ પોકાર, હેતલ પોકાર અને બિન્દુ છાભૈયાએ સ્વાગત પ્રાર્થના રજૂ કરી. આવેલ મહેમાનોમાંથી શ્રી દામજીભાઈ (નરોડા) તથા શ્રી પ્રેમજીભાઈ એ. પટેલ (ધનસુરા)એ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

નવનિર્મિત સમાજવાડી માટે ઉછામણી કરવામાં આવી. ત્યારબાદ સભાના પ્રમુખ શ્રી અમૃતભાઈએ તેમની આગવી શૈલીમાં દાતાઓને બિરદાવી હતા. સભાનું સંચાલન ધનસુરા યુવક મંડળના મંત્રી શ્રી અશોકભાઈ ભાવાણીએ કર્યું હતું. શ્રી ઘનશ્યામભાઈ છાભૈયાએ આભારવિધિ કરી હતી. રાત્રે ૯-૩૦ કલાકે ગામના મનોરંજનના દાતા શ્રી ઉમેશભાઈ પોકાર તથા મુકેશભાઈ દિવાણીના સૌજન્યથી સુપ્રસિદ્ધ હાસ્ય કલાકાર શ્રી સાંઈરામ દવેના ડાયરાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૬-૫-૧૧ની સવારે ગામના સામાજિક કાર્યકર શ્રી છગનભાઈ વી. પોકરના અધ્યક્ષસ્થાને નિયાણી દાન ભેટનો કાર્યક્રમ રાખવામાં આવ્યો, જેમાં તમામ દાતાશ્રીઓને યુવક મંડળના પ્રમુખ તથા મંત્રીશ્રીએ શાલ તથા ફુલછડી આપી મંચ ઉપર આવકાર્યા હતા. મંત્રી શ્રી તુલસીદાસ છાભૈયાએ સ્વાગત પ્રવચન સાથે પ્રાસંગિક વિચારો રજૂ કર્યા હતા. ગામની દિકરીઓ દિવ્યા પોકાર, જાગૃતિ છાભૈયા તથા ગોરલ પોકારે પ્રાર્થના રજૂ કરી હતી. દાતાશ્રીઓના વરદ્ હસ્તે નિયાણી તથા કુવાસી દિકરીઓને પ્રતિક દાન-ભેટ આપવામાં આવી હતી. આવેલ નિયાણીમાંથી શ્રીમતી સવિતાબેન (હિંમતનગર), રમિલાબેન (પ્રાંતિજ-ભૂજ), મીનાબેન (સુરત), નર્મદાબેન (બદામકંપા), મધુબેન (કૃષ્ણપુરા), જશોદાબેન (હિરાખાડી) તેમજ જમાઈશ્રીઓમાંથી રીતેશભાઈ (શહેરા), ચીમનભાઈ પટેલ (હિંમતનગર-છાપરીયા) તથા શ્રી ડાહ્યાભાઈ (બદામકંપા)એ યુવક મંડળના આ ભગીરથ કાર્યક્રમને બિરદાવ્યો હતો. સભાનું સંચાલન શ્રી ઘનશ્યામભાઈ છાભૈયાએ તેમજ આભારવિધિ પ્રભુદાસ વી. પોકારે કરી હતી.

બપોર પછી ૩-૦૦ કલાકે અણિયોરકંપા દૂધ મંડળીની રજત જયંતિ વર્ષની ઉજવણી સાબર ડેરીના ચેરમેન શ્રી જેઠાભાઈ પટેલના અધ્યક્ષસ્થાને કરાઈ હતી, જેમાં સાબર ડેરીના ડિરેક્ટર શ્રી જશુભાઈ, ડૉ. ડી.બી. પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા, મંડળીના ચેરમેન શ્રી અંબાલાલ છાભૈયા, મંડળીના આદ્યસ્થાપક શ્રી અંબાલાલ એ. પોકાર તથા મંડળીના પૂર્વ ચેરમેનશ્રીઓએ મંચ ઉપર સ્થાન લીધું હતું. આવેલ મહેમાનો સાથે મંડળીના ચેરમેનશ્રીએ દિપ પ્રાગટ્ય કર્યું હતું. ત્યારબાદ ગામની દિકરીઓએ સ્વાગત પ્રાર્થના રજૂ કરી હતી. શ્રી અંબાલાલ છાભૈયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. મંડળીના કર્મચારી શ્રી ડાહ્યાભાઈએ મંડળીની વિકાસગાથા રજૂ કરી હતી.

દૂધ મંડળીમાં ભેસ તથા ગાય વિભાગમાં પ્રથમ આવેલ ત્રણ ત્રણ દૂધ ભરનારા સભાસદોને મહેમાનશ્રીના હાથે ઈનામ આપવામાં આવ્યા હતા. સભાનું સંચાલન મંડળીના કર્મચારી શ્રી ડાહ્યાભાઈ શેઠીયાએ તથા આભાર દર્શન ઘનશ્યામ છાભૈયાએ કર્યું હતું. વિશાળ સભામંડપમાં ૪૦ કિ.ગ્રા.ના પ્રેશરથી લગાવેલ ૧૫૦ જેટલાં ફુવારા તથા સ્પ્રિંકલર સીસ્ટમથી વાતાવરણ ઠંડુ અને આહ્લાદક બન્યુ હતું. રાત્રે ૯-૦૦ કલાકે ખૂબ જ આનંદથી રાસ-ગરબાની રમઝટ ચાલી હતી. જે રાત્રે ૨-૦૦ કલાકે સંપન્ન થઈ હતી. સમગ્ર કાર્યક્રમ બધા માટે આનંદ અને ઉત્સાહનું સંભારણું બની રહેશે.

## ખંડવા સમાજનાં ગૌરવરૂપ કન્યા રત્નો

### H.S.C. (Eng. Medium) માં ૮૦%



**કુ. નીકિતા પારસીયા**

ખડવા (મ.પ્ર.) : અત્રેની મેસર્સ અર્જુનભાઈ એન્ડ સન્સ સૉ મીલવાળા શ્રી પુરૂષોત્તમ ગંગારામભાઈ પારસીયા (કચ્છમાં નાના અંગીયા)ની સુપુત્રી અને "પાટીદાર સંદેશ"ના પ્રતિનિધિ શ્રી કિશોર પારસીયાની ભત્રીજી.

### H.S.C. (Eng. Medium) માં ૮૩%



**કુ. ખુશ્બુ રૂડાણી**

ખડવા (મ.પ્ર.) : અત્રેની શ્રી એમ.જે. પટેલ એન્ડ કું.વાળા શ્રી મગનલાલ માવજીભાઈ રૂડાણીની સુપુત્રી.


# એરાઉન્ડ ધ વર્ડ્ઝ

સંપાદક : રાજેશ ચૌહાણ
૧૨, રાજલક્ષ્મી એપાર્ટમેન્ટ, ભાવેશ્વર નગર,
ભુજ, કચ્છ-૩૭૦૦૦૧.
E-mail : aroundthewords@gmail.com



મોકલનાર : નવિનભાઈ ભગત, ઈશ્વરભાઈ ભગત
C/o. લક્ષ્મી આઈસ, પેટલાદ (ગુજરાત)





❖ આડી ચાવી ❖

(૧) આપણા દેશના રાષ્ટ્રપિતા... ૩
(૨) "પાટીદાર સંદેશ"ના તંત્રી શ્રી...... ભાઈ પટેલ... ૩
(૪) ઈન્દ્રના ધનનો ભંડાર... ૩
(૮) ભાઈબંદ, દોસ્ત... ૨
(૯) સિવવાનું એક અણીદાર સાધન... ૨
(૧૦) ચાલુ દિવસનો આગલો-પાછલો દિવસ... ૨
(૧૧) "જવું"ને અંગ્રેજીમાં કહેવાય... ૧
(૧૨) આંગળીના ટેરવા ઉપર હોય... ૨
(૧૩) હોડી... ૨
(૧૪) પૂર્વ ક્રિકેટર...અમરનાથ... ૨
(૧૮) પૂજાનો સામાન... ૩
(૧૯) કલેજુ, કાળજુ... ૩
(૨૦) સો લાખ બરાબર એક... ૩

❖ ઉભી ચાવી ❖

(૧) કૌરવોની માતા... ૩
(૩) બેનના પતિ... ૩
(૫) ઘડો... ૨
(૬) ભારતનું એક રાજ્ય... ૫
(૭) વેસ્ટઈન્ડીઝનો એક સફળ ભૂતપૂર્વ ક્રિકેટર... ૫
(૧૫) દલાલ તરીકેનું મહેનતાણું... ૩
(૧૬) વાવટો, નિશાન... ૨
(૧૭) માર્ગદર્શક પુસ્તિકા, ભોમીયો... ૩

❖ "એક ઘડી મોજ" ❖

(૧) ભાજપ સરકારે એક પાણી પરબનું ઉદ્‌ઘાટન કર્યું. બાદમાં ત્યાં એક ભાઈ પાણી પીવા ગયા તો નળમાં પાણી ના આવ્યું. ઉપર જોયું તો લખ્યું હતું ...BJ...P...
(મોકલનાર : વિશાલ એન. ભગત, રૂપાલકંપા)

(૨) પાંચમા માળે રહેતી હિરોઈનના એપાર્ટમેન્ટમાં આગ લાગી હતી. બારી પાસે ઉભેલી હિરોઈનને નીચે જાળી પકડીને ઉભા રહેલા બંબાવાળા જાળીમાં કૂદી પડવા સમજાવી રહ્યા હતા.
હિરોઈન એની ટેવ મુજબ કહ્યું : "મને કૂદવાનું શા માટે કહો છો ? મારી ડુપ્લીકેટ કયાં ??...

(૩) એક પુરૂષ એની પત્નીને કહે છે : 'વ્હાલી ! હું મથુરા ગયો પણ તારા માટે માંકડું લાવવાનું ભૂલી જ ગયો.'
'કંઈ વાંધો નહિ, મારે તો તમે છો એ જ ઘણું છે" કટાક્ષમાં પત્નીએ જવાબ આપ્યો !!!

**ગયા અંકના સાચા જવાબ મોકલનાર મિત્રો :**

છત્તીસગઢ રાજનંદગાંવથી ચંદ્રિકાબેન મોહનભાઈ પેથાણી, વાસીમ (M.S.)થી પારસ ચંદ્રકાંત સાંખલા અને નેહા કિરીટ સાંખલા, સાંયરા (યક્ષ)થી અંકિત ચીમનલાલ અને દર્શન ચીમનલાલ છાભૈયા, દરશડી (કચ્છ)થી વિપુન, મહેશ, મુક્તા, જીજ્ઞેશ અને નીતા ચૌધરી, રાજકોટથી નિધિ હસમુખભાઈ તથા રોનક હસમુખભાઈ પોકાર, હડમતીયાલાટ (કપડવંજ)થી પારૂલબેન નટવરલાલ લીંબાણી.

સર્વે મિત્રોનો આભાર... સંપાદક.

# બામણીયાલાટ ખાતે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનો ૨૧મો પાટોત્સવ તથા ૨૧ કુંડી નવચંડી યજ્ઞ અને વિષ્ણુયાગ મહોત્સવ યોજાયો

**❖ સંતોની ઉપસ્થિતિ ❖ ૧૨૮ નિયાણીઓને દાન-ભેટ આપી સન્માનિત કરાઈ ❖ દાન-દાતાઓનું થયેલ સન્માન**

બામણીયાલાટ (કપડવંજ) : (અમારા પ્રતિનિધિ શ્રી ગણપતભાઈ વી. પટેલ - એડવોકેટ, તખતગઢ દ્વારા)

અત્રે વડીલોના આશીર્વાદ તથા શ્રી ઉમિયા માતાજીની અસીમ કૃપાથી ગ્રામજનો દ્વારા ગત તા. ૨૯ અને ૩૦-૪-૧૧ના રોજ ૨૧મો લક્ષ્મીનારાયણ ભગવાનનો પાટોત્સવ અને ૨૧ કુંડી નવચંડી યજ્ઞ તથા વિષ્ણુયાગ મહોત્સવ ભક્તિભાવપૂર્વક શાનદાર રીતે યોજાયો હતો. જેના મુખ્ય યજમાનપદે ગામના બાબુભાઈ પુંજાભાઈ પટેલ તથા રસિકભાઈ ધનજીભાઈ પટેલ હતા.

આ ધાર્મિક પ્રસંગે વેદાંત આશ્રમ, વલાદના સંત પ.પૂ. સ્વામી શ્રી શિવાનંદતીર્થે જણાવ્યું હતું કે પરમાત્મા એક જ છે. જેને શિવ કહો કે વિષ્ણુ કહો, વાસ્તવિક પરમાત્મા છે એ આપણાથી ભિન્ન નથી. ભગવાનથી આપણે જુદા પડીએ તો જીવી ના શકાય. તેની અવિચળ શક્તિ લક્ષ્મી છે. સુંદરપુરા રામજી મંદિરના પ.પૂ. શ્રી કેશવદાસજી મહારાજે જણાવ્યું હતું કે યજ્ઞકુંડમાં આપણા અવગુણો હોમી દઈએ. જે ગામ અને કુટુંબમાં સંપ છે ત્યાં ભગવાન દોડી આવે છે. જે સ્થિતિમાં ભગવાન રાખે તે સ્થિતિમાં આનંદમાં રહેવું. ઘરમાં દૈવી સંપત્તિ હશે તો સુખી થવાશે.

સદ્‌ગુરૂ મંદિર શીલીના પ.પૂ. સંત શ્રી શરદરાય મહારાજે જણાવ્યું હતું કે આ જીવન એક યજ્ઞ છે. પરહિત માટે માણસ પ્રેરાય છે, તે સાચું જીવન જીવી રહ્યો છે. જીવને માયા લાગતા પરમેશ્વરને ભૂલી જાય છે. પરમાત્મા સૌથી નજીક છે. સમજવાની જરૂર છે. તે શરીરની અંદર બેઠેલો છે. વિષ્ણુપુરાલાટના પ.પૂ. સંત શ્રી તુલસીબાપાએ જણાવ્યું હતું કે મનને સ્થિર રાખવા માટે મંદિર છે. શિવ અને જીવનું જોડાણ કરવા માટે પ્રથમ મા-બાપની સેવા કરો. અતિથિ વિશેષ પદેથી કપડવંજ મત વિસ્તારના ધારાસભ્ય શ્રી મણીભાઈ ડી. પટેલ (નવામુવાડા)એ ગામનું સર્વ રીતે મંગલ થાય અને પ્રગતિ થાય તેવી શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે ગામની આમંત્રિત ૧૨૮ જેટલી બહેન-દિકરીઓ (નિયાણીઓ)ને દાન-ભેટ અર્પણ કરી સન્માનિત કરવામાં આવેલ. આ મહોત્સવના દાન-દાતાઓ સર્વ શ્રી બાબુભાઈ પી. પટેલ, રસિકભાઈ ડી. પટેલ, ઈશ્વરભાઈ પી. પટેલ, નારણભાઈ એસ. પટેલ, વિઠ્ઠલભાઈ ડી. પટેલ, રણછોડભાઈ એસ. પટેલ, હરીશભાઈ કે. પટેલ, ભવાનભાઈ એ. પટેલ, બાબુભાઈ એ. પટેલ, રમણભાઈ એ. પટેલ, જ્યંતિભાઈ બી. પટેલ, વિઠ્ઠલભાઈ બી. પટેલ, નરેન્દ્રભાઈ સી. પટેલ, નિલેશભાઈ સી. પટેલ, મહેશભાઈ બી. પટેલ, રમેશભાઈ એચ. પટેલ, નરસિંહભાઈ એચ. પટેલ, હિતેન્દ્રભાઈ એચ. પટેલ, તુલસીભાઈ જે. પટેલ, ધર્મેશભાઈ બી. પટેલ, મુકેશભાઈ એસ. પટેલ, બિપીનભાઈ એસ. પટેલ, કંચનભાઈ પી. પટેલ, બાબુભાઈ કે. પટેલ, સુરેશભાઈ વી. પટેલ વિગેરેને સન્માનિત કરવામાં આવેલ.

શ્રી વિઠ્ઠલભાઈ ધનજીભાઈ પટેલે સ્વાગત પ્રવચન કરી સર્વેને આવકાર્યા હતા. આભારવિધિ બાબુભાઈ પુંજાભાઈ પટેલે કરી હતી.

## HS.C. (Science) માં ૮૭%



**ચિ. સંજય મનસુખલાલ રૂડાણી**

બોપલ (અમદાવાદ) : અત્રેની શ્રી શીવમ પેકેજીંગ (ચાંગોદર)વાળા શ્રી રતનશીભાઈ લધાભાઈ રૂડાણી (કચ્છમાં સિયોત)ના પૌત્ર

## H.S.C. માં ૮૨%



**ચિ. સંજય ભાવાણી**

પોલાચી (તામિલનાડુ) : અત્રેની શ્રી ભગવતી સૉ મીલવાળા શ્રી નરસિંહભાઈ કરસનભાઈ ભાવાણી (કચ્છમાં નેત્રા)ના સુપુત્ર.






૩૦-૩૦ વર્ષનો અવિરત પુરુષાર્થ

## બેંગ્લોરમાં પોકાર પરિવાર દ્વારા શિવમહાપુરાણ યજ્ઞનું થયેલું ભવ્ય આયોજન

### શ્રી ગીરીબાપુ તથા સુશ્રી ભારતીદીદીની પાવન ઉપસ્થિતિ :

બેંગ્લોર : (શ્રી કાંતિલાલ જબુવાણી દ્વારા)

બેંગ્લોર ગાર્ડન સીટી પાટીદાર પરિવાર સમાજ મૈસૂર રોડ, શ્રી ઉમિયા ભવનના આંગણે સ્વ. શ્રી રતનશીભાઈ શિવજીભાઈ પોકાર તેમનાં ચિ. સુપુત્રો શ્રી પુરૂષોત્તમભાઈ, રમેશભાઈ, ગોવિંદભાઈ અને જીતેન્દ્રભાઈ પોકાર પરિવાર દ્વારા તા. ૨૬-૪-૧૧ થી તા. ૪-૫-૧૧ સુધી શ્રી શિવમહાપુરાણ જ્ઞાન ગંગા યજ્ઞ ઉજવાઈ ગયો. તા. ૨૪-૪-૧૧ રવિવારના રોજે સોનાનો સૂરજ ઉગ્યો. પ.પૂ. શ્રી ગીરીબાપુ (સાવરકુંડલા) અને સુશ્રી પૂ. ભારતીદીદીનાં પુનિત પગલાંથી બેંગ્લોર પાટીદાર પરિવાર ઉમિયા ભવન પાવન થયેલ.

તા. ૨૪-૪-૧૧ની સાંજે ૭-૦૦ વાગે સુશ્રી ભારતીદીદીનું બેંગ્લોર આગમન અને ભાવભીનું સ્વાગત. બીજે દિવસે તા. ૨૫-૪-૧૧ સોમવારે સાંજે ૭-૩૦ કલાકે એરપોર્ટ દ્વારા બેંગ્લોર શ્રી ગીરીબાપુનું આગમન અને ભાવભીનું સ્વાગત. તા. ૨૬-૪-૧૧ના બપોરે ૨-૦૦ વાગે પોથીયાત્રા અને ભવ્ય શોભાયાત્રા શ્વેત અશ્વ અને સુંદર બગી ઉપર પૂ. શ્રી દીદી બિરાજમાન હતા. હરિ ૐ નમ: શિવાય અને હર હર મહાદેવના ગગન ભેદી નાદ અને વાજીંત્રના તાલે આકાશને ગજવી મુક્યું હતું. સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી પૂ. બાપુની અમૃતવાણીનું પયપાન પીધું હતું. તા. ૨૬-૪-૧૧થી નિત્ય કાર્યક્રમમાં સુશ્રી ભારતીદીદીના સાનિધ્યમાં સવારે ૭-૦૦ વાગે ૧૧ રૂદ્રીનો અભિષેક અને સંસ્કૃતના શ્રેષ્ઠ પ્રખંડ ૧૫ પવિત્ર બ્રાહ્મણો દ્વારા મંત્ર ઉચ્ચારણ રૂદ્ર હોમ દ્વારા વાતાવરણ પવિત્ર બન્યું હતું. સવારે ૯ થી ૧૧ વાગે પ.પૂ. ભારતીદીદીનાં મુખારવિંદમાં નીકળતા પવિત્ર અણમોલ રત્ન સમા શિવ મહિમ્ન સ્રોત તથા સંસ્કાર અને સંસ્કૃતિ વિશે જ્ઞાન ગોષ્ઠી રાખવામાં આવેલ. નિત્ય બપોરે ૨-૩૦ થી ૬-૩૦ કલાકે પ.પૂ. ગીરીબાપુની અમૃતવાણી - જેમ ભગીરથીએ ગંગાજીને પૃથ્વી પર લાવી ઉતાર્યા હતા. તેવી રીતે શુકદેવજી સમાન વક્તા શ્રી ગીરીબાપુએ જ્ઞાનગંગાને અમ આંગણે આપણી બેંગ્લોર પાટીદાર પરિવાર સમક્ષ લાવી આપણને શિવ જ્ઞાન ગંગાનું રસપાન કરાવ્યું. બાપુની અમૃતવાણીમાં શિવ મહાત્મ કથા શિવ પ્રાગટ્ય, શિવલીંગ મહાત્મ, ૐ નમ: શિવાય મંત્રની મહત્તા તથા ભષ્મ મહાત્મ, રૂદ્રાક્ષ મહાત્મ, સતી પ્રાગટ્ય, શિવ-પાર્વતી વિવાહ અને કાર્તિક પ્રાગટ્ય, બાર જ્યોર્તિલીંગ કથા અને પાર્થિવ લીંગ પૂજા તેમજ શિવકથાનાં અનેક પાવન પ્રસંગો પૂ. ગીરીબાપુની અમૃતવાણી દ્વારા જ્ઞાનગંગાનું રસપાન કર્યું.

આ પાવનકારી કથાના સંચાલનના શ્રી કેશુભાઈ તથા શિવગણભાઈએ કથાનાં આયોજન વિશે પોતાનાં મંતવ્યમાં જણાવ્યું હતું કે અમે તો નિમિત્ત માત્ર હતા. અમોએ અમારી ફરજ બજાવી નિષ્કામ સેવા સમાજને આપી છે. કથાનું પરિપૂર્ણ કામ તો સદા શિવ મહાદેવે કર્યું છે. આવા મહોત્સવ સદા ઉજવાતા રહે એજ પ્રભુ પાસે અંતર પ્રાર્થના. નિત્ય સવાર-બપોર અને સાંજે કથા વિરામ પામ્યા બાદ મહાપ્રસાદનું સુંદર આયોજન બેંગ્લોર-મૈસુર રોડ પાટીદાર પરિવાર સમાજનાં પાયાનાં પત્થર સમા વડીલ કેશુભાઈ પટેલ તથા શિવગણભાઈના ફાળે જાય છે. મૈસૂર રોડ યુવક મંડળ તથા મહિલા મંડળ મૈસૂર રોડ સમાજનું અણમોલ નિષ્કામ સેવા ભાવિ કામ બહુ પ્રસન્નીય હતું.

### H.S.C. માં ૯૦%



**કુ. નેહા ભાવાણી**

કોઈમ્બતુર (તામિલનાડુ) : અત્રેની શ્રી ન્યુ સરસ્વતી સૉ મીલવાળા શ્રી મોહનભાઈ રતનશીભાઈ ભાવાણી (કચ્છમાં નેત્રા-માતાજીના)ની સુપુત્રી.

### H.S.C. માં ૯૬%



**ચિ. નિપુન ભાવાણી**

ચેન્નૈ (તામિલનાડુ) : અત્રેની શ્રી મુરલી ક્રિષ્ણા એન્ડ કું.વાળા શ્રી તુલસીભાઈ જેઠાભાઈ ભાવાણી (કચ્છમાં વિગોડી)ના સુપુત્ર.


### H.S.C. માં ૯૦%



**ચિ. મયુર જાદવાણી**

કોઈમ્બતુર (તામિલનાડુ) : અત્રેની શ્રી અશોકા ટીમ્બર માર્ટવાળા શ્રી ગોવિંદભાઈ શીવગણભાઈ જાદવાણી (કચ્છમાં નેત્રા-માતાજીના)ના સુપુત્ર.

## "પાટીદાર સંદેશ" વાચકો લખે છે



વ્હાલાં વાચક ભાઈ-બહેનો,

વિવિધ સમાજિક વિષયો / સમસ્યાઓ ઉપર આપના મુક્ત વિચારો આવકાર્ય છે. આપનું લખાણ મુદ્દાસર અને પૂર્વગ્રહ રહિત હોવું જરૂરી છે. - તંત્રીઓ.

### મૈસૂર (કર્ણાટક)થી "પાટીદાર સંદેશ"નાં નિયમિત વાચિકા અને શુભેચ્છક શ્રીમતી દમયંતીબેન ચંદુલાલ સાંખલા (કચ્છમાં : રતડીયા) લખે છે...

"પાટીદાર સંદેશ"ના એપ્રિલ માસના અંકમાં રૂપાલકંપાથી નટવરભાઈ કે. પટેલનો આપેલ લેખ સચોટ અને શાનદાર લાગ્યો. દિકરાને ભણાવી પરણાવીને એમનાં સંતાન પાછળ તનતોડ મહેનત કરી સાથ આપે છે અને એજ સંતાનો મોટા થઈ ગયા પછી મા-બાપ ઘરડા થઈ જાય છે ત્યારે એમની સાથે ખરાબ વર્તન કરે છે. આવું ઘણી જગ્યાએ જોવા મળે છે. નટવરભાઈ આ લેખ આપીને બહું જ સારૂં કર્યું કે જે સંતાન આમ કરતા હશે તેમને થોડોક અહેસાસ થશે. બાકી તો સિક્કાના બે પાસા હોય છે. બધાજને આ લાગું નથી પડતું. પણ પોતપોતાની ફરજ બજાવો એવું આપણા ધર્મશાસ્ત્ર પણ બતાવે છે. બાકી તો સંતાનોને મોટા પાસેથી હુંફની અને માર્ગદર્શનની જરૂર હોય છે. માવતરને સંતાન પાસેથી આદર અને માનની અપેક્ષા હોય છે. હવે બધાના વિચારો પરિવર્તન થઈ રહ્યા છે અને વડીલો સુંદર અને સરસ જીવન વિતાવી રહ્યા જોવા મળે છે. પણ હજુ ક્યાંક આવું બેહુદુ વર્તનથી વડીલો પીલાય છે એવું પણ જોવા મળે છે.

## શ્રી નાકરાણી રાધાબાપાનું ભજન

સુના રે આંગણને સુની ડેલીયું, સુના તમારા સૌ બાળ રે...
હો... બાપા... લીધી રે વિદાયુ વિરાણી ગામની...
વહેલી પરોઢે બાપા જાગીયા,
ગામ લોકો પાડે તમને સાદ રે હો... બાપા...
સતીમાએ આવી તમને પુછીયું,
જાવ તમે વહેલા વળજો વીર જો હો... બાપા...
ગાયુની વારે બાપા ચાલીયા,
તમે થયા ઘોડે અસવાર જો હો... બાપા...
બાપાએ એંધાણી પુરી આપ્યું,
પછી થયા રવાના તત્કાળ રે... હો... બાપા...
નાગલપર સીમે બાપા આવ્યા,
યુદ્ધ એવા ધમાસણ ખેલાય રે... હો... બાપા...
નાગલપર સીમે બાપા પોઢીયા,
દુશ્મનોએ પાછળ કરીયો વાર રે... હો... બાપા...
મોભારે તુટ્યા રે ઘરના ઉંબરે,
સતીમાને થયો રે આભાસ રે... હો... બાપા...
કથની તમારી બાપા શું કરૂં,
ભક્તોની લેજોને સંભાળ રે... હો... બાપા...

❖ રચયિતા ❖

**સૌ. નયનાબેન સુરેશભાઈ પરબતાણી**
ભાગ્યલક્ષ્મી હાર્ડવેર એન્ડ પ્લાય,
આર.ટી.નગર, બેંગ્લોર (કચ્છમાં : મોટી વિરાણી)

## ઉમાની ઉપાસના

ગણપતિબાપાનું સ્મરણ કરીએ મા સરસ્વતીની આરાધના,
વહેલે પરોઢિયે દિવા-બત્તી આરતી કરી પૂજન કરીએ.
પર્વત-નંદીની મા પાર્વતી બોલાવે કડવા પાટીદાર વંશજો જાગે,
આદ્યશક્તિના શરણે થઈએ દયાળુ શિવશક્તિ મા ડમરૂવાળી.
જય હો ઉમાપતિ શિવ-શંભુ જય હો ત્રિશૂલધારી ભમ-ભમ ભોલે,
દડ... દડ મારા આંસુ રેલાતાં દુ:ખના ડુંગર કાંકરા થાતા.
મારી વ્યથા મા ઉમિયા નિવારે આજીજી કરૂં હું તો પગે નમુ,
મહેર કરતાં માવડી જાગે દિન-દયાળુ મા ઉમિયા બિરાજે.
જનમ-જનમના ફેરા ટળે આધિ-વ્યાધીના મા દુ:ખડાં હરે,
ઊંચી મેડીના મહેલ ઘણા છે દેવી બિરાજમાન ઊંઝાવાળી માત.
આવે ભક્તોને થાય ઉમા રાજી મુખડું દેખુ તો મા મલકી જાય,
પગ ધ્રુજેને હૈયુ ફુલી જાય કૃપા કરજો ને કરાવજો મૈયા.
આશીર્વાદ દેજો ભોળા-ભવાની પ્રસાદ આરોગી રટણ રમતાં,
ભક્તો ઉમિયા જય બોલાવે હર્ષ છલકે હૈયુ ભરાય માવડી.
કંકુ પગલે મા ઉમિયા આવજો ઘરે-ઘર આવી રોશની ફેલાવજો,
એવી મારી મા પ્રાર્થના સ્વીકારો સંસારી મનખો મા માંગે આટલુ.
અંતરના ઉમળકે મા ગાયુ ભાંભરે ગૌ-ગંગા મા ગાયત્રી જાગે,
દર્શનના સૌ ભૂખા-પ્યાસા ગરબે રમે મા જય અંબે ભવાની.
નાના બાળ મુખડું મલકાવે મૈયાના ખોળામાં 'જિગુ' ખેલતાં,
હાથ જોડી દેવી નમન કરીએ મા ઉમિયાની સ્તુતિ કરીએ.

❖ રચયિતા ❖

**શાંતિલાલ વી. સુરાણી-ભગત**
કિલ્લા-પારડી, જિ. વલસાડ. (કચ્છમાં : નાની વિરાણી-ગઢ)

## "દિકરી" એક કવિતા !!!

"દિકરો વારસ છે,
દિકરી પારસ છે.
દિકરો વંશ છે,
દિકરી અંશ છે.
દિકરો આન છે,
દિકરી શાન છે.
દિકરો તન છે,
દિકરી મન છે.
દિકરો માન છે,
દિકરી ગુમાન છે.
દિકરો સંસ્કાર છે,
દિકરી સંસ્કૃતિ છે.
દિકરો આગ છે,
દિકરી બાગ છે.
દિકરો દવા છે,
દિકરી દુઆ છે.
દિકરો ભાગ્ય છે,
દિકરી વિધાતા છે.
દિકરો શબ્દ છે,
દિકરી અર્થ છે.
દિકરો ગીત છે,
દિકરી સંગીત છે.
દિકરો પ્રેમ છે,
દિકરી પૂજા છે.
દિકરી એ દિકરો જ છે !"

"બેનને દિકરી તુલ્ય ગણી 'પિતા'નો પ્રેમ આપનાર વ્હાલા ભાઈ 'કિશોરભાઈ રંગાણી' (મૈસૂર) તરફ પ્રેમ ભરેલ પત્ર"

❖ પ્રાપ્ત કરનાર ❖

**શ્રીમતી મંજુષા મોહનભાઈ વાસાણી**
ગોંદિયા (મહારાષ્ટ્ર)

# શબ્દના સર્જકો

(આપણા સમાજનાં ઉગતાં કલાકાર ભાઈ-બહેનોને પ્રોત્સાહિત કરવા માટે જ આ પાને કૃતિઓ છાપવામાં આવે છે. ફક્ત સ્વરચિત કૃતિઓ જ મોકલવા વિનંતી છે. - તંત્રીઓ)

## માતાના શ્રદ્ધાંજલી

(રાગ : અયોધ્યા નગરીના રૂડા...)

જગમાં જન્મીને જશ લઈ ગયા રે લોલ...
રાખ્યું એવું અમર તમે નામ રે...
ઓ બેની જન્મીને જશ...
એવા કાન્તા માતાના કુખે જન્મીયા રે લોલ...
માવજીબાપાનું રાખ્યું તમે નામ રે... જગમાં...
શ્રવણ સરીખો તમારો દિકરો રે લોલ...
સાચા હૈયા કરી તમારી સેવા જો... જગમાં...
સીતા સરખી તમારી વવારૂ રે લોલ...
તન-મનથી કરી તમારી સેવા જો... જગમાં...
સગુણ સરખી તમારી દિકરી રે લોલ...
માત પિતાની ઉજાળી છે કુંખજો... જગમાં...
ચૈત્ર સુદી સાતમને રવિવારના રે લોલ...
૨૫ તારીખે છોડ્યા તમે પ્રાણ જો... જગમાં...
સૌને છોડીને ચાલ્યા પરલોકમાં રે લોલ...
બાલુડા કરે છે પોકાર જો... જગમાં...
તમારા દિકરાઓની રાખજો ચડતી રે લોલ...
માતા અમારી છેલ્લી એવી આશ જો... જગમાં...
દુ:ખ જોયાને જોયાં સુખડાં રે લોલ...
ગામમાં ફેલાવી સુવાસ જો... જગમાં...
છેલ્લી ઘડીયે રે માતા બોલીયા રે લોલ...
દિકરા હવે છેલ્લા રામો રામ જો... જગમાં...
ગાયે શીખે ને સુણે સાંભળે રે લોલ...
હોજો એનો વૈકુંઠમાં વાસ જો...
જગમાં જન્મીને જશ લઈ ગયા રે લોલ...

❖ રચયિતા ❖

**કૌશલ્યાબેન નરેન્દ્રભાઈ માકાણી**
અમીનપુરા, તા. કપડવંજ, જિ. ખેડા.

## કાનુડાને કેજો એકવાર ગાય સામુ જોવે...

(રાગ : કાનુડાને કેજો એકવાર ગોકુળિયામાં આવે...)

કાનુડાને કેજો એકવાર ગાય સામુ જોવે...
ગાય સામુ જોવે ઓલ્યા ગરીબ સામુ જોવે રે... કાનુડા...
ગોવાળ ગાયોને લઈને ઉભો સીમડીયે જઈને,
નજર નાખે તો નથી દેખાતો નીલાડો રે... કાનુડા...
ગોવાળ ધણને વાળી માથે હાથ મેલી આંસુ પાડી,
ધણને વિખોટુ પાડી બન્યો છે નિરાસી રે... કાનુડા...
ગાયો તો ટોળે વળતી ગામની શેરીયે ફરતી,
પેટમાં ભૂખ લઈને ઘરે ઘરે ફરતી રે... કાનુડા...
સાંજ પડી માલિક આવ્યો ગોતીને ઘેર લાવ્યો,
દોવાના દોણા લાવી દૂધ લીધા કાઢી રે... કાનુડા...
ઉંમર થઈ સ્વાર્થ ટળીયો ખૂણે ખાતકી મળ્યો,
પૈસા લઈ પાપી સાથે ગાયને વળાવી રે... કાનુડા...
ભૂખ વેઠી માથા વઢાવ્યા પાપીના પેટ ભરીયા,
મર્યા પછી માતા બની પાપીને ઉપકારી રે... કાનુડા...

❖ રચયિતા ❖

**શ્રીમતી દમયંતીબેન રતનશીભાઈ લીંબાણી**
જોરાવરનગર (સૌરાષ્ટ્ર) (કચ્છમાં : નાના અંગીયા)

## તારા ઉપકારો ઘણા છે...

નથી એક પણ જવાબ તારી પાસે,
અને મારી પાસે સવાલો ઘણાં છે.
હોઠે વફાનું ગીત, આંખો હસીનાઓ પર,
આજકાલ દુનિયામાં, એવા લોકો ઘણાં છે.
નથી કોઈ જેના ખંભે માથું મુકી શકું,
નહિતર દુનિયામાં, મારા મિત્રો ઘણા છે.
મારે મન તું એક જ ભગવાન છો,
એ અલગ વાત છે, તારા ભક્તો ઘણા છે.
તારું એક સ્મિત જોઈને ભૂલી જાઉં છું,
મારા જીવનમાં આમ તો દર્દો ઘણા છે.
હંમેશની જેમ સાથ હતો રહેજે સદા,
પ્રભુ ! મારા પર તારા ઉપકારો ઘણા છે.
એકને પણ સાકાર નથી કરી શકતો,
બેઠો છું વિચારીને એવા ખ્યાલો ઘણા છે.

❖ રચયિતા ❖

**ચંદ્રકાંત માનાણી, બેંગ્લોર (કચ્છમાં : વિથોણ)**

## માનવતાનું મૂલ્ય

માનવતાનું મૂલ્ય આજે ઓછું થતું જાય છે,
સ્વાર્થ, મતલબ, દંભ, દગો સર્વત્ર દેખાય છે.
સમજાતું નથી કે આ બધું કયાં જઈ અટકશે,
નીતિ, રીતિ, સંસ્કાર, ભરબજારે વેચાય છે.
સંબંધોના તાંતણા પણ તૂટતા જણાય છે,
કોણ કોનું કયારે કેમ ગળુ કાપી જાય છે.
અસંખ્ય સમસ્યાઓનો આજે ઉકેલ નથી,
બાર સાંધીએ ત્યાં તો તેર તૂટતા જાય છે.
મોંઘવારીનો આંક કદી નીચે ઉતરતો નથી,
રોજી-રોટીની શોધમાં ગરીબો અટવાય છે.
સંપ્રદાયોની ખેંચાખેંચીમાં માનવી મુંઝાય છે,
ધર્મના નામે પોતાના જ પાપડ શેકાય છે.
મંદિરો કે મસ્જિદોમાં પ્રાર્થના ગવાય છે,
માનવ સાથે જ માનવીનું મન બદલાય છે.
ધર્મના નામે સામ-સામે બાથમબાથી થાય છે,
ના ભુલો "મા ઉમાના સંતાનો" માનવ ધર્મ જ મહાન છે.
કજીયા કંકાસમાં આ મોંઘેરું જીવન વેડફાય છે,
માટે જ "સૌ ચેતી જજો" આ "માનવતાનું મૂલ્ય" ઓછું થતું જાય છે.

❖ રચયિતા ❖

**નીરૂબેન જે. માવાણી**
૪૦૧, કૈલાસ, ઓમનગર, પંચવટી-નાસિક
(કચ્છમાં : વરજડી) મો.: ૯૯૨૧૨ ૮૩૬૯૬

## "શરીરનું જતન"

સિગારેટ બીડીનો કસ ખેંચતું શરીર...
ને પછી દમ વગર કથળતું શરીર...
ચરસ ગાંજાના નશામાં રાચતું શરીર...
ને ખૂદને જ દગો કરી મારતું શરીર...
ફાકીને માવો સદા ચાવતું શરીર...
કેન્સરને નજીક લઈ આવતું શરીર...
રૂપિયા બેની પડીકી ખાતુ શરીર...
કરોડો ખર્ચતા સ્વસ્થ ન થાતું શરીર...
દારૂની બૂરી લત લગાડતું શરીર...
જિંદગી કુટુંબની બગાડતું શરીર...
હોકાને હોઠે મમળાવતું શરીર...
ફેફસાને પળ પળ ગુંગળાવતું શરીર...
પળભરની મજા ઉજવતું શરીર...
ઉમ્રભરની સજા ભોગવતું શરીર...
કરીએ જતન તો સચવાય શરીર...
થાય પતન તો પસ્તાય શરીર...
કુટેવોનો મોહ જો ન લગાડે શરીર...
તો સમજો કદી ન બગાડે શરીર...
"ક્ષિતિજ" કહે મિત્રો થાવ નિર્વ્યસની...
ને સૌનાની જેમ સાચવો શરીર...

❖ રચયિતા ❖

**વેલજીભાઈ લધારામ મેપાણી**
ઉમિયા જનરલ સ્ટોર્સ, નખત્રાણા-કચ્છ.

## સમાજ

ભણ્યા તમે ગણ્યા તમે એ સમાજનો પરતાપ છે,
પણ માણસાઈ શીખ્યા તમે એ સમાજનો ઉપકાર છે.
સો જોજન ચડો આકાશમાં ધરતી ખરો વિશ્રામ છે,
લાખો સંબંધી હોય ભલે પણ સમાજ એતો સમાજ છે.
લખલુંટ સંપત્તિ છો મળી કે કુદરતનો પરતાપ છે,
સહ ઉપયોગ કરવા સંપત્તિનું ખરું ઠેકાણું સમાજ છે.
નાનો મોટો હોદ્દો મળ્યો કચેરીયે માન સન્માન છે,
યથાશક્તિ સેવા કરો હકદાર પ્રથમ સમાજ છે.
આંતર જ્ઞાતિય લગ્નોની ડાહી વાતો કરાય છે,
દિકરા-દિકરી વળાવવા સૌને પહેલી જરૂરત સમાજ છે.
નાતને વાડાબંધીએ કહેવું નર્યો બકવાસ છે,
સ્નેહ વહેંચી સ્નેહ પામવાની પ્રયોગશાળા સમાજ છે.
પક્ષો કલબો સંપ્રદાયો સૌ નવતર પ્રકાશના સમાજ છે,
નાનાને મોટાઈ પામવાનું એક માત્ર ઠેકાણું સમાજ છે.
આંખની શરમ નડે ખોટું કરતા સૌ ગભરાય છે,
સૌ સોની આમન્યામાં રહે એનું ખરું કારણ સમાજ છે.
દુનિયા આખી ખુંદીવળો પણ ઘર ખરો વિશ્રામ છે,
લાખો સંબંધી હો ભલે પણ સમાજ એ તો સમાજ છે.

❖ રચયિતા ❖

**શ્રીમતી પાર્વતીબેન રામજીભાઈ હળપાણી**
શ્રી ભગવતી ટીમ્બર માર્ટ, નંદાસણ (કચ્છમાં : ઘડુલી)

## શ્રી રામદેવપીર બાબાનું જીવન ચરિત્ર આખ્યાન બત્રીસ શિરાળા (મહારાષ્ટ્ર) મુકામે ભવ્યાતિ ભવ્ય રીતે યોજાયું

બત્રીસ શિરાળા (મહા.) : (અમારા પ્રતિનિધિ શ્રી કેશવલાલ વાલજીભાઈ ભગત, ખેરાલુ દ્વારા)

બાબા રામદેવપીર સ્નેહી પરિવાર દ્વારા તા. ૧૪-૪-૧૧ની રાત્રે ૮-૩૦ થી સવારના ૬-૩૦ વાગ્યા સુધી શ્રી રામદેવપીરના પ્રાગટ્યથી સમાધી સુધીનું જીવન ચરિત્ર આખ્યાન શ્રી પાંતિયા પરિવાર ઉમિયાજી રામા મંડળ દ્વારા રાખવામાં આવેલ. રામા મંડળ પાંતિયા પરિવારના સર્વે કલાકાર ભાઈઓનું બહેનોએ તિલક કરીને સ્વાગત કરેલ.

રાત્રે ૮-૩૦ વાગે ગોપાલભાઈ વાલજીભાઈ પટેલ (કોલ્હાપુર)એ સૌનું સ્વાગત કરેલ. શ્રી નારણભાઈ (શિરાળા)એ જણાવેલ કે આ કાર્યક્રમ રાખવા પાછળનો ઉદ્દેશ આપણી સમાજની નિરાધાર-વિધવા-ત્યકતા બહેનોને આર્થિક મદદગાર કરવા અને તબીબી સહાય પુરી પાડવાનો તથા ભાવિ પેઢીમાં સંસ્કારોનું સિંચન અને ધાર્મિક ભાવના વધે તે માટે પણ છે. શ્રી પાંતિયા પરિવારના વડીલશ્રીનું શ્રીફળ અને શાલ ઓઢાડીને ઈસ્લામપુરના માવિત્ર અરજણભાઈ વીરજીભાઈ રામાણીએ સન્માન કરેલ.

રામદેવપીરની ઉદ્દ્ઘાટનની આરતી મનજીબાપા નાકરાણી પરિવાર (કોડોલી)એ ઉતારેલ. રામદેવપીરના જન્મનો ચડાવો સ્વ. હરદાસભાઈ જેઠાભાઈ લીંબાણી (મલકાપુર) પરિવારે લીધેલ. પૂર્ણાહુતિની સમાધીની આરતીનો ચડાવો અરજણભાઈ વીરજીભાઈ રામાણીએ લીધેલ. સમગ્ર આયોજનમાં સ્વયંસેવક ભાઈઓમાં શિરાળા, કોડોલી, ઈસ્લામપુર, મલકાપુર, બાબવડે, આષ્ટા તેમજ કાસેગાંવના ભાઈઓએ સેવા આપેલ.

રામદેવપીર બાબા સ્નેહી પરિવારમાં મગનભાઈ (શિરાળા), ઈશ્વરભાઈ (ઈસ્લામપુર), કાંતિભાઈ (કોકરૂડ), માવજીભાઈ (બાબવડે), સુરેશભાઈ (મલકાપુર), શંકરભાઈ (વાઘવાડી), હરીભાઈ (કોડોલી), જીતુભાઈ (મલકાપુર) તેમજ દેવજીભાઈ (ઈસ્લામપુર)એ અને બીજા સ્નેહીજનોએ સેવા અને આયોજન કરેલ. તેમાં શ્રી ગોપાલભાઈ વાલજીભાઈ (કોલ્હાપુર)નો મોટો સાથ અને સહકાર મળેલ. કોલ્હાપુર સનાતન યુવક મંડળ દ્વારા પાંતિયા પરિવારના ભાઈઓને એક દિવસ કોલ્હાપુર દર્શન, મહાલક્ષ્મી મંદિર દર્શન તથા કણેટી મઠના દર્શન કરાવેલ. રામદેવપીર બાબાનું જીવન ચરિત્ર આખ્યાન કોલ્હાપુર, સાંગલી, સાતારા બાજુ પહેલી વખત થયેલ જેથી મોટી સંખ્યામાં ભક્તજનો પોતાના પરિવાર સાથે કાર્યક્રમને નિહાળવા આવેલ.

પાંતિયા પરિવાર ભાઈઓ દ્વારા સુંદર રીતે કાર્યક્રમ રજૂ કરેલ, જેમાં રામદેવપીર બાબાની સમાધી પહેલાં બહેન સગુણાના વિલાપ વખતે તમામ શ્રોતાજનો ભાવવિભોર બની ગયા હતા અને સૌની આંખો ભીની થયેલ હતી. સમગ્ર કાર્યક્રમમાં ચા-પાણી, નાસ્તો તેમજ જમવાની વ્યવસ્થા રાખવામાં આવેલ હતી.



## મહારાષ્ટ્રના વર્તમાન

## પૂના ચિંચવડ ખાતે મળેલ મથલવાસીઓનું સ્નેહ મિલન

પૂના : (અમારા પ્રતિનિધિ શ્રી જયંતિલાલ પટેલનો ફેક્સ સંદેશો)

અત્રે તા. ૨૭-૨-૧૧ના રોજ પૂના, ચિંચવડ તેમજ ચાકણમાં વસતા મથલ ગામના પરિવારોનું સ્નેહ મિલન પાટીદાર ભવન, ચિંચવડ મુકામે આનંદ અને ઉમંગથી યોજાયું હતું. સવારના આગમન સાથે ચા-નાસ્તો કરીને સર્વે એકબીજાને હેતભાવથી મળ્યા બાદ મિલનની શરૂઆત કરતાં પહેલાં છગન દેવશી લીંબાણીએ સૌ પધારેલ પરિવારોને મિલનમાં સહભાગી થવા બદલ હૃદયપૂર્વક આવકારીને ખુશી વ્યક્ત કરી હતી. પ્રથમ વડીલો દ્વારા મા ઉમિયા તથા ભગવાન લક્ષ્મીનારાયણ સમક્ષ દિપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શુભ શરૂઆત કરેલ. ખુશ્બુ પોકાર તથા કુ. પ્રીતિ લીંબાણી દ્વારા પ્રાર્થના તથા સ્વાગત ગીત રજૂ કરેલ, ત્યારબાદ સર્વે પરિવારનાં ભાઈઓ તથા બહેનોએ પોતાનો સ્વપરિચય આપેલ. ત્યારબાદ પ્રાસંગિક પ્રવચનમાં ભાગ લેતા વડીલ ભાઈઓમાં સર્વે શ્રી ચતુરભાઈ લીંબાણી, જયંતિભાઈ લીંબાણી, દિનેશભાઈ લીંબાણી, પ્રવિણભાઈ ચૌધરી, મોહનભાઈ હળપાણીએ મિલનનું મહત્વ તેમજ પોતાનું વ્યવસાયિક જ્ઞાન ખૂબ સરળ રીતે સમજાવીને સર્વે ભાઈઓને માહિતગાર કરી યુવાનોમાં જ્ઞાન રોપણ કર્યું હતું.

ઓપન મંચ રાખવામાં આવેલ, જેમાં ભાઈઓ અને બહેનોએ પોતાના વિચારો રજૂ કરેલ, જેમ કે આવતા વર્ષોમાં અભ્યાસનું મહત્વ, તેમાં રહેલી વિવિધ રાહો તેમજ ખેલકૂદમાં પણ કરિયર બનાવી શકાય અને દિકરા તથા દિકરીને ભણાવવા તેમજ સારા પુસ્તકોના વાંચન દ્વારા અને માતા-પિતાના દ્વારા છોકરાઓમાં સારા સંસ્કાર મેળવી સફળ પાટીદાર બનીએ. તેમાં ભાઈઓમાં નિલેશભાઈ હળપાણી, જયેશભાઈ લીંબાણી, અમિતભાઈ લીંબાણી, સુમિતભાઈ લીંબાણી, જીગ્નેશભાઈ પોકાર તથા બહેનોમાં ડૉ. દિવ્યાબેન લીંબાણી, નીમીક્ષાબેન લીંબાણી, અનિતાબેન લીંબાણી, ખુશ્બુબેન પોકાર, જાગૃતિબેન લીંબાણી, ઊર્મિબેન હળપાણીએ પોતાના મંતવ્યો રજૂ કરેલ.

બપોર બાદ બીજા સત્રમાં વડીલો સર્વ શ્રી રતનશી કરમશી લીંબાણી, દેવશી માધવજી લીંબાણી, રતનશી રામજી ચૌધરી, પચાણ કરમશી લીંબાણીને ડાયસ પર સ્થાન ગ્રહણ કરાવવામાં આવેલ અને પરિવાર તરફથી આમંત્રિત નિયાણીઓને સન્માનિત કરવામાં આવેલ. યુવક ભાઈઓમાં સર્વ શ્રી જગદીશભાઈ ચૌધરી, જગદીશભાઈ લીંબાણી, સુમિતભાઈ લીંબાણી તરફથી હૌજી તેમજ પજલ ગેમ્સ રમાડવામાં આવેલ.

વડીલોમાં શ્રી રતનશી કરમશી લીંબાણી તરફથી સ્નેહ મિલનની બાબતમાં જણાવતાં હર્ષ અને આનંદ વ્યક્ત કરી ભાવવિભોર શબ્દોમાં આશીર્વચન આપ્યા હતા. શ્રી ચતુરભાઈ દ્વારા ભાણજીબાપા ચૌધરી લેખિત મથલના ઈતિહાસનું વાંચન કરી સર્વેજનોને માહિતગાર કર્યા હતા. કાર્યક્રમના આયોજનમાં જયંતિભાઈ લીંબાણી, દિનેશભાઈ લીંબાણી, પ્રવિણભાઈ ચૌધરી, જગદીશભાઈ ચૌધરી, જગદીશભાઈ લીંબાણીએ સાથ સહકાર આપેલ.

કાર્યક્રમનું સૂત્ર સંચાલન છગનભાઈ લીંબાણીએ કરેલ.



# રવાપર (કચ્છ)માં કુળદેવી મા ઉમિયાની મૂર્તિનો પ્રાણ પ્રતિષ્ઠા અને સ્નેહ મિલન ૨૦૧૧

રવાપર (કચ્છ) : (અમારા પ્રતિનિધિ શ્રી કાંતિલાલ ગોરાણી દ્વારા)

શ્રી રવાપર કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સમાજની સામાન્ય સભા, મા ઉમિયાની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા અને સ્નેહ મિલન ૨૦૧૧ નિર્ધારિત કાર્યક્રમ મુજબ ભવ્યતાથી સંપન્ન થયેલ. તા. ૭-૫-૧૧ના સવારે ૯-૦૦ કલાકે સમૂહ લગ્ન, સત્સંગ સમાજવાડી રવાપરમાં પ્રમુખ શ્રી શામજી માનણ મૈયાતના અધ્યક્ષપણે હેઠળ સામાન્ય સભા મળેલ, જેમાં સમાજનાં નાના-મોટા ભાઈ-બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. મહામંત્રી શ્રી વલ્લભભાઈ મૈયાતને કાર્યક્રમની રૂપરેખાનું વિવરણ આપેલ. મા ઉમિયાની જળયાત્રા (શોભાયાત્રા)માં ઝાંકિયા દ્વારા ભગવાનના સ્વરૂપના લાભ લેવા માટે મહામંત્રીશ્રીએ ઉછામણી શરૂ કરેલ, જેમાં દાન કરનાર દાતાઓએ મન મુકી ચઢાવા પદ્ધતિમાં ભાગ લીધેલ. જેના ફલસ્વરૂપ સમાજમાં મોટી એવી રકમ જમા થયેલ.

(૧) લક્ષ્મીનારાયણ સ્વરૂપના યજમાન તરીકે શ્રી શામજી અરજણ સાંખલા (ભરૂચ) (૨) શંકર-પાર્વતી સ્વરૂપના યજમાન તરીકે શ્રી વાઘડીયા પરિવાર (૩) રામ-સીતા સ્વરૂપના યજમાન તરીકે શ્રી લધાભાઈ વિશ્રામ પોકાર (૪) રાધા-કૃષ્ણ સ્વરૂપના યજમાન તરીકે શ્રી બાબુલાલ દેવસી પોકાર (બેંગ્લોર) (૫) ગણપતિ સ્વરૂપના યજમાન તરીકે શ્રી જાદવાણી પરિવાર (૬) હનુમાનજી સ્વરૂપના યજમાન તરીકે શ્રી ગોરાણી પરિવાર અને (૭) ગરૂડજી સ્વરૂપના યજમાન તરીકે શ્રી રંગાણી પરિવારનો લાભ મળેલ.

આ કાર્યક્રમને સફળ બનાવનાર સર્વ શ્રી પુરૂષોત્તમ મૈયાત (હરણી), બાબુલાલ મૈયાત (વાપી), ભવનભાઈ પોકાર (કલોલ), જયંતિભાઈ વાઘડીયા (પોલાચી), કાંતિભાઈ ગોરાણી (હૈદ્રાબાદ)એ ભારે ઉત્સાહ બતાવી દાતાઓનો હોસલો બુલંદ કરવામાં સિંહ ફાળો આપી સારૂં એવું ફંડ સમાજમાં જમા થયેલ. વૈશાખ સુદ પાંચમ, તા. ૮-૫-૧૧ રવિવારના શોભાયાત્રામાં જોડાવવા આખુ ગામ તથા બહારગામથી પધારેલ તમામ સભ્યો રવાપરની મેઈન બજાર છલોછલ ઉભરાઈ ગઈ હતી. શ્રી બાબુભાઈ મૈયાત (વાપી)ના ઘરેથી મા ઉમિયાની મૂર્તિ વાજતે ગાજતે શણગારેલ ટ્રેકટરમાં બેસાડેલ બાકી અન્ય ઝાંખીઓ લક્ષ્મીનારાયણ, રામ-સીતા, રાધા-કૃષ્ણ, ગણપતિ, હનુમાનજી અને ગરૂડજીના સ્વરૂપની ઝાંખીઓ જુદા જુદા ટ્રેકટરમાં શોભાયમાન હતી. ઝાંખીઓની આગળ પાછળ ડીજે ટેમ્પો, બેન્ડ પાર્ટી તથા ઢોલીડાની ટીમ એમ ત્રણ ટીમો યાત્રામાં રહેલી. શરણાઈઓના સુરથી આખુ ગામ ગુંજી ઉઠ્યું હતું, જેમાં ગણપતિજીના સ્વરૂપની ઝાંખી સર્વને મનમોહક લાગતી હતી, કેમ કે ૧૬૦ કિ.ગ્રા. વજન ધરાવતા હરીભાઈ જાદવાણી આબેહુબ ગણપતિ લાગતા હતા. હનુમાનજીએ જાણે બધા જ દેવોની સુરક્ષા પોતાના હાથમાં લીધી હોય તેમ કયારેક મા ઉમિયાના ટ્રેકટરમાં તો કયારેક ભગવાન રામના ચરણમાં અને કયારેક રસ્તામાં ભાવિક ભક્તોની જોડે રાસ રમવામાં ઉછળ-કૂદ કરતા હતા.

આ શોભાયાત્રા (જલયાત્રા) રવાપરમાં મેઈન બજારથી નીકળી ગામના અટાલિયા શેરીથી પસાર થઈ તળાવે પહોંચેલ, જ્યાં ઉમિયાની મૂર્તિને તળાવના પાણી દ્વારા જલ અભિષેક કરવામાં આવેલ. વાજતે ગાજતે માતાના મડ હાઈવે પર પહોંચી. જ્યાં ટ્રાફિક શોભાયાત્રા જોવા થંભી ગઈ. તાલુકા પંચાયત સભ્ય શ્રી અશ્વિન રૂપારેલ બેનર લગાવી સમગ્ર જ્ઞાતિ તથા શોભાયાત્રાનું સ્વાગત કરેલ. જિલ્લા પંચાયતના સભ્ય શ્રી દિનકરભાઈ રૂપારેલના મુખ માંથી શબ્દો સરી પડ્યા હતા કે નેરો તા નેરો, સજો ગામ કુણબીથી શ્રી છલ્લો છલ ભરાઈ વ્યો, ૪ થી ૫ હજાર સંખ્યા હુધી એડો અનુમાન લગેતો. મા ઉમિયાજી કી મહેરબાની આહે. ગામ વાસીઓ માદરે વતનમાં આટલો ઉત્સાહથી ગામજી શોભા વધારવા બદલ પાટીદાર સમાજ કે લખ લખ વધાઈયા.

શોભાયાત્રામાં એક જ યુનિફોર્મ યુવક-યુવતીઓ ટી-શર્ટ અને ટોપી સાથે કતારબંધ એક કિ.મી. લાંબો જનસમુદાય ઉભરાઈ ગયો હતો. ભાઈ-બહેનો સૌ પોતપોતાના ગ્રુપ બનાવી ઢોલના ધબકારે દાંડીયા-રાસની રમઝટ માણેલ. યુવાનીયાઓ ડીજે ઉપર મન મુકી આનંદ માણ્યો હતો. શોભાયાત્રા ભગવાન લક્ષ્મીનારાયણ મંદિરના પ્રાંગણમાં યજ્ઞમંડપ સ્થળે પહોંચી માની મૂર્તિને બિરાજમાન કરેલ, જ્યાં ૧૦૮ માટીની હેલકુંલડી દ્વારા ગંગા, જમુના, નર્મદાના પાણી દ્વારા જલાભિષેક કરવામાં આવેલ. પંડિત દેવકૃષ્ણ મુળશંકર વાસુ આચાર્યપદે બિરાજી વૈદિક તેમજ શાસ્રોક્તવિધિથી મહાયજ્ઞનો શુભારંભ કરવામાં આવેલ.

બપોર પછીના બીજા સત્રમાં સરસ્વતી સન્માન કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. મહામંત્રી શ્રી વલ્લભભાઈએ સૌને આવકારી બહેનો દ્વારા સરસ્વતી વંદનાની સ્તુતિ ગાઈ. સરસ્વતી સન્માન પ્રસંગે મેનેજિંગ ટ્રસ્ટી ચંદુભાઈ ભવાનજી નાકરાણી (સી.એ.) થાણાવાળાએ જણાવેલ કે આગળના ઈતિહાસમાં ડોકિયું કરતાં જણાશે કે કડવા પાટીદારમાં પ્રથમ એસ.એસ.સી. મહિલામાં રવાપરની સુપુત્રી લક્ષ્મીબેન કરમશી પોકાર, જ્ઞાતિના પ્રથમ મેટ્રીક અને કાંતિકારી દાનાભાઈ અરજણ જાદવાણી રવાપરના હતા. કડવા પાટીદારમાં પ્રથમ બેચમાં સી.એ. થનાર ચંદુભાઈ નાકરાણી હતા. એટલે રવાપર ગામની અંદર એજ્યુકેશન વડીલોએ વારસામાં આપેલ છે. સમાજમાં પ્રથમ મેટ્રીક શ્રી દાનાભાઈએ ૧૭ વર્ષની નાની ઉંમરે જ કાવ્યો લખ્યા. તેમના પ્રકાશિત અને અપ્રકાશિત કાવ્યોમાં આપણી જ્ઞાતિને તે વખતની ગુલામી, મનોદશા અને ધાર્મિક અધોગતિનું પ્રતિબિંબ સચોટ રીતે ઝીલાયું છે. સમાજની કમનસીબી છે કે જ્ઞાતિનો આવો પ્રતિભા સંપન્ન તેજસ્વી તારલો માત્ર ૨૦ વર્ષની ઉંમરે અચાનક ખરી પડતાં જે શૂન્યાવકાશ સર્જાયો તે આજ દિન સુધી પુરો થઈ શક્યો નથી. આ પ્રસંગે આપણે તેમને યાદ કરીએ. દાનાભાઈએ મેટ્રીક પરીક્ષા સન ૧૯૮૫માં પાસ કરેલ. કેન્દ્રિય સમાજ પાસે નોંધ નથી.

સરસ્વતી પ્રતિભા સન્માન ૧૪૮ ભાઈ-બહેનો અને વધૂઓને પ્રમાણપત્ર અને મોમેન્ટો આપેલ કે આપ જીવનના દરેક ક્ષેત્રે ઉતરોત્તર પ્રગતિ કરી સમાજ અને રાષ્ટ્રનું ગૌરવ વધારો એવી શુભેચ્છા સહ સમાજના હોદ્દેદારો તથા સરસ્વતી સન્માન દાતા શ્રી વાઘડીયા પરિવારના સભ્યોના વરદ્ હસ્તે આપેલ. ભાઈઓની સાથે ખભેખભા મિલાવી બહેનો ૫૦% અને ભાઈઓ ૫૦% ગ્રેજ્યુએટ થયા. સરસ્વતી સન્માન સી.એ., એમ.બી.એ., એમ.કોમ., અને કોમ્પ્યુટર એન્જીનીયર જેવા કોષો ભાઈ-બહેનોએ યુ.કે., કેનેડા અને અમેરિકાની યુનિવર્સિટીમાં સફળતાપૂર્વક પાસ કરેલ છે. જે સર્વને સમાજ અભિનંદન પાઠવેલ છે. સરસ્વતી સન્માન કાર્યક્રમ ચંદુભાઈ નાકરાણી (મુંબઈ), ભીમજી કરમશી જાદવાણી (ઈન્દોર) અને અરૂણભાઈ નાકરાણી (મુંબઈ)એ સફળતાપૂર્વક પાર પાડેલ.

યુવા વિચાર મંચમાં બોલતા શ્રી કાંતિલાલ ગોરાણી (હૈદ્રાબાદ)એ જણાવેલ કે જેમ જેમ આપણે ૨૧મી સદી તરફ આગળ વધી રહ્યા છીએ તેમ તેમ વિજ્ઞાન ટેકનોલોજીનો એટલો વિકાસ થઈ રહ્યો છે કે જે થોડા વર્ષ પહેલા કલ્પના ન કરી શકાય તેવા અદ્યતન યંત્રો અને સુવિધાઓ ઉપલબ્ધ છે. જેના લીધે આપણે સવારનું શીરામ કચ્છમાં બપોરનું લંચ દિલ્હીમાં અને રાત્રીનું વાળુ ડિનર સિંગાપુરમાં શક્ય બન્યુ છે. આખી દુનિયા એક મોટા શહેરમાં ફેરવાઈ ગઈ છે. આજનો યુવાન આ બધી સગવડમાં રચ્યો-પચ્યો ન રહે તે માટે યુવાસંઘે યુવાનો માટે લક્ષ્યાંક હાંસિલ કરવા મિશન ૨૦-૨૦ આપ્યું. જેની વિસ્તારપૂર્વક માહિતી આપી યુવાનોને જોડાવા હાકલ પાડેલ. શ્રીમતી શીલાબેન યોગેશ પોકારે જણાવેલ કે દિકરા-દિકરીને ગ્રેજ્યુએટ સુધી ભણાવવા કુટુંબોએ આગળ આવવું જોઈએ. મહિલાઓએ લાજ કાઢવામાં નહિ પણ લાજ રાખવામાં મર્યાદા રહેલી છે. ગીતાબેન શાંતિલાલ સાંખલા (સાગર)એ જણાવેલ કે પોતાનામાં રહેલી કલાને સહઉપયોગ કરવો જોઈએ. પોતે સાગરમાં કુકિંગ કલાસ, બ્યુટી પાર્લર, મહેંદી મુકવાના અને એજ્યુકેશન બાબતના વિવિધ કલાસો લે છે. સમાજે અભિનંદન પાઠવેલ.

વૈશાખ સુદ છઠના તા. ૯-૫-૧૧ સોમવારના સવારે ભગવાન લક્ષ્મીનારાયણ મંદિરના પ્રાંગણમાં યજ્ઞ મંડપની અંદરમાં યજ્ઞમાં ચૌદસો ઉપચારે દેવોનું મહાપૂજન કરવામાં આવેલ. મા ઉમિયાની મૂર્તિ સ્થાપનાના યજમાન તરીકે મૈયાત પરિવારના સર્વ શ્રી મોહનલાલ લખમશી, જીવરાજ દેવસી અને જયંતિલાલ શામજી સજોડે બિરાજી લાભ મેળવેલ. મૂર્તિમાં પ્રાણ આહ્વાન કરી મા ઉમિયાની પ્રાણ પ્રતિષ્ઠા વિધિ દ્વારા મંદિરની અંદર સ્થાપના કરવામાં આવેલ. માતાજીની મૂર્તિનું આકર્ષણ જાણે સાક્ષાત દર્શન દેતા હોય એવી રમણીય લગતી હતી. બપોરના ૧૨-૦૦ વાગે શ્રીફળ હોમ થયા બાદ મા ઉમિયાની મહાઆરતી કરવામાં આવેલ. સર્વે ભાવિક ભક્તોએ મહાઆરતીનો લાભ લઈ દર્શન મેળવેલ. સમાજના હોદ્દેદારો દ્વારા પંડિત દેવકૃષ્ણ વાસુની ટીમને ભેટ સોગાદો આપી સન્માન કરવામાં આવેલ. લક્ષ્મીનારાયણ સમાજ અને સ્વામીનારાયણ સત્સંગ સમાજ સાથે બેસી મહાપ્રસાદ ગ્રહણ કરેલ. સમાજમાં વિશેષ એકતાના દર્શન થયા.

બપોર પછીના સત્રમાં કુટુંબના દરેક સભ્યોને સ્ટેજ ઉપર બોલાવી વ્યક્તિગત સહકુટુંબ પરિચય મેળવેલ, ગ્રુપ ફોટો

(અનુ. પાના નં. ૨૯ ઉપર)

## ચમકારા

- **આયોજન સમિતિની વિશેષતા રહી હતી કે કોઈને પણ પ્રમુખ કે ઉપપ્રમુખ, મંત્રીના હોદ્દા આપેલ હતા નહિ. સૌ સંયુક્તપણે નિર્ણય લઈ આયોજનને સફળ બનાવેલ.**
- **પ્રત્યેક ટાણામાં મહાપ્રસાદ લેનારની સંખ્યા ૨૭૦૦ હતી.**
- **પૂ. વડીલોના દિવ્ય સન્માન આકર્ષણ કેન્દ્ર હતું.**
- **શોભાયાત્રામાં ગણેશજીનું સ્વરૂપ ૧૬૦ કિ.ગ્રા. વજન ધરાવતા હતા જેથી જોવાલાયક હતા.**
- **નિયાણીઓ તથા નિયાણાઓ સારી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.**
- **સરસ્વતી સન્માનમાં ગ્રેજ્યુએટ સંખ્યા ૧૪૮ જેમાં ભાઈ-બહેનોની ૫૦% સરખી સંખ્યા હતી.**
- **લક્ષ્મીનારાયણ સમાજની જનસંખ્યા ૨૪૬૧ અને કચ્છમાં માત્ર ૫૩ જનસંખ્યા છતાં ભવ્ય કાર્યક્રમ સફળ થયેલ.**
- **આયોજનમાં રસોડું સુધરે તો કાર્યક્રમ સુધરે તેમ પ્રત્યેક ટાણામાં સુંદર મજાના પકવાન/રસોઈ ભોજન પીરસેલ. સૌએ ભારોભાર રસોયાની ટીમના વખાણ કરેલ.**
- **સ્નેહ મિલન ૨૦૧૧માં બહારના અતિથિ વિશેષ યા મહાનુભાવોને બોલાવવામાં આવેલ ન હતા. જેથી સમયનો સદુપયોગ પરિવારજનોના મેળાવડામાં કરવામાં આવેલ.**

2011-06 -Patidar Sandesh -Sanskar Dham Opening (918)





## રવાપર (કચ્છ)માં કુળદેવી મા ઉમિયાની મૂર્તિનો પ્રાણ પ્રતિષ્ઠા અને સ્નેહ મિલન ૨૦૧૧... (અનુ. પાના નં. ૨૮ ઉપરથી ચાલુ)

પાડેલ તથા સમાજ તરફથી નિજમંદિર લક્ષ્મીનારાયણની મૂર્તિ સાથે મા ઉમિયાની મૂર્તિનો સંયુક્ત ફોટાનું સ્મૃતિભેટ આપેલ. લક્ષ્મીનારાયણ સમાજની ટોટલ જનસંખ્યા ૨૪૬૧ છે, જેમાં ફક્ત ૫૩ સભ્યો કચ્છમાં વસવાટ કરે છે. પરિવારની દરેક નિયાણીઓને સ્ટેજ ઉપર બોલાવી પ્રતિકરૂપે તાંબાની ૧૬ લીટરની પાણીની મટકા પવાલી અર્પણ કરવામાં આવેલ સાથે નિયાણાઓને જોલી ટ્રોલી બેગ સ્મૃતિ ભેટ તરીકે સ્ટેજ ઉપર બોલાવી અર્પણ કરેલ. કુંવારી કન્યા દરેકને સ્ટેજ ઉપર બોલાવી પ્રતિકરૂપે જોલી ટ્રોલી બેગ તથા નાકનો સોનાનો હિરો ભેટરૂપે અર્પણ કરેલ. તમામ પરિવારની નિયાણીઓની જનસંખ્યા ૯૦૦ અને કુંવારિકાની જનસંખ્યા ૪૦૦ થાય છે. આ કાર્યક્રમનું સંચાલન મહામંત્રી વલ્લભભાઈ મૈયાતે કરેલ.

તા. ૮ અને ૯-૫-૧૧ની રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ સમાજના બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલ. ભારતના તમામ રાજ્યોમાંથી ઝોનદીઠ ફાળવેલ સમય અનુસાર ઉમંગથી ભાગ લીધો હતો. મનોરંજનની અંદર હાસ્ય નાટિકા, લોકગીત, સોલો ડાન્સ, ભરત નાટ્યમ, કુચીપુડી ડાન્સને આદિવાસી નૃત્ય જેવા વિવિધ કાર્યક્રમો રજૂ કરેલ, જેમાં તેમનો ઉત્સાહ વધારવા દાતાઓ તરફથી પ્રોત્સાહિત ઈનામની રકમ જાણે ધન વરસાદ થયો હોય એમ સમાજના સભ્યો તેમજ ગામવાસીઓએ ખુલ્લા મનથી ઉદાર હાથે લ્હાણી કરાવેલ, જેમાં આવેલ રકમ ૫૦% ભાગ લેનાર કલાકારોને તથા ૫૦% ગૌદાન ગાયોના ઘાસચારા માટે વિતરણ કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન વસંત અરજણ મૈયાત (વલસાડ)એ સુંદર મજાની વાણી દ્વારા લોકોને જકડી રાખવામાં સફળ થયા.

વૈશાખ સુદ સાતમ તા. ૧૦-૫-૧૧ મંગળવારના સવારે પૂ. વડીલોના દિવ્ય સન્માન માટે સ્ટેજ ઉપર ગેલેરીની માફક ગોઠવણ કરવામાં આવેલ. તેમાં પૂ. વડીલોના સ્થાન ગ્રહણ કરવામાં આવેલ. પ્રથમ લક્ષ્મીનારાયણ સ્વરૂપ માતા-પિતા ત્યારબાદ માતૃશક્તિ એન પિતૃશક્તિને બેસાડેલ. ૬૫ વર્ષથી ઉપરના વડીલોએ આ દિવ્ય સન્માનમાં ભાગ લીધો હતો. જેમની સંખ્યા ૧૨૬ હતી. અત્યાર સુધી ભારતભરમાં ક્યાંય ન થયો હોય એવો અદ્‌ભૂત કાર્યક્રમ થયો. જેમનાં માતા-પિતા હોય તેમના જ પુત્ર-પુત્રવધૂના વરદ્ હસ્તે માથાનો મુગટ, ગળાનો હાર તેમજ દેવસ્વરૂપ શણગાર સજેલ. કુંવારિકા દિકરીઓ દ્વારા ચંદન તિલક કરવામાં આવેલ તેમજ મૈયાત પરિવાર દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ. પૂ. વડીલોની સામૂહિક મહાઆરતી ઉતારવામાં આવેલ. સંપૂર્ણ સભામંડપ દિવાથી પ્રજ્વલિત થઈ ઝગમગી ઉઠ્યો હતો.

૩-૦૦ કલાકે એક જ આસન પર પૂ. વડીલો દેવસ્વરૂપ ધારણ કરી દશ્ય સૌને નમન કરવાનું મન થાય, જાણે સ્વર્ગલોકમાંથી સર્વ દેવો આવીને આશીર્વાદ આપતાં હોય તેવી મુદ્રામાં પૂ. વડીલો શોભાયમાન થઈ રહ્યા હતા. અલૌકિક દશ્ય સર્જાયું હતું. સભામાં ઉપસ્થિત સૌ ભાઈ-બહેનો ગદગદ થઈ ગયા હતા. તેના ફળ સ્વરૂપે ગૌદાનની મોટી રકમ જમા થઈ. ચંદુભાઈ લખમશી મૈયાત તથા વલ્લભભાઈ મૈયાતે આધ્યાત્મિક વાણી દ્વારા માતૃશક્તિ, પિતૃશક્તિને આત્મ વંદન કરાવતો કાર્યક્રમમાં વિરાજેલ વડીલોમાં દેવના દર્શન કરીએ, શાંતિ માની ગોદમાં છે, હિમાલયમાં નથી. ભગવાનના દર્શન મૂર્તિમાં થાય છે પણ ભાવ લગાડ્યા વગર બોલતી નથી. પરંતુ આ જીવતા ભગવાનરૂપે મા-બાપ આપણા ઘર-ઘરમાં છે. તેમનામાં પરમાત્માના દર્શન કરીએ, જેથી ઘર સ્વર્ગ બની જાય. વડીલોએ પણ કોઈના પ્રત્યે રાગદ્વેષ રાખ્યા વગર દિકરા-વહુ તથા દિકરીમાં સરખો રાખવો જોઈએ. આપણે ઋષિ પુત્રો છીએ, આપણા મૂળ લક્ષ્મીનારાયણ સનાતન વંશ જ છીએ. જેથી અરસપરસ પ્રેમ રાખવો. વ્યસન મુક્તિ પર બોલતાં જણાવેલ કે વ્યસનથી બધા જ દુર્ગુણો આવે છે. પાન, બીડી, ગુટકા જીવતા દેવ આગળ મુકો. એજ કાર્યક્રમની સફળતા છે. સભા મંડપમાંથી ઘણા બધા યુવકોએ ગુટકા પડીકી પૂ. વડીલો સામે મુકી વ્યસન મુક્ત થવા સંકલ્પ લીધો. સ્ટેજ ઉપર વિરાજેલ વડીલોએ જણાવેલ કે અમોને ઘડીક બે ઘડીક સ્ટેજ ઉપર બોલાવી સન્માન કરી પાછા પોતાના સ્થાન ઉપર બેસાડતા પણ આજે ત્રણ કલાકથી બેસાડવા છતાં ભુખ-તરસ ક્યાં ગયા તેનું સ્મરણ નથી. આવા સુંદર મજાના આયોજન બદલ સમાજ અને કાર્યકર્તાઓની ભારોભાર પ્રશંસા કરેલ. ભવનજી લખમશી મૈયાત, સમાજી અરજણ સાંખલા, અરજણ મૈયાત તેમજ નારણ લાલજી પોકારે પ્રતિભાવ આપતા જણાવેલ કે હૃદય ગદ્ ગદ્ થઈ હર્ષના આંસુ આવી જાય છે. આવું ભવ્ય સન્માન કરવા બદલ આભાર.

બપોર પછીના સત્રમાં રવાપર લક્ષ્મીનારાયણ સમાજ વિશે ટ્રસ્ટી શ્રી ચંદુભાઈ ભવાનજી નાકરાણી, શામજી અરજણ સાંખલા, ભવાનભાઈ લખમશી મૈયાત અને અરજણબાપા (વલસાડ) સર્વે ટ્રસ્ટીઓએ ઈતિહાસનું વર્ણન કરેલ કે સમાજના આદ્ય સુધારક નારાયણબાપા લીંબાણીના વિચારો સાથે મળીને સંવત ૨૦૦૬ની સાલમાં શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની પાન મૂર્તિના પ્રથમ મંદિરની સ્થાપના કરવામાં આવી. લક્ષ્મીનારાયણ સમાજની સ્થાપનાની યાદમાં પાઠ ઉત્સવ પ્રથમ પ્રમુખ લાલજી સોમજી નાકરાણી, મહામંત્રી વીરજી રતનશી નાકરાણીની ટીમે નક્કી કરેલ કે ભારતના ગમે તે ખૂણે ધંધાર્થે રહેવા છતાં પાઠ ઉત્સવમાં હાજર રહેવું. દર પાંચ વર્ષે ભેગા થવું. ઉજવણી ભવ્યતાથી કરવી તથા સાથે બેસી સમૂહ ભોજન લેવું. જેના ફળ સ્વરૂપે આપણે પાઠ ઉત્સવો ઉજવતા આવ્યા છીએ.

કરમશી શિવદાસ પોકારના પ્રમુખસ્થાને ભવ્ય મંદિરનું નિર્માણ કાર્ય પાર પાડવામાં આવ્યું. આ ભવ્ય મંદિર નખત્રાણા તાલુકામાં મોટામાં મોટું મંદિર તરીકે ગણતરી કરવામાં આવે છે. સ્થાપિત મૂર્તિમાં આકર્ષણ જોતા કચ્છ જિલ્લા લેવલે દર્શનીયમાં નોંધ લેવામાં આવે છે. સંવત ૨૦૩૦ તા. ૧-૫-૭૪ વૈશાખ સુદ દશમને બુધવારના રોજ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનાના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના જુના મંદિરની પ્રતિષ્ઠાને ૫૦ વર્ષ અને નવા મંદિરને પ્રાણ પ્રતિષ્ઠાને ૨૫ વર્ષ પૂર્ણ થતા તા. ૯ થી ૧૧ મે, ૧૯૯૯ના ત્રિદિવસીય રજત સુવર્ણ જયંતિ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ.

ગામની ફરજિયાત આવશ્યકતાને પહોંચી વળવા ગામના સૌ કાર્યકર્તા મળીને પ્રાથમિક શાળા, સરકારી દવાખાના, ગામથી ત્રણ કિ.મી. દૂરથી મીઠા પાણીની પાઈપ દ્વારા ઘરે ઘરે પાણીના નળ, વીજળી સપ્લાય, લાઈબ્રેરી અને જ્ઞાન સરિતા હાઈસ્કૂલ ઉભી કરવા માટે પૂ. કરમશીબાપા પોકાર તથા મિત્રમંડળને રવાપર ક્યારેય ભૂલી શકે તેમ નથી. રવાપર ખાતે તે વખતના યુવાનો દ્વારા યુવક સંઘની સ્થાપના કરેલ જેનું મકાન આજે પણ હયાત છે. અત્યારે વર્તમાન સમિતિ પણ સમાજનું બાંધકામનું કાર્ય હોય યા ફંડ એકત્રિત કરવું હોય તેમાં સક્રિયતાથી કાર્ય કરે છે. તે બદલ ધન્યવાદ પાઠવેલ કે હૃદયમાં રામ રાખજો, મનમાં દયા રાખજો અને તન, મનથી સમાજની સેવા કરજો જેથી આપણું સંગઠન વધુ મજબૂત બને તેવી શુભકામનાઓ પાઠવેલ.

વિશેષ સિદ્ધિ હાંસિલ કરેલ વ્યક્તિઓને વિશેષ સેવા સન્માન પત્ર દ્વારા પંદર જેટલા વિવિધ રાજ્યોના કાર્યકર્તાઓને સમાજના હોદ્દેદારોના વરદ્ હસ્તે સન્માન પત્ર આપેલ. ૧૨મા વર્ષ કુંભમેળાની જેમ સ્નેહ મિલન ૨૦૧૧ કુળદેવી મા ઉમિયાની મૂર્તિ સ્થાપના પ્રસંગે તમામ દાતાઓને સ્ટેજ ઉપર બોલાવીને નિજ મંદિરના લક્ષ્મીનારાયણ તથા મા ઉમિયાની મૂર્તિનું સંયુક્ત ફોટો સ્મૃતિ ભેટ આપી સન્માન કરવામાં આવેલ. વિવિધ કાર્યોમાં વિશેષ સેવા બજાવેલ કાર્યકર્તાઓને પણ સ્ટેજ પર બોલાવી સ્મૃતિ ભેટ આપી સન્માન કરવામાં આવેલ. સમાજના પ્રમુખ શ્રી શામજી માનણ મૈયાતે જણાવેલ કે ત્રણ દિવસ સૌ એક પરિવાર બની કાર્યક્રમને સફળતા અપાવવા બદલ સૌ સભ્યોની ભારોભાર પ્રશંસા કરેલ. સૌ સમિતિઓ અને દાતાઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવેલ. પ્રત્યેક પરિવારની નિયાણીઓ તથા નિયાણાઓ સારી સંખ્યામાં ઉપસ્થિત રહી ગામની શોભા વધારવા બદલ ધન્યવાદ પાઠવેલ.

સ્નેહ મિલન ૨૦૧૧માં ઉપસ્થિત સભ્યો, વિવિધ કાર્યરત સમિતિઓ, સર્વે દાતાઓ તેમજ નિયાણીઓ અને નિયાણાઓ સૌએ કાર્યક્રમ માણ્યો, જેમાં અમારાથી કોઈ ત્રુટિઓ રહી ગઈ હોય તો આપ દરગુજર કરશો તેમ મહામંત્રી શ્રી વલ્લભભાઈ મૈયાતે જણાવેલ. સમાજના સભ્યો, મહેમાનોની વચ્ચે વિદાય વેળાએ સમારંભના અંતમાં દિલ મુંસુરીના કાવ્ય પંક્તિ ગાયેલ કે મળે ન મળે, ભરીલો આંખમાં રસ્તાઓ, બારીઓને ભીંતો જે ઘર મળે ન મળે. રડીલો આજ સંબંધો ને ફરી મળે ન મળે... પંક્તિ દ્વારા સૌ ભાવવિભોર થઈ ગયા હતા. અંતમાં આભાર મહામંત્રીએ પાર પાડેલ.

રાત્રે બાબુલાલ દેવશી પોકાર (લખાણી) બેંગ્લોર દ્વારા લાબડીયા ગ્રુપ દ્વારા લોક સાહિત્ય ડાયરાનું આયોજન કરવામાં આવેલ, જેમાં મોડી રાત સુધી ગામવાસીઓએ આનંદ માણેલ.

## માતાના મડ (કચ્છ) મધ્યે થનાર આગામી તા. ૧૬-૮-૨૦૧૧ થી તા. ૧૯-૮-૨૦૧૧ ચતુર્થ દિવસીય ત્રિવિધ મહોત્સવના આયોજન બાબત જનરલ સભા યોજાઈ

માતાના મડ (કચ્છ) : (શ્રી સુરેશભાઈ અબજી જાદવાણી દ્વારા)

તા. ૮-૫-૧૧ને રવિવારે અત્રે શ્રી દેવજીભાઈ મનજી જાદવાણીના પ્રમુખસ્થાને જનરલ સભાનું આયોજન થયેલ. સર્વ પ્રથમ મા ઉમિયા, ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને જગત જનની મા આશાપુરાના જયઘોષ સાથે સભાની શરૂઆત શ્રી વલ્લભભાઈ સોમજી પોકારે કરેલ. પ્રમુખશ્રી અને વડીલોના વરદ્ હસ્તે મા ઉમાનો દિપ પ્રાગટ્ય કરવામાં આવેલ. ઉપસ્થિત સર્વ સભ્યોનું શ્રી વલ્લભભાઈ પોકારે શાબ્દિક સ્વાગત કરીને ગત મીટીંગનું વાંચન કરેલ. આજની સભાના પરિપત્રના એજન્ડા મુજબ શ્રી પુરૂષોત્તમ અબજી જાદવાણીએ શરૂઆત કરેલ.

અત્રે ત્રિવિધ મહોત્સવની રૂપરેખામાં (૧) પાટીદાર ભવનનું ઉદ્‌ઘાટન (૨) કડવા પાટીદારના વસાહટની સુવર્ણ જયંતિ અને (૩) ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરનો રજત જયંતિ મહોત્સવ. આમ ચતુર્થ દિવસીય ત્રિવિધ મહોત્સવની રૂપરેખા આયોજન સમિતિના સભ્ય શ્રી શિવજીભાઈ વાલજી જાદવાણી અને શ્રી મણીલાલ નાનજી જાદવાણીએ ચતુર્થ દિવસીય કાર્યક્રમમાં થનાર સંપૂર્ણ આયોજનની વિગતવાર માહિતી આપેલ અને સર્વેને માહિતગાર કરેલ. શ્રી વલ્લભભાઈ પોકારે આભારવિધિ કરી હતી.

માતાના મડના સર્વે નિયાણા અને માતાના મડ વાસીઓને ત્રિવિધ મહોત્સવમાં હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

## સમાજ માટે ગૌરવરૂપ માનવસેવા કાર્યનો પુરૂષાર્થ યથાર્થ કરાવતું હૈદ્રાબાદનું આરોગ્ય સાધના મંદિર

હૈદ્રાબાદ : (અમારા પ્રતિનિધિ શ્રી રવજીભાઈ જે. પટેલ, કોપરગાંવ દ્વારા)

આંધ્રપ્રદેશના ઐતિહાસિક શહેર હૈદ્રાબાદથી ૧૭ કિ.મી.ના અંતરે વરંગલ હાઈવે રોડ પર નારાપલ્લી બસ સ્ટોપ અને જેડી મેટલ ગામની વચ્ચે આરોગ્ય સાધના મંદિરના નામે ત્રણ માળની વિશાળ બિલ્ડીંગ આવેલી છે, જેમાં પ્રાકૃતિક ચિકિત્સાલય સાથે માનવસેવા એજ પ્રભુસેવા જેવા પુરૂષાર્થી કાર્યો ચરિતાર્થ થતા જોવા મળે છે. કચ્છ કડવા પાટીદારો માટે ગૌરવ લેવા જેવું એ માટે છે કે આ પુરૂષાર્થને યથાર્થ કરતા નિસ્વાર્થ અને નિરપેક્ષ ભાવના જેમના રગ રગમાં વહે છે. કચ્છ દેશલપર (ગું.) ગામના વતની સેવાભાવી, વિનમ્ર અને ગાંધીવાદી એવા ડૉ. શિવાનંદ મેઘજી દિવાણી કે જેઓ આ ચિકિત્સાલયના સ્થાપક અને પાલક છે. ડૉ. શિવાનંદ દિવાણીએ આરોગ્ય મંદિર, ગોરખપુર જે ભારતભરની પ્રાકૃતિક ચિકિત્સાલયની જનની છે. ત્યાં તેમણે અભ્યાસ લઈ N.D. એટલે નેચરલ ક્યોર ડૉક્ટર (ઉપાધી) સાથે Y.D. એટલે યોગા ડૉક્ટરની ડીગ્રી પ્રાપ્ત કરી છે. તેમને યુવા અવસ્થાથી જ કુદરતી ઉપચાર પ્રત્યે ઘણો લગાવ હતો. તેમનો મંત્ર હતો કે કાચુ ખાઓ, કસરત કરો અને આયુષ્ય વધારી નિરોગી તેમજ ઉત્સાહી રહો. પોતાના ટીમ્બર વ્યવસાયની સાથે સાથે અભ્યાસ જારી રાખીને તેમણે આ વિશિષ્ટ સિદ્ધિ મેળવેલ હતી.



આરોગ્ય સાધના મંદિરમાં આવનાર પ્રત્યેક માનવમાં તેઓ પ્રભુને નિહાળે છે. માનવસેવા એજ પ્રભુસેવા જેવી ઉચ્ચ ભાવનાથી દર્દીની સેવા કરાવવામાં આવે છે. નિસ્વાર્થ ભાવે કોઈ જાતની ફી લીધા વગર (મફતમાં) ઉપચાર કરવામાં આવે છે. કોઈપણ ભેદભાવ વગર, જાતિભેદ વગર, ચાર્જ લીધા વગર રોગીને રહેવા, ભોજન તેમજ વિવિધ સારવાર માટેની વ્યવસ્થા આપવામાં આવે છે. દર્દી સાથે આવતા વ્યક્તિઓની પણ રહેવા-જમવાની સગવડો પણ વિનામૂલ્યે પુરી પાડવામાં આવે છે. આ આરોગ્યધામમાં કેન્સર, ડાયાબીટીસ, લકવો, ટી.બી., અસ્થમા, હૃદયની બીમારી, જોન્ડીસ, કિડનીના રોગો, અલ્સર, લેપ્રોસી, ઓવ્હર વેઈટ, પાઈલ્સ, ચર્મ રોગો, એસીડીટી વિગેરે અનેક રોગોનો ઉપચાર કરવામાં આવે છે. આરોગ્ય સાધના મંદિરરૂપી ચિકિત્સાલયમાં ૧૫૦ પલંગની વ્યવસ્થા છે. અત્યારે રોજના ૪૦ થી ૫૦ દર્દીઓ કાયમી સેવા મેળવી રહ્યા છે.

માણસ રોગી થઈને આવે અને યોગી બનીને જાય તેવી તેમની ધારણા છે. જેથી અહીં ઉપચાર સાથે યોગા, પ્રાણાયામ, કસરત, સૂર્યનમસ્કાર જેવા આસનો ભક્તિની સાથે કરાય છે. રોગીને તેની આવડત અને ટેવ લાગવાથી રોગો કાયમના માટે દૂર રહે છે. આ પ્રમુખ તંત્ર સાથે તેઓ પોતાને પુરા આયુષ્ય માટે જે ગુરૂમંત્ર અપનાવ્યો છે તે તેઓ સર્વે દર્દીઓને અભિમાનથી આપીને કહે છે કે પોતાને કોઈપણ અવસ્થામાં જેમ કે ઉંમર, સ્થળ અને કાળ આદિ કોઈપણ હાલતમાં સદૈવ પોતાને અઢાર વર્ષના છીએ એમ સમજશો જેથી એક ચેતના શરીરમાં સદૈવ જાગ્યા કરશે. જે દર્દીને હંમેશ માટે નિરોગી, ઉત્સાહી અને દીર્ઘાયુષી બનાવવામાં મદદ કરશે. આવા તંત્ર અને મંત્રે ડૉ. શિવાનંદજીના ચિકિત્સા સાથેના ઉપચાર માટેના અસ્રો છે. અહીં ગરીબ કે તવંગર પ્રત્યેકને સમાનરૂપે ઉપચાર કરવામાં આવે છે. પુરૂષો અને મહિલાઓની સારવાર માટે અલગ અલગ માણસો દ્વારા સેવા કરવાની સગવડ છે.



નાની-મોટી હોસ્પિટલોથી હતાશ થયેલાઓની સંખ્યા બહોળી છે, જેમાં અભણ ખેડૂતોથી લઈ ભણેલા-ગણેલા ડૉક્ટર, ઈન્જીનીયરો, વકીલો, અફસરોએ પણ સેવા લીધી છે. આ ભગીરથ કાર્યમાં તેમનાં ધર્મપત્ની પણ આરોગ્ય મંદિરમાં રહી સહકાર આપે છે. ડૉ. શિવાનંદ દિવાણીએ આંધ્રપ્રદેશની સાથે કચ્છ અને ગુજરાતમાં જઈ શિબિરો લેવાનું ચાલુ છે. તેઓ મહારાષ્ટ્રમાં કોપરગામ ખાતે કોઈ કારણ વશ આવતા અહીં પણ તેમની સેવાનો લાભ નાના સ્વરૂપે ૩૦ થી ૩૫ બહેનો અને ભાઈઓને સારવાર માટે કેમ્પ લઈ સેવા આપી હતી અને સર્વેને તેમની બીમારી અનુસાર ઘરે રોજે રોજ કરવા લાયક પ્રાયમરી ઉપચારોનું તંત્ર આપ્યું હતું. જેને સારો પ્રતિસાદ મળ્યો હતો.

પાટીદારો માટે નિરપેક્ષ ભાવથી સેવા આપવા તેઓ સદૈવ તત્પર હોવાનું જણાવેલ. આરોગ્ય સાધના મંદિર બારામાં તેમજ ઈતર કોઈપણ બીમારી તથા કેમ્પ માટે તેમજ વધુ જાણકારી મેળવવા માટે તેમના નીચેના સરનામે સંપર્ક કરવા વિનંતી.

**Arogya Sadhana Mandir,**
**"Natural Cure Hospital"**
**After Uppai Bus Depot,**
**Between Narapally - Jodimetla (U)**
**Backside Bharat Petrol Pump,**
**Ghatkesar (M) R.R. Dist. - A.P.**
**Dr. Shivanand M. Patel (N.D; Y.D.)**
**(M) 98493 3463... (O) 08415-329428**

## ખંડવા (મ.પ્ર.)માં ભીષણ આગ જેમાં ઘર ખાક થયું...

ખંડવા (મ.પ્ર.) : (અમારા પ્રતિનિધિ શ્રી કિશોરકુમાર પારસીયા દ્વારા)

તા. ૧૨-૪-૧૧ના મોડી રાત્રે ૧-૦૦ વાગે જુની ઈન્દોર રેલ્વે લાઈન સ્થિત પુરૂષોત્તમ સૉ મીલ અને જલારામ ટીમ્બર માર્ટમાં અચાનક આગ ભડકી ઉઠી હતી. અગ્નિશામક દળની ગાડીઓ ઘટના સ્થળ પર મોડેથી આવવાના લીધે અગ્નિદેવનું સ્વરૂપ એટલું ભયાનક થઈ ગયું કે ૩૫ થી ૪૦ ફીટ ઉંચી આગની જ્વાલાઓ નજર પડતી હતી. જોતાં જોતાંમાં જલારામ ટીમ્બર માર્ટનું ઉભું મશીન, ઓટોમેટીક ધાર મશીન, માલ, તૈયાર ફર્નિચર અને ટીમ્બર પરિસરમાં ઘર હોવાથી ઘર પણ પુરી રીતે ખાખ થઈ ગયું. શ્રી શામજીભાઈ કેસરા ઠાકરાણી, શિવજીભાઈ કાનજીભાઈ ઠાકરાણી, દયારામભાઈ રામજીભાઈ ઠાકરાણીના પોતાના ઘરમાં અગ્નિપીડીતોને શરણ આપ્યું.

શ્રી પુરૂષોત્તમ સૉ મીલવાળા ભગવાનદાસભાઈએ જણાવ્યું હતું કે ઉભુ મશીન, આડુ મશીનને અગ્નિદેવએ આગના લપેટામાં લેવાથી મશીનો હીટ ખાઈ ગઈ છે અને ઓટોમેટીક ધાર મશીન, હાથ ધાર મશીન, બાટ મશીન જનરેટર, મોટર સાઈકલ, ફેકટરી ટીન શેડ તથા પરિસરમાં રાખેલ સાગૌન ગોલ એવમ ચિરાન માલનો સ્ટોક પણ ખાખ થઈ ગયો હતો.

પ્રેમભાઈ પટેલ અને ભગવાનભાઈ પટેલે જણાવ્યું કે સમાજના યુવાનો તરત ઘટના સ્થળ પર પહોંચી ગયા હતા અને પૂરી મહેનત અને હિંમતથી આગને કાબુ કરવાના પ્રયત્ન કર્યા હતા. જેના લીધે પડોશમાં આવેલ આર.પી. પટેલ અને કાનજીભાઈ પટેલ એન્ડ કંપનીને આગની ઝપટથી બચાવી લીધી હતી. આગ લાગવાનું મુખ્ય કારણ શોર્ટ સર્કિટ બતાવે છે. સવાર સુધીમાં આગ ઉપર પૂરી રીતે નિયંત્રણ કરી લીધું હતું. આગમાં જાનહાની થઈ નથી.

## ખીરસરા (રોહા) યુવક મંડળ અને મહિલા મંડળના સૂત્રધારોની વરણી

ખીરસરા (રોહા) : (અમારા પ્રતિનિધિ શ્રી શાંતિલાલ એ. લીંબાણી, વિથોણ દ્વારા)

અત્રે પાટીદાર યુવક મંડળ અને મહિલા મંડળની સામાન્ય સભામાં પાટીદાર યુવક મંડળ અને પાટીદાર મહિલા મંડળની નવી કારોબારીની રચના નીચે મુજબ કરવામાં આવેલ.

**યુવક મંડળના હોદ્દેદારો :**

પ્રમુખ : શ્રી ભગવાનદાસ પચાણ છાભૈયા, ઉપપ્રમુખો : શ્રી વસંતલાલ મનજી માવાણી અને રતનશી જેઠા માવાણી, મંત્રી : શ્રી જગદીશ નારણ છાભૈયા, સહમંત્રી : શ્રી કીર્તિકુમાર ધનજી પોકાર, ખજાનચી : શ્રી લાલજી રવજી માવાણી, સહખજાનચી : શ્રી અશોક મેઘજી છાભૈયા, સાંસ્કૃતિક મંત્રીઓ : શ્રી ધનસુખ જેઠા છાભૈયા અને મહેન્દ્ર લાલજી છાભૈયા, પ્રવાસ મંત્રીઓ : શ્રી મહેન્દ્ર લાલજી માવાણી અને શ્રી રસિક રવજી માવાણી, કારોબારી સભ્યો સર્વ શ્રી : ઈશ્વર શામજી છાભૈયા, જયંતિલાલ હરજી માવાણી, સુરેશ દેવશી છાભૈયા, ભાવેશ પ્રેમજી માવાણી, રાજેશ ગંગારામ માવાણી અને સલાહકારો સર્વ શ્રી : શાંતિલાલ રામજી છાભૈયા અને વસંતલાલ હરજી છાભૈયા.

**મહિલા મંડળનાં હોદ્દેદારો :**

પ્રમુખ : રમિલાબેન પ્રેમજી છાભૈયા, ઉપપ્રમુખ : શાંતાબેન ખીમજી છાભૈયા, મહામંત્રી : મંગળાબેન ઈશ્વરભાઈ માવાણી, સહમંત્રી : લક્ષ્મીબેન ઈશ્વર છાભૈયા, ખજાનચી : જયાબેન રસિક માવાણી અને કાંતાબેન મોહનલાલ છાભૈયા, સલાહકારો : સાવિત્રીબેન ગંગારામ માવાણી, ઉર્મિલાબેન રતનશી માવાણી, લક્ષ્મીબેન નરસિંહ માવાણી, કારોબારી સભ્યો : કમળાબેન ભગવાનદાસ છાભૈયા, હેમુબેન લક્ષ્મણ છાભૈયા, ભારતીબેન અશોક છાભૈયા, નિમુબેન પ્રભુલાલ માવાણી, સાવિત્રીબેન વસંત માવાણી, સરલાબેન ધનસુખ છાભૈયા અને સવિતાબેન વસંત માવાણી.

## ઈન્દોર સમાજમાં પ્રથમ મહિલા એન્જી. થયાં



કુ. રીતુ રામાણી

ઈન્દોર : નવલખા સમાજના પૂર્વપ્રમુખ શ્રી રામજીભાઈ કરસનભાઈ રામાણી (કચ્છમાં નખત્રાણા)ની પૌત્રી અને આર.કે. પટેલ એન્ડ કંપનીવાળા શ્રી જગદીશભાઈની સુપુત્રી કુ. રીતુએ ઈન્દોર યુનિવર્સિટીથી B.E. (IT) ઓનર્સની પરીક્ષા 76.5%ની સાથે પ્રથમ શ્રેણીમાં પાસ કરીને ઈન્દોર (નવલખા) સમાજ તેમજ રામાણી પરિવારનું ગૌરવ વધાર્યું છે. સુશ્રી રીતુએ સમાજમાં પ્રથમ મહિલા ઈન્જીનીયર થવાનું ગૌરવ પ્રાપ્ત કર્યુ છે. (અભિનંદન... - તંત્રીઓ)

સંપર્ક : મો. ૯૩૦૨૧ ૦૪૮૪૫




## વૈચારિક ક્રાંતિની શરૂઆત - સ્વનિર્માણથી

- સૌ. પ્રજ્ઞા મનોજભાઈ વાસાણી
રામેશ્વર એન્ટરપ્રાઇઝ, સિન્નર (નાસિક) M.S.

વ્હાલાં વાચક મિત્રો ! સમયે સમયે આ વિશ્વમાં અનેક ક્રાંતિઓ થઈ છે અને સફળ પણ રહી છે પરંતુ વર્તમાન સમયની હિલચાલ જોતા આવશ્યકતા છે વૈચારિક ક્રાંતિની. આજે દરેક વ્યક્તિ, પરિવાર, સમાજ, દેશ અને વિશ્વને જરૂર છે તો માત્ર વૈચારિક દષ્ટિથી ઉપર ઉઠવાની, વૈચારિક ક્રાંતિની. વિજ્ઞાન, ટેકનોલોજી, સમૃદ્ધિ અને અતિ મહત્વકાંક્ષાની પ્રગતિમાં માણસ ક્યારે આતંકવાદ, દુરાચાર, ભ્રષ્ટાચાર, હિંસા અને અનૈતિકતાની અધોગતિને આંબી ગયો તે આજે મહાન વૈજ્ઞાનિક કે પછી કોઈ સંશોધક પણ સમજી શક્યો નહિ.

રામાયણ અને મહાભારતના સમયમાં રાક્ષસોથી સજ્જનોને બચાવવા માટે યુદ્ધનો સહારો લેવો પડ્યો. ગાંધીજીએ દેશને અંગ્રેજોથી આઝાદી અપાવવા માટે અહિંસક આંદોલનોનો સહારો લીધો. પરંતુ અત્યારે નથી રાક્ષસોનો ત્રાસ કે નથી અંગ્રેજોની ગુલામી પણ અત્યારે માનવીને પોતાના જ દુર્ગુણોનો ત્રાસ અને કુવિચારોનો ગુલામ બની ગયો છે. જે વિશ્વ માનવ દુરાચાર, ભ્રષ્ટાચાર, આતંકવાદ અને અતિ મહત્વાકાંક્ષાને લીધે પ્રકૃતિ પ્રકોપના સકંજામાં પીસાઈ રહ્યું છે.

આવી વિકટ પરિસ્થિતિમાં વૈચારિક ક્રાંતિની નિર્ણાયક ભૂમિકા ભજવશે. ભ્રષ્ટાચારી નેતાઓ કે હોદ્દેદારોને જો તેના પદથી કાઢવાનો પ્રયત્ન કરીશું તો એના જ પદ ચિન્હ પર ચાલનારા કબ્જો જમાવશે. હિંસક જુથો કે આતંકવાદીને એકને મારીશું તો રક્તબીજની જેમ અનેક આતંકવાદીઓ ફુટી નીકળશે. સમાજમાં વ્યાપ્ત અસંખ્ય અનૈતિક પરિસ્થિતિઓ સામે લડવાનું એક જ શસ્ત્ર છે - વૈચારિક ક્રાંતિ. જેમ ગાંધીજીએ આંદોલનના માધ્યમથી અહિંસક ક્રાંતિ કરીને દેશને આઝાદી અપાવી. તેજ રીતે સારા વિચારોના માધ્યમથી વૈચારિક ક્રાંતિ કરી મનુષ્ય દુર્ચિંતન, દુર્વ્યવહાર અને દુરાચારથી મુક્ત થઈ શકે છે. વૈચારિક ક્રાંતિથી મનુષ્ય પોતાના જીવનનું અને બાળકોનું નિર્માણ સારા વિચારોથી કરી શકે છે. આથી વ્યક્તિ નિર્માણથી, પરિવાર નિર્માણ, સમાજ નિર્માણ, દેશ અને અંતે આખુ વિશ્વ સુવિચારોથી સુંદર રીતે નિર્માણ પામી શકે છે.

મનુષ્ય પોતે જ પોતાના ભાગ્યનો નિર્માતા છે તો આવો સ્વનિર્માણથી વૈચારિક ક્રાંતિની શરૂઆત કરીએ. પોતાની જાતની યોગ્યતા, પ્રતિભા અને ટેલેન્ટને ઓળખીએ અને કુવિચારોને સુવિચારોથી સ્વચ્છ કરવાનો પ્રયાસ કરીએ. "પાટીદાર સંદેશ"ના માધ્યમથી આપણા વડીલોએ વૈચારિક ક્રાંતિના બીજ નાખ્યા છે. આવો આપણે સૌ હળીમળીને એને વટવૃક્ષ બનાવીએ. બીજા અનેકોને સાથે લઈએ, સ્વનિર્માણ તરફ પગ માંડીએ. કારણ કે પોતાનો સુધાર સંસારની સૌથી મોટી સેવા છે.

## જબલપુરમાં યોગ તથા ધ્યાન શિબિર યોજાઈ

જબલપુર : (અમારાં પ્રતિનિધિ શ્રીમતી ચંપાબેન જી. પોકાર દ્વારા)

અત્રેના પાટીદાર ભવનમાં તા. ૧૫-૪-૧૧ના રોજે મહિલા મંડળ દ્વારા દસ દિવસની યોગ તથા ધ્યાન શિબિરનું આયોજન કરેલ. સર્વ પ્રથમ યોગગુરૂ



શંકરલાલશ્રી તથા યોગ પ્રાચાર્ય શ્રીમતી શાલીનીદીદી તેમજ સમાજના પ્રમુખ શાંતિભાઈ તથા સમાજના મંત્રી શ્રી સંતોષભાઈ અને મહિલા મંડળનાં પ્રમુખ શ્રીમતી મીનાબેને કુળદેવીને માલ્યાર્પણ કરીને દિપ પ્રગટાવી શિબિરની શરૂઆત કરેલ.

મહિલા મંડળનાં મંત્રી શ્રીમતી ચંપાબેને યોગગુરૂ અને પ્રાચાર્યનો પરિચય આપેલ. તેઓ આ કાર્યમાં નિ:સ્વાર્થ સહયોગ આપી રહ્યા છે તેવું જણાવેલ. સમાજના પ્રમુખને મંત્રીશ્રીએ યોગ અને ધ્યાન વિશે પોતાના વિચાર રાખતા મહિલાઓને ઘેર બેઠે આવા સારા આયોજનમાં ભાગ લઈ તન અને મનને સ્વસ્થ બનાવવા આહ્વાન કરેલ. આ આયોજનમાં સમાજના સદસ્ય શ્રી વિરેન્દ્રભાઈ નાકરાણી પણ હાજર હતા.

છેલ્લે દિવસે આવેલ યોગગુરૂએ યોગ શું છે, તેનાથી આપણને કેટલો લાભ છે તેમજ આપણા શરીરને કેટલું સુખને મનને કેવી શાંતિ મળે છે તે વિશે સારા એવા દષ્ટાંત આપી મીઠી, મધુરવાણીમાં સમજાવ્યું હતું. અંતે મહિલા મંડળના પ્રમુખ દ્વારા ગુરૂ શ્રી જડિયાજીને શાલને શ્રીફળ આપી સન્માન કરેલ તેમજ મંત્રી ચંપાબેન દ્વારા યોગ પ્રાચાર્ય શ્રીમતી શાલિની મિશ્રેકરને પણ શાલ તથા શ્રીફળથી સન્માન કર્યું. આવેલ બીજા અતિથિઓને પણ મંડળની બહેનોએ શ્રીફળ આપી સન્માન્યા હતા. મહિલા મંડળના મંત્રીએ તેમજ બીજી બહેનોએ યોગા વિશે પોતાના વિચારો રજૂ કર્યા. મંડળના પ્રમુખે પધારેલ યોગાચાર્ય, અતિથિગણ, મંડળની કાર્યકારણી તેમજ ભાગ લેનાર સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો. યોગાનો અભ્યાસ આપણા જીવનમાં સતત જારી રાખશો.

## સમાજનું વિશેષ ગૌરવ



**શ્રી મગનભાઈ પ્રેમજીભાઈ ભગત**

પૂના : કચ્છમાં રામેશ્વર-નખત્રાણાના વતની અને હાલે વર્ષોથી બિલ્ડરના વ્યવસાય સાથે સંકળાયેલા શ્રી મગનભાઈની પાંચ કંપનીઓ કાર્યરત છે. બિલ્ડર ક્ષેત્રે છેલ્લાં ૧૦ વર્ષમાં તેઓએ ખૂબ પ્રગતિ સાધી છે. અલગ અલગ દેશની સંસ્કૃતિને અનુરૂપ બિલ્ડીંગની ડિઝાઈન બનાવવામાં તેઓની આગવી પ્રતિભા છે.

હાલમાં તેમના નવા સાહસ બેબીલોન - બેનરને આર્કિટેક્ટ-ઈન્જીનીયર્સ એન્ડ સર્વેયર્સ એસોસીએશન, પૂના તરફથી બેસ્ટ બિલ્ડર તરીકે AESA-2011 Awardથી સન્માનવામાં આવેલ. આ એવોર્ડ જ્યુરી દ્વારા આપવામાં આવે છે, જેથી તેનું મહત્વ વિશેષ હોય છે. પૂનામાં ઉપરોક્ત એવોર્ડ પ્રાપ્ત કરનાર તેઓ પ્રથમ પાટીદાર છે. તેઓશ્રી કામ પ્રત્યેની ધગશ, સમાજને કંઈક નવું આપવાની ઉત્કંઠા, ગુણવત્તા તથા ટાઈમીંગ દ્વારા તેઓ ટોચના સ્થાને પહોંચેલ છે. આ વ્યવસાયમાં તેઓના સુપુત્ર ચિ. સંજય ભગતનો ખૂબ સહયોગ રહેલ છે. તેઓ પણ એવોર્ડના હક્કદાર છે એમ કહી શકાય. મગનભાઈને મિત્રવર્તુળ તરફથી પણ ખૂબ શુભકામનાઓ પાઠવવામાં આવેલ છે.

શ્રી મગનભાઈની આ સિદ્ધિમાં પુત્ર સંજય ઉપરાંત પુત્રવધૂ અ.સૌ. નીતા, ધર્મપત્ની કસ્તુરબેન વિ.નો સહયોગ પ્રાપ્ત થયેલ છે.

(અમારી શુભેચ્છાઓ છે... - તંત્રીઓ)

## મોડાસા ખાતે શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન યુવાસંઘ દ્વારા માતૃવંદના દિન ઉજવાયો

મોડાસા : (અમારા પ્રતિનિધિ શ્રી ઈશ્વરભાઈ જી. રામાણી દ્વારા)

અત્રે તા. ૮-૫-૨૦૧૧, રવિવારના સવારે ૯-૦૦થી બપોરે ભોજન સહિત મોડાસા વિભાગ સનાતન યુવાસંઘની જનરલ સભા તેમજ જાગૃતિ કાર્યક્રમ યોજાયેલ.

સ્વાગત પ્રવચન યુવાસંઘના પ્રમુખ શ્રી ગજાનંદભાઈ પટેલ દ્વારા થયું. મહેમાનોમાંથી પ્રગતિ મંડળના પ્રમુખ શ્રી વસંતભાઈ પટેલે દેશલપરની લક્ષ્મીનારાયણ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગના આયોજનની મીટીંગ કચ્છમાં થયેલ તેનો અહેવાલ આપેલ. આશાપુરી સૉ મીલવાળા શ્રી ડાહ્યાભાઈ પટેલે કચ્છમાં દેશલપર ખાતે વધુમાં વધુ સંખ્યામાં જવા માટે ટહેલ નાખી હતી. નવા વર્ષ માટેની કારોબારીમાં હોદ્દેદારોની વરણી બાબતે સભા પ્રમુખ મણીભાઈ પટેલ દાવલીવાળા દ્વારા જાહેરાત કરવામાં આવી જે સૌ સભ્યો, વડીલો, મહેમાનોએ હર્ષભેર વધાવી લીધી હતી, જેમાં નવા પ્રમુખ : શ્રી ભરતભાઈ કાનજીભાઈ (ઈશ્વરપુરાકંપા), ઉપપ્રમુખો : શ્રી ઈશ્વરભાઈ પટેલ (માથાસુળીયાકંપા) અને વિઠ્ઠલભાઈ પટેલ (માલપુર), મંત્રી : શ્રી હર્ષદભાઈ પટેલ (મોડાસા), સહમંત્રી : શ્રી ધર્મેન્દ્રભાઈ પટેલ (ડૉક્ટરકંપા), ખજાનચી : શ્રી કમલેશ પટેલ (મોડાસા).

દક્ષિણ સાબર ઝોનના પ્રમુખ શ્રી પૂનમભાઈ પટેલે સનાતન સમાજની સ્થાપના કેમ કરવી પડી તેની માહિતી આપી હતી. પ્રગતિ મંડળના સહમંત્રી શ્રી કમલેશ પટેલે યુવા મિત્રોને જાગૃત થવા અને સનાતન સંગઠન મજબૂત કરવા ભાર મુકયો હતો. ધનસુરા સનાતન સમાજના પ્રમુખ શ્રી ધનસુખભાઈ રંગાણીએ મવાળવાદીઓને મહત્વ નહિ આપીને આપણી નીતિ સ્પષ્ટ કરીને સંગઠન મજબૂત કરવા હાકલ કરી હતી. તલોદથી નિવૃત્ત પ્રિ. આર.એલ. પટેલે કેન્દ્રિય સમાજના શ્વેતપત્ર બાદ સમજે પાટીદાર હિંમતનગરના સંમેલનમાં શ્વેતપત્રને અનુમોદન બાદ તેનું અમલીકરણ કરવા ભાર મુકયો હતો તથા સમાજના મુખપત્ર "પાટીદાર સંદેશ" અને પાટીદાર સૌરભ વાંચતા રહેવા ભલામણ કરી હતી.

વડાગામથી ઉદ્યોગપતિ શ્રી રમણભાઈ એસ. પટેલે હિંમતનગર અને મોડાસામાં મવાળવાદ વધુ ચાલે છે. તેને દૂર કરવા ભાર મુકયો હતો. મોડાસાના યુવા, વડીલ મિત્રોની પણ આ બાબતે ઝાટકણી કાઢી હતી અને ઢીલી વાતો હવે નહિ ચાલે. સ્પષ્ટ થઈને આગામી કાર્યક્રમો, પ્રસંગો, મેળાવડા કરવા જોઈએ તેમ જણાવેલ. ધનસુરા સમાજ (સનાતન)ના મહામંત્રી શ્રી અમૃતભાઈ પટેલે સનાતન એકતાની વાત સાથે લક્ષ્મીનારાયણની હુંડીમાં સહયોગ આપી ઘેર ઘેર હુંડી લઈ સહકાર આપવા જણાવેલ. યુવાસંઘ દ્વારા "રમશે પાટીદાર" હાલ ગાયત્રી ફાર્મ, રાજપુરકંપા, ખેરોજમકંપા રમત રમાઈ તે બાબતે સનાતન દ્વારા જ હવેથી રમતો રમાશે તે જાહેરાત કરી હતી. ધનસુરાથી શ્રી અશોકભાઈ પટેલે (સનાતન યુવક મંડળના મહામંત્રી અને શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘના ઉપપ્રમુખ) એ જણાવેલ કે આપણી યુવા પેઢી સમક્ષ ઈતિહાસ તો કહેવો જ પડશે, રજૂ થાય છે. જે બરાબર છે. ભારતભરના યુવાનોએ બુદ્ધિપૂર્વક સ્વીકાર્યું છે. યુવાસંઘમાં તો મવાળવાદીઓને બિલકુલ સ્થાન નથી તેથી જ કાર્યક્રમો થઈ શકે છે.

તલોદથી શ્રી (પ્રો.) ડૉ. વસંતભાઈ ધોળુએ સમાજને સમજુ યુવાનોની એકતા, સંગઠન અને પ્રમાણિકતાની ખાસ જરૂર છે. સમાજ એ દેવી સ્વરૂપ છે, આજે મધર્સ ડે છે, માતૃવંદના દિન છે, યુવાસંઘ દ્વારા માતાની વંદનાનો કાર્યક્રમ રાખ્યો છે, સમાજની સેવા કરવી છે, જાગૃતિ લાવવી છે, સૌને સંગઠિત થઈ સાચા સનાતની બનવા હાકલ કરી હતી. નવા વરાયેલ પ્રમુખ શ્રી ભરતભાઈએ યુવા અને વડીલ સૌનો સહકાર માગ્યો હતો અને પ્રમુખ તરીકે કામ કરવા તત્પર રહેવાની તૈયારી સાથે નિષ્ઠા અને પ્રમાણિકતાથી કામ કરી જાગૃતિ લાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. સભા પ્રમુખ શ્રી મણીભાઈ દાવલીવાળાએ લક્ષ્મીનારાયણ કેન્દ્રિય સ્થાન દેશલપર વધુમાં વધુ સનાતની ભાઈઓ જાય તેવું આયોજન કરવા તથા એક થઈ નેક થઈ સનાતન સમાજને મજબૂત કરવા હાકલ કરી હતી. શ્રી બિપીનભાઈ પટેલ (વાંસેરાકંપા)એ આભારવિધિ કરી સૌનો આભાર માન્યો હતો. સૌ યુવા મિત્રો, વડીલો, મહેમાનોએ ભોજન લીધું હતું. ભોજનના દાતા શ્રી વસંતભાઈ અને શ્રી ગજાનંદભાઈ હતા.

## શ્રી શિવશક્તિ ડેવલોપર્સ

૬, ૭, શિવશક્તિ ટ્રેડ, શેઠ કે.વી. હાઈસ્કૂલની બાજુમાં, નખત્રાણા-લખપત હાઈવે, નખત્રાણા-કચ્છ-૩૭૦ ૬૧૫. મો.: ૯૮૨૫૩ ૦૦૨૯૫ ૯૪૨૬૭ ૩૦૨૩૧

ડ્રો નંબર : ૧૭ ● ડ્રોનો મહિનો : મે ● ડ્રો તા. : ૧૫-૦૫-૨૦૧૧

| ક્રમ | ઈનામનું નામ | ટોકન નં. | ક્રમ | ઈનામનું નામ | ટોકન નં. |
|---|---|---|---|---|---|
| ૧ | સોનાનો પેંડલ | ૦૨૧ | ૨૧ | બ્લેન્ડર | ૨૧૫ |
| ૨ | ટાટા સ્કાય ડીશ | ૦૩૮ | ૨૨ | બ્લેન્ડર | ૦૨૨ |
| ૩ | ટાટા સ્કાય ડીશ | ૧૪૦ | ૨૩ | બ્લેન્ડર | ૧૫૯ |
| ૪ | ટાટા સ્કાય ડીશ | ૦૩૦ | ૨૪ | બ્લેન્ડર | ૦૭૧ |
| ૫ | નોકીયા મોબાઈલ | ૦૨૬ | ૨૫ | બ્લેન્ડર | ૨૨૩ |
| ૬ | નોકીયા મોબાઈલ | ૧૧૫ | ૨૬ | બ્લેન્ડર | ૦૨૩ |
| ૭ | નોકીયા મોબાઈલ | ૧૫૮ | ૨૭ | બ્લેન્ડર | ૦૧૦ |
| ૮ | નોકીયા મોબાઈલ | ૧૭૦ | ૨૮ | બ્લેન્ડર | ૧૫૫ |
| ૯ | સોડા મેકર | ૦૩૯ | ૨૯ | બ્લેન્ડર | ૨૩૮ |
| ૧૦ | સોડા મેકર | ૧૬૭ | ૩૦ | કેશરોલ | ૦૫૬ |
| ૧૧ | સોડા મેકર | ૦૩૨ | ૩૧ | કેશરોલ | ૦૬૦ |
| ૧૨ | સોડા મેકર | ૧૦૫ | ૩૨ | કેશરોલ | ૦૬૨ |
| ૧૩ | સોડા મેકર | ૦૩૫ | ૩૩ | કેશરોલ | ૨૦૬ |
| ૧૪ | ઈલે. પ્રેસ | ૧૨૭ | ૩૪ | કેશરોલ | ૦૬૪ |
| ૧૫ | ઈલે. પ્રેસ | ૨૨૫ | ૩૫ | કેશરોલ | ૦૨૦ |
| ૧૬ | ઈલે. પ્રેસ | ૨૩૯ | ૩૬ | કેશરોલ | ૧૧૯ |
| ૧૭ | ઈલે. પ્રેસ | ૧૭૪ | ૩૭ | કેશરોલ | ૧૮૯ |
| ૧૮ | ઈલે. પ્રેસ | ૦૧૭ | ૩૮ | કેશરોલ | ૦૫૫ |
| ૧૯ | ઈલે. પ્રેસ | ૨૨૧ | ૩૯ | કેશરોલ | ૧૨૨ |
| ૨૦ | બ્લેન્ડર | ૦૫૯ | ૪૦ | સ્લીપ્ટ એસી ૧.૫ ટન | ૧૫૨ |

## ભગત (સુરાણી) પરિવારની કારોબારી સભા

### આરોગ્ય અને શિક્ષણ નિધિ અંગે મહત્વના નિર્ણયો લેવાયા

ભુજ (કચ્છ) : (અમારા તંત્રી શ્રી કરમશીભાઈ એન. પટેલ દ્વારા)

અત્રે તાજેતરમાં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર ભગત (સુરાણી) પરિવારની કારોબારી સભા સંસ્થાના અધ્યક્ષ શ્રી માવજીભાઈ કે. ભગતના પ્રમુખસ્થાને મળેલ, જેમાં મંત્રી શ્રી વિશનજીભાઈએ સૌને આવકાર બાદ પરિવારમાં સંપ, સંગઠન અને સેવા પ્રત્યેની પ્રવૃત્તિઓ પરિવાર દ્વારા થાય તેવા સુચન પછી સૌએ દરેક બાબતે વિસ્તૃત ચર્ચાઓ કર્યા બાદ પરિવારના સભ્યો કે જેઓને આર્થિક સહાયની જરૂરિયાત હોય તેઓએ શિક્ષણ લોન નિધિ અને આરોગ્ય નિધિનો ઉપયોગ કરવા વિના સંકોચે આગળ આવવું અને કારોબારી સભ્યો સક્રિય બની જરૂરિયાતમંદો સુધી તથા દાતાઓ સુધી પહોંચી ફંડનો સદુપયોગ થાય તેવા પ્રયત્નો કરવા. કારોબારી સભા નિયમિત ૩ માસે મળવી જ જોઈએ અને સૌના સુચન મેળવવાં. આ પ્રવૃત્તિને વેગવંતી બનાવવા મુક્ત ચર્ચા માટે ગોપાલબાપાના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે સામાન્ય સભામાં ખાસ સમય ફાળવી મુક્ત ચર્ચા-મંતવ્યો લેવાનું નક્કી થયેલ.

રાયણ મધ્યે સુરાબાપાના પાળીયા અંગેની કોઈ માહિતી પરિવાર પાસે નથી અને પાળીયા હોય તો પણ પરિવારને તે સાથે કોઈ સંબંધ નથી. આ બાબતે પરિવાર પાસેથી કોઈ સહયોગ કે અપેક્ષા મળશે નહિ તેવો ખુલાસો કરવામાં આવેલ. છેલ્લે પરિવારના ઉપપ્રમુખ શ્રી પ્રો. કે.વી. પાટીદારની કોમર્સ ફેકલ્ટીમાં Ph.D. (ડૉક્ટોરેટ) પદવીની ઉપલબ્ધિ બદલ સૌએ ગૌરવ ગણીને અભિનંદન પાઠવ્યા હતા.

## શિક્ષણનિધિ લોન સહાય અંગે

ભુજ-કચ્છ : (અમારા તંત્રી શ્રી કરમશીભાઈ એન. પટેલ દ્વારા)

સમસ્ત પાટીદાર સમાજ સુરત દ્વારા અપાતી શિક્ષણનિધિ લોન સહાય યોજના અંતર્ગત પાટીદાર સમાજના ઉત્કર્ષ અને સમાજના વિશાળ હિતને ધ્યાનમાં રાખી દાતાશ્રીઓના અમૂલ્ય સહયોગથી જ્ઞાતિના જરૂરિયાતમંદ અને તેજસ્વી (ઉચ્ચ અભ્યાસમાં ૮૦%થી વધુ માર્ક્સ ધરાવનાર) વિદ્યાર્થીઓને નિયત ફોર્મ રૂા. ૨૫/-ની કિંમતે સુરતના ફોન : ૦૨૬૧-૨૪૮૪૪૫૫ ઉપર સંપર્ક કરી મેળવીને તેને સંપૂર્ણ ભરીને કચ્છ જિલ્લામાં નીચે દર્શાવેલ સમાજના અગ્રણીઓની ભલામણ કરાવી જરૂરી આધારો સાથે વેળાસર મોકલી આપવા.

(૧) કરમશીભાઈ એન. પટેલ, તંત્રી "પાટીદાર સંદેશ" મો.: ૯૩૭૪૩ ૨૮૬૩૨

(૨) ડૉ. વી. એચ. પટેલ, M.B.B.S. મો.: ૯૪૨૫૪ ૪૨૩૦૦

(૩) રામજીભાઈ શિવજી હિરાણી, શ્રી લેવા પટેલ કન્યા છાત્રાલય, ભૂજ.

આ યોજનાનો જરૂરિયાતમંદ તેજસ્વી વિદ્યાર્થીએ લાભ લેવા વિનંતી છે. સંસ્થાનું સરનામું નોંધી લેશો.

સમસ્ત પાટીદાર સમાજ,
આંબા તલાવડી ચાર રસ્તા,
કતારગામ, સુરત-૪.
E-mail: samastpatidarsamaj@yahoo.in

### H.S.C. (Science) માં ૯૧%



**ચિ. આનંદકુમાર નાકરાણી**

અમદાવાદ : અત્રેની મહાલક્ષ્મી ગ્રુપવાળા શ્રી હિરાલાલ મેઘજીભાઈ નાકરાણી (કચ્છમાં માધાપર-મંજલ)ના સુપુત્ર.

## શૈક્ષણિક ગૌરવ રત્નો

### S.S.C. માં ૮૯%



**કુ. ચારૂલ ધોળુ**

પીનીયા (બેંગ્લોર) : અત્રેની શ્રી સત્યમ ટીમ્બરવાળા શ્રી વિજયકુમાર ગોપાલભાઈ ધોળુ (કચ્છમાં કોટડા-જ.)ની સુપુત્રી.

### B.Sc. થયાં



**કુ. સપના પોકાર**

વલસાડ : અત્રેની શ્રી લક્ષ્મી મારબલ-વાળા શ્રી નરસિંહભાઈ લાલજીભાઈ પોકાર (કચ્છમાં ખોંભડી)ની સુપુત્રી.
સંપર્ક : મો.: ૯૯૦૯૯ ૨૧૭૩૧

### H.S.C. માં ૯૬%



**ચિ. વિશાલ ધોળુ**

નાસિક : અત્રેની શ્રી ન્યુ પ્રગતિ કન્સ્ટ્રક્શનવાળા શ્રી રાજેશભાઈ ગોવિંદભાઈ ધોળુ (કચ્છમાં માનકુવા)ના સુપુત્ર.

### H.S.C. માં ૭૮%



**ચિ. નિરવકુમાર છાભૈયા**

કામરેજ ચાર રસ્તા, સુરત : અત્રેની શ્રી મંગલદીપ બ્લોક ઈન્ડસ્ટ્રીઝવાળા શ્રી મણીલાલ અબજીભાઈ છાભૈયાના સુપુત્ર.

## અમીરગઢ-ઈકબાલગઢ વિભાગના યુવક મંડળની મળી ગયેલ વાર્ષિક સામાન્ય સભા

અમીરગઢ (બ.કાં.) : (અમારા પ્રતિનિધિ શ્રી મુકેશભાઈ શિવજીભાઈ પાટીદાર દ્વારા)

તા. ૨૫ મેના રોજ પ્રાકૃતિક રમણીય સ્થળ ખૂણીયા અંબાજી ખાતે અત્રેના બનાસ યુવક મંડળની વાર્ષિક સામાન્ય સભા શ્રી પ્રહલાદભાઈ કાનજીભાઈ પટેલના અધ્યક્ષપદે મળી ગઈ. કાર્યક્રમની શરૂઆતમાં પ્રાર્થના-દિપ પ્રાગટ્ય બાદ મંત્રીશ્રી તથા અમીરગઢ તાલુકા યુવા ભાજપના મહામંત્રી શ્રી રાહુલભાઈએ સૌને શબ્દોથી આવકાર્યા હતા. વર્ષ દરમ્યાન સ્વર્ગસ્થ આત્માઓને શાંતિ માટે મૌન પાળીને પ્રાર્થના કરી હતી. સંચાલન કરતા પ્રમુખ શ્રી દિલીપભાઈ સી. પટેલે હિસાબોને વંચાણમાં લઈ સૌને માહિતગાર કર્યા હતા. દરમ્યાન નવિન રચાયેલ કારોબારી સભ્યોની નિમણૂંકની બહાલી મેળવાઈ હતી. ત્યારપછી સાબર રીજીયનના સ્થાનિક પ્રમુખ શ્રી અરવિંદભાઈ એસ. પટેલે યુવાસંઘના મિશન-૨૦૨૦ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

કાર્યક્રમને આગળ વધારતાં ઉપસ્થિત મહેમાનોમાંથી સ્થાનિક સનાતન સમાજના પ્રમુખ શ્રી રણછોડભાઈએ પોતાનાં વકતવ્યમાં સમાજના ઈતિહાસ ઉપર પ્રકાશ પાથરતાં સમાજના તત્કાલિન પૂર્વજોએ કરેલા પ્રયત્નોને યાદ કર્યા હતા. તેમને યુવાનોને ઉદ્દેશીને ઉમેર્યું હતું કે આપણે ક્યારેય-ક્યાંય કોઈનાથીયે વિરોધ કરી સંઘર્ષમાં ઉતરીશું નહિ અને કોઈપણ જોડે દ્વેષભાવ ન રાખતાં સૌને પોતીકા બનાવવા ઉપર ભાર મુક્યો હતો. સ્થાનિક સમાજના સક્રિય સભ્ય શ્રી જશુભાઈ પટેલે સમાજના નવિન બંધારણ બાબતે વિગતો આપતાં જણાવ્યું હતું કે ઠરાવોની બાબતે અક્કડ વલણ ન અપનાવતાં થોડીક વ્યવહારૂક્તા અને દક્ષતાપૂર્વક સહજતાથી અમલ કરવા જણાવ્યું હતું, યુવાનોની ઓછી હાજરીની નોંધ લઈને તેમણે યુવાનોને કોઈપણ સમાજના સભ્ય માટે સમભાવ રાખી આપણી લીટી મોટી કરવા પોઝીટીવ અભિગમ રાખવા ઉપર ભાર મુક્યો હતો.

કારોબારી સભ્ય શ્રી હિતેશભાઈએ વ્યક્તિ અને સમાજના આર્થિક વિકાસ માટે બચત યોજના વિશે વિસ્તૃત વિગતો રજૂ કરી હતી. સભા અધ્યક્ષ શ્રી પ્રહલાદભાઈએ યુવાસંઘની માહિતી આપતાં વિઝન-૨૦૨૦ તેમજ YSK તથા યુવાસંઘના અને સ્થાનિક યુવક મંડળના ભવિષ્યના લક્ષ્યાંકની વિસ્તૃત માહિતી આપી હતી. તેઓશ્રીએ આજની યુવાનોની પાંખી હાજરીની ગંભીરતાથી નોંધ લઈ હવે પછી સૌએ પોતાની ફરજ સમજીને સક્રિય થવા જણાવ્યું હતું. દરમ્યાન ઉપસ્થિત "પાટીદાર સંદેશ"ના પ્રતિનિધિ શ્રી મુકેશભાઈ પાટીદારે છેલ્લાં ત્રીસ-ત્રીસ વર્ષથી અવિરતપણે "પાટીદાર સંદેશ" તેમના મુખ્ય હોદ્દેદારોની અવિશ્રાંત સક્રિયતાથી ભારતભરની સમાજના સર્વાંગીય વિકાસ માટે આપેલ યોગદાન વિગતો રજૂ કરી હતી. ઉપરાંત સંસ્થાના સન્માનીય મંત્રી શ્રી શામજીભાઈ પટેલ દ્વારા ચલાવાતી 'માનવીય અપીલ'થી સમાજના જરૂરિયાતમંદ વ્યક્તિઓ માટે ચાલતી પ્રવૃત્તિથી સૌને વાકેફ કર્યા હતા.

મુક્ત મંતવ્યોમાં વિવિધ વિષયો ઉપર ચર્ચા-વિચારણા થઈ હતી. અંતમાં ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ ટી. પટેલે આભારવિધિ કરી કાર્યક્રમને પૂર્ણ થયેલ જાહેર કર્યો હતો. છેલ્લે સૌ અલ્પાહારને ન્યાય આપી પ્રાર્થના કરી સૌ છુટા પડ્યા હતા.

કાર્યક્રમનું સમગ્ર સંચાલન સ્થાનિક યુવક મંડળના પ્રમુખ શ્રી દિલીપભાઈ સી. પટેલે કર્યું હતું.

## પરબતબાપા સનાતન પોકાર પરિવારને જાહેર આમંત્રણ

પોકાર પરિવારના પરબતબાપાનું સ્થાનક ઘડાણીમાં પૂજ્ય હરદાસબાપાની બાજુમાં આવેલ છે. પૂજ્ય પરબતબાપાનો પાળીયો ખંડિત થઈ ગયેલ છે. ખંડિત પાળીયાનું શું કરવું તેના માટે ગત તા. ૨૧-૧૧-૨૦૧૦ના અને ત્યારબાદ તા. ૭-૫-૨૦૧૧ના ઘડાણી મુકામે મીટીંગ મળેલ હતી.

બંને મીટીંગમાં થયેલ ચર્ચા વિચારણા બાદ આ પ્રમાણે કાર્યક્રમ કરવાનું નક્કી કરેલ છે.

**અષાઢ સુદ ૧, શનિવાર, તા. ૨-૭-૨૦૧૧ના ખંડિત પાળીયાની ઉત્થાપન વિધિ કરી નારાયણ સરોવર વિસર્જન કરવું.**

**અષાઢ સુદ ૨, રવિવાર, તા. 3-૭-૨૦૧૧ના પાળીયાની વિધિપૂર્વક સ્થાપના કરવી.**

**વિગતવાર કાર્યક્રમ આ પ્રમાણે રહેશે**

**જેઠ અમાસ, શુક્રવાર, તા. ૧-૭-૨૦૧૧ના રાત્રે ૯-૦૦ વાગ્યે નીચે મુજબ ચડાવા લેવાનું નક્કી કરેલ.**

(૧) મુખ્ય યજમાન-૧ (૨) સહયોગી યજમાન-૪ (3) ધજા ચડાવવાના (૪) ડાયરાના દાતા
(૫) બાપાને સિંદુરીયા વાઘા ચડાવવાના (૬) હાજર નિયાણીયું માટે ભેટ (૭) મંડપના દાતા

**ભોજનના દાતાના ચડાવા લેવામાં નહિ આવે અને આ મુજબ નક્કી કરેલ રકમ લેવામાં આવશે.**

સવારના ચા-નાસ્તા - રૂા. ૫૧૦૦/- અમર્યાદિત, બપોરના ભોજન - રૂા. ૧૧,૦૦૦/- અમર્યાદિત, સાંજના ભોજનના રૂા. ૯,૦૦૦/- અમર્યાદિત, પીવાના પાણીના રૂા. ૨,૫૦૦/- અમર્યાદિત

**વિશેષ નોંધ :**

- ડાયરો તા. ૨-૭-૨૦૧૧ના રાત્રે ૯-30 કલાકે ચાલુ થશે.
- ડાયરામાં થતી ગોળની આવક ગાયોના ચારામાં વાપરવાનું નક્કી કરેલ છે.
- આ પ્રસંગમાં ફક્ત હાજર નિયાણીયુંને પરબતબાપા પોકાર પરિવાર ભેટ આપશે.

પરિવારનું રસોડું તા. ૧-૭-૨૦૧૧ના બપોરથી તા. ૪-૭-૨૦૧૧ના બપોર સુધી ચાલુ રહેશે. આ કાર્યક્રમ પૂજ્ય પરબતબાપાના સ્થાનકે (ઘડાણી) કરવામાં આવશે. કેન્દ્રિય સમાજ નખત્રાણા દ્વારા તા. ૨૫-3-૨૦૧૦ના બહાર પાડવામાં આવેલ શ્વેતપત્ર અનુસાર આ પ્રસંગમાં ફક્ત સનાતની પરિવાર જ ભાગ લઈ શકશે. દરેક ગામનાં સભ્યો કેટલી હાજરી આપી શકશે તેની અંદાજે સંખ્યા જણાવવા વિનંતી.

પરિવારના કોઈપણ સભ્યને આમંત્રણ પત્રિકા મોકલવામાં નહિ આવે. આ જાહેરાતને આમંત્રણ સમજી સમયસર પધારવા વિનંતી. બહારગામથી આવતા ભાઈ-બહેનો માટે રાતવાસાની વ્યવસ્થા ઘડાણી મુકામે રાખવામાં આવેલ છે. તે માટે ૧૦ દિવસ અગાઉ જાણ કરશો.

**વધારે જાણકારી માટે નીચે મુજબ સંપર્ક કરવા વિનંતી**

| | | |
|---|---|---|
| (૧) રામજી માવજી (કોટડા) | ભીવંડી | મો.: ૯૩૨૫૦ ૩૮૦૦૦ |
| (૨) ચંદુલાલ રતનશી (ઘડાણી) | સુરત | મો.: ૯૮૭૯૬ ૪૫૪૫૦ |
| (૩) મગનલાલ ખીમજી (ઘડાણી) | કલોલ | મો.: ૯૪૨૭૭ ૬૦૧૯૯ |
| (૪) ગોવિંદ વીરજી (ઘડાણી) | | મો.: ૯૪૨૭૫ ૬૬૦૫૯ |
| (૫) શંકરલાલ ખીમજી (ઘડાણી) | મુંદ્રા | મો.: ૯૮૭૯૨ ૦૪૭૧૦ |
| (૬) વિશ્રામ ગોપાલ (રવાપર) | સુરત | મો.: ૯૮૨૪૨ ૮૪૫૮૪ |

## શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ અમીરગઢ-ઈકબાલગઢ વિભાગની નવિન કારોબારીની નિમણૂંક

અમીરગઢ : (અમારા પ્રતિનિધિ શ્રી મુકેશભાઈ શિવજીભાઈ પાટીદાર દ્વારા)

અત્રેના ડુંગરપુરા ખાતે ગત તા. ૨૨ મેના રોજ મળેલ મીટીંગમાં વ્યક્તિ અને કુટુંબના વિકાસ માટે સંગઠિત રહેવા સમાજની નવિન કારોબારીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. નિમણૂંક બાદ પ્રમુખ શ્રી દિનેશભાઈએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે આપણું સંગઠન બિનસાંપ્રદાયિક પદ્ધતિનું રહેશે, જેમાં ધાર્મિક બાબતે કોઈ ચોક્કસ પદ્ધતિનો આગ્રહ નહિ રાખીએ. પરંતુ વ્યવહારિક અને સામાજિક બાબતે એકસૂત્રતા જળવાઈ રહે તે માટે માનવીય ધર્મને શોભે તેવો વ્યવહાર પરસ્પર દરેક સાથે રાખીશું. શ્રી કચ્છ કડવા પાટીદારના કોઈપણ સભ્ય માટે આપણા દરવાજા ખુલ્લા રાખીને મા ઉમિયાની છત્રછાયામાં સમાજનો વિકાસ કરતા રહીશું તેવું પ્રમુખશ્રીએ ઉમેર્યું હતું.

પ્રમુખ : શ્રી દિનેશભાઈ ખીમજીભાઈ (મોહનપુરા), મંત્રી : શ્રી હરેશભાઈ કરસનભાઈ (શિવપુરા), કા.સભ્યો સર્વ શ્રી : રતિભાઈ પ્રેમજીભાઈ (ઝાંઝરવા ફાર્મ), ઈશ્વરભાઈ વાલજીભાઈ (ડેરીફાર્મ), રવજીભાઈ ગંગારામભાઈ (કાળીમાટી ફાર્મ), અંબાલાલ લાલજીભાઈ (પટેલ ફાર્મ), કેશવલાલ નારણભાઈ (રામગઢ), દિનેશભાઈ શિવજીભાઈ (નૂતન ફાર્મ) અને નારણભાઈ માવજીભાઈ (પોકાર ફાર્મ), સલાહકારો સર્વ શ્રી : શાંતિભાઈ કાનજીભાઈ અને શિવજીભાઈ કરમશીભાઈ.

# કેન્દ્રિય સમાજના અમદાવાદ ઝોનના વર્તમાન

## ઝોનના ત્રણ સંકલ્પો વિશે...

**સંકલ્પ - ૧ સમૂહલગ્ન :**

તા. ૭-૧૧-૨૦૧૧ તુલસી વિવાહના શુભદિને, ઉમિયા માતાજી કેમ્પસ, સોલા, અમદાવાદમાં થનારા સમૂહલગ્નની આયોજન સમિતિના અધ્યક્ષ શ્રી નરસિંહભાઈ સાંખલા તથા ટીમ અમદાવાદ ઝોન દ્વારા આયોજન સમિતિના હોદ્દેદારો નીચે મુજબ નક્કી કરેલ છે.

અધ્યક્ષ : શ્રી નરસિંહભાઈ નારણભાઈ સાંખલા (સેટેલાઈટ), ઉપપ્રમુખો સર્વ શ્રી : ભવાનભાઈ મનજીભાઈ લીંબાણી (ગીતામંદિર), કનુભાઈ વાલજીભાઈ લીંબાણી (ઓઢવ) અને ડાહ્યાભાઈ ખીમજીભાઈ પોકાર (સોલા), મહામંત્રી : શ્રી વિઠ્ઠલભાઈ નારણભાઈ ભાવાણી (નરોડા), મંત્રીઓ સર્વ શ્રી : ભગવાનદાસ વિઠ્ઠલભાઈ રવાણી (સોલા) અને કૌશલભાઈ ગંગારામભાઈ લીંબાણી (સેટેલાઈટ)

સમૂહલગ્ન આયોજન સમિતિના સભ્ય તરીકે દરેક ઘટક સમાજના મંત્રી/સહમંત્રી/પ્રતિનિધિ રાખવા, આ અંગે દરેક ઘટક સમાજોનો સંપર્ક કરવામાં આવી રહ્યો છે.

**સમૂહલગ્નમાં જોડાયેલ નવયુગલો :**

(૧) ચિ. વીણાબેન શ્રી ઈશ્વરભાઈ રવજીભાઈ ધોળુ (જશોદાનગર, અમદાવાદ) સંગ ચિ. હિતેશકુમાર શ્રી ભોગીલાલ પોકાર (વડાગામ)

(૨) ચિ. નીશાબેન શ્રી ઈશ્વરભાઈ રવજીભાઈ ધોળુ (જશોદાનગર, અમદાવાદ) સંગ ચિ. કેતનકુમાર શ્રી બાબુભાઈ પોકાર (દહેગામ)

(૩) ચિ. જીજ્ઞાબેન શ્રી ગોવિંદભાઈ પોકાર (બાજવા) સંગ ચિ. જીગરકુમાર શ્રી તુલસીભાઈ સાંખલા (ગીતામંદિર, અમદાવાદ)

(૪) ચિ. મનિષાબેન શ્રી લધાભાઈ ધનજીભાઈ નાકરાણી (સીંગરવા) સંગ ચિ. કમલેશકુમાર શ્રી હિરાલાલ પ્રેમજીભાઈ પોકાર (પાદરા)

જાહેર થયેલ લગ્નોની તારીખ હોવા છતાં જે કુટુંબ સમૂહલગ્નમાં જોડાય છે તેમને ખૂબ ખૂબ અભિનંદન. ઈશ્વરભાઈ રવજીભાઈ ધોળુની બંને દિકરીઓની લગ્નની તારીખ નક્કી થયેલ હોવા છતાં પણ વડીલો તથા સામા પક્ષની સંમતિ મેળવીને સમૂહલગ્નમાં જોડાયેલ છે. જે કુટુંબમાં લગ્નોની તારીખ નક્કી થયેલ હોય તેઓને સમૂહલગ્ન આયોજન સમિતિના અધ્યક્ષ શ્રી નરસિંહભાઈ સાંખલા તથા આયોજન સમિતિના સભ્યો, ટીમ અમદાવાદ ઝોનના હોદ્દેદારોનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવે છે. જેથી વ્યક્તિગત રીતે સંપર્ક કરી સમૂહલગ્નમાં જોડાવવા માટેની શક્યતાઓ અરસપરસ સંમતિથી વધારી શકાય તથા સર્વે સભ્યોને સમૂહલગ્ન માટેના સલાહ-સુચનો આપવા અનુરોધ કરવામાં આવે છે. સમૂહલગ્નના અધ્યક્ષ શ્રી નરસિંહભાઈ તથા તેમની ટીમ અને ટીમ અમદાવાદ ઝોન વધારેમાં વધારે કુટુંબોનો સંપર્ક કરી સહયોગ માંગી રહેલ છે.

**સંકલ્પ - ૨ સંયુક્ત સાહસ :**

અમદાવાદ ઝોનની તા. ૧૭-૪-૧૧ની ગીતામંદિરની સમાજવાડી ખાતે મળેલ મીટીંગમાં જાહેર કર્યા મુજબ તા. ૨૩-૪-૧૧ (અંબિકા ટીમ્બર, એસ.જી. રોડ) ત્યારબાદ તા. ૩-૫-૧૧ (સાર્પેક્ષ, ઓઢવ) અને તા. ૪-૫-૧૧ (નરોડા સમાજવાડી) અને તા. ૨૨-૫-૧૧ (ગીતામંદિર સમાજવાડી) ખાતે તબક્કાવાર ચર્ચા-વિચારણા અને અમદાવાદ ઝોનના સંકલ્પને આગળ વધારવાના હેતુથી બહોળી સંખ્યામાં અમદાવાદ ઝોનના સભ્યો દ્વારા કોર્પોરેટ કંપનીની રચના કરવી અને કંપની સ્વરૂપે તેનો વહીવટ કરવાનું નક્કી કરવામાં આવ્યું. જેની રૂપરેખા નીચે મુજબ છે.

(૧) આપણે અને આપણી સંગઠનની પરંપરા, પરિશ્રમથી વ્યક્તિગત અને સામાજિક વિકાસના ઉદ્દેશથી સંયુક્ત-સાહસની વિચારધારાના વિકાસશીલ અભિગમ અને કટીબદ્ધતા સાથે વિકાસના પથ પર આગળ વધવું.

(૨) હાલમાં જમીન અને બાંધકામ ક્ષેત્રે આગળ વધવું તથા ત્યારબાદ તબક્કાવાર વેપાર તથા ઔદ્યોગિક ક્ષેત્રે વિચારવું.

(૩) સમાજના તજ્જ્ઞો C.A. તથા C.S. મારફતે કોર્પોરેટ કંપનીની રચના કરવાની જવાબદારી સોંપી દેવામાં આવેલ છે.

(૪) કોર્પોરેટ ક્ષેત્રની કંપની ઓર્ગેનાઈઝ તથા પ્રોફેશનલ પદ્ધતિથી કામગીરી કરશે, સમગ્ર ભારતભરમાંથી સમાજના સભ્યો રોકાણકાર તરીકે શેર હોલ્ડર બની શકશે. પ્રત્યેક શેર રૂા. ૧ લાખનો રહેશે. એક વ્યક્તિ ગમે તેટલા શેર લઈ શકશે. હાલમાં શેર દીઠ રૂા. ૫૦૦૦/- ના પેમેન્ટ તા. ૩૦-૬-૧૧માં શેર નોંધાવી દેવાના રહેશે. પ્રથમ તબક્કામાં ભારતભરમાંથી ફક્ત ૨૫૦૦ શેરો વહેલા તે પહેલાના ધોરણે નોંધવામાં આવશે. ત્યારબાદ મહિનાની તા. ૫ થી ૧૦ વચ્ચે જુલાઈ, ઓગષ્ટ, સપ્ટેમ્બર, ઓકટોમ્બરમાં ચાર હપ્તાથી ચુકવાણી કરવાની રહેશે.

સંયુક્ત સાહસમાં શેર નોંધવવા માટે અમદાવાદ ઝોન વિસ્તાર તથા સમગ્ર ભારતભરમાંથી નોંધાવવાના ચાલુ થઈ ગયેલ છે અને ખૂબ જ સારો આવકાર મળે છે. સમગ્ર ભારતભરમાંથી પૂછપરછ, રોકાણ ચાલુ છે. જે સંયુક્ત સાહસના ઉત્સાહને ખૂબ જ પ્રેરકબળ પુરૂં પાડે છે. આ અંગે આપશ્રી પ્રેમજીભાઈ ભાવાણી, નરસિંહભાઈ સાંખલા, હરસુખભાઈ C.A., નાનજીભાઈ છાભૈયા, મણીભાઈ લીંબાણી, બાબુભાઈ માકાણી તથા સમગ્ર અમદાવાદ ઝોન ટીમનો સંપર્ક કરી શકો છો.

સંયુક્ત સાહસમાં સંચાલન અંગેની ટીમ, કાર્ય પદ્ધતિ, જવાબદારી, રોજિંદો વ્યવહાર આધારિત તેમનું વળતર, કંપનીના કામની પ્રગતિ અંગેની માહિતી, કંપનીના ઓડીટર, રોકડ તથા ચેકના Custodian, ખર્ચ અંગેની મંજુરી વ્યવસ્થા, ભવિષ્યમાં પણ પારદર્શકતા જળવાઈ રહે તેવું આયોજન. કોર કમીટીની જવાબદારી અંગે વિગતવાર ચર્ચા-વિચારણા કરેલ અને કામના સ્ટેજ મુજબ નિર્ણયો લઈ રોકાણકારોના હિતમાં કાર્યવાહી આગળ વધારવી. અને વિશ્વસનિયતા વધારવી. જે વ્યક્તિ મારફતે ૫૦ કે તેથી વધારે શેરો આવશે તેમને કમીટીમાં સ્થાન આપવામાં આવશે.

**સંકલ્પ - ૩ વિદ્યાર્થી રહેઠાણ વ્યવસ્થા :**

ટીમ અમદાવાદ ઝોન વિદ્યાર્થીઓના શિક્ષણ માટેની રહેઠાણ વ્યવસ્થા માટે પણ એટલી જ કટીબદ્ધ અને જાગૃત છે. તા. ૨૨-૫-૧૧ના રોજ નરોડા સમાજવાડી ખાતે યુવાસંઘ દ્વારા આયોજિત એજ્યુકેશન સેમિનારમાં અમદાવાદ ઝોન પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ ભાવાણી તથા તેમની ટીમ હાજર રહેલ અને આ અંગે ખાત્રી આપેલ. અમદાવાદ ઝોન દ્વારા શિક્ષણનિધિ ફંડ પણ ચાલુ કરેલ છે કે જેથી નાણાંકીય અગવડના કારણે સમાજના દિકરા-દિકરી શિક્ષણથી રહેઠાણની વ્યવસ્થાથી કે માર્ગદર્શનથી વંચિત ન રહે. શિક્ષણ પ્રિય સમાજના વ્યક્તિઓને આથી શિક્ષણનિધિ ફંડમાં આગળ આવવા અપીલ કરવામાં આવે છે.

આ સ્થાનેથી અમોને જણાવતાં આનંદ થાય છે કે રૂા. એક લાખના શિક્ષણનિધિના પ્રથમ દાતાનો યશ "પાટીદાર સંદેશ"ના શ્રી શામજીભાઈના ફાળે જાય છે. ત્યારબાદ પ્રવાહ ચાલુ થયેલ છે. જે ચાલુ રાખવા માટેની ફરીથી અપીલ કરીએ છીએ અને "પાટીદાર સંદેશ"ના શ્રી શામજીભાઈનો અમદાવાદ ઝોન વતી અમો આભાર માનીએ છીએ. અમદાવાદ ખાતે રહી અભ્યાસ કરવા માગતા વિદ્યાર્થીઓને તેમની રહેઠાણ, એડમીશન માર્ગદર્શન, નાણાંકીય સહાય માટે અમદાવાદ ઝોન પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ ભાવાણી - મો.: ૯૮૨૪૦ ૧૧૦૩૬, મહામંત્રી શ્રી નાનજીભાઈ છાભૈયા - મો.: ૯૩૨૭૦ ૩૦૯૪૫, મંત્રી શ્રી બાબુભાઈ માકાણી - મો.: ૭૬૦૦૦ ૦૧૩૪૩ તથા ટીમ સભ્ય શ્રી મગનભાઈ ધોળુનો સંપર્ક કરવા માટે અનુરોધ કરવામાં આવે છે.

ટીમ અમદાવાદ ઝોન વિદ્યાર્થીઓ માટેનું આયોજન કરવા જઈ રહ્યું છે, જેમાં કોઈપણ ફેકલ્ટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું ફેકલ્ટી વાઈઝ સંકલન કરી સમાજના જ તે ફેકલ્ટીના તજ્જ્ઞો મારફતે સમયાંતરે મોનેટરીંગ કરવું. વિદ્યાર્થીઓની ગ્રુપ મીટીંગો કરવી. વાલીઓ સાથેનો સંપર્ક રાખવો કે જેથી વિદ્યાર્થીઓ જે ધ્યેય હાંસલ કરવા માંગતા હોય તેની તૈયારી અગાઉથી જ કરી શકે તે અંગેનું માર્ગદર્શન, વિદ્યાર્થીઓની પોતાની રૂચી પ્રમાણે નિર્ણય લેવાય તો તે સારૂં પરિણામ લાવવામાં ભવિષ્ય માટે મદદરૂપ સાબિત થાય. ત્યારબાદ જે વિદ્યાર્થીઓ સર્વિસમાં, રમતગમતમાં, કલાક્ષેત્રે કે ઉદ્યોગક્ષેત્રે પોતાની કારકીર્દિ બનાવવા માંગતા હોય તેમના માટે પ્લેસમેન્ટ સેમિનાર, ઔદ્યોગિક માર્ગદર્શનો, રમતગમત કે યુવા વિકાસના માર્ગદર્શન અને વ્યક્તિગત આગળ વધવા માટેની ઓળખ પુરી પાડવા માટેનું પ્લેટફોર્મ ટીમ અમદાવાદ ઝોન સમાજ પુરી પાડી શકે.

ઉપરોક્ત પ્રવૃત્તિ માટે આપણી સમાજના દરેક વિદ્યાશાખાના તજ્જ્ઞો, વ્યવસાયકારો, ઔદ્યોગિકગૃહોના સંચાલકોએ તૈયારી બતાવેલ છે. માજી વિદ્યાર્થીઓનો પણ સંપર્ક ટીમ અમદાવાદ કરી રહેલ છે. તેઓ પણ આ સંપર્કથી ખુશ છે અને સમાજના આ પ્લેટફોર્મને સહકાર આપવા માટે તૈયારી બતાવેલ છે. ટીમ અમદાવાદ ઝોન આ દરેક પ્રવૃત્તિનું માધ્યમ બની સમાજની પ્રતિષ્ઠામાં વધારો થાય તે માટે સતત પ્રગતિશીલ છે.

# "ચટાઈનગરી" જલગાંવની નવાજુની

## ખાનદેશ ઝોન સમાજની ધાર્મિક ધર્મજાગૃતિ સભા મળી

<u>જલગાંવ</u> : (અમારા પ્રતિનિધિ શ્રી ડાયાલાલભાઈ વીરજી હળપાણી દ્વારા)

શ્રી જલગાંવ જિલ્લા કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ દ્વારા અત્રે ખાનદેશ ઝોનની વિરાટ ધર્મજાગૃતિ સભા મળેલ, જેમાં ખાનદેશ, જલગાંવ, ધુલીયા અને નંદુરબાર જિલ્લાના દરેક સમાજોના પ્રતિનિધિઓ તથા ઝોન કાર્યકર્તા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સભાનો શુભારંભ કરતા સમાજના મહામંત્રી શ્રી દામોદરભાઈ લીંબાણીએ ધાર્મિક સભા આયોજનમાં હાજર રહેલ મહાનુભવોનું હૃદય દિલથી સ્વાગત કરેલ. સ્થાનિક સમાજના પ્રમુખ શ્રી વેલજીભાઈ સાંખલા, ઉપપ્રમુખ શ્રી શંકરભાઈ લીંબાણી, સર્વ શ્રી હિંમતભાઈ ખેતાણી (મુંબઈ), રમેશભાઈ વાઘડીયા (બેંગ્લોર), પ્રેમજીભાઈ કેસરાણી (મુંબઈ), અમૃતભાઈ ગોરાણી (ઉડપી), રમેશભાઈ ગોરાણી (બેંગ્લોર), રતનશીભાઈ દિવાણી (મુંબઈ), વસંતભાઈ લીંબાણી (મોડાસા), કરમશીભાઈ ચૌહાણ (પ્રમુખ, ધુલીયા સમાજ), રામજીભાઈ ભગત (પ્રમુખશ્રી, ચાલીસગાંવ સમાજ), કાંતિભાઈ રંગાણી (ચોપડા) તથા પરબતભાઈ લીંબાણી (માજીપ્રમુખ, જલગાંવ સમાજ) તથા અન્ય માન્યવરને મંચ પર સ્થાન આપવામાં આવેલ. મંચસ્થ મહાનુભાવોના કરકમળો દ્વારા મા ઉમિયાના ફોટા પર માલ્યાપર્ણ બાદ દિપ પ્રાગટ્ય કરી સભાનો શુભારંભ કરેલ. મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવેલ.

કાર્યસૂચિ મુજબ સભાની કાર્યવાહી હાથ ધરતા જલગાંવ સમાજના ઉપપ્રમુખ તથા મધ્ય મહારાષ્ટ્ર ઝોનના પ્રમુખ શ્રી શંકરભાઈ લીંબાણી કેન્દ્રિય સમાજની જનરલ સભા તથા કેન્દ્રિય સમાજની આગામી ગતિવિધિનો અહેવાલ તથા સમાજ દ્વારા લેવાયેલ નિર્ણયો અને ધારાધોરણમાં કરેલ સુધારાનું ચુસ્ત પાલન કરવાના આદેશોની જાણકારી આપેલ.

શ્રી રમેશભાઈ ગોરાણી (બેંગ્લોર)એ સનાતન ધર્મ વિષય વિસ્તૃત માહિતી આપેલ. અત્યારે સમાજમાં ચાલી રહેલ દૂધ-દહીંવાળી નીતિથી સભાને માહિતગાર કરેલ. આપણે નિર્ણય લેવામાં મોડા પડ્યા છીએ પણ હવે મોળા નથી પડવું. સમાજ વૈદિક સનાતની હિન્દુ ધર્મનું પાલન થાય તે અત્યંત જરૂરી છે.

શ્રી રતનશીભાઈ દિવાણી (મુંબઈ)એ જણાવ્યું કે ધર્મજાગૃતિ કરવા આપણે સચેત રહેવું પડશે. ધર્મની જાગૃતિ લાવવા સનાતન ધર્મ અપનાવવો જરૂરી છે.

શ્રી પ્રેમજીભાઈ કેસરાણી (મુંબઈ)એ કહ્યું કે સારો સમય હોય તો મળવાનું હોય ખરાબ પ્રસંગ હોય તો પણ મળવાનું હોય. સમાજમાં જે ગતિવિધિ ચાલુ છે તેમની સમાજમાં શું ભૂમિકા હોવી જોઈએ હવે નવા સંબંધો કરતાં પહેલા સંપૂર્ણ ચોકસાઈ કરી આગળ વધવું જોઈએ અને સનાતની હોવાનો ગર્વ અનુભવવો જોઈએ.

શ્રી અમૃતભાઈ ગોરાણી (ઉડપી)એ જણાવ્યું કે જો નારણબાપા ન હોત તો આપણે સર્વે મુમનાઓ થયા હોત. નિર્મળ લોહી અને જાગૃત સનાતન ધર્મજ છે. ધર્મ બચાવવા નારી તારે નારાયણી બનવું પડશે. ધર્મ બાબતે તેમણે ધાર્મિક માહિતી આપેલ.

શ્રી હિંમતભાઈ લીંબાણી (મુંબઈ)એ તેમના વકતવ્યમાં ધર્મક્ષેત્રે સમાજે અપનાવેલ સૈદ્ધાંતિક દ્રષ્ટિકોણ બાબતે બહુ જ માર્મિક ભાષા તેમજ પોતાની આગવી શૈલીમાં વિચારો રજૂ કરેલ. ધાર્મિક ક્ષેત્રે ગુરૂ બનાવવા વિષયે પણ સરસ માહિતી આપેલ. સતપંથ ધર્મ આપણી જ્ઞાતિમાં કઈ રીતે આવ્યો, તેમના સ્થાપક કોણ હતા અને શું મકસદ હતું એ બદલ વિસ્તૃત જાણકારી સભાને આપી હતી.

શ્રી વસંતભાઈ લીંબાણી (મોડાસા) એ મોડાસામાં ઉમિયા માતાજીના મંદિરની વિસ્તૃત જાણકારી આપી જે અત્યારે સતપંથ અને સનાતન બંનેના વિવાદમાં માતાજીના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા રોકાયેલ છે.

સમાજના પ્રમુખ શ્રી વેલજીભાઈ સાંખલાએ કેન્દ્રિય સમાજના આદેશનું પાલન કરવાની બાંહેધરી આપેલ તેમજ આ અભિયાનને સફળતા મળતી રહે તેવી આશા વ્યક્ત કરેલ.

પ્રશ્નોત્તરી બાદ સભાનું સમાપન કરેલ. સતત છ કલાક સુધી સભામાં ભાઈઓ તથા બહેનોએ પોતાના સ્થાન પર બેસી વિચારો ગ્રહણ કરેલ. સભાને સફળ બનાવવા યુવક મંડળના સૌ ભાઈઓએ જહેમત ઉઠાવેલ. આભારવિધિ શ્રી જવાહર લીંબાણીએ કરેલ. સભાનું સંચાલન શૈલેષ લીંબાણી, ધીરજ પારસીયા તેમજ કિશોર નાકરાણીએ કરેલ.

જલગાંવ જિલ્લાના "પાટીદાર સંદેશ"ના પ્રતિનિધિ હાજર રહેલ ઉપરાંત ભુસાવલ, વરણગાંવ, મલકાપુર, બોદવડ, રાવેર, ફૈજપુર, ચોપડા, ધરણગાંવ, અમલનેર, પાએરા, ભડગાંવ, પારોલા, કાસોદા, પહુર, ચાલીસગાંવ, સેંદુણી, ધુલીયા ગામોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિ હતી.

## સાણંદ સમાજનું ગૌરવ

**S.S.C. માં ૮૫%**



**કુ. હિમાંશી ભગત**

<u>સાણંદ</u> : અત્રેની શ્રી ગણેશ વિજય સૉ મીલવાળા શ્રી ખીમજીભાઈ કરસનભાઈ ભગત (કચ્છમાં આણંદસર-વિથોણ)ની પૌત્રી તથા શ્રી ઈશ્વરભાઈ તથા અ.સૌ. પ્રજ્ઞાબેનની સુપુત્રી.



"નારીશક્તિ" લખે છે...

# સમાજનું કુરુક્ષેત્ર

- નેહા ધીરજલાલ પજવાણી
(Anchor & Personal Assistant of Satya News Channel, Valsad)
VALSAD. E-mail: nehapajwani@gmail.com

હું આજે જે કંઈ પણ આપ સૌ સમક્ષ કહી રહી છું, તેમાં નાતો કોઈનો પક્ષપાત છે કે નાતો કોઈનો સાથ આપી રહી છું. જે મારા વિચાર છે અને જે વાસ્તવિકતા છે તે આપની સમક્ષ વ્યક્ત કરૂં છું.

આજે ઘણી દિકરીઓ લગ્ન પહેલા કે પછી ભાગી જાય છે અને તે સમયે એક પણ વખત તે ઘર કે પરિવારનું વિચારતી નથી અને ગમે તેવા... છેલ્લી કક્ષાનો શબ્દ વાપરૂં તો (લોફર) સાથે ભાગે છે અને આગળ જતા પસ્તાવો થાય છે અને જ્યારે પસ્તાવો થાય છે ત્યારે મોડું થઈ ગયું હોય છે. પછી એનો કોઈ રસ્તો મળતો નથી. આ દિકરીઓ માટે હું એ સંદેશો પહોંચાડવા માગું છું કે મહેરબાની કરી આ ખોટું પગલું ભરતા પહેલા મા-બાપ અને પરિવારનો વિચાર કરો. તમારી સાથે તમારા પરિવારના સ્વપ્ન, ઉમ્મીદો અને અનેકવિધ આશાઓ સંકળાયેલી હોય છે. કેટલાંય સ્વપ્ન જોયા હોય છે તમારા પરિવારજનોએ... દિકરી એ તો ત્રણ કુળની લાજ છે. (માવતર, મોસાળ, સાસરિયું) એ લાજ સાચવવી તમારા હાથમાં છે. દિકરી તો બાપનો પડછાયો કહેવાય છે. પિતા તો દિકરીને કાળજાનો કટકો માને છે. તમે જ વિચારો કે તમારો આ એક ખોટો વિચાર કે પગલું પડવાથી તમારા પિતાનું તો કાળજું કાંપી ઉઠશે. સમાજમાં કે ક્યાંય મોં બતાવી નહિ શકે. જે મા-બાપ અને પરિવારે તમને પ્રેમ, હુંફ, લાગણી આપી તેમનો એક વખત વિચાર જરૂર કરજો.

એક વાત તો સીધી છે કે તમે જેને પ્રેમ કરતા હોય, જો તે પ્રેમ સાચો હોય તો ક્યારેય તમને ભાગવાની રાહ નહિ બતાવે, કે તમને કંઈ ખોટું કરવા નહિ દે. અરે ! ભાગે તો એ છે જેને પોતાના પ્રેમ અને પોતાની આત્મા પર વિશ્વાસ નથી હોતો.

- A quote which means a lot if u understand it...

Loving someone is not always about fairytales & Fantasies...

Its about truth n Realities...!!

અને તમે આ વાત કેમ ભૂલો છો કે પટેલ એટલે

P – પ્રેમ

A – આત્મવિશ્વાસ

T – ત્યાગ

E – એકતા

L – લાગણીનો સમન્વય છે. જો તમે આ સમન્વયને જ તોડવાનો પ્રયાસ કરશો તો આપણું અસ્તિત્વ ખોવાઈ જશે. આજે પટેલ પાંચમાં પૂછાય છે. તો એ લાજ પણ દિકરીના હાથમાં છે અને આજના યુગમાં ખરેખર તો પ્રેમનો અર્થ કોઈ જાણતુંય નથી.

અત્યારે ઘણી જગ્યાએ સાંભળવા મળી રહ્યું છે કે ફલાણાના ત્યાંની વહુ તો આના સાથે ભાગી ગઈ, તો મને તો એ વાત નથી સમજાતી કે જો તમને કોઈ ગમતું હોય તો તમારી જ્યારે લગ્નની વાતો શરૂ થાય ત્યારે જ તમે તમારી પસંદગી જણાવી દો. કમસે કમ આમ કરવાથી કોઈનું જીવન લગ્ન પછી તો બરબાદ નહિ થાય ને ! જેને અનેક આશા, અરમાનોથી તમને તમારા ઘરની વહુ બનાવી છે તેમના વિશ્વાસનો ભંગ નહિ થાય ને ! જો તમારી પસંદગી યોગ્ય હશે તો તમારા પરિવારજનો પણ વાંધો નહિ ઉઠાવે. તો પછી મરજી વગર લગ્ન કરીને કોઈની જિંદગી બગાડવી એ તો યોગ્ય નથીને ! અને જ્યારે તમે બીજી નાતના સાથે જાઓ છો ત્યારે ન કરેલું કરવું પડે છે અને સહન કરવું પડે છે, કેમ કે ત્યારે તમારી પાસે કોઈ ઉપાય જ નથી રહેતો. એક કહેવત છે 'દૂરથી ડુંગર રળીયામણા...' આ કહેવતને તમારે યાદ રાખવી જોઈએ. વાસ્તવિકતા ત્યારે ખબર પડે છે જ્યારે તમને એના વિશે લગ્ન પછી ધીરે ધીરે હકીકતની જાણ થાય છે.

દિકરીઓના ભાગવાનું કારણ સીધું નજર સમક્ષ છે, કે તેમની મરજી વિરૂદ્ધ લગ્ન કરાવવા, તેને જે વ્યક્તિ પસંદ હોય તેને પ્રાધાન્ય આપ્યા વિના જ કે તેનું મંતવ્ય સાંભળ્યા વિના જ ના પાડી દેવી અથવા બીજી નાતના હોય તે મુશ્કેલી કે પછી ઘણાને એવો ભ્રમ હોય છે કે મારી દિકરી કે દિકરો અમારા કહ્યા પ્રમાણે જ અથવા અમારા બતાવેલ માર્ગે જ ચાલે અને ક્યારેક વ્યક્તિ પસંદ આવી જાય તો તે વ્યક્તિમાં આપણા કરતા નીચી કક્ષા એટલે કે પૈસાની તુલના થાય છે અને ઘણાને તો પોતાના સંતાનો પર જ વિશ્વાસ નથી હોતો અને તેમની ઈચ્છા જાણ્યા વિના જ નિર્ણય લઈ લે છે. જેમાં અંતે આવો દિવસ જોવો પડે છે. તો મા-બાપને પણ એ જણાવવું જરૂરી બને છે કે ઘણી વખત તમારાથી પણ ભૂલ થઈ શકે છે. જેનું પરિણામ પણ તમને જ દેખાય છે. હું એમ નથી કહેતી કે તમારા સંતાનોની પસંદગીને પ્રાધાન્ય આપી દો. પણ એ નિર્ણય લેતા પહેલા એક વખત એમની પસંદગીને પારખો કે એનું ભૂતકાળ શું હતું અને ભવિષ્ય કેવું બનશે અને તેના પરિવાર અને સંસ્કારો કેવા છે તે જુઓ અને ત્યારબાદ અંતમાં તમે નિર્ણય લો કે એ વ્યક્તિ તમારા સંતાન માટે યોગ્ય છે કે નહિ. જો યોગ્ય હોય તો કોઈ સવાલ જ નથી. પરંતુ ન હોય તો તેમને એકદમથી ના પાડવાને બદલે તેને વાસ્તવિકતા સમજાવી પ્રેમથી વાત કરો. લગ્ન એ એક પવિત્ર બંધન છે, જેમાં સાત ફેરાના સાત વચનો લેવા, નિભાવવા ખૂબ જરૂરી બને છે. જો મરજી વિરૂદ્ધ લગ્ન થાય તો આ વચનો અને પવિત્ર બંધનને ખરાબ અસર થવા પામે છે.

આપણી સમાજમાં મોટે ભાગે જ્યારે ઘરમાં દિકરાની લગ્નની વાતો ચાલે છે ત્યારે તેનાં માતા-પિતા અને સંતાનોની પસંદગી વિરૂદ્ધ બને છે. આજે જે દિકરીઓ નોકરી કરે છે તેને તો લગ્નના સમયે ખૂબ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે જ્યારે લગ્ન લાયક તેની ઉંમર થાય છે. તો શું આપણી સમાજમાં નોકરી કરવી એ ગુનો છે ? શું આજે દિકરી એક દિકરાની જેમ આગળ વધે એ ખોટું છે ? જરૂરી નથી કે નોકરી કરતી છોકરી કે દિકરી ખરાબ વિચારત્વ ધરાવતી હોય છે કે તેની દુનિયા અલગ હોય છે. અરે જે દિકરી નોકરી કરે છે તેને દુનિયાની જાણ હોય છે. તે સારી રીતે જાણે છે કે આ દુનિયામાં કઈ રીતે રહેવું. તો પછી તેને કેમ ઠુકરાવવામાં આવે છે ? તેનો શું નોકરી કરવો ગુનો છે ?

જ્યારે વહુ પરણીને આવે છે ત્યારે તે તેનાં મા-બાપ તેનું બાળપણ બધુ મુકીને એક નવા માહોલમાં આવે છે. તો તેને આ નવા માહોલમાં સંપૂર્ણ રીતે સમર્પિત થવા સમય આપો. દરેક સંબંધને સમજવા અને કામને શીખવામાં પુરતો સહકાર આપો. કંઈ ન આવડે અથવા ભૂલ થાય તો વિંધવાને બદલે તેને આગળ વધારવાની કોશિષ કરો અને જે વહુ પરણીને આવી છે તે પણ સાસુ અને પરિવારને પ્રાધાન્ય આપે એ જરૂરી છે. જે તમારી સાસુ કે જેઠાણી છે તે કોઈની માતા અને ભાભી છે. તો એમને પણ દિકરા કે દિયરની ચિંતા હોય છે. જો સાસુ આપણને દિકરી બનાવી શકે છે તો આપણે કેમ તેમને માનો દરજ્જો નથી આપતા...? આજે હસી-ખુશી, પ્રેમથી રહેવું હોય તો Let Go કરતાં આવડવું જોઈએ. કોઈની ખુશી માટે કોઈ વસ્તુ જતી કરવી એ સુખી પરિવાર માટે આવશ્યક છે.

આ વાતો કહેવામાં અને સાંભળવામાં ખૂબ સહેલી છે પણ જીવનમાં ઉતારવી મુશ્કેલ છે. પરંતુ ઉતારવી એ પણ જરૂરી છે. જો તમે બે હંસોના જોડાને કઠપૂતલી બનાવવા ન ઈચ્છતા હોય, તમારી દિકરી ભાગે નહિ અને વહુ-સાસુ હળીમળીને રહે અને કોઈ સંબંધનો અંત કરૂણ ન આવે એમ ઈચ્છતા હોય તો આ નાની નાની અને કઠોર વાતને જીવનમાં ઉતારવી પડશે. તો જ એક સમાજ સુખી અને સુરક્ષિત રહેશે અને પટેલની લાજ જળવાઈ રહેશે.

આજે હું "પાટીદાર સંદેશ"ને આભારી છું કે જેને મને એક તક આપી મંતવ્યો રજૂ કરવાની અને પુરા દિલથી હું "પાટીદાર સંદેશ"ને અને તેના સભ્યોને ધન્યવાદ પાઠવું છું. મને વિશ્વાસ છે કે "પાટીદાર સંદેશ"માં મારી આ વાતોને, સલાહને કે પછી પ્રશ્નોને પ્રાધાન્ય જરૂર મળશે અને તેનું પરિણામ સારૂં એવું દેખાશે એવી આશા રાખું છું...

## ❀ આપણાં ફૂલ ❀



ચિ. ઉજ્જવલ
જન્મ તા. ૪-૮-૨૦૧૧

| | |
|---|---|
| માતા-પિતા | : હિનાબેન જીતેશકુમાર ધોળુ |
| દાદી-દાદા | : સ્વ. સવિતાબેન હરીભાઈ ધોળુ |
| મોટાં-મમ્મી-પપ્પા | : શ્વેતાબેન વિવેકભાઈ ધોળુ |
| ફઈ-ફૂઆ | : હેમાબેન લલીતકુમાર નાકરાણી (નાગપુર) |
| નાની-નાના | : દમયંતીબેન ડાહ્યાભાઈ સાંખલા (બેતુલ) |
| મામી-મામા | : યોગીતાબેન હરેશકુમાર સાંખલા |
| ભાઈ-બહેન | : ચેતન, વીર, સિયા |
| કચ્છમાં | : વિથોણ • હાલે : બેતુલ |

ફર્મ : ઉમિયા સેનેટરીઝ
બેતુલ (મધ્યપ્રદેશ) મો.: ૯૪૨૫૦ ૦૩૪૩૦



ચિ. ડિમ્પલ
જન્મ તા. ૩૧-૧૦-૨૦૧૦

| | |
|---|---|
| માતા-પિતા | : મીનાશ્રીબેન ભાવેશકુમાર સાંખલા |
| દાદી-દાદા | : દમયંતીબેન ડાહ્યાભાઈ સાંખલા |
| મોટાં-મમ્મી-પપ્પા | : યોગીતાબેન હરેશકુમાર સાંખલા |
| ફઈ-ફૂઆ | : હિનાબેન જીતેશકુમાર ધોળુ (બેતુલ) |
| નાની-નાના | : સુશીલાબેન રાજુભાઈ લીંબાણી (કચ્છમાં નખત્રાણા – હાલે ઈટારસી) |
| મામા | : તરૂણકુમાર |
| ભાઈ-બહેન | : રામ, વંશીકા |
| કચ્છમાં | : ઉગેડી • હાલે : બેતુલ |

ફર્મ : ગોકુલ સૉ મીલ
કાલાપથ રોડ, બેતુલ (M.P.) Ph.: (Off.) 0741-230023
Mo.: 9826216004 (D.N. Patel), 9993370589 (B. Patel)



ચિ. વંશી
જન્મ તા. ૧૭-૪-૨૦૧૦

| | |
|---|---|
| માતા-પિતા | : અમૃતાબેન દિપકભાઈ બાથાણી |
| દાદી-દાદા | : રાધાબેન પુરૂષોત્તમ મૂળજી બાથાણી |
| નાની-નાના | : ગંગાબેન બાબુલાલ રતનશી સાંખલા (કોલકત્તા) |
| મોટાં-દાદી-દાદા | : ઝવેરબેન નાનજી મૂળજી બાથાણી (કોલકત્તા) તુલસીબેન ધનજી મૂળજી બાથાણી (રાયપુર) મણીબેન શાંતિલાલ મૂળજી બાથાણી (રાયપુર) |
| નાના દાદી-દાદા | : શારદાબેન હરીલાલ મૂળજી બાથાણી (કોલકત્તા) |
| મોટાં-મમ્મી-પપ્પા | : સવિતાબેન સુરેશ નાનજી બાથાણી (રાયપુર) |
| મોટી બહેન | : ખુશ્બુ, ગાયત્રી અને પલક (રાયપુર) |
| નાના ભાઈ | : પ્રિન્સ વિજય ધનજીભાઈ બાથાણી (રાયપુર) |
| કચ્છમાં | : કોટડા (જ.) • હાલે : રાયપુર (છ.ગ.) |

ફર્મ : • ઈશ્વર ઈસ્પાત ઈન્ડસ્ટ્રીઝ, ઉરલા-રાયપુર. મો.: ૯૮૨૬૧ ૯૨૦૦૬
• સૂર્યા સૉ મીલ, ફાફાડીહ, રાયપુર. મો.: ૯૪૨૫૫ ૧૭૩૨૫
• દિપક સૉ મીલ, કાકુરગાછી-કોલકત્તા. મો.: ૯૮૩૦૫ ૮૯૦૫૧



ચિ. વેદ
જન્મ તા. ૨-૯-૨૦૧૦ (જન્માષ્ટમી)

| | |
|---|---|
| માતા-પિતા | : યોગીતાબેન ભાવેશભાઈ ભાવાણી |
| દાદી-દાદા | : અનિલાબેન શાંતિભાઈ ભાવાણી |
| પડદાદી-દાદા | : જમનાબેન શામજીભાઈ ભાવાણી |
| કાકી-કાકા | : ભાવનાબેન નિશાંતભાઈ ભાવાણી |
| નાની-નાના | : કોકીલાબેન શાંતિભાઈ નાકરાણી |
| કચ્છમાં | : મથલ (એદલપુરાકંપાવાળા) |

ફર્મ : જયરામ ઈલેક્ટ્રીકલ્સ
મુ.પો. રાજનાંદગાંવ (છત્તીસગઢ)
મો.: ૯૪૦૬૦ ૮૧૦૦૩

નોંધ : 'આપણાં ફૂલ' માટે રૂા. ૨૫૦/-નો "પાટીદાર સંદેશ"ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા મનીઓર્ડર, શામજીભાઈ પટેલ, (તંત્રીશ્રી "પાટીદાર સંદેશ"), ૪, આદર્શનગર સાણંદના સરનો અથવા કાર્યાલયના સરનામે મોકલી આપીને સહયોગ આપવા વિનંતી છે. - તંત્રીઓ.

## શ્રી કંઠી વિભાગ કચ્છ કડવા પાટીદાર સમાજ(માંડવી વિસ્તાર) દ્વારા અખાત્રીજના રોજ યોજાયેલ સમૂહ લગ્નોત્સવમાં ૩૮ નવયુગલો જોડાયાં

❖ ૨૨ ગામોનાં ૬૦૦૦ ભાઈ-બહેનોની હાજરી ❖

માંડવી-કચ્છ : કંઠી વિભાગ કચ્છ કડવા પાટીદાર સમાજ માંડવી વિસ્તાર દ્વારા અહીંની લખુભાઈ વીરજી ધોળુ વિદ્યાર્થી ભવન માંડવી ખાતે તૃતીય લગ્ન ઉત્સવમાં ૩૮ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં માંડ્યાં હતા. વહેલી સવારે માંડવા મુહુર્ત (કન્યાપક્ષ) બાદ સવારે ૭-૦૦ વાગે જાનનું આગમન થયું હતું. સવારે ૯-૦૦ કલાકે હસ્ત મેળાપ અને શાસ્ત્રોક્ત વિધિથી લગ્નવિધિ સંપન્ન થઈ હતી. આ અવસરે નવયુગલોને આશીર્વચનો પાઠવતાં અંબેધામ લુડવાના માતાજી પાર્વતીદેવીએ જણાવ્યું હતું કે અક્ષયતૃતીયાના દિને કન્યાદાન કરવાનું ભાગ્યશાળીના ભાગ્યે જ આવે. જ્યારે માતાજી માયાદેવીએ જીવનયાત્રાના પંથમાં બંને પથિકોને એક-મેકના સહારા બનીને ચાલવાની શીખ આપી હતી. માંડવીના માજી નગરપતિ શ્રી અનિરૂદ્ધ દવેએ નવયુગલોને આશીર્વાદ આપી ભ્રૂણહત્યા અટકાવવા અનુરોધ કર્યો હતો. લધાભાઈ વિશ્રામ પોકાર, શિવદાસ ગોવિંદ છાભૈયા, દામજી પ્રેમજી ધોળુ, ગોવિંદ અબજી ધોળુ, રવિભાઈ વેલાણી (યુવાસંઘ કચ્છ ઝોન પ્રમુખ), રતનશી લાલજી વેલાણી, રવજીભાઈ રામજી ચોપડા (મુંબઈ), પરબત માવજી ધોળુ વિગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

આ પ્રસંગે અનેકવિધ દાતાઓ દ્વારા આ સમાજને અર્થદાન અને વર-કન્યાઓને ભેટ-સોગાદોની જાહેરાત કરાઈ હતી, જેમાં સ્વ. વાલબાઈ લધા નાનજી ધોળુ પરિવાર, ડાયાલાલ ભાણજી ઉકાણી પરિવાર, જયંતિલાલ ભાણજી રામજીભાઈ પરિવાર, ડાહીબેન કરસન રતનશી દિવાણી પરિવાર, સ્વ. પૂરીબેન માધવજી વાલજી ગોરાણી પરિવાર, સ્વ. મુળજી ધનજી સેંઘાણી પરિવાર, વાલજીભાઈ પુંજા રૂડાણી પરિવાર વિગેરે દાતાઓ દ્વારા સમૂહલગ્નમાં દાન-ભેટ અપાઈ હતી. મહોત્સવ દરમ્યાન બી.બી. ઝાલા (પી.આઈ. માંડવી), મેહુલ શાહ (સદસ્ય, નગર સેવા સદન), ડૉ. રામજીયાણી વિગેરે અગ્રણીઓ હાજર રહ્યા હતા. સંચાલન જયંતિભાઈ પારસીયા અને ભવાનજીભાઈ રામાણીએ કર્યું હતું. સ્વાગત પ્રવચન કેશવલાલભાઈ દામજી અને આભાર દર્શન શામજીભાઈ લધાભાઈ ધોળુએ કર્યું હતું. જેઠાભાઈ સેંઘાણી, અરવિંદભાઈ ધોળુ, ઈશ્વરલાલભાઈ રામજીયાણી, મણીલાલ હિરજી.

# લગ્ન વિષયક

## લગ્નોત્સુક યુવાન ભાઈ-બહેનોને સાંકળતી કોલમ

સંપાદિકા : શ્રીમતી વર્ષા એ. પટેલ
"નેસ્ટ" પ્લોટ-૧૬૬, ચ-૬ પાસે, ચ-રોડ, સેક્ટર-૨૯, ગાંધીનગર. ફોન : (૦૭૯) ૨૩૨૨૯૧૬૬

વ્હાલાં વાચક મિત્રો,

'લગ્ન વિષયક' વિભાગ એ આજની તાતી જરૂરિયાત છે પણ એક હાથે તાળી ન પડે. આપ સૌના સાથ, સહકાર વિના આ શક્ય નથી. આપ આપનાં લગ્નોત્સુક સંતાનની માહિતી અમોને મોકલી આપી અમારા આ ભગીરથ કાર્યમાં મદદરૂપ થશો. એવી અપેક્ષા અને વિનંતી.

❖ **કન્યા જોઈએ છે.**

નામ : તુલસીભાઈ અરજણભાઈ દિવાણી
જન્મ તા. : ૨-૪-૧૯૮૦ અભ્યાસ : S.S.C. ઉંચાઈ : ૫'૬"
વ્યવસાય : ધંધો (વાર્ષિક આવક રૂા. ૨.૫૦ લાખ)
સંપર્ક : ફ્લેટ નં. ૭, ઔદુમ્બર સોસાયટી, ગણેશ દર્શન સોસાયટી સામે, M.I.D.C. રોડ, કત્રપ માર્ગ, જિ. બદલાપુર (મહારાષ્ટ્ર)
મો.: ૭૫૦૭૮ ૪૨૧૨૨, ૯૯૭૫૭ ૯૨૦૯૯

## નાગપુરના સગપણ માહિતી કેન્દ્ર અંગે... થોડુંક વિશેષ...

નાગપુર : અત્રેના સગપણ માહિતી કેન્દ્રે અખાત્રીજ (તા. ૬-૫-૧૧)ના રોજ ચાર વર્ષ પુરાં કરી પાંચમા વર્ષમાં પ્રવેશ કરેલ છે. આ પ્રસંગે આ કેન્દ્રના અગ્રણી શ્રી વાલજી અબજી દિવાણીએ સૌ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી છે અને સમાજજનો જોગ નીચે મુજબ જાણકારી આપી છે.

અખાત્રીજને તા. ૬-૫-૨૦૧૧ થી આ વેબસાઈટ "www. umasagpan. com" માં ફોર્મ ભરનાર ઉમેદવારને નીચે મુજબના નિયમો લાગુ પડશે.

(૧) પ્રથમ વર્ષ માટે રૂા. ૩૦૦/- અને ત્યાર પછીના દરેક વર્ષ માટે રૂા. ૨૦૦/- ભરવાના રહેશે.

(૨) "શ્રી કચ્છ પાટીદાર સમાજ"ના નીચે મુજબ બેંક ખાતામાં રકમ ભરવાની રહેશે. દેના બેંક, ઈતવારી - ખાતાં નં. ૦૧૩૮૧૦૦૦૧૦૯૧

(૩) બેંકમાં ભરેલ સ્લીપ ઉપરોક્ત સરનામે કુરિયરથી મોકલવાની રહેશે, બેંક સ્લીપ મળ્યેથી તમારૂં ફોર્મ એકટીવ કરી દેવામાં આવશે. બેંક સ્લીપની પાછળ ઉમેદવારનું પુરૂં નામ, નુખ સહિત લખવાનું રહેશે.

(૪) અત્યાર સુધી જે ફોર્મ ભરાયેલાં છે તેમણે પણ રૂા. ૨૦૦/- ફોર્મ દીઠ તા. ૩૧-૫-૨૦૧૧ સુધીમાં ભરી દેવાના રહેશે. ત્યારપછી ફીસ ભરાયેલ નહિ હોય તો તેમનાં ફોર્મ વેબસાઈટ પર દેખાશે નહિ.

(૫) વધુ જાણકારી માટે નીચે જણાવેલ ભાઈઓનો સંપર્ક કરશો.

(૧) વાલજીભાઈ દિવાણી - ૦૯૪૨૨૮ ૦૧૪૩૮ (૨) રતનશીભાઈ ભાવાણી - ૦૯૪૨૨૮ ૧૧૧૮૨ (૩) રમેશભાઈ લીંબાણી - ૦૯૪૨૨૮ ૦૧૬૯૫

(૬) સગપણ થયેથી આ કેન્દ્રને તુરંત જાણ કરશો જેથી તમારૂં ફોર્મ કાઢી નાખવામાં આવે.

આ પ્રવૃત્તિથી ઘણાં બધાં બાળકોના સંબંધ જોડાયા છે. અમારૂં નમ્ર નિવેદન છે કે આપ સૌ આ પ્રવૃત્તિનો વધુમાં વધુ લાભ લેશો.

## પોકાર (બાથાણી) પરિવારના સભ્યો જોગ

ઘડાણી : (અમારા તંત્રી શ્રી કરમશીભાઈ એન. પટેલ તથા શ્રી મગનભાઈ કે. પોકાર દ્વારા)

અત્રે પૂ. હરદાસબાપાના સ્થાનક પાસે આવેલ બાથાણી (પોકાર) પરિવારના સૂરધન પૂ. પરબતબાપાનું સ્થાનક આવેલ છે. આ સ્થાનકે પરબતબાપાનો પાળીયો ખંડિત થયેલ છે. તે ખંડિત પાળીયાનું વિસર્જન-ઉત્થાપન અને તે સ્થળે નૂતન પાળીયાની સ્થાપના કરવાનું પરિવારની સામાન્ય સભાઓ (તા. ૨૧-૧૧-૧૦ અને તા. ૭-૫-૧૧)માં પુખ્ત વિચારણા કરી નક્કી કરી તેનો વિગતે કાર્યક્રમ ઘડી કાઢવામાં આવેલ છે. આ પ્રસંગમાં ઉપસ્થિત રહેવા માટે નિમંત્રણ પત્રિકા છાપવામાં આવેલ નથી પરંતુ આ પ્રેસનોટ તથા જાહેર ખબરને નિમંત્રણ સમજી લેવા આયોજન સમિતિની નમ્ર અપીલ છે. આ પ્રસંગે હાજર રહેનાર પરિવારના સભ્યોએ જનસંખ્યા અંદાજિત તથા ઉતારાની વ્યવસ્થા થઈ શકે તે માટે નીચે દર્શાવેલ મોબાઈલ ઉપર જાણ કરવા વિનંતી છે.

આ કાર્યક્રમ તા. ૧-૭ થી તા. ૩-૭-૧૧ એમ ત્રણ દિવસ યોજાશે અને તા. ૨-૭-૧૧ના રાત્રે ૯-૩૦ કલાકે લોકડાયરો યોજાશે, જેમાં ગોળથી થનાર આવક ગાયોના ચારા માટે ઉપયોગમાં લેવાશે, જેની નોંધ લેવી. અષાઢ સુદ ૧, તા. ૨-૭ શનિવારે ખંડિત પાળીયાની ઉત્થાપન વિધિ પૂર્ણ કરી નારાયણ સરોવર ખાતે વિસર્જન અને અષાઢ સુદ-૨, રવિવાર, તા. ૩-૭ના નૂતન પાળીયાની વિધિવત સ્થાપના કરવામાં આવશે. આ પ્રસંગે હાજર રહેલ નિયાણીયુંને ભેટ આપવામાં આવશે.

આ પ્રસંગે જેઠ માસની અમાસ શુક્રવાર, તા. ૧-૭-૧૧ના રાત્રે ઉછામણી (ચડાવા)થી આ પ્રમાણેના યજમાનોની નિયુક્તિ થશે, જેમાં મુખ્ય યજમાન-૧, સહયોગી યજમાનો-૪, નૂતન ધ્વજારોહણ, ડાયરાના યજમાન, હાજર નિયાણીઓની ભેટ, પાળીયાને સિંદુરીયા વાઘા, મંડપ તથા ભોજન યજમાનો અમર્યાદિત હોતાં નીચે મુજબ નક્કી કરેલ રકમ આપ્યેથી ભોજન યજમાન બની શકાશે. સવારના ચા-નાસ્તા માટે રૂા. ૫૧૦૦/- બપોરના ભોજન માટે રૂા. ૧૧૦૦૦/- અને સાંજના ભોજન માટે રૂા. ૯૦૦૦/- અને પીવાના પાણી માટે રૂા. ૨૫૦૦/-ના યજમાનોની નોંધ કરાવવા જણાવાયું છે.

આ પ્રસંગમાં હાજર રહેનાર નિયાણીયુંને પરબતબાપા પોકાર પરિવાર તરફથી ભેટ આપવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ પ્રસંગમાં કેન્દ્રિય સમાજ નખત્રાણા દ્વારા બહાર પાડવામાં આવેલ શ્વેતપત્ર અનુસાર ફક્ત સનાતની પરિવાર જ ભાગ લઈ શકશે.

સૌએ સમયસર પધારવાનું છે. ભોજનાલય તા. ૧-૭ થી તા. ૪-૭-૨૦૧૧ સુધી ચાલુ રહેશ. સંપર્ક તેમજ કોઈ વિગતની જાણકારી માટે આ દર્શાવેલ વ્યક્તિઓનો સંપર્ક કરવો.

(૧) રામજી માવજી (કોટડા-જ.) ભીવંડી - ૦૯૩૨૫૦ ૩૮૦૦૦ (૨) ચંદુલાલ રતનશી (ઘડાણી) સુરત - ૦૯૮૭૯૬ ૪૫૪૫૦ (૩) મગનલાલ ખીમજી (ઘડાણી) કલોલ - ૦૯૪૨૭૭ ૬૦૧૯૯ (૪) ગોવિંદ વીરજી (ઘડાણી) - ૦૯૪૨૭૫ ૬૬૦૫૯ (૫) શંકરલાલ ખીમજી (ઘડાણી) મુંદ્રા - ૦૯૮૭૯૨ ૦૪૭૧૦ (૬) વિશ્રામ ગોપાલ (રવાપર) સુરત - ૦૯૮૨૪૨ ૮૪૫૮૪.

## બધાઈ હો...

કામોઠા, નવી મુંબઈ (મહારાષ્ટ્ર) : અત્રેના શ્રી ખેતારામ નથુભાઈ ચોપડાના સુપુત્ર ચિ. પિયુષકુમાર તથા પુત્રવધૂ સૌ. પારૂલબેનના ઘેર તા. ૮-૧૨-૨૦૧૦ના રોજ પુત્ર જન્મ પ્રસંગે.

ધનસુરા (સા.કાં.) : અત્રેના સ્વ. દેવજીભાઈ કાનજીભાઈના સુપુત્ર ચિ. રાજેશકુમાર તથા પુત્રવધૂ સૌ. ચેતનાબેનના ઘેર તા. ૧૭-૪-૨૦૧૧ના રોજ પુત્ર જન્મ પ્રસંગે.

ધનસુરા (સા.કાં.) : અત્રેના સ્વ. દેવજીભાઈ કાનજીભાઈના સુપુત્ર ચિ. મનસુખકુમાર તથા પુત્રવધૂ સૌ. ગીતાબેનના ઘેર તા. ૧૮-૫-૨૦૧૧ના રોજ પુત્ર જન્મ પ્રસંગે.

શીવરાજપુરાકંપા : અત્રેના શ્રી રમણભાઈ કાનજીભાઈ છાભૈયાના સુપુત્ર ચિ. દિલેષકુમાર તથા પુત્રવધૂ સૌ. ક્રિષ્નાબેનના ઘેર તા. ૧૬-૫-૨૦૧૧ના રોજ લક્ષ્મી જન્મ પ્રસંગે.

## M.B.B.S. થયા



**ચિ. જયકુમાર વેલાણી**

અકોલા (મહારાષ્ટ્ર) : અત્રેના શ્રી શામજીભાઈ ખીમજીભાઈ વેલાણી (કચ્છમાં કોટડા-જ.)ના સુપુત્ર ચિ. જયકુમારે M.B.B.S. થઈ M.D. (Pediatric) બાળરોગ તજજ્ઞના અભ્યાસક્રમની પૂર્વ પરીક્ષા પાસ કરી સરકારી કોટાથી "S.R.T.R. Medical College, Ambajogai"માં પ્રવેશ મેળવી વેલાણી પરિવાર તથા સમાજનું ગૌરવ વધારેલ છે. (અભિનંદન...- તંત્રીઓ)

મો.: ૦૯૪૨૨૧ ૬૩૫૬૭

## I.C.S.E. માં ૮૫%



**ચિ. સુમિત લીંબાણી**

કોલકતા (પ.બંગાળ) : અત્રેની મે. આર.કે. પટેલ એન્ડ સન્સવાળા શ્રી મહેન્દ્રભાઈ રતનશીભાઈ લીંબાણી (કચ્છમાં નખત્રાણા)ના સુપુત્ર.

### કરૂણ ઘટના

## સાબરકાંઠાના બે આશાસ્પદ યુવાનોનું માર્ગ અકસ્માતમાં કરૂણ મોત

હિંમતનગર (સા.કાં.) : (અમારા પ્રતિનિધિ શ્રી ધીરજકુમાર આર. છાભૈયા, ભાગનગર દ્વારા)

હિંમતનગર પાટીદાર સેવા સંઘ દ્વારા ચલાવાતી પ્રવૃત્તિઓમાં ગામડે ગામડે ચવાણુ, અથાણુ વિગેરે પરચૂરણ વસ્તુઓનું વેચાણ કરવા માટે બોલેરો બોડીંગ ગાડી (ડાલુ)ની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ગાડી લઈને ગઈ તા. ૨૪-૫-૨૦૧૧ના રોજ શિવરાજપુરાકંપાનો યુવાન મનોરથ જગદીશભાઈ છાભૈયા (ઉ.વ. ૨૦) જે ગાડી ચાલક હતો અને હાલે હિંમતનગર (કચ્છમાં : ધાવડા)નો યુવાન લીલાધર અંબાલાલ પટેલ ધ્રાંગધ્રા ખાતે અથાણુ લેવા માટે ગયા હતા. ત્યાંથી લગભગ સાત વાગ્યાના સુમારે નીકળીને રાત્રે અગિયાર વાગે સરખેજ બાજુથી આવતા ગાંધીનગર સર્કિટ હાઉસની બરાબર સામેના સર્કલ પર વાહનની ગતિ, ૮ ફૂટ ઊંચાઈને ઠસોઠસ ભરેલા અથાણાના બોક્ષના કારણે ગાડી હિલોળે ચડીને ડાબી તરફ નમી જઈને માત્ર બે પૈંડા પર ચાલીને સામે રસ્તાના કિનારે ઉભેલા મજબૂત વૃક્ષ સાથે ધડાકારભેર અથડાતા ગાડીમાંના બંને યુવાનોની ખોપરી ફાટી ગઈ અને ઘટના સ્થળે જ બંનેનું મૃત્યુ થયું. આખી ગાડીમાં કયાંય કશું જ નુકસાન થયું નથી. ગાડી આડી થઈને વૃક્ષ સાથે જોરદાર અથડાતા તેનો કાચવાળો ભાગ જ દબાયો અને બંને યુવાનોનો માત્ર માથાનો ભાગ જ ઈજાગ્રસ્થ થયો. આ ભયંકર અકસ્માત જોતા એવું લાગે કે તેમને વિચાર કરવાનો કે શ્વાસ લેવાનો પણ સમય મળ્યો નહીં હોય. તુરંત ૧૦૮ દ્વારા તેમને ગાંધીનગર સવિલમાં ખસેડવામાં આવ્યા. છેલ્લે સાંજે ૭-૦૦ વાગે મનોરથ સાથે તેના પિતા જગદીશભાઈની ફોન પર વાત થઈ ત્યારે તેઓ પેટ્રોલ પંપ પર ગાડીમાં ડિઝલ પુરાવી રહ્યા હતા ત્યારે પણ વાહન શાંતિથી અને ધીમે ચલાવવા સુચનાઓ આપી હતી. પણ 'ન જાણ્યું જાનકી નાથે કે કાલે શું થવાનું છે' લીલાધર સાથે પણ વાત કરવી હતી પણ તે પાછળ છે, દૂર છે એમ કીધું એટલે વાત ન થઈ.

જગદીશભાઈએ સુતા પહેલા મનોરથ સાથે વાત કરીને ઉંઘુ એવા વિચારે રાત્રે ૧૧-૨૦ વાગ્યે ફોન કર્યો પણ તે વારંવાર કરવા છતાં રીસીવ થયો નહીં. લગભગ પંદર મિનિટ બાદ ફરીથી ફોન કરતા ગાંધીનગર પોલીસ સ્ટેશનેથી P.S.I. ઝાલા સાહેબે ફોન ઉપાડીને કહ્યું કે ગાડીનો અકસ્માત થયો છે. તમારો તેની સાથે શું સંબંધ છે ? તેનું આખું નામ લખાવો. તેની બાજુમાં જે ભાઈ છે તેનું શું નામ છે ? તેના બાપનું શું નામ છે ? તમે તુરંત ગાંધીનગર સિવિલમાં પહોંચો આવું જણાવ્યું ત્યારે જ થોડી શંકા ગઈ હતી પણ ચોક્કસ કોઈ જવાબ પોલીસ તરફથી મળ્યો ન હતો.

જગદીશભાઈ તેમના નાનાભાઈ, સાળા, સાઢુ, બનેવી એમ પાંચ જણા તરત જ ગાંધીનગર જવા રવાના થઈ ગયા હતા. ત્યાં જઈને જોયું તો પરિસ્થિતિ કંઈક જુદી જ હતી. અચાનક યુવાન દિકરાના મરણના સમાચાર સાંભળીને આંચકો તો લાગ્યો પણ કઠણ રહેવા સિવાય છુટકો ન હતો. બંને મૃતદેહના P.M. રાત્રે જ કરીને સવારે ૫-૦૦ વાગ્યે સોંપવામાં આવેલ. અકસ્માતના સમાચાર સાંભળી પાટીદાર સેવા સંઘ અગ્રણીઓ તથા ગાંધીનગર કચ્છ કડવા પાટીદાર સમાજના ભાઈઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. બંને યુવાનોના અકાળે મૃત્યુ થવાથી શિવરાજપુરાકંપા તથા હિંમતનગરમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

વિધાતાના લેખ તો જુઓ ! સને ૧૯૯૧માં જગદીશભાઈ ગાંધીનગર ખાતે હોસ્ટેલ ચલાવતા હતા એટલે ત્યારે મનોરથનો જન્મ સેક્ટર-૨૧માં જન્મ થયો હતો. દુનિયા જોવાની શરૂઆત ત્યાંથી કરી અને ૨૦ વર્ષ બાદ આખી દુનિયા ફરી જોઈને એજ ભૂમિ પોકારતી હશે એટલે તા. ૨૪-૫-૨૦૧૧ના રોજ જિંદગીનો છેલ્લો શ્વાસ લઈને સેક્ટર-૨૧માં જ મનોરથે તેની માયા સંકેલી લીધી.

હિંમતનગરના લીલાધરભાઈ પણ છેલ્લા ઘણા વર્ષોથી પાટીદાર સેવા સંઘમાં સેવાઓ આપી રહ્યા હતા. તેઓ કચ્છના ધાવડાના વતની હતા. *કુદરતની લીલા તો જુઓ ! તેમના માતા-પિતા, ભાઈ-બહેન, કાકા-કાકી કોઈ નથી.* સામે પક્ષે તેમના ધર્મપત્નીની પણ તેજ સ્થિતિ છે. તેમના પરિવારમાં પોતે બે અને તેમના બે નાના બાળકો છે. જેમની સંભાળ પાટીદાર સેવા સમાજ ટ્રસ્ટ લેતી હતી.

## ૧૦૧ વર્ષની વયે અવસાન: ચક્ષુદાન કરાવ્યું

સ્વ. વાલબાઈ મેઘજીભાઈ દિવાણી (મોટી વિરાણી-કચ્છ)એ ૧૦૧ વર્ષનું લાંબુ આયુષ્ય જીવીને દિનાંક ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૦ના સવારે ૧૦-૦૦ કલાકે રામશરણ પામેલ. તેઓ સ્વ. મણીલાલ પુંજાભાઈ રામાણી (કચ્છમાં : નખત્રાણા)નાં મોટી બહેન અને મુંબઈ સ્થિત "પાટીદાર સંદેશ"ના પ્રતિનિધિ તેમજ 'અમારા મતે' વિભાગના સંપાદક યોગેશ મણીલાલ રામાણીનાં ફઈબા થતાં હતાં. તેઓએ ચક્ષુદાન કરીને ઉમદા માનવીય ફરજ અદા કરી છે.

## શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજની સામાન્ય સભાનો અહેવાલ...

(અનુ. પાના નં. ૪૫ ઉપરથી ચાલુ)

સમાજ પ્રમુખ શ્રી લક્ષ્મણભાઈએ જણાવ્યું કે આપણી હમણાં જે સમાજવાડી છે તે બહુ નાની પડે છે. નવી સમાજવાડી બાંધવાનું અગાઉ નક્કી થઈ ગયું છે તો તેમાં દરેકે સહકાર આપવો અને આવતી કાલે નવી સમાજવાડીનું ભૂમિપૂજન રાખેલ છે તો દરેકે તેમાં હાજર રહેવું.

બીજે દિવસે તા. ૧૧-૫-૧૧ના રોજ સવારના ૧૧-૧૫ કલાકે સમાજવાડીની જમીનમાં ભૂમિપૂજન શાસ્ત્રી શ્રી અશ્વિનકુમાર એલ. જોષી દ્વારા મંત્રોચ્ચાર સાથે સમાજના અગ્રગણીયશ્રીઓને હસ્તે કરવામાં આવ્યું. જેમાં (૧) ટ્રસ્ટી શ્રી હિરજીભાઈ જેઠાભાઈ રવાણી (અમદાવાદ) (૨) વડીલો શ્રી શિવજી ગોપાલ ભગત (બેંગ્લોર) અને (૩) શ્રી માવજી રતનશી વાઘડીયા (બેંગ્લોર) (૪) વિકાસ સમિતિના વા.ચેરમેન શ્રી નારાયણભાઈ ડી. સેંઘાણી (દિલ્હી) (૫) સમાજના મહામંત્રી શ્રી શિવલાલભાઈ નાનજીભાઈ ચૌહાણ (અમદાવાદ) (૬) સમાજના ઉપપ્રમુખ શ્રી લધારામભાઈ જીવરાજ ભગત (સુરત) (૭) વિકાસ સમિતિના અગ્રગણીય શ્રી શિવજીભાઈ ભગત (લાતુર) અને (૮) અગ્રગણીય શ્રી ગોવિંદભાઈ ભગત (મુંબઈ) (૯) સોમજીભાઈ અરજણ રવાણી (બનારસ-જમીનના દાતા).

નવીન સમાજવાડીનું ખાતમુહુર્ત અને સમાજની સામાન્ય સભા જન્માષ્ટમીના રાખવાની છે ત્યારે સમાજના દરેક સભ્યો અને પરિવારજનો સારી સંખ્યામાં હાજરી આપે અને સમાજવાડીના બાંધકામના ખર્ચને પહોંચી વળવા જે રકમ જીવદીઠ રૂા. ૧૫૦૦/- પંદરસો નક્કી થઈ છે તે સાથે લેતા આવવા વિનંતી કરવામાં આવે છે.

## બોરડીટીંબામાં સમાજના આદ્ય સુધારક સ્વ. નારાયણજી રામજી લીંબાણીની ૧૨૮મી જન્મ જયંતિની ઉજવણી

બોરડીટીંબા : (અમારા પ્રતિનિધિ શ્રી જયંતિલાલ આર. પટેલ દ્વારા)

અત્રેના બોરડીટીંબા મુકામે શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને જાગૃત કરનાર કુલભૂષણ, ધર્મધીર, આદ્ય સુધારક સ્વ. શ્રી નારાયણજીભાઈ રામજીભાઈ લીંબાણીની ૧૨૮મી જન્મ જયંતિ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત) ધનસુરા અને શ્રી બોરડીટીંબા યુવક મંડળના સંયુક્ત ઉપક્રમે બોરડીટીંબા ખાતે શ્રી ધનસુખભાઈ માવજીભાઈ રંગાણી, પ્રમુખશ્રી, શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ધનસુરાના પ્રમુખસ્થાને સંવત ૨૦૬૭ને વૈશાખ સુદ-૧૫ના રોજ ઉજવવામાં આવી.

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક સંઘના સંકલ્પ મુજબ આ જન્મ જયંતિની સૌ પ્રથમ ઉજવણીની શરૂઆત બોરડીટીંબાથી કરવામાં આવી. આ જન્મ જયંતિ પ્રસંગે શ્રી અમૃતભાઈ આર. રામાણી, મંત્રીશ્રી, શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ધનસુરા, શ્રી અશોકભાઈ ભાવાણી, ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ, નિ.પ્રિ. શ્રી રતિભાઈ એલ. છાભૈયા, બોરડીટીંબા, ડૉ. વસંતભાઈ ધોળુ, સાયન્સ કોલેજ તલોદ, શ્રી જયંતિભાઈ એમ. પટેલ, રામપુરાકંપા, શ્રી શાંતિભાઈ એમ. પટેલ, દહેગામ, શ્રી મગનભાઈ એચ. છાભૈયા, પ્રમુખશ્રી, શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ દહેગામ તેમજ ગામના વડીલ મુરબ્બી શ્રી સવજીબાપા અને ગામના વડીલો, યુવાનો, માતાઓ વિગેરે ઉપસ્થિત રહ્યા.

સૌ પ્રથમ સમારંભના પ્રમુખ શ્રી ધનસુખભાઈના વરદ્ હસ્તે દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું ત્યારબાદ શ્રી મોહનભાઈ એમ. નાકરાણીએ 'જીવન અંજલી થાજો' પ્રાર્થનાથી સભાની શરૂઆત કરી. યુવક મંડળના પ્રમુખ શ્રી મુકેશભાઈ નાકરાણીએ સૌ મહેમાનોને મીઠો આવકારો આપી સ્વાગત કર્યું. આ પ્રસંગે ગામના વડીલ શ્રી દેવજીભાઈ લીંબાણીએ સ્વ. નારણજી રામજી લીંબાણીની ૧૨૮મી જન્મ જયંતિની ઉજવણીના પ્રસંગનો ખ્યાલ આપ્યો અને ગામનાં વડીલ માતૃશ્રી કંકુબેન હંસરાજભાઈ છાભૈયાના બે દિવસ પહેલા થયેલ નિધન બદલ શ્રદ્ધાંજલી આપી.

શ્રી નરસિંહભાઈ ઘોઘારીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે આવા મહાપુરૂષોના પ્રતાપે આપણે આજ આ પરિસ્થિતિમાં રહી શકીએ છીએ. આપણી સમાજ માટે સ્વ. નારણબાપાએ પોતાની નાની ઉંમરથી ખૂબ ટુંકાગાળામાં આપણી સમાજને એક સારો રાહ ચીંધ્યો અને આપણે તેમાંથી સુધરી અને સાચા હિંદુ ધર્મમાં આવ્યા તેવા આદ્ય સુધારકને આપણે હરકોઈ પ્રસંગે યાદ કરવા જોઈએ. શ્રી અખિલ ભારતીય યુવક સંઘના ઉપપ્રમુખ શ્રી અશોકભાઈ ભાવાણીએ જણાવ્યું કે યુવક સંઘનું સંમેલન 'સમજે પાટીદાર' હિંમતગનર મુકામે યોજાયું ત્યારે યુવક સંઘે સંકલ્પ લીધેલો કે હવેથી સ્વ. નારણ રામજી લીંબાણીની જન્મ જયંતિની ઉજવણી દરેક ગામે ગામ કરવી. આ સંકલ્પને યથાર્થ કરતાં આજ આપણે શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ અને યુવક સંઘ આ પ્રથમ વખત ૧૨૮મી જન્મ જયંતિની ઉજવણી બોરડીટીંબા ખાતે કરી રહ્યા છીએ તે બોરડીટીંબા માટે પણ એક ઈતિહાસ બની રહેશે. આવા જાગૃત ગામ દરેક ગામે બનવાની જરૂર છે તો જ સમાજમાં સુધારો આવી શકશે.

શ્રી અમૃતભાઈ આર. રામાણીએ જણાવ્યું કે બોરડીટીંબા એ ભાગ્યશાળી ગામ છે. જ્યાં પ્રથમ વખત શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ સાથે રહી આપણે સ્વ. નારણ રામજી લીંબાણીની ૧૨૮મી જન્મ જયંતિની ઉજવણી કરી રહ્યા છીએ. તેમણે જણાવ્યું કે આ પહેલા પણ આ બોરડીટીંબા ગામે આપણી સમાજમાં બે ઈતિહાસ સર્જેલા છે. જેમાં પ્રથમ સમગ્ર શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજમાં સૌ પ્રથમ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનું મંદિર બોરડીટીંબા ખાતે થયું. બીજું શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત) ધનસુરાનું પ્રથમ અધિવેશન બોરડીટીંબા ખાતે ભરાયું. અને ત્રીજું સ્વ. નારણ રામજી લીંબાણીની ૧૨૮મી જન્મ જયંતિની ઉજવણીની શરૂઆત બોરડીટીંબાથી થઈ.

શ્રી અમૃતભાઈએ સ્વ. નારણબાપાના જીવનની ઝાંખી કરાવતાં જણાવ્યું કે તેમનો જન્મ સં. ૧૯૩૯ વૈશાખ સુદ-૧૫ના થયો હતો અને તેમનું મૃત્યુ સંવત ૧૯૯૭ આસો વદ-૧૪ના ટુંકી માંદગી બાદ થયું હતું. તેમના પિતાશ્રી રામજીભાઈ એક શિલ્પકાર હતા. તેમના પિતાજી પીરાણા સતપંથના વિરોધી હતા. તેઓ પોતે સ્વામી નારાયણ સંપ્રદાયના હતા પરંતુ તે વખતે એક હથ્થુ સામાજિક સત્તાના જોરે તેઓ સતપંથ સામે થવાની હિંમત કરી શક્યા નહિ. સ્વ. નારણબાપાને તેમના પિતાજીના ઉચ્ચ સંસ્કારોનો વારસો મળ્યો હતો અને બાળપણથી જ તે હોંશિયાર હતા. તેઓએ ગુજરાતી પાંચ ચોપડીનું શિક્ષણ લીધા બાદ ભણવાનું બંધ કર્યું અને ધંધા માટે મુંબઈ જવાનું થયું. ત્યાં આપણી સમાજમાં તેમને અજ્ઞાનતા જોવા મળી. આપણો સમાજ હિંદુ સનાતન ધર્મ વિરોધી પીરાણા સતપંથ ધર્મના નામે આચરતા અધર્મયુક્ત ઈસ્લામી ધર્મમાં સબડી રહેલો જોઈ પોતાના જ્ઞાતિ ભાઈઓને આ પાપમાંથી પાછા વાળવા અને સાચા રાહે લાવવાનો વિચાર આ સંસ્કારી ભાઈને આવ્યો અને એક દિવસ આપણી સમાજના ભાઈઓને એકઠા કર્યા અને સતપંથ ધર્મમાં સુધારો કરાવવા સંકલ્પ કર્યો અને ત્યારથી જ સ્વ. નારણબાપાએ પોતાનું આખું જીવન આ સમાજ સુધારા કાર્યમાં ખર્ચી નાખ્યું. હવે આ સ્વ. નારણબાપાનું અધુરૂં રહેલ કાર્ય આપણે સૌએ સાથે મળી પૂર્ણ કરવાનો આજના આ જન્મ જયંતિ પ્રસંગે સંકલ્પ કરીએ.

આ પ્રસંગે **પ્રો. વસંતભાઈ ધોળુએ** જણાવ્યું કે સ્વ. નારણ રામજી લીંબાણીનો અમર આત્મા આપણા સર્વે સમાજ સુધારકોની વચ્ચે રમી રહ્યો છે. તેમના આ ધારેલાં કાર્યોને પરિપૂર્ણ કરવા હરહંમેશ તેમના આશીર્વાદ આપણી સાથે જ છે. વધુમાં સ્વ. નારણબાપાના જીવન ચરિત્રની ઝાંખી કરાવતું પુસ્તક "કર્તવ્યના પંથે" માંથી તેમના જીવનના સારા-નરસા પ્રસંગોનો સવિસ્તાર ખ્યાલ આપ્યો અને આ જીવન ચરિત્રનું પુસ્તક આપણે સૌએ ઘરની લાયબ્રેરીમાં રાખવું અને તેનું વાંચન કરી અધ્યયન કરવું જોઈએ તેવો ખાસ આગ્રહ રાખ્યો હતો. આ પ્રસંગે નિ.પ્રિ. શ્રી રતિભાઈ એલ. પટેલે જણાવ્યું કે આવા સંત સમાન આપણા જ્ઞાતિના આદ્ય સુધારક સ્વ. નારણ રામજી લીંબાણીની જન્મ જયંતિની ઉજવણી તો કરવી જ જોઈએ પરંતુ હરહંમેશ માટે આપણે પ્રસંગોપાત તેમને યાદ કરવા જોઈએ અને ગામેગામ આપણી સમાજમાં આ સંતના વિચારોની ઝાંખી કરાવવી જોઈએ. આવા સમાજ સુધારક સંતોના જીવન ઝરમરમાંથી આપણને ઘણી બધી પ્રેરણા મળતી હોય છે. વધુમાં બોરડીટીંબા ખાતેથી ૧૨૮મી જન્મ જયંતિની શરૂઆત થતી હોઈ આનંદની લાગણી વ્યક્ત કરી હતી. શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ધનસુરાના પ્રમુખશ્રી અને મંત્રીશ્રી તેમજ યુવક સંઘ ઉપપ્રમુખશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

અંતમાં સમારંભ પ્રમુખ શ્રી ધનસુખભાઈ રંગાણીએ જણાવ્યું કે આ ૧૨૮મી જન્મ જયંતિની ઉજવણી કરવા માટે બોરડીટીંબા ગ્રામજનોએ ઉત્સાહ દર્શાવ્યો છે તે બદલ અભિનંદન આપું છું. વધુમાં જણાવ્યું કે આપણી સમાજના આદ્ય સુધારક સ્વ. નારણબાપાએ હરહંમેશ આપણે યાદ કરતા આવ્યા છીએ અને કરતા રહીશું અને સ્વ. નારણબાપાના અધુરા રહેલા કાર્યો પૂર્ણ કરવા માટે સમાજ સાથે રહી પ્રયત્નશીલ રહીશું.

અંતમાં આભારવિધિ યુવક મંડળ પ્રમુખ શ્રી મુકેશ નાકરાણીએ કરી અને સભાનું સંચાલન યુવક મંડળ મંત્રી શ્રી દિલીપભાઈ સી. નાકરાણીએ કર્યું.

## ખોંભડી ખાતે ચૌહાણ પરિવારના સુરધન શ્રી નાગજીદાદાના નૂતન મંદિરનો "ભાવ પ્રતિષ્ઠા મહોત્સવ" ધામધૂમથી ઉજવાયો...

(અનુ. પાના નં. ૪૫ ઉપરથી ચાલુ)

કરી અને પરિવારજનોએ તન, મન અને ધનથી ખૂબ મહેનત કરી આજે દાદાનું સ્થાનક ટૂંક સમયમાં રમણીય અને સુંદર બનાવી આજે તેની ભાવ પ્રતિષ્ઠા કરી રહ્યા છીએ ત્યારે દરેકને સેવા, સહકાર અને સંગઠનથી સારૂં વર્તન કરી ચૌહાણ પરિવારનું નામ રોશન કરવાનું કહ્યું.

સંત શ્રી હરિદાસજી મહારાજ (હરિદ્વાર)એ જણાવ્યું કે જગતમાં પાટીદારોની વસ્તી ઘણી છે. તમો પાટીદારો બધું કરી શકો છો. તમો કૌષીક ઋષિનાં સંતાનો છો. કૌષીક ઋષિ ચંદ્રવંસી છે. તેનો તેમને દાખલો આપતાં કહ્યુ કે તમો યુવાનો વ્યસનથી દૂર રહેશો. કૌષીક ઋષિનું અને ચૌહાણ પરિવારનું નામ ઉજળું કરશો. બપોરે ૨-૩૦ કલાકે સંત શ્રી શાંતિદાસ મહારાજ (મોટી વિરાણી)નું વાજતે-ગાજતે કુ. બાળા માથે ગોતીડા લઈને સામૈયું કર્યું. બાળાઓ દ્વારા સ્વાગત ગીતથી સભાની શરૂઆત થઈ. સંત શ્રી શાંતિદાસજી મહારાજે કહ્યું કે ખોંભડી ગામ સંતોની ભૂમિ છે. એવી પવિત્ર ભૂમિ ઉપર ચૌહાણ પરિવારે સુરધન શ્રી નાગજીદાદાનું વિશાળ પરિસરમાં સુંદર મંદિર તેમજ નાગજીદાદા ભવન હોલ બાંધી આજે જ્યારે ભાવ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવી રહ્યા છો ત્યારે ખરેખર ચૌહાણ પરિવારે ભગીરથ કામ કર્યું છે અને મારા આશીર્વાદ છે.

સામાન્ય સભામાં પરિવારના હોદ્દેદારોને સ્થાન ગ્રહણ કર્યા. ભાવ પ્રતિષ્ઠા પ્રસંગે વિવિધ ધાર્મિક વિધિઓના ચડાવાઓ લેવામાં આવ્યા અને દરેકે ખૂબ સારો સહકાર આપ્યો તે બદલ પ્રમુખ શ્રી લક્ષ્મણભાઈએ સૌનો ખૂબ ખૂબ આભાર માન્યો. રાત્રે ૯-૦૦ કલાકે મહારાસનો કાર્યક્રમ રાખવામાં આવેલ.

બીજો દિવસ તા. ૮-૫-૧૧ના રોજ સવારે જલયાત્રા (નગરયાત્રા)માં શણગારેલ પાંચ ટ્રેકટરોમાં સ્થાપિત મૂર્તિઓ સાથે ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. જે ગામમાં ફરી ગામના તળાવે જઈ પૂજન કરી વાજતે ગાજતે બેન્ડવાજાના સુરોથી વાતાવરણ ભક્તિમય બનાવી દીધું અને સાથે ટ્રેકટરોમાં સુકા મેવાનો પ્રસાદ છુટથી વેચવામાં આવ્યો હતો અને નગરયાત્રા ગામમાં ફરી નીજ મંદિરે પરત આવ્યા. જ્યાં નાગજીદાદાના મંદિરની સામે કુલ પાંચ હવન બનાવવામાં આવ્યા હતા, જેમાં મુખ્ય હવનનો ચડાવો શ્રી શામજી વસ્તા ચૌહાણ (ખોંભડી) ધુલિયાવાળા હતા અને બીજા ચાર હવનમાં બેસનાર કુલ બાર જોડી પરિવારના અન્ય સભ્યો હતા. જેઓ સતત ત્રણ દિવસ સુધી હવન વિધિમાં રહ્યા હતા.

બપોરે ૨-૩૦ કલાકે રાજકીય તેમજ સામાજિક સભાનું આયોજન કરેલ, જેમાં સામાજિક તેમજ રાજકીય નેતાઓનું કુ. બાળાઓ દ્વારા ગોતીડા માથે લઈ ઢોલ-શરણાઈના તાલે સામૈયું કર્યું. મહાનુભાવોમાં કચ્છ જિલ્લાના સાંસદ શ્રીમતી પૂનમબેન જાટ, માંડવી વિસ્તારના ધારાસભ્ય શ્રી ધનજીભાઈ સેંઘાણી, કચ્છ જિલ્લા શિક્ષણ સમિતિ ચેરમેન શ્રી કેશુભાઈ પારસીયા, નખત્રાણા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી ભરતભાઈ સોમજીયાણી તેમજ સામાજિક મહેમાનોમાં કેન્દ્રિય પાટીદાર સમાજના પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશીભાઈ નાકરાણી, સંસ્કારધામ (દેશલપર)ના પ્રમુખ શ્રી જેઠાભાઈ લાલજી ચોપડા, શ્રી ઉમિયા માતાજી સંસ્થાના પ્રમુખ શ્રી રવિલાલ કેસરા રામજીયાણી, સમાજના ટ્રસ્ટી શ્રી ગંગારામભાઈ સાંખલા (દિલ્હી) તેમજ ગૌશાળા મથલના પ્રમુખ શ્રી કાંતિભાઈ ધોળુ હતા. દરેકે પોતાના વિચારો રજૂ કર્યા, જેમાં સૌએ ચૌહાણ પરિવારનાં વખાણ કર્યા અને કહ્યું કે ચૌહાણ પરિવારે જે સુંદર આયોજન કરીને મંદિર બનાવ્યું છે તે ખરેખર ઈતિહાસ રચ્યો છે. જે પાછલી પેઢીને પોતાના પરિવારના ઈતિહાસનો ખ્યાલ આવે અને ચૌહાણ પરિવારે જે કંઈ કર્યું છે તે ખરેખર સુવર્ણ અક્ષરે લખાશે એવું સુંદર કામ કર્યું છે અને દરેક મહેમાનોએ શિક્ષણ ઉપર ભાર મુકયો. આપણી સમાજમાં હવે એજ્યુકેશન બહુ વધ્યું છે તેથી આપણો સમાજ હવે બહુ આગળ વધી રહ્યો છે અને વધતો રહેશે. કચ્છનાં સાંસદ શ્રીમતી પૂનમબેન જાટએ પોતાની ગ્રાંટ માંથી ખોંભડી ગામના રસ્તાઓ બનાવવા માટે રૂા. પાંચ લાખ આપવાની જાહેરાત કરી અને ટૂંક સમયમાં ધારાસભ્યશ્રી દ્વારા ખોંભડી આવવાનો રોડ ટોડીયા ફાટાથી રીપેર થઈ જશે એવી ખાત્રી આપી. કેન્દ્રિય સમાજના પ્રમુખશ્રીએ હવે બધાને સનાતની થઈ જવા ઉપર ભાર મુકયો.

પરિવારનાં ૭૫ વર્ષથી ઉપરનાં વડીલોનાં શાલ ઓઢાડી સન્માન શ્રી ભીમજીભાઈ દેવજીભાઈ (મુંબઈ) પરિવારે કરી આશીર્વાદ મેળવ્યા. રાત્રે ૯-૦૦ કલાકે પરિવારના યુવાનો બહેનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું સુંદર આયોજન કરેલ, જેમાં સુંદર રીતે ૨૦ એન્ટ્રીઓ રજૂ થઈ અને પરિવારજનોએ રોકડમાં પ્રોત્સાહિત ઈનામો આપીને ખુશ કરી દીધા.

તા. ૯-૫-૧૧ના સવારે ૭-૩૦ કલાકે આમંત્રિત નિયાણાંઓનું સામૈયું કરવામાં આવ્યું. બધા નિયાણાંઓને વાજતે-ગાજતે સામા લેવા ગયા અને દરેકને કપાળે તિલક કરીને સભા મંડપમાં લાવવામાં આવ્યા અને નિયાણા ભેટના મુખ્યદાતા શ્રી શામજી વસ્તા ચૌહાણ (ધુલિયા) હસ્તે પ્રથમ નિયાણાંઓને ભેટ આપવામાં આવી અને બાકીના નિયાણાંઓને નિયાણાં ભેટની કુપન આપી કાર્યાલયમાંથી વહેંચણી કરવામાં આવી. ત્યારબાદ સને ૧૯૯૯ પછી ગ્રેજ્યુએટ થયેલ પરિવારના દિકરાઓ-વહુઓ-દિકરીઓને મોમેન્ટો આપીને દરેકનું સન્માન દાતા શ્રી કરમશીભાઈ જેઠાભાઈ ચૌહાણ, ખોંભડી(ઔરંગાબાદ) પરિવાર દ્વારા કરવામાં આવ્યું.

બપોર પછી ૩-૦૦ કલાકે પરિવારમાં દાન આપનાર દાતાશ્રીઓના સન્માન કરવામાં આવ્યા. કાર્યવાહક સમિતિ, કાર્યકર્તાશ્રીઓના સન્માન મોમેન્ટો આપીને કરવામાં આવ્યા. પરિવારના બંધારણ મુજબ કારોબારીને ત્રણ વર્ષ પુરા થતા હોઈ નવી કારોબારીની નિમણૂંક કરવાની જાહેરાત થતાં સર્વાનુમતે હવે એવું નક્કી કરવામાં આવ્યું કે ચુનાવ અત્યારે નહિ કરતાં અષાઢી બીજના રોજ સામાન્ય સભા મળશે તેમાં રાખવાનું નક્કી કરેલ છે. કારણ કે ભાવ પ્રતિષ્ઠા મહોત્સવના હિસાબો હજી બાકી છે તેમજ બાંધકામના હિસાબો કરવાના બાકી હોવાથી તે હિસાબો ચાલુ કાર્યવાહક સમિતિ સમજી શકે તો બધા હિસાબો કલીયર થઈ ગયા પછી ચુનાવ થાય તો યોગ્ય રહે તેથી ઉપર મુજબનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પરિવારના પ્રમુખ શ્રી લક્ષ્મણભાઈ તથા મંત્રી શ્રી ડૉ. મનિષભાઈએ સૌ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા તે બદલ આભાર માની કાર્યક્રમ પુરો થયેલ જાહેર કર્યો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પરિવારના મહામંત્રી શ્રી શીવલાલ નાનજી ચૌહાણ (અમદાવાદ)એ કર્યું હતું.

## અવસાન નોંધ

મુલુન્ડ (મુંબઈ) : અત્રેના સર્વશ્રી પ્રેમજીભાઈ અને મૂળજીભાઈના નાનાભાઈ સ્વ. બાબુલાલ મેઘજીભાઈ સાંખલા (કચ્છમાં ઉખેડા)નું તા. ૨૬-૪-૨૦૧૧ના રોજ ૫૫ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

ઘાટકોપર (મુંબઈ) : અત્રેના સર્વશ્રી ડૉ. શામજીભાઈ, ડૉ. કાન્તિભાઈ, વાલબેન, જયશ્રીબેન, સ્વ. શાંતાબેનનાં માતૃશ્રી ગં.સ્વ. રમાબેન લાલજીભાઈ ચોપડા (કચ્છમાં જીયાપર)નું તા. ૨૫-૪-૨૦૧૧ના રોજ ૯૭ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

બોરીવલી (મુંબઈ) : અત્રેના સ્વ. કાનજી, સ્વ. અરજણ, સ્વ. વિશ્રામ, સ્વ. [illegible]રજી, સ્વ. જશુબેન અરજણના ભાઈ શામજીભાઈ લાલજીભાઈ છાભૈયા (કચ્છમાં દરશડી)નું તા. ૩૦-૪-૨૦૧૧ના રોજ ૬૮ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

ઘાટકોપર (મુંબઈ) : અત્રેના શામજીભાઈ નારણભાઈ રંગાણી અને સ્વ. જયાબેનના પુત્ર રમેશભાઈ શામજીભાઈ રંગાણી (કચ્છમાં રાયણ-મોટી)નું તા. ૩૦-૪-૨૦૧૧ના રોજ ૫૭ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

રાજકોટ : અત્રેની શ્રી ભોલેનાથ ટીમ્બર્સવાળા શ્રી બળવંતભાઈ તથા દલસુખભાઈના પિતાશ્રી દેવશીભાઈ વિરજીભાઈ પોકાર (કચ્છમાં ઘડુલી)નું તા. ૨૭-૪-૧૧ના રોજ ૬૩ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

કુડીત્રે-કોલ્હાપુર : અત્રેની શ્રી ઈશ્વર સૉ મીલવાળા શ્રી કાન્તિલાલ [illegible]ભાઈ ભગત (કચ્છમાં આણંદસર-વિથોણ)નાં ધર્મપત્ની કસ્તુરબેન ભગતનું તા. ૨૨-૪-૨૦૧૧ રોજ ૫૫ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

બોરવાઈકંપા (સા.કાં.) : અત્રેના શ્રી મણીભાઈ તથા વિઠ્ઠલભાઈ વશરામભાઈ પટેલનાં માતૃશ્રી ભચીબેનનું તા. ૧૪-૫-૨૦૧૧ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

બોરડીટીંબા : અત્રેના સર્વશ્રી બાબુભાઈ, મગનભાઈ, મોહનભાઈ તથા ધનસુખભાઈ હંસરાજભાઈ છાભૈયાનાં માતૃશ્રી કંકુબેન હંસરાજભાઈ છાભૈયાનું ૯૫ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

રવિપુરાકંપા, તા. મોડાસા (સા.કાં.): અત્રેના સર્વશ્રી શાંતિલાલ, બાબુલાલ, અરવિંદકુમાર, પ્રહલાદકુમાર, ચંદ્રીકાબેન, મંજુલાબેનના પિતાશ્રી તથા જશુબેનના પતિ નારણભાઈ કરસનભાઈ ચોપડાનું તા. ૩૦-૪-૨૦૧૧ના રોજ ૭૮ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

રવિપુરાકંપા, તા. મોડાસા (સા.કાં.): અત્રેના સ્વ. નારણભાઈ નારણભાઈ ચોપડાનાં ધર્મપત્ની તથા સર્વશ્રી શાંતિલાલ, બાબુલાલ, અરવિંદકુમાર, પ્રહલાદકુમાર, ચંદ્રીકાબેન, મંજુલાબેનનાં માતૃશ્રી તથા જશુબેનનું તા. ૨૦-૫-૨૦૧૧ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

બોરસદ : અત્રેની શ્રી પૂજા ટીમ્બર માર્ટ (ભાલેજ)વાળા શ્રી ઝવેરભાઈના પિતાશ્રી ડાહ્યાભાઈ રામજીભાઈ ઠાકરાણી (કચ્છમાં કોટડા-જ.)નું ૫૮ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

ઘાટકોપર (મુંબઈ) : અત્રેના સ્વ. શિવદાસભાઈ, વિનોદભાઈ, ખીમજીભાઈના ભાઈ અને જશોદાબેનના પતિ સ્વ. કાંતિલાલ પચાણ રામાણી (કચ્છમાં નખત્રાણા)નું તા. ૧૩-૫-૨૦૧૧ના રોજ ૭૦ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

ભીવંડી (મુંબઈ) : અત્રેના સ્વ. માવજી રાજાભાઈ દિવાણીનાં ધર્મપત્ની અને કાંતિલાલ, જ્યંતિભાઈ, રતનબેન, જશોદાબેનનાં માતૃશ્રી ગં.સ્વ. કેશરબેન (કચ્છમાં મોટી વિરાણી)નું તા. ૧૪-૫-૨૦૧૧ના રોજ ૯૨ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

કોટડા-જ., તા. નખત્રાણા : અત્રેના શ્રી જીવરાજભાઈ, શાંતાબેન (નખત્રાણા), શાંતિલાલ, અનસુયાબેન (રાયપુર) તથા પુરૂષોત્તમભાઈના પિતાશ્રી વેલજીભાઈ શીવગણ ભગતનું તા. ૧૬-૫-૨૦૧૧ના રોજ ૮૪ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

શિવરાજપુરાકંપા (મેઘરજ) : અત્રેના શ્રી જગદીશભાઈ નરશીભાઈ છાભૈયાના ચિ. મનોરથનું માર્ગ અકસ્માતમાં તા. ૨૪-૫-૨૦૧૧ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

રવિપુરાકંપા (ફરેડી) : અત્રેના સર્વશ્રી શાંતિભાઈ, બાબુભાઈ, અરવિંદભાઈ તથા પ્રહલાદભાઈના પિતાશ્રી નારણભાઈ કરસનભાઈ ચોપડાનું તા. ૩૦-૪-૨૦૧૧ના રોજ ૭૮ વર્ષે તથા તેમનાં માતૃશ્રી ઝવેરબેન નારણભાઈ ચોપડાનું તા. ૨૦-૫-૨૦૧૧ના રોજ ૭૫ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે. બંને માતા-પિતા ૨૧ દિવસના અંતરે સ્વધામ પધાર્યા છે.

## દુ:ખદ સમાચાર

## ભૂજ પાટીદાર સમાજે સેવાભાવી આગેવાન અકસ્માતમાં ગુમાવ્યા

ભૂજ : (અમારા પ્રતિનિધિ શ્રી સુરેશભાઈ ચૌહાણ દ્વારા)

અંકલેશ્વરથી પુત્રીને તેડી વતન ભૂજ તરફ આવવા નીકળેલા ભૂજ પાટીદાર સમાજના સેવાભાવી આગેવાન તથા ટીમ્બરના વેપારી શ્રી શૈલેષભાઈના પરિવારને લીંબડી નેશનલ હાઈવે પર ગમખ્વાર અકસ્માત નડ્યો હતો. પૂર ઝડપે જતી કાર ડમ્પરના ઓવરટેક કરવા જતા લોખંડના વીજ થાંભલા સાથે અથડાતા કારના ભૂક્કા બોલી ગયા હતા. આ અકસ્માતમાં ભૂજના પાટીદાર અગ્રણી શ્રી શૈલેષભાઈ અરજણભાઈ ચૌહાણને ગંભીર ઈજાઓ થતા સારવાર મળે તે પહેલાં જ તેમનું મૃત્યુ થયું હતું જ્યારે તેમનાં ધર્મપત્ની, પુત્રી, દોહિત્રી તથા કારચાલકને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે લીંબડીની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

મૂળ દરશડી ગામના અને ભૂજમાં સૉ-મીલ ધરાવતા તેમજ ભાવેશ્વરનગરમાં રહેતા શૈલેષભાઈ તેમની પુત્રીના સાસરીયામાં અંકલેશ્વર તેડવા ગયા હતા. વતન આવતી વખતે લીંબડી હાઈવે પર ભલગામડાના પાટીયા પાસે આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં શૈલેષભાઈનું મૃત્યુ થયું હતું જ્યારે તેમના પત્ની અનસુયાબેન, પુત્રી નીશાબેન મિતેશભાઈ તથા દોહિત્રી કાશવી મિતેશભાઈ તથા કારચાલક શાંતિલાલ ઠક્કરને ઈજાઓ પહોંચી હતી. જેમાં અનસુયાબેન તથા નીશાબેનની હાલત વધુ ગંભીર જણાતા બંને માતા-પુત્રીને વધુ સારવાર માટે રાજકોટ ખસેડાયા હતા.

આ અકસ્માતના સમાચાર ભૂજ પાટીદાર સમાજને પહોંચતા સમગ્ર સમાજમાં અને વેપારી વર્ગમાં ગમગીની છવાઈ ગઈ હતી અને સ્મશાનયાત્રામાં બહોળી સંખ્યામાં લોકો જોડાયા હતા. શૈલેષભાઈ પાટીદાર સમાજની દરેક પ્રવૃત્તિ સાથે વર્ષોથી સંકળાયેલા હતા અને તેમણે તન, મન અને ધનથી સમાજ સેવા કરી છે તે યાદગાર બની રહેશે. આ ઉપરાંત તેઓ ભૂજ અને કચ્છની અન્ય સંસ્થાઓમાં સક્રિય રીતે જોડાયેલા હતા. રામસેના ગૌસેવા મંડળ, ભૂજ, પુંઅરેશ્વર પદયાત્રા મિત્રમંડળ, ભૂજ યુવક મંડળ, ભૂજ પાટીદાર સ્ટુડન્ટ હોસ્ટેલ, જાયન્ટસ ગ્રુપ, પાટીદાર ચૌહાણ પરિવાર, ભૂજ ટીમ્બર એસોસીએશન, ભૂજ ભાવેશ્વરનગર મિત્રમંડળ, ભાવેશ્વર ગણેશ ઉત્સવ સમિતિ જેવી સંસ્થાઓમાં તેમનું યોગદાન રહ્યું છે.

## ભાવભીની શ્રદ્ધાંજલી



### સ્વ. રામબેન વાલજીભાઈ ભગત

સ્વર્ગવાસ : તા. ૨૦-૫-૨૦૧૧ • ઉંમર : ૬૭ વર્ષ

કચ્છમાં : નખત્રાણા • હાલે : ઈટારસી (મ.પ્ર.)

**હે નાથ ! જોડી હાથ પાસે પ્રેમથી સૌ માગીએ, શરણ મળે સાચું તમારૂં એજ હૃદયથી માગીએ, જે જીવ આવ્યો આપ પાસે ચરણમાં અપનાવજો. પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો. એવી અંતરની પ્રાર્થના કરતો આપનો ભગત પરિવાર.**

**શ્રદ્ધાંજલી અર્પિત કરતાં આપના પરિવારજનો**

| | | |
|---|---|---|
| પતિ | : | વાલજીભાઈ દેવજીભાઈ ભગત |
| સાસુ-સસરા | : | સ્વ. પાનુબેન દેવજીભાઈ નાગજીભાઈ ભગત |
| પુત્ર-પુત્રવધૂ | : | રતનબેન નાનજીભાઈ વાલજીભાઈ ભગત<br>ભાનુબેન હરીશભાઈ વાલજીભાઈ ભગત<br>પાર્વતીબેન લીલાધરભાઈ વાલજીભાઈ ભગત<br>જયશ્રીબેન ઉમેશકુમાર વાલજીભાઈ ભગત |
| જેઠ-જેઠાણી | : | સ્વ. પુરીબેન નારણભાઈ દેવજીભાઈ ભગત |
| દેર-દેરાણી | : | જમનાબેન કાનજીભાઈ દેવજીભાઈ ભગત<br>કસ્તુરબેન અરજણભાઈ દેવજીભાઈ ભગત |
| પૌત્ર | : | કિશન નાનજીભાઈ ભગત<br>પિયુષ લીલાધર ભગત<br>જય લીલાધર ભગત<br>યશ ઉમેશકુમાર ભગત |
| પૌત્રી | : | શિતલ, કિરણ, મમતા, જ્યોતિ, પ્રિયલ |
| દિકરી-જમાઈ | : | દિવ્યાબેન ગીરધરભાઈ ભોજાણી (નાગપુર) |
| પૌત્રી-જમાઈ | : | કંચનબેન ભાવેશકુમાર પારસીયા (માલેગાંવ) |

✦ ફર્મ ✦

*** ભગવતી સૉ મીલ ***

ઈટારસી (મ.પ્ર.) ફોન : (૦૭૫૭૨) ૨૩૬૨૪૧, મો.: ૦૯૪૨૫૪ ૭૭૭૧૫

*** ડી.એન. કન્સ્ટ્રકશન ***

નાસિક (મહારાષ્ટ્ર) મો.: ૦૯૪૨૧૫ ૦૬૬૬૭

*** શ્રી સિદ્ધિ વિનાયક ડેવલોપર્સ ***

થાણા (મહારાષ્ટ્ર) મો.: ૦૯૭૦૨૬ ૦૮૩૭૨

"પાટીદાર સંદેશ" પરિવાર સદ્ગતોને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલી અર્પે છે

## અશ્રુભીની શ્રદ્ધાંજલી



### સ્વ. જીજ્ઞેશ ગંગારામ વાલાણી

જન્મ : તા. ૨૮-૪-૧૯૮૯ • ઉંમર : ૨૨ વર્ષ

સ્વર્ગવાસ : તા. ૨-૫-૨૦૧૧ (ચૈત્ર વદી ૧૪ને સોમવાર)

કચ્છમાં : વિથોણ • હાલે : વડોદરા

હે... પરમ કૃપાળુ પરમાત્મા તારા ચરણોમાં ઝંખી ઝંખીને તે એક વારસ મોડો મોડો પણ આપ્યો. બાવીસ (૨૨) વર્ષ જે પુત્રને ઉછેરીને ભરયુવાન બનાવ્યો તે શું તારા માટે...? જો અકાળે લેવો જ હતો તો આપ્યો જ શા માટે ? હે પરમાત્મા ! તું અમારા પરિવાર પર આવો ક્રૂર શા માટે બન્યો...? ખેર... હવે જ્યારે લઈ જ લીધો છે તો કૃપા કરી તારા શ્રીચરણોમાં અમારા ફુલ સમાન પુત્રને સ્થાન આપજે. જેથી અમો સૌ પરિવારજનોને શાંતિ પ્રાપ્ત થાય. એજ અશ્રુભીની શ્રદ્ધાંજલી.

**લી. આપનો શોકાતુર પરિવાર**

માતા-પિતા : તારાબેન ગંગારામભાઈ કરસન વાલાણી દાદા-દાદી : સ્વ. સવિતાબેન કરસનભાઈ રામજી વાલાણી કાકાઈ દાદા-દાદી : જાનાબેન દેવશીભાઈ રામજી વાલાણી (નાગપુર) મોટી બા-બાપુજી : સ્વ. નર્મદાબેન માવજીભાઈ કરસન વાલાણી (નાગપુર) કાકા-કાકી : સ્વ. શાંતાબેન રતિલાલ કરસન વાલાણી (વડોદરા) ભાઈ-ભાભી : માયાબેન પ્રભુદાસ માવજી વાલાણી (નાગપુર), ચારૂલબેન ઈશ્વરભાઈ રતિલાલ વાલાણી (વડોદરા) બહેન-બનેવી : કસ્તુરબેન ગંગારામભાઈ તેજાભાઈ પાચાણી (નાગપુર), પ્રભાબેન નંદુભાઈ અરજણભાઈ ચોપડા (નાગપુર), કલ્પનાબેન દિલીપકુમાર મુળજીભાઈ સાંખલા (વડોદરા), ગીતાબેન કિશોરભાઈ લખમશીભાઈ ચોપડા (વડોદરા), પ્રેમિલાબેન કાન્તિભાઈ હરજીભાઈ સાંખલા (વડુ), ભાવનાબેન સંજયકુમાર રતનશીભાઈ લીંબાણી (રાયપુર), વૈજન્તીબેન કાન્તિલાલ ખેતાભાઈ ભીમાણી (વડોદરા), લતાબેન જતિનકુમાર રવજીભાઈ પાચાણી (કલ્યાણ), દિપાબેન ઝવેરકુમાર પુરૂષોત્તમભાઈ વાસાણી (સુરત) ભત્રીજા-ભત્રીજી : સુજલ, મિનલ, નિયતિ અને કાવ્યા

**વ્યવસાયિક પ્રતિષ્ઠાન :** • **આસીમા પેઈન્ટસ,** ૨૪૭, સતનામી લે આઉટ, સી.એ. રોડ, લક્કડગંજ, આંબેડકર ચોક, નાગપુર. મો.: ૦૯૯૭૦૦ ૫૯૧૧૬ • **પાટીદાર સૉ મીલ,** મદનઝાંપા, બકરાવાડી, વડોદરા. મો.: ૯૪૨૭૮ ૩૬૫૪૯, ૯૪૨૮૪ ૨૯૯૫૬

## શ્રદ્ધાંજલી



### સ્વ. હંસાબેન ભીમજી જાદવાણી

સ્વ.તા. ૨૬-૩-૨૦૧૧ શનિવાર • ઉંમર : ૭૩ વર્ષ

કચ્છમાં : આમારા • હાલે : નિઝામાબાદ (A.P.)

જીવન એવું જીવી ગયા કે અમો કદી ભૂલીશું નહિ, સુખને છલકાવ્યું નહિ, દુ:ખને દેખાડ્યું નહિ, નિયમિત અને સંયમિત જીવન આપે જીવી જાણ્યું. સાદગી અને સમય સાથે સમાધાન આપનો સ્વભાવ હતો. આપની યાદ સદા અમારા હૃદયમાં રહેશે.

પ્રભુ આપના આત્માને શાંતિ આપે એજ પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

**લી. આપો શોકાતુર પરિવાર**

પતિ : ભીમજી લાલજી જાદવાણી દિયર-દેરાણી : કાંતાબેન હરજી લાલજી જાદવાણી પુત્ર-પુત્રવધૂ : ગં.સ્વ. નર્મદાબેન વાલજી ભીમજી જાદવાણી, લીલાવતીબેન નવિનચંદ્ર ભીમજી જાદવાણી, રૂક્ષ્મણીબેન ભવનલાલ ભીમજી જાદવાણી, રમિલાબેન જયંતિલાલ હરજી જાદવાણી, મોનિકાબેન ભરતકુમાર હરજી જાદવાણી પૌત્ર-પૌત્રવધૂ : નીતાબેન અરવિંદકુમાર વાલજી જાદવાણી, ભાવેશકુમાર વાલજી જાદવાણી, વર્ષાબેન સંજયકુમાર નવિનચંદ્ર જાદવાણી, વિનોદકુમાર નવિનચંદ્ર જાદવાણી, પિયુષકુમાર ભવનલાલ જાદવાણી, હાર્દિકકુમાર ભવનલાલ જાદવાણી, પવનકુમાર જયંતિલાલ જાદવાણી દિકરી-જમાઈ : નર્મદાબેન પ્રેમજી માવજી લીંબાણી (બેંગલોર), કમળાબેન મોહનલાલ હરદાસ ઉકાણી (કલ્યાણ), કસ્તુરબેન રવજી ખેતા ડોહાણી (કડોદરા) પૌત્રી-જમાઈ : નિરંજનાબેન હરેશભાઈ શાંતિલાલ રામાણી ([illegible]), પૂજાબેન રાજેશકુમાર પુરૂષોત્તમ માકાણી (હૈદ્રાબાદ), રીયાબેન જયંતિલાલ હરજી જાદવાણી પડપૌત્રી-પૌત્રી : નિકીતા અરવિંદકુમાર જાદવાણી, પાર્થ અરવિંદકુમાર જાદવાણી, હર્ષકુમાર સંજયભાઈ જાદવાણી

**તેમજ સમસ્ત જાદવાણી પરિવાર**

ફર્મ : ૧) **શ્રી ભક્તિ ટીમ્બર ડીપો,** ફુલાગ કોસ રોડ, નિઝામાબાદ-૫૦૬ ૦૦૩. (A.P.) મો.: ૯૮૪૮૩ ૮૪૭૪૮ (નવિનચંદ્ર), ૯૮૭૮૭ ૬૫૦૭૩ (સંજય), ૯૯૮૯૦ ૪૧૦૭૩ (વિનોદ)

૨) **શ્રી આશાપુરા સૉ મીલ,** નેશનલ હાઈવે નં. ૭, નાગપુર રોડ, પીરકીટ (આરમુર), જિ. નિઝામાબાદ-૫૦૩ ૨૨૪. (A.P.) મો.: ૯૪૪૦૪ ૫૩૬૮૪ (ભવનલાલ), ૯૪૪૦૦ ૯૫૩૫૪ (અરવિંદ)

૩) **શ્રી ભવાની ટાયર્સ,** ગવર્નમેન્ટ જ્યુ. કોલેજ સામે, મેટપલ્લી, જિ. કરીમનગર-૫૦૫ ૩૨૫. (A.P.) મો.: ૯૪૪૦૪ ૫૩૬૮૪ (ભવનલાલ), ૯૯૧૨૦ ૮૬૨૪૩ (ભાવેશ)

## શ્રદ્ધાંજલી



### સ્વ. કુંવરબેન હરજીભાઈ દિવાણી

સ્વર્ગવાસ : તા. ૯-૪-૨૦૧૧ • ઉંમર : ૭૫ વર્ષ

કચ્છમાં : વિરાણી મોટી • હાલે : ઈન્દોર (મ.પ્ર.)

દુ:ખથી ડર્યા નહિ કદી, પરિશ્રમથી અમને મોટા કર્યા. સુઘડ જીવન સદા જીવી ગયાં. ચંદનની મહેંક સદા મુકી ગયાં. મોટા પરિવારને એક તાંતણે બાંધી જીવન જીવી ગયાં. જીવન તમારૂં મોંઘુ અમને ટૂંકું પડ્યું. ફરીથી આવો અમારી મા બની.

પ્રભુ આપના આત્માને શાંતિ આપે અને આપના ચરણોમાં સ્થાન આપે તેવી પ્રાર્થના.

**લી. આપનો શોકાતુર દિવાણી પરિવાર**

| | | |
|---|---|---|
| પતિ | : | હરજીભાઈ વેલજીભાઈ દિવાણી |
| જેઠ-જેઠાણી | : | સ્વ. રાજીબેન નાનજી વેલજી દિવાણી<br>જાનબાઈ રામજી વેલજી દિવાણી |
| પુત્ર-પુત્રવધૂ | : | ભારતીબેન સુરેશભાઈ હરજીભાઈ દિવાણી<br>ચંપાબેન રમેશભાઈ હરજીભાઈ દિવાણી |
| પુત્રી-જમાઈ | : | મોંઘીબેન પ્રભુદાસ ધોળુ (ઈન્દોર)<br>ગૌરીબેન શાંતિભાઈ રામાણી (ઈન્દોર)<br>લક્ષ્મીબેન રમેશભાઈ ઉકાણી (ઈન્દોર) |
| પૌત્ર | : | વિરેન્દ્ર સુરેશભાઈ, સારંગ સુરેશભાઈ, નીરવ રમેશભાઈ, દિવ્યા રમેશભાઈ, અલ્પા રમેશભાઈ |

ફર્મ :- ❖ **કૃષ્ણ ટ્રેડર્સ,** ૧૩૬/૨, જી.એન.ટી. માર્કેટ, ધાર રોડ, ઈન્દોર. મો.: ૯૮૨૬૦ ૬૫૫૩૦ (સુરેશ), ૯૦૦૯૧ ૧૯૯૯૯ (વિરેન્દ્ર)


❖ **ગાયત્રી ટ્રેડર્સ,** ૧૬૦/૨, જી.એન.ટી. માર્કેટ, ધાર રોડ, ઈન્દોર. મો.: ૯૮૨૬૩ ૫૦૨૧૪ (રમેશ), (રહે.) ૯૪૨૪૮ ૩૫૩૮૦

નિવાસ : ૪૫-બી, શ્રીહરિ સોસાયટી, ધાર રોડ, ઈન્દોર-૪૫૨ ૦૦૨. (મ.પ્ર.)

2011-06 -Patidar Sandesh -Sanskar Dham Opening (918)



## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલી



### સ્વ. હરજીભાઈ દેવશીભાઈ છાભૈયા

સ્વર્ગવાસ : તા. ૮-૬-૨૦૧૦ મંગળવાર • ઉંમર : ૮૦ વર્ષ

કચ્છમાં : દેવીસર • હાલે : બેંગ્લોર (કર્ણાટક)

હશે કોઈ પુણ્ય અમારા, અમોને સંગાથ મળ્યો તમારો, જન્મોજન્મ મળજો તમો હે માવતર કોટિ કોટિ વંદન તમને અમારા. અમારા જીવનના ઘડવૈયા તમે જીવનભર પરિશ્રમના દિવસો વિતાવી નિ:સ્વાર્થ થઈ જીવનમાં કર્મ, ધર્મ અને ફરજને નિષ્ઠાપૂર્વક નિભાવી અને પરોપકારના સદ્‌ગુણોને આત્મસાત કરી સંસ્કાર સિંચનથી સમગ્ર પરિવારની વાડીને લીલીછમ બનાવી વ્યવહારિક્તાનો માર્ગ ચિંધનાર આપે સમગ્ર પરિવાર માટે તનતોડ મહેનત કરી સુખનો સાગર મુકતા ગયા. આપે ચિંધેલા સંસ્કારો અમોને હંમેશાં પ્રેરણા આપતા રહેશે તેવા પુણ્યશાળી આત્માને અમો પરિવાર હૃદયપૂર્વક કોટિ કોટિ વંદન કરી પ્રાર્થના સાથે પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાસુમન સાથે ભાવભીની શ્રદ્ધાંજલી અર્પણ કરીએ છીએ.

**લી. શ્રદ્ધાંજલી અર્પિત કરતાં પરિવારજનો**

ધર્મપત્ની : ગંગાબેન હરજીભાઈ છાભૈયા
પુત્ર-પુત્રવધૂ : કાન્તાબેન મોહનભાઈ હરજી છાભૈયા – શાંતાબેન પ્રેમજીભાઈ હરજી છાભૈયા
મણીબેન દેવજીભાઈ હરજી છાભૈયા – [illegible]ભાબેન ચંદુભાઈ હરજી છાભૈયા
પૌત્ર-પૌત્રવધૂ : રમિલાબેન અમૃતભાઈ મોહન છાભૈયા – વર્ષાબેન મહેશભાઈ પ્રેમજીભાઈ છાભૈયા
ચેતનાબેન અલ્પેશભાઈ દેવજી છાભૈયા – નેહલબેન ભાવેશભાઈ ચંદુભાઈ છાભૈયા
અલ્પાબેન મુકેશભાઈ ચંદુભાઈ છાભૈયા
દિકરી-જમાઈ : રૂક્ષ્મણીબેન બાબુલાલ ભાણજી દિવાણી (ઘાટકોપર)
પૌત્ર : જીજ્ઞેશ પ્રેમજીભાઈ છાભૈયા – પરેશ દેવજીભાઈ છાભૈયા
પડપૌત્રી : ક્રિષા, સૃષ્ટિ, કરૂણા, જીવિકા
પડપૌત્ર : હર્ષિત, મંથન, રોમિત, મુકુંદ
પૌત્રી-જમાઈ : ગોદાવરીબેન હરેશભાઈ પાચાણી (ટુમકુર, કર્ણા.)
હર્ષાબેન દિલીપભાઈ લીંબાણી (હૈદ્રાબાદ)
રસિલાબેન દિનેશભાઈ દિવાણી (અમૃતાર, કર્ણા.)
વર્ષાબેન પ્રદિપભાઈ વેલાણી (બેંગ્લોર)

❖ ફર્મ ❖

*** પૂર્ણિમા વુડ ઈન્ડસ્ટ્રીઝ ***
૭૭૩/૯, બેગુર રોડ, હોન્ગસન્દ્રા,
બેંગ્લોર-૫૬૦ ૦૬૮
ફોન : ૦૮૦-૨૫૭૩૨૮૭૨
મો.: ૦૯૪૪૯૮ ૫૨૬૫૩ (પ્રેમજીભાઈ)

*** પૂર્ણિમા વુડ એન્ડ પ્લાય સેન્ટર ***
૪૩, હોસુર મેઈન રોડ, પો. ઈલેક્ટ્રોનિક સીટી,
પીલાર નં. ૧૬૦, બેંગ્લોર-૫૬૦ ૧૦૦.
ફોન : ૦૮૦-૨૮૫૨૩૦૧૭
મો.: ૦૯૯૧૬૪ ૪૮૮૬૧ (મોહનભાઈ)

## શ્રદ્ધાંજલી



### સ્વ. દાનાલાલ લખમશી લીંબાણી

જન્મ : તા. ૩-૧૦-૧૯૫૫
સ્વર્ગવાસ : તા. ૧૩-૫-૨૦૧૧
કચ્છમાં : મથલ
હાલે : હૈદ્રાબાદ

સમય જીંદગીનો ઓછો હશે, ક્યાં ખબર હતી ? જીવન તો એવું જીવ્યા કે જીવનારા જોયા કરે, કર્મ તો એવા કર્યા કે હૃદયમાં ગુંજ્યા કરે, દુ:ખથી ક્યારેય ડર્યા નહિ, વ્યવહાર કદી ચૂક્યા નહિ. પ્રભુ આપના આત્માને ચિર શાંતિ અર્પે.

❖ આપનો શોકાતુર પરિવાર ❖


માતા-પિતા : સ્વ. રતનબેન લખમશી નાનજી લીંબાણી
ધર્મપત્ની : ગં.સ્વ. વિમળાબેન દાનાલાલ લીંબાણી
નાનાભાઈ-ભા.વધૂ : ગંગાબેન સુરેશભાઈ લખમશી લીંબાણી
બહેન-બનેવી : લક્ષ્મીબેન રામજીભાઈ વેલજી ભાદાણી (કોલ્હાપુર)
લાલબેન સોમજીભાઈ મેઘજી દિવાણી (નારાયણગાંવ)
રમિલાબેન ગંગાદાસભાઈ જીવરાજ ચૌહાણ (કલમના)
કાંતાબેન મોહનભાઈ નાનજી ભીમાણી (પનવેલ)
પુત્ર-પુત્રવધૂ : વસંતાબેન કિશોરભાઈ દાનાલાલ લીંબાણી – દિપાબેન નિલેશભાઈ સુરેશભાઈ લીંબાણી
લક્ષ્મીબેન જગદીશભાઈ દાનાલાલ લીંબાણી
પુત્રી-જમાઈ : લીલાબેન જીતેન્દ્રભાઈ મણીલાલ પોકાર – વર્ષાબેન નિતેશભાઈ નરસિંહ ચૌધરી
પ્રભાબેન ભરતભાઈ લાલજી દિવાણી – નિરમાબેન નિતિનભાઈ મોહન સોમજીયાણી
પૌત્ર : મનિષ કિશોરભાઈ લીંબાણી – પુનિત જગદીશભાઈ લીંબાણી
ગૌરવ કિશોરભાઈ લીંબાણી – નયન નિલેશભાઈ લીંબાણી
સુજલ જગદીશભાઈ લીંબાણી

ફર્મ : ❖ **શ્રી શંકર વિજય સો મીલ**
૨૩-૨૯, જ્યોતિનગર, રામચંદ્રપુરમ, હૈદ્રાબાદ-૫૦૨ ૦૩૨.
ફોન : ૦૪૦-૨૩૦૩૩૫૪૪ મો.: ૦૯૭૦૧૦ ૯૨૯૨૯ (જગદીશ)

❖ **શ્રી શંકર વિજય ટીમ્બર ડીપો**
૮-૧-૩૫૧/૬/એ, આદિત્યનગર કોલોની, ટોલીચોકી, હૈદ્રાબાદ-૫૦૦ ૦૦૮.
ફોન : ૦૪૦-૨૩૫૬૨૯૬૧ મો.: ૦૯૯૪૯૦ ૯૨૯૨૯ (કિશોર)

❖ **રતન પ્લાયવુડ**
૨૩-૨૯, જ્યોતિનગર, રામચંદ્રપુરમ, હૈદ્રાબાદ-૫૦૨ ૦૩૨. ફોન : ૦૮૪૫૫-૨૮૦૧૮૮
મો.: ૦૯૮૪૮૫ ૭૫૬૫૩ (સુરેશ), ૦૭૭૦૨૫ ૪૦૬૪૧ (નિલેશ)

## શ્રદ્ધાંજલી



### સ્વ. રામજીભાઈ નાયાભાઈ ભગત

જન્મ : તા. ૨૮-૭-૧૯૫૩ • સ્વર્ગવાસ : તા. ૨૩-૫-૨૦૧૧

કચ્છમાં : વિગોડી (નખત્રાણા) • હાલે : ચાલીસગાંવ (મહારાષ્ટ્ર)

જીવનના આરંભથી અંત સુધી કાર્યરત રહી માનવતાની સુહાસ ફેલાવી, કર્મયોગી જીવનનું દૃષ્ટાંત પુરૂં પાડ્યું. સ્વભાવે નિસ્વાર્થ ઈશ્વર કાર્ય, પરિશ્રમી જીવન, સમાજ સેવા, કુટુંબ વાત્સલ્ય, પ્રબળ પુરૂષાર્થ ભાવના, સંસ્કાર અને જીવનના મૂલ્યોનું સ્મરણ કરી આપનું માયાળુ જીવન અમારી સ્મૃતિમાં અમર રહેશે.

આપના દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એવી અંતરની પ્રાર્થના.

❖ સ્વર્ગલોકથી આશીર્વાદ આપતા આપના ❖

પૂ. માતા-પિતા : સ્વ. રાજબાઈ નાયાભાઈ પ્રેમજી ભગત
મોટાભાઈશ્રી : સ્વ. રતનશીભાઈ નાયાભાઈ ભગત

❖ આપનો શોકાતુર પરિવાર ❖

ધર્મપત્ની : ગં.સ્વ. ગંગાબેન રામજીભાઈ ભગત
પુત્ર-પુત્રવધૂ : અનસુયાબેન શંકરભાઈ રામજીભાઈ ભગત
કુસુમબેન પ્રભુદાસભાઈ રામજીભાઈ ભગત
પૌત્ર-પૌત્રી : હર્ષલ શંકરભાઈ ભગત – વિશાખા પ્રભુદાસભાઈ ભગત
ભાવેશ શંકરભાઈ ભગત – હર્ષિતા પ્રભુદાસભાઈ ભગત
દુર્ગેશ પ્રભુદાસભાઈ ભગત
દિકરી-જમાઈ : લતાબેન સુરેશકુમાર રવાણી (ઔરંગાબાદ)
કાકા-કાકી : સ્વ. કેશરબેન સ્વ. વાલજીભાઈ પ્રેમજી ભગત
સ્વ. લક્ષ્મીબેન શ્રી કાનજીભાઈ પ્રેમજી ભગત
ભાઈ-ભાભી : ગં.સ્વ. ધનબાઈ રતનશીભાઈ નાયાભાઈ ભગત
ભાઈ-ભા.પત્ની : લક્ષ્મીબેન અમૃતભાઈ નાયાભાઈ ભગત
ગં.સ્વ. પાનબાઈ ચંદુભાઈ ભાણજીભાઈ ભગત
કાકાઈ ભાઈ-ભાભી : રાજબાઈ ગોપાલભાઈ વાલજીભાઈ ભગત (હૈદ્રાબાદ)
જમનાબેન હરીભાઈ વાલજીભાઈ ભગત (હૈદ્રાબાદ)
શાંતાબેન નાનજીભાઈ (વીરજીભાઈ) વાલજીભાઈ ભગત (હૈદ્રાબાદ)
ગોમતીબેન તુલસીભાઈ વાલજીભાઈ ભગત (હૈદ્રાબાદ)
વસંતાબેન જયંતિભાઈ વાલજીભાઈ ભગત (હૈદ્રાબાદ)
કાન્તાબેન (સવિતાબેન) મણીભાઈ કાનજીભાઈ ભગત (ચાલસગાંવ)
ગંગાબેન (વિજ્યાબેન) શિવજીભાઈ કાનજીભાઈ ભગત (ચાલીસગાંવ)
